# The Gospels in Gamit
# હારી ગોઠ ગામીત ભાષામાંય

Matthew, Mark, Luke, John
(માથ્થી, માર્ક, લૂક, યોહાન)

Version-1

# THE NEW TESTAMENT OF OUR LORD AND SAVIOUR JESUS CHRIST

हमारे

उद्धारकर्ता प्रभु

यीशु मसीह

का

# नया नियम

# The Gospels in Gamit

## Gamit

Community Version -1 (Draft-3) 2016

Made available under :
**Creative Commons Attribution-ShareAlike 4.0 License**
https://creativecommons.org/licenses/by-sa/4.0/

For limited circulation only

**Published By :**

Gamit Community

Download Android App, Read Online, Download PDF

**www.FreeBiblesIndia.com**

# MATTHEW

# માથ્થી

1 [1] ઈબ્રાહીમા પોહો, દાઉદા પોહો, ઈસુવા
પેડી [2] ઈબ્રાહીમા દ્વારા ઈસાહાક જાયો,
ઈસાહાકા, દ્વારા યાકુબઆ દ્વારા, યહુદા જાયો
એન ત્યા બાહા પોહા જાયા [3] યહુદા એન
તામારાઆ પાછેં પેરેસ એન ઝેરાહ પોહો
જાયો એન પેરેસથી ઈસરોના પોહો જાયો, એન
ઈસરોનથી આરામ પોહો જાયો [4] એન આરામથી
અમીનાહાબા પોહો જાયો, એન અમીનાહાબાથી
નાહશોન પોહો જાયો,એન નાહશોનથી સલમોન
પોહો જાયો [5] સલમોન એન રહાબાથી બોઆઝ
પોહો જાયો; બોઆઝથી યશાઈ પોહો જાયો [6] એન
યશાઈથી દાઉદ રાજા પોહો જાયો એન દાઉદથી
સુલેમાન ત્યે થેયેથી પોહો જાયો જીઈ ઊરીયાઆ
થેય આતી [7] સુલેમાનથી રહાબામ પોહો જાયો, એન
રહાબામથી અબીયા પોહો જાયો, એન અબીયાથી
ખાસા પોહો જાયો [8] ખાસાથી યહોશાફાટ પોહો
જાયો, એન યહોશાફાટથી યોરામ પોહો જાયો, એન
યોરામથી ઉઝિયા પોહો જાયો [9] ઉઝિયાથી યોથામ
પોહો જોયો, યોથામથી આહાઝ પોહો જાયો, એન
આહાજથી હિઝકીયા પોહોજાયો [10] હિઝકીયાથી
મનશ્શા પોહો જાયો, મનશ્શાથી આમોન પોહો
જાયો,એન આમોનથી યોશીયા પોહો જાયો [11] એન
કેદી એઈન બાબીલમાંય જાતી વેળે યશીયાથી
યખોન્યા એન ત્યા બાહા પોહા જાયા [12] કેદી
એઈન બાબીલ માંય લી ગીયેં પાછેં યખોન્યાથી
પોહો જાયો શલથીયેલ એન શલથીયેથી ઝરુબાબેલ
પોહોજાયો [13] ઝરુબાબેલથી અબીહુ પોહો જાયો,
એન અબીહુથી એલ્યાકીમ પોહો જાયો,એન
એલ્યાકીમથી અઝોર પોહો જાયો [14] અઝોરથી
સદોક પોહો જાયો, એન સદોકથી અખીમપોહો
જાયો, એન અખીમથી એલીહુદ પોહો જાયો,
[15] એલીહુથી એલ્યાઝર પોહો જાયો,એલ્યાઝરથી
મથ્થાન પોહો જાયો,એન મથ્થાનથી યાકુબ પોહો
જાયો, [16] યાકુબથી યુસુફ પોહો જાયો, જો મારીમા
માટડો આતો એન મરિયમથી ઈસુ ખ્રિસ્ત આખેં
આખતેહેં પોહો જાયો [17] યા પુરમાણે ઈબ્રાહિમથી
દાઉદ હુદી ચૌદા પેડીયો, એન દાઉદથી બાબીલમાંય
લીગીયેં પાંછેં ત્યા હુદી ચૌદા પેડીયો એન બાબીલ
માંય લી જાયના વેળા થી ખ્રિસ્ત હુદી ચૌદા પેડીયો
[18] ઈસુ ખ્રિસ્તઆ જન્મો યા પૂરમાણે એએયો કા
જોવે ત્યાઆ આયહે મારિયા માગણી યસુફાઆ
આરી ઓઅયી, તોવે ત્યેં એકઠેં ઓઅયેં ત્યા પેલ્લા
તી પવિત્ર આત્મા દ્વારા ગર્ભવતી જાયી [19] છેલ્લે:
ત્યે માટડો યુસુફ જો નીતિમાન આતો એન ત્યેલ
અપમાન કોરાં નાંય માગતો આતો ત્યેલ ઠાકાંજ
છોડી દેઅના વિચાર કોઅયાં [20] જોવે તો યી ગોઠીયે
વિચાર માંય આતો તોવે પ્રભુ દુત હોપનામાંય યેઈન
આખાં લાગ્યો કા, “ઓ યુસુફ! દાઉદાઆ પોહા,
તું તી થેય મારીયાલ તોહીં લિયે એન મા બીયહે,
કાહાકા જી ત્યેએ બુકામાંય હેય તી પવિત્ર આત્મા
તરફ થી હેતાં [21] તી પોહો જન્મો દી એન તુ ત્યાઆ
ઈસુ થોવજે કાહાકા તોઓ આપે લોકહા પાપાહા
તો તારાણ કોઅરી [22] ઈ બોદાં યાહાટી ઓઅયાં કા
જીં વચન પ્રભુવેં ભવિષ્યવક્તાહા દ્વરા આખલાં
આતાં તીં પૂરાં ઓઅરી [23] એઆ, યોક કુવારી
મોયના ઓઅરી એન ત્યાઆ નાંવ ઈમ્માનુએલ
પાડજા, જ્યા નાંવા અર્થ હેય- પોરમેહર આપહે
આરી હેય [24] તોવે યુસુફ નીંદે માંઅને જાગીન પ્રભુ
દુતાહા આજ્ઞા અનુસાર ત્યા થેયેલ ત્યા પાંય લેયનો
[25] જાવહુદી ત્યે પાહાં નાંય જન્મી તાવહુદી તો ત્યે
પાહીં નાંય ગીયો : એન ત્યાંયજ ત્યાઆ નાંવ ઈસુ
થોવ્યાં

2 [1] હેરોદ રાજાઆ દીહાઆ માંય જોવે
યહુદીયાહા બેથલેહેમમાંય ઈસુવા જન્મો
જાયો, તોવે દિહીઊઘાઆ (પૂર્વ) માંઅને અમુક
જ્યોતિષી/માંગી લોક યેઈન હોદાં લાગ્યાં,
[2] “યહુદીયા રાજા જ્યા જન્મો જાયો, ત્યાંય
આખીયાં? કાહાકા આમાહાંય પૂર્વ માંય ત્યા તારો
દેખ્યો એન ત્યાહાંય ત્યા યેઈન પાગેં પોડયા”
[3] ઈ વોનાઈન હેરોદ રાજા એન ત્યા હાથે બોદેં
યેરુશાલેમાને ગાબરાય ગીયેં [4] તોવે ત્યાંય આખ્યાં
લોકહાં મુખ્યો યાજકાલ એન શાસ્ત્રીયાહાન યોકઠા
કોઈન પૂછયાં, “ખ્રિસ્તઆ જન્મો કેસ ઓરાં
જોજે?” [5] ત્યાહાંય ત્યાલ આખ્યાં, “યહુદીયાહા
એન બેથલેહેમ માંય,કાહાકા ભવિષ્યવકતા દ્વરા
ઈ લોખવા માંય યેનલાં: [6] “ઓ બેથલેહેમ, તું
જ્યા યહુદીયા પ્રદેશ માંય હેય, તું કોહી બી રીતી
કોય યહુદીયા આગેવાનાહામાંય બોદાહામાંય
વાહાનો નાંય હેતો; કાહાકા તુમેહેમાંય યોક
અધિપતિહામાંઅને નીગી,જો મા હાટી ઈસ્રાએલા

રાખવાળી કોઅરી" 7 તોવે હેરોદ રાજેં જ્યોતીષા/
માંગી હાન દોબીન હોદીન ત્યાહાલ હોદયાં કા
તારો ઠીક કોઅહા સોમાયમાંય દેખાયો, 8 એન
ત્યાય ઈં આખીન ત્યાલ બેથલેહેમ માંય દોવાડયો,
"જાઆ, ત્યા પોહા બારામાંય ઠીક-ઠીક માલુમ
કોરા,એન જોવે તો મિળી જાય તોવે માન ખોબાર
દા તોવે આંય બી યીન ત્યાઆ પાગેં પોડું" 9 તો
રાજા ગોઠ વોનાઈન જાતો રોયો, એન જો તારો
ત્યાહાંય પૂર્વમાંય દેખ્યો આતો, ત્યા જાગાવોય
જાયન ઊભો રોય ગીયો 10 ત્યા તારાત એયન ત્યા
ખૂબ ખૂશ ઓયા 11 ત્યાહાંય ત્યા ગોઆમાંય
જાઈન ત્યા પોહાલ ત્યા આયહે મારિયા આરે
દેખ્યાં,એન ઊંબડા પોડીન ત્યા પોહા પાગે
પોડયા, એન પોત-પોતેજ થેલ્યો ખોલીન ત્યાલ
હોના,એન ઉદ એન બોલ ઓહડી ભેટયો ચોડવ્યો
12 તોવે હોપનામાંય ઈં ચેતાવની વોનાઈન હેરોદ
રાજાપાંય પાછેં નાંય જાયન,ત્યા બીજા માર્ગો
માઅને પોત-પોતાહા દેશ માંય જાતા રોયા 13 ત્યા
જાતા રોયા તોવે પાછેં પ્રભુ યોક દુતાય હોપના
માંય યુસુફાલ દેખાઈન આખ્યાં, "ઊઠ ત્યા પોહાલ
એન ત્યા આયહીલ લીન મિસર દેશ માંય નાહી
જો; એન જાંવ હુદી આંય તુલ નાંય બોલું,તાંવ
હુદું તાંજ રોજે; કાહાકા હેરોદરાજા યા પોહાલ
હોદી રોયહો કા તો ત્યાલ માંય ટાકે" 14 તોવે તો
રાતીજ ઊઠીન પોહાલ એન ત્યા આયહીલ લીન
મિસરમાંય ચાલ પોડયો, 15 એન હેરોદ રાજા
મોઅયો તાંવ હુંદું તાંજ રોયો ત્યાહાટી કા જીં વચન
પ્રભુવેં ભવિષ્યવક્તા દ્વરા આખ્યાં તીં પૂરાં ઓય:
માંય મા પાહાલ મિસર માને હાદયાં" 16 જોવે
હેરોદ રાજાંય ઈં દેખ્યાં, કા જ્યોતીષાહાંય/
માંગી લોક ત્યા આરી દોગો કોઅયો, તોવે
તો ગુસ્સેથી બાઆય ગીયો, એન લોકહાલ
દોવાડીન જ્યોતીષાહા/માંગી લોક દ્વરા ઠીક-ઠીક
આખલાં સોમયે પૂરમાણે બેથલેહેમ એન ત્યા
પાહી-પાહીના થીકાણહાં બોદા પોહાહાલ એન
જયેં બેન વોરહા કોઅતા ત્યા કોઅતા હાને આતેં
ત્યાહાન માંઆઈ ટાક્યેં 17 તોવે જીં વચન યર્મિયા
ભવિષ્યવક્તા દ્વરા આખવામાંય યેના, તીં પૂરાં
ઓઅયા : 18 "રામાહાંમાંય યોક રોડના એન કરુણ
આવાજ વોનાયા યેનો; રાહેલ પોતાના પોહહા
હાટી ઓરાં નાંય માંગતી આતી,કાહાકા તે આમી
નાંય રોય" 19 હેરોદ રાજા મરણા પાછેં,પ્રભુ દુતાંય
મિસર માંય યુસુફાલ હોપનામાંય દેખાડયા એન
આખ્યાં, 20 "ઊઠ પાહા એન ત્યાહા આયહિલ
લીન ઈસ્રાઈલ દેશ માંય જાતો રોઓ, કાહાકા જ્યા
પાહા જીવ લાં માંગતે આતેં, તે મોઅઈ ગીયહેં"
21 તો ઊઠયો, એન પોહાલ એન ત્યા આયહે
આથાલ દોઈન ઈસ્રાઈલ દેશ માંય યેનો 22 બાકી
ઈં વોનાઈન અરખિલાઊસ પોતાના બાહાલ
હેરોદરાજા જાગાવોય યહુદીયા વોય રાજ કોઈ
રોયહો, તાં જાઈના હાટી બી, પાછેં હોપનામાંય
પોરમેહરથી ચેતાવની દિન ગાલીલ દેશ માંય જાતો
રિયો, 23 એન નાસ્રેત નાંવા શેઅરે માંય જાય
રોયો,કાહાકા તીં વચન પૂરાં એય,જીં ભવિષ્યવકતા
દ્વરા આખવામ યેનલાં: "તીં નાસ્રેત આખાયો"

3 1 એન ત્યા દીહિયામાંય યોહાન બાપ્તિસમા
દેનારો યેયન યહુદીયાહા ડોંગાહાંમાંય જાયન
આખાં લાગ્યો કા: 2 "મોન બોદલા, કાહાકા
હોરગા રાજ પાહીં યેઈ ગીયહો" 3 કાહાકા યેશયા
ભવિષ્યવક્તાથી જ્યાઆ બોદાલ આખલાં આતાં
તો ઓજ હેય : કા "ડોંગાહાંમાંય બોમ્બાલનારા
અવાજ એહેં આખહે કા, પોરમેહરા વાટ તીયાર
કોઅયા, ત્યાઆ વાટયો હિદયો કોઅયા" 4 ઓ
યોહાન ઉંટડા બુરા ડોગ્લે પોવી રોઅલો આતો,એન
ત્યાઆ કોમ્બરાલ ચામડા પોટો બાંદલો આતો,
એન ત્યાઆ ખાઅના ટોડા એન રાનીમોદ આતાં
5 તોવે યેરૂશાલેમ એન બોદા યહુદીયા, એન યાર્દેના
ચોમખી રોનારા લોક ત્યાઆ પાહીં નીંગી યેના
6 એન ત્યાહેં ત્યાહા ગુના કોબુલ કોઅઈન યાર્દેન
નોયેમાંય ત્યાપાંઅરે બાપ્તિસમાં લેદાં 7 જોવે ત્યેં
ફરશીયાહન એન સાદુકીયાહા માંઅને ખુબૂજ
જાંઅહાલ બાપ્તિસમા હાટી ત્યાપાંય યેતા દેખીન
ત્યેં ત્યાહાન આખ્યાં, "ઓ હાપા પીલકાહાંય,
તુમાહાન કુયેં આખી દેનાં કા યેનારા સિકસેપાંઅને
નાહાયા? 8 યાહાટી તુમા મોન બોદલા કા હારાં
ફળ દા; 9 એન પોતે મોનમાંય એહેં નાંય વિચાર
કોઅનાકા આબ્રાહામ આપહે આબહો હેય; કાહાકા
તુમાહાન આંય એહેં આખતાહું કા,પોરમેહર
આબ્રામાહાટી યા દોગડાહા પાઅને ત્યાહાટી પોહો
ઊભજાડી હોકહે 10 એન આમી જાડા થુડાપાંય
કુરાડાં થોવલાં હેય, યાહાટી કા જીં-જીં જાડ હારાં
ફળ દેય નાંય, તીં ખાંડીન આગ્યેમાંય ટાકલાં
જાઈ 11 "આંય તે તુમાહાન મોન બોદલાં હાટી
બાપ્તિસમાં દાઅહું, પેન જો માંઆ પહાલારે યેહે,
તો માંઆ કોઅતો હોગો તાકાતવાન હેય: ત્યા
વાંઅણે ઉસાલના હોગી માંઆ લાયકાત નાંય હેય
એન તો તે તુમાહાન પવિત્ર આત્મા એન આગ્યેમાંય
બાપ્તિસમાં દી 12 ત્યાઆ હૂપડાં ત્યા આથામાંય
હેય,એન તો ત્યા ખોળાં હારકોંય ચોખાં કોઅરી,
એન ત્યા ગોંવ તો કોઠરામાંય બેગા કોઅરી, પેન
બારીક કૂટારાં નાંઈ ઊલાય ઓહોડ્યે આગ્યેમાંય
ટાકીન બાળી 13 તોવે ઈસુ ગાલીલ માંઅરે નીંગીયો

એન યાર્દેન નોઈયે કાઠાવોય યોહાન થી બાપ્તિસમાં
લાંઆહાટી યેનો 14 પેન યોહાન એહેં આખીન
ત્યાલ રોકાં લાગ્યો કા, “માન તે તોઓ આથે કોંય
બાપ્તિસમાં લેઅના ગરાજ હેય, એન તું તે માંઆ
પાંય યેનહો?” 15 ઈસુવેં ત્યાલ ઓ જાવાબ દેનો
કા, “ધાર્મિકતા પૂરી કોઅના હેય” તોવે ત્યેં ત્યાઆ
ગોઠ માની લેદી 16 એન ઈસુ બાપ્તિસમાં લેઈન
તારાતુજ પાંઅયામાંઅરે મેરે નીંગ્યો તોવે, ત્યાહાટી
જુગ ખોળાઈ ગીયો,એન ત્યેં પોરમેહરા આત્માલ
કબુતરા રૂપામાંય ત્યાઆ ઊપે યેતાં દેખ્યાં 17 એન
એએયાં, જુગામાંય ઓહડો આવાજ જાયો કા: “ઓ
માંઆ માયાળો પોહો હેય,એન યાબોદાલ આંય
ખુબૂજ ખુશ હેતાંઉં”

4 1 તોવે શૈતાના ઈસુ પરિક્ષા ઓરા યાહાટી
દેવા આત્મા જંગલામાંય લેય ગીયો 2 એન
તાં ચાળીહી દીહી એન ચાળીહી રાત ઉપાહા
કોઅયો, ત્યા પાસે ત્યાલ ખૂબ બુખ લાગી 3 તોવે
પરિક્ષાકોઅનારા ત્યાંપાંય યેયન ત્યાલ આખ્યા કા
“તું પોરમેહરા પોહો ઓરી તે આખ કા યા ડોગળા
બાખ્યો બોની જાય !” 4 ઈસુય જાવાબ દેનો કા
“લિખલા હેયે કા માઅહુ ફક્ત બાખ્યે કોયજ
નાંય , પેન પોરમેહરા મુયામાઅને નિગનારા બોદા
વોચાનેહે કોય જીવતા રોઅરી 5 પાસે શૈતાના ત્યાલ
ચોખ્ખા શહેરા યેરૂશાલેમમાંય લેઅય ગીયોએન
દેવળા સેડાવોય ત્યાલ ઊબો કોઅયો 6 એન ત્યાલ
આખ્યા “તું પોરમેહેરા પોહો ઓરી તે સોતાહાલ
નીચે તોડીપાડ, કાહાકા લિખલા હેય કા તો ત્યા
સ્વર્ગ દુતહાલ તો હાટી ઊકુમ કોરી, એન તો પાગ
દોગડાવોય આફળાય નાઈ ત્યાહાટી ત્યા આથાવોય
જેલી લેઅરી 7 ઈસવેય ત્યાલ આખ્યા કા “એહકોય
બી લિખલા હેય કાઅ પોરમેહર તો દેવ ત્યા પરિક્ષા
કોઅહે માં !” 8 તોવે શૈતાના ત્યાલ એક મોઠા ડોગા
ઊપે લેઅય ગીયો એન દુનિયામાઅને બાદે રાજ્યે
એન ત્યાહા મોઠાપોણ ત્યાલ દેખાડી 9 એન ત્યેય
ત્યાલ આખ્યા કા “જો તું મા પાગે પોડીન ભક્તિ
કોઅહે તે આપ ઈ બાદાજ તુલ દેય દીઅહી!”
10 તોવે ઈસવેય ત્યાલ આખ્યા, “ઓ શૈતાન દુર
ઓય જો કાહાકા લિખલા હેય તુ પોરમેહેર તો
દેવ ત્યા પાગે પોડ એન ફક્ત ત્યાજ ભક્તિ કોઓ
11 તોવે શૈતાના ત્યા પાઅને જાતો રીઅયો, એન
એઅયા, સ્વર્ગદુત યેયન ત્યા ચાકરી કોઅતા મુડ્યા!
12 જોવે તો વોનાયો કા યોહાન બાપતિસ્મા દેનારો
દોવાઈ ગીયહો,તોવે તો ગાલીલમાંય જાતો રીઅયો
13 એન તો નાશરેતાલ છોડીન તો જેબુલુન એન
નાફતાલી દિવાડામાંય નોઅયે કિનારે તા જાયન રા
લાગ્યો 14 ઈ યાહાટી જાયા કા યાશયા ભવિષ્યવક્તા
વ્દારા આખલા આતા તી પુરા ઓઅય 15 જેબુલુન
એન નાફતાલી મુલખ, નોઅયે કિનારાવોય યોરદન
નોઅયે ત્યે મેરે પારકા લોકહા ગાલીલ 16 જે
લોક આદારામાંય બોઠલા આતા ત્યાહાય મોઠો
ઊજવાળો દેખ્યો એન મોરાણા મુલખામાંય એન
છાવડીયેમાંય બોઠલે આમે ત્યાહાવોય ઊજવાડો
ચોમક્યો 17 ત્યેજ વેળાથી ઈસવેય પ્રચાર કોઅના
એન ઈ આખતો લાગ્યો કા પશ્યતાપ કોઅયા
કાહાકા હોરગા રાજ્ય પાહી યેનહા !” 18 પાસે
તો ગાલીલ નોઅયે કિનારે રોઅયન જાવ આતો
તોવે, ત્યેય પેત્ર આખેત તો શિમોન એન ત્યા
બાહા આંદ્રિયો યા બેની બાહાહાલ દોરીયામાંય
જાળ ટાંકતા દેખ્યા: કાહાકા ત્યા માસેલ દોઅનારા
આતા 19 ઈસવેય ત્યાહાલ આખ્યા કા તુમા માઆ
પાહાલારે યા તુમહાન આંય માઅહે દોઅનારો
બનાડીહી 20 તોવે ત્યા તાબાડાતોડ જાળ છોડી
દેઈન ત્યા પાહાલારે ચાલતા મુડ્યા 21 એન તાઅરે
આગાડી જાઈન ત્યેય બીહરા બેન બાહા ત્યા તે
જોબઈ પોહો યાકુબ એન ત્યા બાહા યોહાન ત્યાહા
આબોહો જોબઈ યા આરે ઊડીયેમાંય ત્યાહા જાળ
હાંદતા દેખ્યો એન ત્યેય ત્યાલ હાદયા 22 પાસે
ત્યા તાબાડતોડ ઊડીયાલ એન આબહો પાહાલ
છોડી દેઈન ત્યા પાસલારે ગીયા એન ત્યા ચેલા
જાયા 23 પાસે ઈસુ આખા ગાલીલ દેશામાંય યહુદી
લોકહા સોબાયે ઠિકાણામાંય હિકાડતો એન દેવા
રાજ્યા હારી ગોઠ આખતો એન લોકાહામાંય
બાદેળત્યા રોગ હોગે જાત્યે જાત્યે દુ:ખે હારે કોઅતો
ફિરયો 24 એન ત્યા બદાલ બાતમી આખા સુરીયા
આખા દેશામાંય ફેલાય ગીયી, તોવે જ્યા દુ:ખી
આતા જ્યાહાલ જુદા જુદા જાત્યા રોગ એન
દુ:ખે લાગલે એન જ્યાહાલ બુત લાગલા, મિરગ્યે
લોખવાવાળે આતે એન ત્યા બોદાહાલ ત્યાહાય
ત્યાપાય લેય યેને એન ત્યેય ત્યા બાદા દુખ્યાહાલ
હારે કોઅયે 25 પાસે ગાલીલ દકોપોલી, યેરૂશાલેમ,
યહુદીયા એન યોર્દન નોયે ત્યે કાન્યે મુલખામાને
લોકાહા ટોળાટોળાજ ત્યા પાહાલારે ચાલતા મુડ્યાં

5 1 તો તી ગીર્દીલ એઅઈન ડોગાવોય ચોડી
ગીયો, એન જોવે બોહી ગીયો તોવે ત્યાંઅ દાસ
ત્યાઆ પાહી યેના 2 એન તો ત્યાઆ મુંય ઉગડીન
ત્યાહાન ઓ પ્રચાર કોરાં લાગ્યો કા: 3 “ધન્ય હેય
જયેં મોનાઆ ગરીબ હેતેં, કાહાકા હોરગા રાજ
ત્યાહા હેતાં 4 “ધન્ય હેય જયેં, શોક કોઅતેહેં
કાહાકા ત્યેં શાંતી પામી 5 “ધન્ય હેય જયેં, નમ્ર
હેતેં કાહાકા ત્યેં દોરતી અધિકારી ઓઅરી 6 “ધન્ય
હેય જયેં, ધર્મા બુખેં એન પીહ્યેં હેતેં, કાહાકા
ત્યેં તૃપ્ત કોઅલેં જાઈ 7 “ધન્ય હેય જયેં, દયાળુ

હેતેં, કાહાકા ત્યાંહાવોય દયા કોઅલી જાય 8 “ધન્ય
હેય જયેં, જ્યાહા મોન ચોખ્ખેં હેતેં, કાહાકા ત્યેં
પોરમેહરાલ એઅરી 9 “ધન્ય હેય જયેં, મેળાવનારેં
હેય,કાહાકા ત્યેં પોરમેહરા પોહેં આખાયી 10 “ધન્ય
હેય તુમા, જયેં ધર્માં લેદે સતાવણી પામતેહેં કાહાકા
હોરગા રાજ ત્યાહા હેતાં 11 “ધન્ય હેય તુમા, જોવે
માંઅહું માંઆ લેદે તીં આપમાન કોઅરી, એન
સતાવણી કોઅરી એન જુઠાં બોલી બોલીન તુમેહે
વિરૂદમાંય બોદી રીત્યે ખોટ્યો ગોઠયો આખરી
12 તોવે આનંદિત એન આનંદ એન મગન કોઅરા,
કાહાકા તુમેહે કોરે હોરગા માંય મોઠો બોદલો હેય
ત્યાહાટી કા ત્યાહાપાંય ત્યાઆ ભવિષ્યવક્તાહાન
જ્યા તુમેહે થી પેલ્લાં આતેં ત્યાહાંય તીજ રીતી
થી સતાવણી કોઅયી 13 “તુમા દોરતી મીઠાંઆ
હેતેં; પેન મીઠાઆ સ્વાદ બોગડી જાય, તોવે ત્યાલ
કોઅહી ચીજે કોઈ ખારાં કોઅહા? પાછેં તીં કાંઈજ
કામ્યા નાંય, સિવાય યા કા ત્યાલ બારે ટાકી દેયના
એન માંઅહાં પાગા તોળે છુંદયાં સિવાય કાઈજ
કામા નાંય 14 તુમા જોગા ઉજવાડો હેતેં જીં શેઅરે
ડોગાવોય વસલાં હેય તીં દોબી નાંય શકે 15 એન
લોક દીવો હિલગાડીન ત્યાલ માચા તોળે નાંય થોવે
પેન ત્યાલ ઊપે થોવતેહેં, તોવે ત્યાઆ કોંઈ બોદા
માંઅહાં હુદી ઉજવાડો પોંઅચી 16 ત્યાઆ પૂરમાણેં
તુમેહે ઉજવાડો માંઅહાં હુંબુર ચમકે કા ત્યેં તુમેહે
હારેં કામેં એઅઈન તુમેહે આબોહો, જો હોરગામાંય
હેય, સ્તુતિ કોઅરી 17 “ઈ માં હોમજાહા, કા
આંઈ નિયમશાસ્ત્ર યાભવિષ્યવક્તા શાસ્ત્રાલ નાશ
કોઅરાં યેનાહા, આંય નાશ કોઅરાં નાંય,પેન પૂરાં
કોઅરાંયેનહો 18 કાહાકા આંય તુમાહાન ખોરાં
આખતાંહું કા જાંઉં હુદી જુગ એન દોરતી પૂરી નાંઈ
ઓઅરી તાંઉં હુંદી નિયમશાસ્ત્રા માંઅને એક કાનો
યા એક માત્રા બી પુરા એઅયા વગાર નાંય જાતાં
રોઈ 19 યાહાટી કા જીં કાદાં ત્યાઆ હાની સે હાની
આગના માંઅને યોક બી તોડી ટાકે,એન તેહેંકોન
લોકાહાન તેહેંજ હિકાડે, બાકીતીં હોરગા રાજમાંય
બોદાહા કોઅતી હારાં ગોણાયી 20 કાહાકા આંય
તુમાહાન આખતાહું, કા પેન તુમેહે હારેં કામે
શાસ્ત્રી એન ફરુશીહ્યાં કારે કામે વોદારી નાંય
એઅરી, તે તુમા હોરગા રાજમાંય કોવેજ નાંય જાય
હોકાહા 21 “તુમા વોનાય ચુકલેં હેય, કા આગલા
જમાના લોકહાન આખલાં આતાં કા ‘માંઆઈ
નાંય ટાકના એન જો કાદો માંઆઈ ટાકી ત્યાલ
કોચરીમાંય શિક્ષા પાત્ર ગણવામાંય યી 22 બાકી
આંય તુમાહાન આખતાંહું કા જીં ત્યાઆ બાહાવોય
ગુસ્સો કોઅરી, ત્યાલ કોચરી માંય સજા દેવામાંય
યી, એન જીં કાદા ત્યાઆ બાહાલ આળહ્યાં આખરી
ત્યાલ મોઠી સબાયેમાંય સજા દેવામ યી; નરકા
આગી સજા દેવામાંય યી 23 યાહાટી કા તું પોતાના
દાન વેદીવોય લિયે, એન ત્યાઆ તું યાદ કોઅહે,
કા તીં બાહા મોનામાંય તોઓ હાટી કાંય વિરૂદ
હેય 24 તોવે તું તીં દાન વેદીયે હામે છોડી દે, એન
જાયન પેલ્લાં પોતાના બાહા આરે હોમજી લાં જો
એન તોવે યેઈન તીં દાન અર્પણ કોઅ 25 જોવે
તું તીં વિરોદી આરે વાટીમાંયજ હેય ત્યાઆ આરે
માહાર હોમજી લે, એહેં નાંય બોને કા તુલ તીં
વિરોદી ઓદીકારાલ દેય દે,એન તુલ જેલેમાંમાંય
ટાકવામાંય યી 26 આંઈ તુલ ખોરાં આખતાંહું કા
જાઉં હુદી યોક યોક પોયહા નાંય ચુકાડે, તાંઉં
હુદી તું તાંઅને છુટી નાંય હોકહે 27 “તું વોનાઈ
ગીઈલો કા તુમહાન આખના હેય કા,વ્યભીચાર મા
કોઅહા 28 બાકી આંય તુમાહાન આખ્તાહું કા જીં
કાદાં થેઅયે વો ખારાબ નોજાર ટાકહે તીં ત્યાઆ
મોનામાંય વ્યભિચાર કોઈ ચુહ્યાં 29 અગર તોઓ
જેંવો ડોળો તુલ દોગો દી,તોવે ત્યાલ કાડીન ટાકી
દેકાહાકા તોઓ હાટી ઈંજ હારાં હેયકા તો આંગા
માંઅને યોક આંગ નાશ ઓઅઈ જાયએન તોઅ
પૂરાં આંગાલ નરકામાંય નાંય ટાક્યાં જાય 30 બાકી
તોઓ જેવો આથ તુલ દોગો દી,તોવે ત્યાલ કાપીન
ટાકી દેજે,કાહાકા તોહાટી હારાપ હેતાં કા તોઓ
આંગામાંને યોક ભાગ નાશ ઓઈ જાય એન તીં પૂરાં
આંગાલ નરકામાંય નાંય ટાકવામાંય યી 31 “ઈ બી
આખવામ યેનેલ કા, ‘જીં કાદાં પોતે થેયેલ ફારગુતી
દાંઆ માંગહે ત્યેઅલ ફારગાતી દેય’ 32 પેન આંય
તુમાહાન ખોરાંજ આખતાંહું કા જીં કાદાં પોતા
થેયેલ વ્યભીચારા સિવાય કોંઈ બીજા કારણ થી
ફારગાતી દેય, એન જીં યા કોંય છોડી દેનલી આરે
વરાડ/લગ્ના કોએ, તીં વ્યભિચાર કોઅહે 33 “પાછેં
તુમા વોનાઈ ગીઅલેં હેય કા આગલા જમાના
લોકાહાન આખલાં આતાં કા, ‘જુઠી કસામ માં
કાહા, પેન પ્રભુ હાટી ખાય કસામ પૂરી કોઅના
34 પેન આંઈ તુમાહાન ખોરાંજ આખતાંહું કા,
કોવેજ કસામ નાંય ખાઅના; નાંય તે હોરગા,
કાહાકા તીં પોરમેહરા સિંહાસન હેય; 35 નાંય
દોરતી, કાહાકા તીં પાગહા ચૌકી/પાયાસન હેય;
નાંય યેરુશાલેમાં કાહાકા તીં મોઠા રાજા શેઅર હેય;
36 પોતાના ટોલપા બી કસામ મા ખાહે કાહાકા
તું એક કીંહ્યાલ બી ઉજળો નાંય, કા નાંય કાળો
કોઈઅ હોકતોહો 37 પેન તુમેહે ગોઠ ‘હાં ને હાં’,
નાંય એટલે નાંય’ રોય; કાહાકા જીં કાંઈ ત્યાથી
વોદારે એહેંજ, ઓએ તીં ખારાબ રીતી કોંય ઓઅહે
38 “તુમા વોનાઈ ગીઈલેં હેતેં કા,આખલાં આતાં
કા, ‘ડોળા બદલે ડોળો, એન આથા બોદલે આથ

39 પેન આંય તુમાહાન ઈંજ આખતાંહું કા તોઓ
સામનો કોઆ; પેન જીં કાદાં જમણા ગાલાવોય
થાપડે કોંઈ ઠોકે, તીં બીજો ગાલ બી ફીરવી દેય
40 પેન તોઓ વોય આંગા બદનામ કોઈન તો ડોગલેં
માગે તોવે, ત્યાલ ડોગલેં બી લીલાં દેજે 41 જીં કાદાં
યોક કિમી લીઈ જાય,તો ત્યાઆ આરે બેન કિમી દુર
ચાલી જાજે 42 જીં કાદાં તોઓ વોય માંગે ત્યાલ તું
દે,એન જીં કાદાં તોઓવે ઉસના માંગે ત્યાલ મુંઈ માં
ફિરાવતો 43 તુમા વોનાય ગીઈલેં હેય કા, તું પોતા
પોડોસી આરે પ્રેમ રાખજે એન તોઓ દુશમાન વોય
પ્રેમ કોઓજે 44 પેન આંય તુમાહન આખતાંહું કા
પોતા દુશમાન આરે પ્રેમ રાખજે એન સતાવણી
કોએત ત્યાહા હાટી પ્રાર્થના કોએજા, 45 ત્યાઆ
થી તું તોઓ હોરગા માંઅને આબા પોહો બોનહે
કાહાકા તો હારા એન માઠાં બેન્યાહાવોય દિહી
ઉગાડહે, એન ધર્મી એન અધર્મી વોય તો પ્રેમ પ્રગટ
કોઅહે 46 કાહાકા જર તું તોઓ પ્રેમ રાખનારાવોય
પ્રેમ રાખહે, તોવે ત્યા કાય બોદલો મિળી? કાંય કર
લેનારો બી એહેંકોંય નાંય કોઅરી કાં? 47 'બાકી
તું તોઓ બાહાવોયજ તું સલામ કોઅતોહો તે
કેસેને મોઠાં કામ કોઅતોહો? કાંય બીજી જાત બી
એહેંકોંય નાંય કોઓય કા? 48 ત્યાહાટી જોજે કા
તુમા સંપૂર્ણ બના,જેહેંકોંય તુમેહે હોરગા માંઅને
આબોહો સંપૂર્ણ હેય

6 1 "ચેતી જાયા! તુમા લોકાહાલ દેખાડાહાટી
ભક્તી મા કોઅહા નાય તે હોરગામાંઅને
પોરમેહરા પાંઅને કાયબી ફ્ળ નાંય મીળી"
2 "યાહાટી જોવે તું દાનધર્મ કોએ, તોવે અમથો મા
આખતો, જેહેંકોય બીજા ડોંગ્યા, બાજારામાંય એન
ગલીયેમાંય કોઅતાહા, કાહાકા લોક ત્યાહા વાહાવા
કોએ, પેન તુમાહાલ આંય હાચુલ આખતાહું કા
ત્યા ત્યાહા બદલો પામી ચ્યુક્યાહા 3 પેન તું જોવે
દાનધર્મ કોએ તોવે તો ડાબો આથ જી કોઅહે
તીં હિદા આથાલ ખોબાર નાય પોડે 4 યાહાટી
કા તો જી દેનલા દાન દોબલા રોય, તોવે તો
હોરગામાંયને પોરમેહર જો દોબીન દેખેહે તો તુલ
પ્રતિફ્ળ દી, 5 "જોવે તું પ્રાર્થના કોએ, તોવે તું
બીજા ડોંગ્યાહારખો મા કોઅહે, કાહાકા લોકાહાલ
દેખાડાહાટી ત્યા લોક દેવાળામાંય એન સોડકેવોય
ઉબારોયન પ્રાર્થના કોઅના ત્યાહાલ હારાં ગોમેહે,
આંય તુમાહાલ આખહુંક ત્યા લોક તે ત્યાહા
બોદલો ત્યા પામી ચુક્યાહા 6 "પેન તું જોવે
પ્રાર્થના કોઅહે, તોવે તો બંદ ખોલીમાંય જાયન
બાઅણા બંદ કોઅઈન તો, જો હોરગામાંય રોનારો
પોરમેહર જો નાંય દેખાય ઓહડે જાગે હેય ત્યાલ
પ્રાર્થના કોઓ, તોવે તો નાંય દેખનારો આબોહો
તુલ ફ્ળ દી 7 પ્રાર્થાના કોઅતી વેળે અન્ય જાતી
લોકહા હારકા બડ-બડ મા કોઅહા, કાહાકા ત્યા
હુમાજતાહા કા આમા વદારે બોલહું તોવે તો
વોનાઈ 8 ત્યા હાટી તુમા ત્યાહા રોકા મા બનહા,
કાહાકા તુમેહે આબોહો તુમહાલ કોહડા ગરાજ હેય
ઈ તુમે આબોહો, તુમા ત્યાપાય માગા પોયલાંજ
જાંઆઈ લેહે, 9 "યાહાટી તુમા ઓહડી પ્રાર્થના
કોઆ; ઓ આમે આબા, તું હોરગામાંય હેય; તો
નાવ પવિત્ર માનલા જાય 10 "તો રાજ્ય યેય તો
મોરજી જેહેકોય હોરગામાંય પૂરી ઓઅહે; તેહકોય
દોરત્યેવોય બી ઓય 11 'આજ્યા દીહાપુરતી બાખે
આજે આમાહાલ દે' 12 'એન જેહકોય માયેમાં
દુશ્માનાહાલ માફ્ કોઅયા તેહકોય તુંબી આમે
ગુનાહા માફ્ કોઓ 13 'આમાહાલ પરિક્ષા માંય
મા ટાકહે, પેન ખોટા કામાથી બચાડ;(કાહાકા
રાજ્ય એન પરાક્રમ એન મહિમા ઈ કાયામ
તોંજ હેય' આમેન) 14 "યાહાટી કા તુમા માંઅહા
ખોટા કામહા માફી કોઅહા તોવે તુમે હોરગ્યામાંને
આબહોબી તુમાહાલ માફી દી, 15 જોવે તુમા બીજા
માંઅહાલ હોરગામાયને આબહોબી તુમાહાલ ગુના
માફ્ નાય કોરી 16 "જોવે તુમા ઉપાહા કોએ તેં
ડોંગ્યાહારખા તુમે ચેહરા મા રાખહા કાહાકા ત્યા
લોક આમા ઉપાહા હેજે એહે આખાંહાટી ત્યાહા
ચેહરા ઉતાડતાહા આંય તુમાહાલ નોક્કીજ આખહું
કા ત્યાહાલ ત્યા ફ્ળ મીળી ગીયહાં" 17 પેન જોવે
તુમા ઉપાહા રાખે તોવે આપેહે ટોલપ્યેલ તેલ
લાવ એન તો મુંય દોવજે 18 યાહાટી કા લોક તો
ઉપાહા જાંએ યાહાટી નાય પેન તો આબહો જો
નાય દેખાનારો આબહો જો તુલ દુબીન એઅહે
તો તુલ ફ્ળ દી 19 "આપહે હાટી દોરત્યેવોય ધન
મા બોઈ થોવહા, કાહાકા ત્યાલ ઉદાડા ગોંજ(કીટ)
લાગીન બઘદેહે એન ત્યાલ બાંડ ગુંઉ ફોડીન
ચોરી કોઅતાહા! 20 પેન આપેહે હાટી હોરગામાંય
ધન(મિલકાત) યોકઠાં કોઅયાં, જા ત્યાલ ઉદાડા
નાય ખાય ગોંજ નાય લાગે એન ચોર યેયન ચોરી બી
નાય કોએ 21 કાહાકા જા તી ધન (મીલાકાત) તા તો
મોન બી લાગલા રોય 22 "આખા શરીરા દીવો ડોળો
હેય; યાહાટી તો ડોળા નોજાર ચોખ્ખી રોય તોવે તો
આખા શરીર ઊજવાડા ઓરી 23 "પેન તો ડોળા
નોજાર ખોટી ઓરી તે તો આખા શરીર આંદારા
ઓરી, યાહાટી જો ઉજવાડો હેય તો આંદારા
રોય તોવે તી આંદારા કોલા મોઠા! 24 "કાદોબી
માંઅહું બેન દોણ્હ્યા ચાકરી નાય કોએ, કાહાકા
તો યોકા વિરૂદ કોરી ને બીજાલ માયા કોઅરી,
નાચતે યોકા આરે હારો ચાલી ને બીજા આરે
નાય હારો ચાલી, તુમા પોરમેહરા એન મિલકાત

યા બેન્યાહા ચાકરી નાય કોઅય? 25 “યાહાટી
આંય તુમાહાલ આખહું કા આપે જીવા કાળજી
મા કોઅહા આમા કાય ખાઉં એન કાય પીયહું;
પાસી આપે શરીરામાંય કાય પોવહું, કાય જીવ
ખાઅના કોઅતા, એન શરીર ફાડકાહા કોઅતા
વોદારે કિંમત્યા નાંય હેય કા? 26 જુગામાન્યા
ચીડહા એસે નોજાર કોઅયા! ત્યેં પોએત નાય,
એન વાડેત નાય, એન નાયતે બોદ્ડ્યેમાંય થોવેત
નાય તેરૂબી હોરગામાંઅને આબહો ત્યાહાલ ખા
દેહે કાય તુમા ત્યાહા કોઅતા ડિગા કિંમત્યા નાય
હેય કા? 27 તુમાહામાંય કું હેય જો પોતે ચિંતા
કોઅઈન યોક આથબી પોતાની ઉંમાર બો વોદારી
કા? 28 “એન ડોગલાહાટી કાહા ચિંતા કોઅતાહા?
જાડ્યેમાંઅને ફૂલજાડવા તુમા દિયાન કોઆ ત્યે
કેહકોંય વોદતેહે, ત્યેં કાય મેહનાત નાય કોએત, એન
ત્યે હૂત કાતેત બી નાય 29 તેરૂબી આંય તુમાહાલ
આખહું કા સુલેમાન રાજાબી ત્યા ઓલીબાદી
મિલકાત આતી તેરૂબી ત્યાંય ત્યાહારોકે ફાડકે પોવલેં
નાય 30 ત્યાહાટી પોરમેહર જી રાનામાયને ચારો
હેય તી આજે હેય ને કાલે વાડીન આગ્યેમાંય ટાકી
દી, ઓહડાલ તો ફાડકે પોવાડેહે તે ઓ નાય બોરહો
થોવનારાહાંય તુમાહાલ તો યા કોઅતા વોદારે હારા
નાય પોવાડી કા? 31 “યાહાટી તુમા ચિંતા કોઅઈન
ઈં મા આખહા કા આમા કાય ખાઉં કાય પીયહું,
એન કાય પોવહું 32 કાહાકા દુનિયા લોક યે બાદે
ગોઠયો હોદતાહા, પેન હોરગ્યામાયને આબહો
જાંઅહે કા તુમાહાલ કાય જોજેહે” 33 યાહાટી તુમા
પોયલા હોરગ્યા રાજામાયને વાના એટલે ત્યા રાજ્ય
એન હારા કોઅના ઈં તુમા કોઆ તોવે તુમાહાલ
દોરત્યાવોર્યા બાદા વાના મીળી જાય 34 યાહાટી
હાકાળ્યા ચિંતા મા ઓઅહા, કાહાકા હાકાળી ચિંતા
હાકાળ કોઆ; આજ્યા દિહા દુખ આજ્યા હાટીજ
હેય

7 1 તુમા બીહરાવ દોષ માં લાવહા યાહાટી કા
તુમાહાવ બી કાદો દોષ નાંય લાવે 2 કાહાકા
જયે પૂરમાંણેં તુમા દોષ લાવતેહેં ત્યેજ પૂરમાંણેં
તુમાહાવ હોગાં દોષ લાવામ યી; એન જયે માપે
કોંય તુમા માપી દાહા,ત્યેજ માપેકોંય તુમાહાન
હોગાં માપી દેવામ યી 3 “તું કાહા તોઓ બાહા
ડોળામાંય હુકળાં એએતોહો, એન તોઓ પોતે
ડોળાહામાંય તીં હુકળાં કાહા નાંય દેખાય? 4 એન
તોઓજ ડોળહામાંય હુકળાં હેય, તે તું પોતે બાહાલ
કેહેંકોન આખી હોકતોહો, કા ‘માંઆ પાંય યે તોઓ
ડોળામાંઅનેં આંય હુકળાં કાડી દાહું?’ 5 ઓ ડોંગ્યા,
પેલાં તોઓ ડોળામાંઅરે હુકળાં કાડી ટાક, પાછેં
તોઓ બાહા ડોળામાઅરે હુકળાં કાડાં હાટી તુલ
હારકોઈન એએઈન કાડતાં યેઅરી 6 જીં ચોખાં તીં
કુત્રાહાલ દાહા મા,એન મોત્યેં ડુકરાહાં આગાડી
ટાકહા માં; ટાકાહા તે ત્યેં પાગહાતોળે ત્યાહાન સુંદી
ટાકી એન ઉલટીન તુમાહાન ફાડી ટાકી 7 ‘માંગાહા
તે તુમાહાન દેવામ યેઅરી;હોદાહા તે તુમાહાન
જોડી; ઠોકાહા તે તુમેહેહાટી ઉગાડી દેવામ યી:
8 કાહાકા જીં કાદાં માંગહે, ત્યાલ મીળહે; એન
જીં હોદહે, ત્યાલ જોડહે; એન જીં ઠોકહે,ત્યાહાટી
ઉગાડી દેવામ યેહે 9 “તુંમાંહામાંય ઓહડાં કોઅહાં
માંઅહું હેય કા, ત્યાઆ પોહો ત્યાપારે બાખેમાગે,તે
તો ત્યાલ દોગાડ દેય? 10 એન માંસલેં માંગેં, તે તો
ત્યાલ હાપડાં દેય? 11 એન તુમા ખારાબ હેય, તેરી
તુમેહે પાંહાહાંન તુમા હારયોવસ્તુ દાંઆ માંગતેહેં,
તે તુમેહે હોરગામાંઅરે આબોહો ત્યાપાંય જયેં
માંગતેહેં ત્યાહાન હારી કાહા નાંયદેય? 12 યાહાટી
લોક તુમેહે આરે જેહેંકોન રાંઆ જોજે ઓહોડી
તુંમેહે મોરજી ઓરી તે,તુમા હોગા ત્યાહા આરે
તેહેં કોનુંજ 13 “હાકડાં બાંઆમાંઅરે જાજા,કાહાકા
નાશા એસે જાનારાં બાઆં પોઅળાં હેય એન
ત્યા વાટ હિદીજ હેય; એન ત્યામાઅરે માજા
જાનારેં ખુબૂજ જાંએં હેતેં 14 કાહાકા જીવના એસે
જાયના બાઆં હાકડાં એન વાટ હાકડી /કઠીણ હેય;
એન જ્યાહાન તી વાટ સાપડેહેત્યા થોડાજ હેતા
15 “ઠોગ ભવિષ્યવક્તા પાંઅને હાચવીન રોયા,
જ્યા મેંડાહા વેહાલેઈન તુમેહે પાંય યેતાહા,પેન
મજામાંય ફાડીન ખાય ટાકનારેં જાનાવોરેં હેય
16 ત્યાહા કામાહાવોઅરે તુમા ત્યાહાન વોળખી
લાહા કાય ત્યા લોક જાડીયેમાંઅરે દારાખેં એન
કાટાહા જાડાહા પાંઅરે આંજિર તોડતેહેં કા?
17 એન યેજ પૂરમાંણેં હારાં જાડ હારાં ફળ દેહે
એન ખારાબ જાડ ખારાબુજ ફળ દેહે 18 હારા
જાડાલ ખારાબ ફળ નાંય લાગે, એન ખારાબ
જાડાલ હારાં ફળ લાગેજ નાંય 19 જીં જીં જાડ
હારાં ફળ દેય નાંય, તીં ખાંડીન આગ્યેમાંય ટાકી
દેવામ યી 20 યેપૂરમાંણે તુમા ત્યાહાન ત્યાહા ફળા
કોંય વોળખી લાહા 21 “જયેં માન, ‘ઓ પ્રભુ!
ઓ પ્રભુ!’ એહેં આખતેહેં, ત્યાહામાઅરે બોદેંજ
જાંએં હોરગા રાજમાંય નાંય જાય હોકી,પેન તોજ
જાય હોકી જો માંઆ હોરગ્યા આબાહા આખલ્યે
પૂરમાંણે ચાલહે 22 એન ત્યે દિહી ખુબૂજ જાએં
માન એહેં આખરી, ‘ઓ પ્રભુ, ઓ પ્રભુ, આમહાંય
તે તોઓ નાવેં ભવિષ્યવાણ્યો કોઅયેલ, એન તો
નાવેં કોંય બુતડાહાંન આમાહાંય નાંય કાડયેલ કા,
એન તો નાવેં આમાહાંય ખુબૂજ મોઠેં નોવાઈયે
કામેં નાંય કોઅયેલ કા? 23 તોવે આંય ત્યાહાન
ચોખાંજ એહેં આખહીં, કા ‘માંયેપાંઅને નીંગી જા’

24 “યાહાટી કા જો કાદો માંઆ ગોઠ વોનાઈન
માનહે, તો ત્યા ઉશારી માંઅહાં રોકો નિગરી કા
જી માંઅહુ ત્યાઆ ગુંઉં ખોલકડાવો બાંદહે 25 પાછેં
પાંઈ પોડયો, નયાડો યેનો એન વેડાં ચાલે, એન
તીં ત્યા ગાંઆલ જાઈ ઠોકાઈયે, તેરું હોગાં તીં ગુંઉં
નાંય પોડે,કાહાકા ત્યાઆ ગાંઆ પાયો ખોલકડાવોય
બાંદલો આતો 26 પેન જો કાદો માંઆ આખલ્યે
પૂરમાંણે નાંય ચાલે તો ત્યા ગેલા માંઅહાં રોકો
રોઅઈ કા જયેંય ત્યાઆ ગુંઉં રેટાવોય બાંદહ્યાં
27 પાછેં પાંઈ પોડયો, નયાડો યેનો, એન વેડાં
યેના,એન ત્યાઆ ગાંઆલ જાઈ ઠોઆકાઈયે, એન
તીં મૂટી પોડીન નાશ ઓઅઈ ગીયાં” 28 જોવે ઈસુવેં
યો ગોઠયો આખી પારવાડયો,તોવે એહેંકોન જાયાં કા
ત્યાઆ આખલી ગોઠ વોનાઈન લોકહાન નોવાઈ
લાગી 29 કાહાકા તો ત્યા શાસ્ત્રીયાહાં રોકો નાંય
હિકાડે પેન ઓદિકારહ્યાં રોકો ત્યાહાન હિકાડે

8 1 જોવે તો ત્યા ડોગાવોરે ઊત્યોતોવે એક મોઠી
ગીરદી ત્યા પાહાલા ગીયી 2 એન એઅયા એક
કોળી ત્યા પાહાય યેયન પાગે પોડ્યો, એન આખ્યા
કા ઓ પ્રભુ તો મોરજી આરી તે તુ માન શુદ્ હારો
કોઈ હોકેંમો હો !” 3 ઈસુય આથ લાબો કોઅઈન
ત્યા આથ દોઅયો, એન આખ્યા, મા મોરજી હેય
કા તુ હારો ઓઅઈ જો “ એન તો તારાતુજ કોડળા
માને ચોખેં ઓઅઈ ગીયો 4 ઈસુવેય ત્યાલ આખ્યા
એઅ, કાદાલ નાય આખના પેન જાઈન સોતાહાલ
યાજકાલ દેખાડ એન જી ભેટ મુસા દૂધારા ઠરાવલી
હેય તી ત્યાલ ચઢાવ યાહાટી કા લોકાહા માટે
સાક્ષી બને 5 જોવે તો કાપારનાઊમ મે યેનો
તોવે એક મુખ્ય સિપાય ત્યા પાંય યેયન વિંનતી
કોઅહે કા, 6 ઓ પ્રભુ મા ચાકર ગોઅમે લોકવાકોય
આજારી હેય તો ગોઅમે પાથારયેવોય પોડલો હેય
તો દુ:ખામાંય ખૂબ કાહાહાંય 7 ત્યે ત્યાલ આખ્યા
કા આય યેયન ત્યાલ હારો કોહી 8 મુખ્ય સિપડાય
જાવાબ દેનો ઓ પ્રભુ આય યા યોગ્ય નાય હેય
કા તુ મા ગોઅમે યેય પેન ફક્ત મુખાવાણી દૂધારા
આખી દે તે મા ચાકર હારો ઓઅય જાઅરી
9 કાહાકા આય બી બીહરા અધિકારા તાબામાઅને
માઅહુ હેતાવ એન સીપાય મા આદિન હેય જોવે
આય એકાલ આકતાઊ ‘જો’ તોવે તો જાહાય એન
બીજાલ આખતાઉ ‘યે’ તોવે તો યેહે એન જોવે મા
ચકરલ આખતાઉ ‘ઈ કોઓ’ તોવે તો કોઅહે!” 10 ઈ
વોનાઈન ઈસવાલ આચાર્ય ઓઅયા એન જ્યેં ત્યા
પાહાલા યાઅવ આથે ત્યાહાલ આખ્યા કા “આંય
તુમહાન હાચાજ આખતાહુ કા માયે ઈસ્રાએલમાંય
બી ઓઅડા વિશ્વાસ નાય એઅયહો 11 એન આંય
તુમહાન અખતાહુ કા પૂર્વ એન પશ્ચિમ માને
ખૂબ લોક યેઈન આબ્રામાં એન ઈસહાકા એન
યાકુબા આરે હોરગા રાજ્યા માંય બોહરી 12 પેન
રાજ્યા પાહાહાન બાઆ આંદારામાંય ટાંકલા જાય
તા રોડના એન દાંત કોકળાવના ચાલી 13 તોવે
ઈસુવેય મુખ્ય સિપાડાલ આખ્યા “જો, જોહડો તો
વિશ્વાસ હેય તોહડોજ તો હાટી ઓઅરી એન ત્યેજ
ઘેડીયે ત્યા ચાકર હારો જાયો 14 યેશુ જોવે પેત્રા
ગોઓ ગીયો તોવે ત્યાય ત્યા હાહવેલ જોરાવલી
પોડ્લી દેખી 15 ત્યેય તી આથ દોઅયો એન તી
જોરા ઊતી ગીયા એન તી ઊઠીન તી ત્યા ચાકરી
કોઅતી મૂડી 16 જોવે હાંજ પોડી તોવે તે ત્યા
પાય ખૂબ લોક લેય યેને જ્યાહામાંય દુષ્ટઆત્મા
આથી એન ત્યાય ત્યે દુષ્ટ આત્માહાલ ત્યા વચના
કોયન કાઢી દેને એન બાદે દુખ્યાહાલ હારે કોઅયે
17 યાહાટી કા જી વચાન યશાયા ભવિષ્યવકતા
દૂધારા આખલા આતા તી પુરા ઓઅઈ ત્યાય પોતે
આમે પીડા લેદ્યો એન આમે રોગ પોતાવ લેદા
18 લોકાહા ખૂબ ગીરદી એઅઈન ઈસુય ચેલાહાલ
આખ્યા “આપા દોરિયા ત્યે કાની જાતા 19 પાસે
કાદો યોક દોરમા હિકાડનારો ગુરુ યેઈન ત્યાલ
આખ્યા “ઓ ગુરુ જી કેસ તુ જાહેતાં આય તો
પાસલારે યિહી 20 ઈસુએ ત્યાલ આખ્યાં “કોલાહા
દોર હેતા, એન ઊડતા ચીડહા ગોરા હેતા, પેન
માઆહા પહાલ ત્યા ટોલપી થોવાં હાટી જાગો
નાંય મીળે” 21 બિજો યોક ચેલો આખેહે, પ્રભુ,
માન પોયલા માંઆ આબાહાલ ડાટી દાંઆ દે”
22 પેન ઈસુએ આખ્યાં, “મોઓલાહાન ત્યાહા
મોઓલાહાન ડાટાં દે તુ માંઆ પાહાલા ચાલ”
23 પાછં તો ઊડિયેમાંય ચોડિયો એન ત્યા ચેલા બી
ત્યા આરે ચોડીયા 24 એન દોરિયામાંય મોઠા તોફાન
જાયાં, ઓલાં બાદાં કા ઊડી લાફાહા કોઓઈન
બૂડી જાં કોઅહે પેન તો હુઅવતલો આતો 25 તોવે
ત્યા પાંય યેઈન, ત્યાહાંય આખ્યાં, “પ્રભુબોચાવ,
આમા મોઓઈ ચાલીયા” 26 ત્યેં ત્યાહાલ આખ્યા
“ઓ વોછો બોરહો કોઅનારાહાય કાહા બીતાહા
તોવે ત્યાય ઊઠીન વેડાલ એન પાંઅયાલ ખિજવાયા
એન બાદાં બંદ ઓઅઈ ગીયા 27 એન તેનોવાઈ
ઓઅઈન આખતા મુડ્યા કા ઓ ઓહડો કોહો
માટડો હેય કા વેડા એન પાંય બી ત્યા ઊકુમ માનતેહેં
28 જોવે તો ત્યે મેરે ગદરેનિયાઅ દેહામાંય ગીયો
તોવે બેન માંઅહે જ્યાહાંમ બુત લાગલા આતા
તે માહાણામાને નિકળીને ત્યાલ મિળ્યો તે ઓલા
કોઠિણ આતા કા ત્યે વાટીમાંને કાદો નાંય જાય
હોકે 29 ત્યાહાય બોબલીન આખ્યા ઓ પોરમેહરા
પોહા આમહે તો કાય કામ?કાય તુ સમયા પહેલા
આમહાલ દુ:ખ દા યેનહો? 30 ત્યાહાથી વાહાયોક

દુઊઅ યોક ડુકરાહા ટોળો ચોઅયા કોઅય 31 ત્યા
બુતહાય ઈ આખીન ત્યાલ વિંનતી કોઅઈ કા એન
તુ આમહાલ કાડતોહો તે એલા ડુકરાહા ટોળામ
દોવાડી દે 32 ત્યે ત્યાહાલ આખ્યા જા એન તે બુત
નિગીન ત્યા ડુકરાહામાંય ઊરાઈ ગીયા એને એએયા
બાદો ટોળો કિનારા વોઅરે પાંયામાંય પોડી ગીયો
એન બુડી મોઅયા 33 ત્યા ટોળા ગોવાળીયા નાકા
એન શેહરામાંય જાઅયન એ બાદયો ગોઠ્યો એન
જે બુત આતા ત્યા બારામાંય આખહાલ વોનાડ્યો
34 તોવે આખા શેહરા લોક ઈસુવાલ મિળા હાટી
નીગી યેને, એન ત્યાહાલ એઅઈન વિનંતી કોઅયી
કા આમહે હોદ માઅને જાતો રોઓ

9 1 પાસો ઉડીયેમાંય બોહીન દોરિયો ઉતીન,
પોતા ગાવામાંય યેનો 2 એન એરા માંઅહેં
ખાટલામાંય હુવાડીન યોક પાંગળ્યા માંઅહાલ
ઈસુવા પાંય લેય યેના ત્યાહા બોરહો એઈન ત્યેં
પાંગળ્યાલ આખ્યાં, “ઓ માંઆ પોહા ઈમાત રાખ;
તો પાપ માફ ઓઈ ગીયા: 3 તાં કોલાહાક શાસ્ત્રી
આતા ત્યાહાંય આખ્યાં “એલો તે પોરમેહરા નિંદા
કોઅહે” 4 ઈસુવેં ત્યાહા મોના વિચાર જાંઆઈન
આખ્યાં, “ તુમા તુમેહે- તુમેહે મોનામાંય કાહા
ખોટા વિચાર કોઅતાહા? 5 કાય આખના હેલા
હેય? તોઓ પાપ માફ ઓઈ ગીયા ઈ આખના
હેલ્લા હેય, કા ઊઠીન ચાલતો મુંડ ઈ આખના
હેલ્લા હેય? 6 પેન યાહાટી જાંઆઈ લા પોરમેહરા
પોહાલ દોરત્યેવો માંઅહા પાપહા માફી કોઅના
અધિકાર હેય; તોવે ત્યેં પાંગળ્યા માંઅહાલ આખ્યાં
કા, “ઊઠ, તો ખાટલા ઈસી લે એને તો ગોઓ જો”
7 તો ઊઠીને ત્યા ગોઓ ગીયો 8 લોક ઈ દેખીન
બીઈ ગીયા એન પોરમેહરા મહિમા કોરાં લાગ્યા
જ્યા માંઅહાલ ઓહડો અધિકાર દેનહો 9 જોવે
ઈસુ તાંઆરે આગાડી ગીયો, મોત્તાય નાવા યોક
માંઅહું નાકા ઊપે પોયહા લેતા દેખાયો, એન
ત્યાલ આખ્યાં, “માંઆ પાહાલા ચાલ તો ઊઠીન
ત્યાઆ પાહાલા ચાલા લાગ્યો 10 જોવે તો ગોઅમેં
ખાંઅના ખાંઆ બોઠો તોવે ખુબૂજ જોકાતદાર
એન પાપી લોક એન ત્યા ચેલાહા આરે ખાંઆ બોઠા
11 ઈ દેખીન ફરુશીયાહાંય ત્યા ચેલાહાલ આખ્યાં,
તુમે ગુરૂ પોયહા લેનારા એન પાપ્યાહા આરે કાહા
ખાઅના ખાહે? 12 ઈ વોનાઈન ઈસુવે આખ્યાં કા
જયેં માંઅહેં હારેં હેતે ત્યાહાન દાકતારા ગોરાજ
નાય હેય પેન જયેં દુખી હેતેં ત્યાહાન દાક્તારા
ગોરાજ હેય 13 યાહાટી તુમા જા એન યા મતલબ
હિકી લા માન તુમે પૂજા પાઠ નાંય જોજે પેન
માન દયા ગોમેહે કાહાકા આંય ધર્મી માંઅહાન
નાય પેન પાપીહાન હાદાં યેનહો” 14 તોવે યોહાના
ચેલા ત્યાપાંય યેના એન ત્યાહાંય આખ્યાં કા કાય
કારણ હેય કા આમા એન પોરુષી એલા ઉપાહા
કોઅતાહા,પેન તો ચેલા ઉપાહા કાહા નાય કોએ?
15 ઈસુવેં ત્યાહાન આખ્યાં, “જાંઆ લોગું વોવડો
ત્યાહા આરે હેય, તાંઆઉં જાન રોડતાહા કા?પેન
ત્યાહા પાંઅરે વોવડો લેવાય જાય ઓહડો દિહી
યી તોદીહી તોવે ઉપાહા કોઅરી 16 એન જુના
ફાડકા આરે નોવાં ફાડકા ઠીગળાં નાંય હિવેત,
કાહાકા ફાડકા આજુ વોદારે ફાટી જાય,એન મોઠા
બોચકો પોડી જાય 17 એન માંઅહે નવા દારવા
જુના વેંડલામાંય નાંય બોએત, કાહાકા વેંડલા
ફૂટી જાય,એન દારવા વેરાય જાય એન વેંડલાંબી
નકામા જાય પેન નવો દારવો નોવા વેંડલામાંય
રેડાય, એન બેની હારા હાચવાય 18 ત્યાહાન તો
ઈ ગોઠ આખેહે, તોલાહામાંય યોક મંત્રીયરનો,
ત્યેં માંડીયે પોડીન આખ્યાં, “માંઆ પુહી આમી
મોઓઈ ગીયહી, પેન તું યેઈન ત્યેલ આથ લાવેહે,
તોવે તીં જીવતી ઓઈ જાય” 19 ઈસુ ઉઠીયો એને
ત્યા ચેલાહા આરે ચાલ પોડીયો 20 એને યોક થેએ
જયે બારા વોરહાથી લોય પોડે તી ત્યા પાહાલા
યેની એને ફાડકા કોરાલ આથ લાવ્યો 21 કાહાકા
તી પોતે મોનામાય આખતી આતી, કા જોવે એલા
ફાદકાલ આથ લાવું તોવે આંય હારી ઓઅઈ જાહી
22 ઈસુવે ત્યે એસે ફીરીન ત્યેલ આખ્યાં, પુહી
ઈમ્માત રાખ; તો બોરહે કોય તું હારી; ઓઅઈ
જાહાય,તોવે તી થેએ તારાત હારી ઓઅઈ ગીયી
23 ઈસુ મંત્રીયા ગોઓ યેનો, તાંઆ થાળી તુએ
વાજાડનારાહાલ એને લોકાહાન કાકાહા કોઅતા
દેખ્યા, 24 તોવે ત્યેં આખ્યાં, “ઓટી જાયા પુહી
મોઅયીહી નાંય પેન હુતીહી, “તોવે ત્યાહાંય ઓહી
કાડયાં 25 પેન જોવે ત્યેં લોકાહા ટોળાલ બાઆ
કાડી દેના, એન ત્યેં માજા જાઈન પૂહયેઆથ દોઅયો
એન તી જીવી ઉઠી 26 એને યે ગોઠયે ખોબાર
આખે મુલુખમાંય ફેલાય ગીઈ 27 તાંઆને ઈસુ
આગાડી ગીયો તોવે બેન આંદળા ત્યા પાહાલા
યેના, એન બોંબાલતા લાગ્યા કા, “દાઉદા પોહા
ઈસુ, આમાહાવોય દયા કોઓ” 28 જોવે તો ગોઅમેં
ગીયો, તોવે ત્યા બેની આંદળા ત્યા પાંય યેના ઈસુવેં
ત્યાહાલ પૂછ્યાં “તુમા હાચુલ માનતાહા કા અહોડાં
કામ આંય કોઓઈ શકું?” ત્યાહાય આખ્યાં “આમા
માનજેહે સાઈબ ” 29 ત્યેં ત્યાહાન આખ્યાં કા
“તુમેહે બોરહા પૂરમાણે તુમાહાન ઓઅઈ જાય”
30 તોવે ત્યાહા ડોળા ઉગડી ગીયા, એને ઈસુવે
ત્યાહાન આખ્યાં, “દિયાન રાખા, ઈ કાદાલ નાંય
ખોબાર પોડા જોજે” 31 પેન ત્યાહાંય જાયન ત્યા
નાંવ આખા મુલુખામાંય ફેલાવી દેના 32 જોવે

ત્યા વાટે જાતા આતા તોવે ત્યાપાંય માંઅહેં યોક
મુકા માંઅહું જ્યાલ બુત લાગલો ત્યાપાંય લેય
યેને 33 બુત કાડીયા પાછેં મુકો બોલતો લાગ્યો
તોવે બાદા લોકાહાન નોવાઈ લાગી ત્યા આખતા
મુંડયા કા "ઈસરાયેલમાંય આમાહાલ ઓહડાં
નાયજદેખ્યાં" 34 પેન પોરુષીયાહાંય આખ્યાં કા,
"બુતા આગેવાના મોદાતે કોઓઈન એલો બુત
કાડેહે" 35 એને ઈસુ બાદા શેઅરાહામાંય એને
ગાવહાંમાંય ફીરીન, ત્યાહા પ્રાર્થના ગોઅમાંય
હિકાડે, એને બાદાં દુખ હારાં કોઅહે 36 લોકાહા
ટોળા દેખીન, ત્યાહાવોય ત્યાલ દયા યેની, કાહાક
ત્યા લાચાર એન દાબાલ આતા, ગોવાળ વોગાર્યા
મેંડાહા રોકા આતા 37 તોવે ત્યેં ચેલાહાન આખ્યાં,
"પાક ખૂબ હારો હેય પેન મોજરીયેં વોસેં હેતેં
38 ત્યાહાટી તુમા પાકા દોનારાલ માગણી કોઆ કા
તો પાક વાડાંહાટી મોજરીયેં દોવાડે"

10 1 પાછેં ત્યેં ત્યા બાર ચેલાહાન હાદીન,
બુતડાહાંન કાડના ઓદિકાર દેનો કા તે
ત્યાહાન કાડે એન બોદયે જાત્યા રોગ એન દુખ
હારાં કોઓનાં ત્યાહાન ઓદિકાર દેનો 2 એન બાર
ચેલહા નાવેં યેં હેતેં: પેલો સિમોન જ્યાલ પેત્રેસ
આખવામ યેહે એન ત્યાઆ બાહા આંદ્રીયાસ;
જબદી પોહો યાકુબ, એન ત્યાઆ બાહા યોહાન;
3 ફિલીપી,એન બરતુલ્મૈ, થોમા, એન પોયહા
લેનારો માત્તી,હલફ્ઈયા પોહોયાકુબ,એન તદ્દૈ,
4 સિમોન કાનાની, એન યહુદા ઈસ્કારિયોત જયેં
ત્યાલ દોઅવાડી દેનેલ 5 યા બાર ચેલાહાન ઈસુવેં
એહેં આખીન દોવાડીયા કા: "બીજ્યે જાતીહીં/
પારદેશાહામ લોકાહામ જાતા મા,એન સામરિયા
કોહા બી શેઅરામાંય ઉરાયાહા મા 6 પેન તુમા
ઈસ્રાએલા કુંટુંબા/ગાઅહાંમ ટાકાલા મેંડાહા
એસે જાજા 7 એન જાતાં-જાતાં તુમા એહેંકોન
આખજા: કા 'હોરગા રાજ પાહીં યેય ગીઅલાં હેય'
8 દુખ્યાહાન હારેં કોઅયા,મોઅલાહાન જીવતેં
કોઅરા,કોડળાહાન હારેં કોઅયા,એન બુતડાહાન
કાડી ટાકજા, તુમાહાંય ફૂકાટ મેળવ્યાહાં તે મોફાત
દા 9 તુમા તુમે કોંબરેમાંય હોના, રુપાં નાંયતે
તાંબા લાહા મા; 10 વાટયેહાટી જોળી/ઠેલી મા
લાહા, નાંય બેન ડોગ્લેં લેતા,ખાઅડેં એન હોટી
બી મા લેતા, કાહાકા કામ કોઅનારાલ ત્યાઆ
ખાઅના મિળાં જોજે 11 "એન જ્યા કોઅહા બી
શેઅરામાંય નાયતે ગામડામાંય જાયહા તે ત્યેમાંય
એહેં પૂછીયાં કા ઈહીં કુંઉં હારો હેયએન જાંઉં
લોંગું તાંઅરે નાંય જાયહા, તાંઉં લોગું ત્યાપાંયજ
રોઅના/રોજા 12 ગાઆમાંય ઉરાતી વેળાય ત્યાલ
સલામ કોઅજા 13 એન તીં ગુંઉં હારાં ઓઅરી તે
તુમેહે સુખશાંતી ત્યાહાવો જાય, પેન તીં હારાં
નાંય ઓઅરી તે તુમેહે પાંયજ વોળી યેઅરી 14 જો
કાદો તુમેહે આખલ્યાં નાંય માને એન માનપાન
નાંય થોવે, તે ત્યા ગાંઆમાઅરે નાયતે પાછેં
શેઅરામાઅરે નીંગત્યે વેળાય તુમેહે પાગહા ઉદળાં/
બોપટો તાંજ ખેકરી ટાકજા 15 આંય તુમાહાન
હાચાંજ અખતાંહું કા ન્યાય નીવાડે દિહી ત્યા
શેઅરા દશા સદોમ એન અમોરા દેશા કોઅતી
હોગી વદારે ભયાંકાર ઓઅરી 16 "એઅયા,
કોળહુનાહા માજે/વોસમાંય આંય તુમાહાન
દોવાડતાહું, ત્યાહાટી હાપડાહા રોકા ખુબૂજ ચતુર
રોજા એન કબુતરાહા રોકા ગરીબ બનજા 17 પેન
લોકાહા પાંઅને હાચવીન રોયા, કાહાકા ત્યેં
તુમાહાન મોઠયેસોબાયેમાંય હોંઅપી દેઅરી, એન
કોચરીયેમાંય કોપકાકોંય માર દેવાડી 18 તુમાહાન
માંઆ હાટી રાજા એન મહારાજા/ઓદિકારહ્યા
આગાડી લેઈન જાઈ,યાહાટી કા પારદેશીયા
લોકાહામાંય સાક્ષી દાંઆ હાટી 19 જોવે તુમાહાન
ત્યેં દોઅવાડી દેય તોવે કાય આખના ત્યા વિચાર
મા કોઅહા, કાહાકા જીં કાય તુમાહાન આખના
હેય તીં ત્યેં ગેડીયે આખી દેવામ યી 20 કાહાકા
આખનારેં તુમા નાંયહેય, પેન તુમેહે આબાહા
આત્મા તુમાહાન આખાડી 21 " બાહા,બાહાલ
માંઆઈ ટાકાડી એન આબોહો પાહાલ માંઆઈ
ટાકાડનારાહાંલ હોંઅપી દી, એન પોહેં
આયહે-આબાહા હુમે ઊઠીન ત્યાહાન માંઆઈ
ટાકાડી 22 માંઆ નાંવા હાટી/લીદે બોદેં માંઅહેં
તુમેહે આરી આડાઈ કોઅરી, પેન જીં છેવાટ લોગું
ટીકીન રોહોય ત્યાજ જીવ વાચાય/બોચી જાય
23 જોવે ત્યેં યોકા શેઅરામાંય તુમેહે પાહાલા
પોડે, તોવે બીજા શેઅરામાંય નાહી પોડજા આંય
તુમાહાન હાચાંજ આખતાંહું કા, તુમા ઈસ્રાએલા
બોદા શેઅરામાંય ફિરી વોળહા ત્યા આગાડી
માંઅહાં પોહો પાછેં યી જાય 24 "ચેલા ગુરુઆ
કોઅતા મોઠા નાંય બોને; એન દોનારા કોઅતા
ચાકાર મોઠો નાંય બોને 25 ગુરુઆ રોકા ચેલા
બોની જાંઆ જોજે, એન ચાકાર દોનારા રોકો
બોને, તીં ખૂબ ગોણાયાં જોવે દોનારાલ(ગાંઆ
માલકાલ) સૈતાન આખેત તે પાછેં ગોરીયા
માંઅહાન કોલહાં બોદાં કાંય-કાંય નાંય આખી
26 "ત્યાહાટી માંઅહાં દાક નાંય રાખના; કાહાકા
કાંય ડાકાલાં નાંય હેય કા તીં ઉગાડાવામ નાંય
યી, એન નાંય દોબાડલાં કાંય હેય કા તીં માલુમ
નાંય પોડી 27 આંય જીં તુમાહાન આંદારામાંય
આખતાંહું તીં તુમા ઉજાળામાંય આખી દિયા;
એન આંય કાનાહામાંય દુંદરીન આખતાંહું, તીં

તુમા ગાંઆ ઊપે ચોડીન બોમલા 28 જયેં યા
ડીલાલ માંઆઈ ટાકતેહેં, પેન ત્યેં જીવાલ નાશ
નાંય કોઈ હોકે,ત્યાહાન માં બીયહા; પેન જો ડીલ
એન જીવ બેનીયાહાન બોસમકોળીયેમાંય માંઆઈ
ટાકી શકેહે ત્યાલુજ બીઅજા 29 કાય હાકરીયેં
ચીડેં યોક પોયહા બેન વેચાતેહેં કા નાંય? તેરું બી
તુમેહે આબાહા મોરજી વોગાર યોક બી બૂંઈયેવો
નાંય ટુટી પોડે 30 તુમે ટોલપીયેવો કીહીં હોગા
યોક યોક ગોણલા હેતા 31 ત્યાહાટી તુમા બીયહા
મા, તુમા ડીગ્ગા હાકરાહાં/ચીડાહા કોઓતા
હોગા કિમતી હેતા 32 “જીં માંઅહું માન બોદાહા
આગાડી નાંય માને, ત્યાલ આંયહોગો માંઆ
હોરગા માંઅને આબાહા આગાડી નાંય માનહીં
33 એન જીં માંઅહું માન માંઅહાં આગાડી નાંય
માને, ત્યાલ આંય હોગો માંઆ હોરગા માંઅને
આબાહા આગાડી નાંય માનહીં 34 દોરત્યેવો આંય
શાંતી લાં યેનોહો એહેં મા માનતા શાંતી નાંય
પેન તારવાય ચાલાડાં યેનોહો 35 આંય યાહાટી
યેનોહો કા: ‘માંઅહાલ ત્યા આબાહા પાંઅને
એન પુહીયેલ આયહે પાંઅને,એન વોવલીહીન
હાઅવેહે પાંઅને, ફાક પાડા યેનોહો 36 એન જીં
પોતે હુળી ખાંબ લેઈન માંઆ પાહાલા નાંય
ચાલે તો માંઆ લાઈકી નાંય હેય 37 “જીં માંઅહું
માંઆ કોઓતો ડીગ્ગો માંયા આયેહે આબાહા
ઊપે રાખેહે, તીં માંઅહું માંઆ લાયક નાંય હેય
એન જીં માંઅહું માંઆ કોઅતો ડીગ્ગો માંયા પાહા
પુહીયે ઊપે રાખેહે તો માંઆ લાયક નાંય હેય
38 જીં માંઅહું પોતે ક્રૂસ ઉસલીન માંઆ પાહાલ
નાંય ચાલે, તીં માંઆ લાયક નાંય હેય 39 જ્યા
માંઅહાલ ત્યા જીવ જોડી ગીયો તીં માંઅહું ત્યા
જીવ ટાકી દિ; એન જીં માંઅહું ત્યા જીવ માઆ
લેદે ટાકી, ત્યાલ ત્યા જીવ જોડી જાય 40 “જીં
માંઅહું તુમાહાન હાદે,તો માન હાદે; એન જીં
માંઅહું માન હાદેહે તો માન દોવાડનારાલ હાદેહે
41 જીં માંઅહું ભવિષ્યાવક્તાલ ભવિષ્યાવક્તા
જાંઆઈન હાદે ત્યાલ ભવિષ્યાવક્તા બોદલો
મીળી; જીં વિશ્વાશ્યાલ વિશ્વાસી જાંઆઈન હાદે,
ત્યાલ વિશ્વાશ્યા બોદલો મીળી 42 જીં માંઅહું
વાહાનાહામાંઅના યોકા ચેલાલ યોક કોળીયોહો
હેળાં પાંઆઈ પાજી, આંય તુમાહાન હાચાંજ
આખતાહું કા, તો ત્યા બોદલો મીળીયા વોગાર
નાંય રોય

11 1 જોવે ઈસવાય ત્યા બારા ચેલહાન આજ્ઞા
દેઈ દેનીતોવે તો ત્યાહા ગામડાહામાંય
સંદેશ એને પ્રચારકોરા હાટી જાતો રીયો 2 યોહાનાંય
જેલીમાંય રોયન ખ્રિસ્તા કામા ખોબાર સમાચાર
વોનાયો એને ત્યેય ત્યા ચેલાહાન ઈ પૂછા હાટી
દોવાડ્યો કા, 3 “કાય જો યેનારો આતો તો કા તુ
જ હેય ?કા આમા એક્તા બીજા વાટ એઅજી
? 4 ઈસવાય જાવાબ દેનો “જી તુમા વોનાયાહા
એને એઅયાહા તી બાદા જાયન યોહાનાલ આખી
દેખડ્યા? 5 કા આદળે એઅતેહે એન લેગડે ચાલતેહે
ફીરતેહે કોડળે ચોખેં (ચોખ્ખે) કોઅવામાંય યેનેહે
એને બોઅરે વોનતે હે, મોઅલે જીવતે ઊઠતે હૈ
એને ગરીબાહાલ વચાન વોનાડામાંય યેહે 6 એને
ધન્ય જી માંઅ લીદે ઠોકરનાંય ખાંય’ 7 જોવે તે
તાઅરે જાતા લાગ્યા, તોવે ઈસુ યોહાના બારામાંય
લોકહાલ આખતો મુડ્યો કા તુમા જંગલામાંય કાય
એરા હાટી ગીયેલ? 8 તોવે કાય એરા નીગ્યા?
કોવાળેંપોવાલે ડોગ્લેં આમહાલ કા? એએ કોવાળેં
ડોગ્લેં પોવાલે બાદા રાજાહા મહેલામાંય રોતાહા
9 તોવે તુમા કાય એરા નીગ્યા? ભવિષ્યવક્તા
એરા કા? હાચુલા આય તુમાહાલ આખતાહું,
ભવિષ્યવક્તા ખોરો,એન ભવિષ્યવક્તા કોઅતા
મોઠો, 10 ઓજ હેય જ્યા વિશે લોખાલા હેય
“એએ તોઓ આગાડી માંઆ દુતાલ દોવાડતાહું
તોઓ આગાડી તો વાટ તોજ તિયારી કોઅરી
11 તુમહાન ખોરી ગોઠ આખતાહું, થેએયેકોઅને
જનમલાહામાંય યોહાના કોઅતા મોઠો કાદો નાય
જાયહો, તેરૂ હોરગા રાજમાંય વાહનામાય વાયહનો
ત્યા કોઅતા મોઠો હેય 12 યોહાના બાપતિસ્મા
દેનારા દિહીયા પાછે આજુ હુદી હોરગા રાજ્યમાંય
બળપૂર્વક પ્રવેશ આતો આતો, એને બળ થી છીનવી
લેતો આતો 13 યોહાના હુદી બાદા ભવિષ્યવક્તા
એન નિયમશાસ્ત્રા ભવિષ્યવાણિ કોઅતે રોઅયે
14 એને જોવે તુમા માનહા તોવે જો યેનારો
એલીયા હેય, તે તોજ હેય 15 જ્યા વોનાયા હાટી
કાન હેતા તો વોનાય 16 પેન ઈ પેઢી કોઅડી હેય?
પેઢી એલા પાહાહા રોકી હેય જ્યા આથામાંય
બોહીન હાંગાતિયાન હાત કોઅઈન આખ્તાહા
કા, 17 આમાહાંય ડોવાડા વાજાડ્યો એન તુમા
નાચ્યાનાંય આમા રોડ્યા, પેન તુમહાય રોડાના
ગીતે નાંય આખ્યે 18 કાહકા જોવે યોહાન યેનો
તોવે તો ખાહેનાંય એન પિયેનાંય એન તુમહાય
આખ્યા “બુત લાગતો હેય’ 19 માઅહા પોહો
ખાતો પીતો યેતો ને તુમા આખતા મુડયા “એએયા
તે ચાટો એન સાકાટ જાકાતદાર એન પાપહા
હાંગાતિયો હેય” તેરૂ વિધ્યા તે કામાહા ઊપેને
સાચી ઠોરેહે 20 પાછેં જ્યા શેહરામાંય ત્યે ડીગે
મોઠે કામે કોઅલે ત્યાહાલ તો ઠોપકાડતો મુડ્યો
કાહાકા ત્યા પાછા વોળીનાંય યેઅના 21 “ઓ
કોરજાઈન તુ મોઓ ઓ બેત સાઈયદા તુ મોઓ,

કાહાકા તુમેહેમાંય જ્યેં કામે કોઅલે તોહડે કામે
જોવે તુર એને સીદનામાંય ઓઅયે ઓરી તોવે
ત્યા ટોલપી પે બુમંબુહુ ખેખરીન, એન હોણા
ફાડકા પોવીન પાછા વોળી યેતા 22 તુમાહાન આય
આખતાઊ, નીયાયે દીહે તુર એન સિદાના કોઅતા
તુમાહાન બાઅય પોડી 23 એન કાપારનાઊમ, તુ
ઊચે ચોડીન જુગાલ લાગે કા? તુલ નીચે નરકા-
કોળીમાંય પાડીદી કાહકા તુમેમાંય જ્યેમોઠે કામે
કોઅલે તોહડે સોદામમાંય કોઅયે ઓરી તોવે તો
આજ લગુ રોઅતો" 24 પેન તુલ હાચુલ આખતાહુ
કા નિયાયે દીહે સોદામા કોઅતા તુલ બાઅય પોડી
25 તોદીહી ઈસુવે આખ્યા, "ઓ આબા, જુગ ધરતી
માલિક, તોઓ આભાર માનતાહુ કા કાહાકા તુયે યો
બાદ્યો ગોઠ્યો અક્કલવાળાન એન બોણલાન નાંય,
પેન વાય હાના પાહાહાન દેખાડ્યાહા 26 હાચુલ
આબા ઓઅડીતો મોરજી આતી 27 માઆ આબે
માઆ આથામાંય બાદા દેય દેનહા એને આબા
સિવાય કાદો પાહલા નાંય વોળગે, તેંહેજ પાહાલા
સિવાય, જ્યાલ પહાલા દેખાડે ત્યા સિવાય, કાદો
આબાહાલ નાંય વોળખે 28 ઓ વેઠ કોઅનારાહાય,
એન બાઅય વોજાન ઊસલીલેય જાનારાહાંય તુમા
માપાહાય યીયા તુમાહાઅન આય દિલાસો દીહી
29 માઆ જુઅરી તુઆ ઊસલી લિયા, માય
પાયને હીખી લીયા કાહાકા આય મોયાળુ એન
ગરિબ હેતાઊ એન તુમહે જીવાલ દિલાસો મીળી
30 કાહાકા માઆ જુહરી મીઠી લાગહે એન મા
વોજાન ઓળકા"

12 1 ત્યાંઅ વેળે ઈસુ શાબાતા દિહી રાંન્હાંઅ
મારે જાંઅ લાઅગ્યો, એન ત્યાંઅ ચેલાહાંન
બુખ લાગી તોવે ત્યેંઅ કોંઅહે તોડી-તોડીન ખાંઅ
લાગ્યા 2 ફરોશીય ઈઅ બોદાંઅ એઅઈ ત્યાહાલ
આખ્યાં, " એઅ, તે તોઅ ચેલા કાઈ કોઅતાહા,
જીઅ વિશ્રામ વારા દિહીએ કોઅના ઠીક નાય હેય"
3 ત્યાંઅય ત્યાંહાંન આખ્યાં, " કાય તુમ્હાંયનાય
વાચ્યાંહાં, કા દાઉદાય, જોવે જોવે ત્યાંઅ આર્યા
બુખા જાયા તોવે કાય કોઅયાં? 4 તોઅ કેહેકે
પોરમેહેરા ગોંમેં ગીયો, એન અર્પણ કોઅલ્યો
બાખ્યો ખાદ્યો, જીઅ ખાંઅના નાયતે ત્યાલ
એન ત્યાઅ આર્યાહાંન ફક્ત યાજકહાં ખાંઅનાં
ઠીક આતા 5 કાય તુમ્હાંય નિયમશાસ્ત્રા માય
નાય વાચ્યાંહાં કા યાજક શાબાતા દિહી દેવાડ
માંય શાબાતા દિહ્યાં નિયમાંલ તોડી તેબી નિર્દોષ
રોઅરી? 6 બાકી આય તુમ્હાંન આખુહું કા ઈહીં
જીંઅ હેતાં તીઅ દેવાડા કોઅતાંઅ મોઠાંઅ હેય
7 બાકી તુંઅ ત્યાંઅ અર્થ જાંઅતોહો, 'આંય દોયા થી
ખુશ એઅહું, બલિદાન થી નાય' પેન તુયેં નિર્દોષાલ
ગુનેગાર નાય આખાતો 8 માંઅહાં પોહો શાબાતા
દિહી બી પ્રભુ હેય" 9 તાંઅને ચાલીને ત્યાંઅ
ત્યાંઅહાં દેવાળમાંય ગીયા 10 તાંઅ યોઅક માંઅહું
આતાં જ્યાંઅ આથા ઉખાલો આતોત્યાંઅહાંય
ઈસુ દોષ લાગાળા હાટી ત્યાંલ હોદ્યાં, " કાય
શાબાતા દિહી હાંરાં કોઅનાં ઠિક હેય? 11 ત્યાંય
ત્યાંહાંલ આખ્યાં, " તુમ્હે માઅરે કુંહેય જ્યાંય
યોકુંજ મેંડાઅ હેંય, એન તિંઅ શાબાતા વારા દિહી
ખાડા માંય પોડી જાઅરી, તોવે તોઅ ત્યાલ બારે
નાય કાડીકા? 12 હાર, માઅહાં મુલ્ય મેંડા કોઅતા
કોઅલાં કિંમતિ હેય ! ત્યાંઅ હાટી શાબાતા વાર
દિહી હારાં કામ કોઅનાં ઠીક હેય 13 તોવે ત્યાંય
ત્યાઅ માંઅહલ આખ્યાં, " તોઅ આથ લાબોં
કોઅ" એન ત્યાંઅય લાબોં કોઅયો, એન બીજા
આથા રોકોઅ હારો એઅઈ ગીયો 14 તોવે ફરોશી
બારે નીગીન ત્યાઅ કોઈન ત્યાલ માઅરાં હાટી
યોજના બોનાડી કા કોહી રીતે કોઈન ત્યાલ માઅએ
15 ઈઅ જાણીન યીશુ તાઅરે જાતો રીયો, એન ખુબ
લોક ત્યાઅ પાહાલા ગીયા એન ત્યાંય બાદહાંન હારેં
કોઅયેં 16 એન ત્યાંહાંલ ચેતાવણી દેની કા માંન
પોરગાટ માંઅકોહા, 17 કાહાકા જીઅ વચન યશાયા
ભવિષ્યવક્તા દુવારા આખવા માંય યેંનલાં, તીઅ
પુરાં ઓઅરી: 18 " એરા ઓઅ માંઅ સેવાક હેય,
જ્યાંલમાંય પોસાંદ કોઅયોહો; માંઅ પ્રિય, જ્યાંઅ
થી માંઅ મોન ખુશ હેય: આંય માંઅ આત્મા ત્યાઅ
માંય ટાકહી, એન તોઅ બીજી જાતિહી ન્યાયા
પ્રચાર કોઅરી 19 તોઅ નાંય ઝોગડા કોઅરી, એન
નાય તોઅ બોંબલ્યાં કોઅરી, એન નાય બાજારા
માંય ત્યાંઅ કાદાંઅ શબ્દ હાંબડી 20 તોઅ છુદલા
બુરવાલ નાંય ટોડી ટકી, એન દુમાંળા વાળો દિવો
માય ઉલવ્યો, જાંઉ હુદી ન્યાયીકરણાલ બળવાન
નાય કોરાય 21 એન બીજી જાતિ ત્યાઅ નાંવા વોય
આશા રાખરી" 22 તોવે લોક યોક આંદળો- ગુગો
જ્યાંઅ માંય દુષ્ટ આત્મા આતાં, ત્યાઅ પાહી
લેઈ યેને; એન ત્યાંય ત્યાઅલ હારાં કોઅયાં, એન
તોઅ બોલાં એન એઅરાં લાગ્યો 23 ત્યાઅથી બોદે
નોવાય થી આખાંઅ લાગ્યેં, " ઓ કા દાઉદા પોહો
હેય!" 24 પેન ફરોશીઈ ઈઅ વોનાય આખ્યાં, " ઈઅ
તેંઅ દુષ્ટ આત્મા સરદાર શૈતાનાં મોદાત વોગાર
દુષ્ટ આત્માલ નાય કાડે" 25 ત્યાંય ત્યાઅ મોનાં
ગોઠ જાણીન આખ્યાં કા, " જ્યાં બી રાજ્યાં માંય
ઝોગડા ઓઅતહાં, તીઅ ઉજાડ ઓઅઈ જાહે; એન
કાદાઅ શેહેર કા ગોઅમે ઝોગડા ઓઅતાહાં, બોની
નાય રોઈઅ 26 એન જોર શૈતાનુંજ શૈતાનાલ કાડી
ટાકી, તોઅ પોતાજ વિરોધી ઓઅઈ જાય; પાસે
ત્યાઅ રાજ્ય કેહેકેં બોની રોય? 27 જર, આંય

શૈતાનાં મોદાદ કોઈ દુષ્ટ આત્મા કાડુહું, તોવે તુમ્હેં
પેઢી કાઆં મોદાદ થી નીગહેં? ત્યાઅ હાટી તોઅ
તુમે ન્યાય કોઅરી 28 જર આંય પોરમેહેરા આત્મા
મોદાદથી દુષ્ટઆત્મા કાડહું, તોવે પોરમેહેરા રાજ્ય
આપે પાહીં યીઅ ચુકલાં હેય 29 તોવે કેહેકે કાદાંઅ
માઅહું કાદાંઅ બળવાંતાહાં ગોઅમે ઉરાય ત્યાહાં
માલ લુટી શેકહે જાઉ હુદી તોઅ ત્યાઅ ગોત્યેવાળા
માંઅહાંન બાદી નાય દેય? તોવે તોઅ ત્યાઆ
ગોંઆલ લુટી લીઅ 30 જ્યેંઅ માંઅ આરે નાંય હેય
ત્યેંઅ માઅ વિરોધ માંયહેય, એન જીઅ માંઆ આરે
નાય યોક્ઠાં કોઅએ તીઅ વેરહેં 31 ત્યાહાટી આંય
તુમાહાલ આખહું કા માંઅહાં બાદા પોરકારનાં
પાપ એન નીંદા ક્ષમા ઓઅઈ જાય, પેન પવિત્ર
આત્મા નીંદા નાય ક્ષમા કોઅવા માંય યીઅ 32 જીઅ
કાદાંઅ માઅહાં પોહાં વિરોધ માંય ગોઠા આખી,
ત્યાઅ ઓઅ ગુનો ક્ષમા કોઅવા માંય યીઅ, પે
જીઅ પવિત્ર આત્મા વિરોધ માંય બોલી, ત્યાઅ
અપરાધ નાય તે યાઅ લોકહાં માંય એન નાય તે
પરલોક માંય ક્ષમા કોઅવામાંય યીઅ 33 “ જોવે
જાડાલ હાંરાં આખજેં, તોવે ત્યાઅ ફોળવાલ બી
હાંરાં આખ્યાં, એન જાડાલ નોક્કામ્યાં આખાય,
તોવે ફોળવાલ બી નોક્કામ્યાં આખાય, કાહાકા
જાડ ત્યાઅ ફોળવાજ લીધે ઓડખાયહેં 34 ઓ
હાપડાંહાં પીલકાહા, તુમા ખોટે ઓઇન કેહેકે હારી
ગોઠ આખી શેકા? કાહાકા જીઅ મોના માંય
બોલલાં હેય, તીઅ મુયાંમાંયયેહેં 35 હારાં માંઅહું
મોના ભંડારા કોઈન હાર્યો ગોઠ્યો કાડહેં, એન
ખોટાં માંઅહું ખોટા ભંડારા કોઈ ખોટ્યો ગોઠ્યો
કાડહેં 36 એન આંય તુમાહાન આખહુંકા જ્યો
જ્યો ગોઠ્યો માંઅહું આખી, ન્યાયા દિહ્યાંમાંય
ત્યોઅ યોક યોક ગોઠહી લેખાં દેવામાંય યીઅ
37 કાહાકા તુંઅ પોતાઅ ગોઠહી દુવારા નિર્દોષ,
એન પોતા ગોઠીહી કોઇ દોષી ઠિરવામાંય યીઅ
38 યાઅ વોય કાહીં શાસ્ત્રી એન ફોરોશી લોકહાંય
ત્યાઅલ આખ્યાં, “ ઓ ગુરૂ, આમા તોઅ દુવારે
યોઅ નીશાણીં એરાં માગજેહે” 39 ત્યાંય ત્યાહાલ
જોવાબ દેનોઅ, “ યાઅ જોમાનામાંય ખોટાં
એન વ્યભીચારી લોક નીશાણીં દેતહેં, પેન યુના
ભવિષ્યવક્તા નીશાણીં છોડીન બીજી કાઇ નીશાણીં
નાય દેવાય 40 યુનો તીન રાત્યો એન દિહી માછલી
બુકામાંય રીયો, તેહેકેજ માંઅહાં પોહો તીન રાત
એન દિહી દોરતી આંદાર રીઅઈ 41 નીનવે લોક
ન્યાયા દિહી યા જોમાના લોકહાં આરે ત્યાઅ દોષી
ઠોરવી, કાહાકા ત્યાંહાંય યુના પ્રચાર વોનયને મોન
બોદલ્યાં; એન એરા, ઓઅ તો હેય જોઅ યોના
કોઅતો મોઠો હેય 42 દક્ષીણા રાણી ન્યાયા દિહી યા
યુગા લોકહાં આરે ઉઠીન ત્યાલ દોષી ઠોરવી, કાહાકા
ત્યેંઅ સુલેમાના આજ્ઞા વોનાયા આહાટી દોરત્યેં
છેડા હીને યેન્હેં; એન દેખા, ઓ જોઅ હેય ઇહી
જોઅ હેતો તો સુલૈમાનાથી મોઠો હેતો 43 “જોવે
દુષ્ટ માઅહાં માઅરે નીગી જાહે, તોવે ઉખાલા
જાગામાંય આરામ હોદતી ફીરહે , પેન મીળે નાંય
44 તોવે આખ્હેં, ‘ આંય માઅ ત્યાજ ગોઅમે
જાંઅરે આય નીગલી, ફીરી જાહીઅ એન ત્યાંલ
હુના, બાઅલાં એન સજાવલાં દેખાયહે 45 તોવે
તીંઅ જાયને ત્યેંથી વોદારે દુષ્ટ સાત આત્માહાંન
લેઅઇ યેહે, એન ત્યેંઅ ત્યાંમ ઉરાય જાતહે એન
તાંજ રોતહે ત્યાઅ જોગા ખોરાબ લોકહાં બી
દશ્યા એહેકેજ ઓઅરી” 46 જોવે તોઅ ગોઠ્યો
કોઅતોજ આતો કા તોવે ત્યાઅ આયહો એન
બાહા બારે ઉબે રીઅલી એન ત્યાઅ આરે ગોઠ્યો
કોઅરાં માગતેં આતેં 47 યોકદાય ત્યાલ આખ્યાં,
એઅ તોઅ આયહો એન બાહા ઉબેં રીયહેં, એન
તોઅ આરે ગોઠ્યો કોઅરાં માંગતેંહે 48 ઇઅ બાંદાંઅ
વોનાયન આખનારાલ જોવાબ દેનો, “ કુંઉ હેય
માંઆ આયહો? એન કુંઉ માંઆ બાહા?” 49 એન
ત્યાઅ ચેલહાં તોરફ ત્યાઅ આથા લાબો કોઇન
આખ્યાં, “ દેખા, ઓ માઅ આયહો એન માઅ
બાહા હેય 50 કાહકા જીઅ કાદોઅ હોરગા આબહં
ઇચ્છા વોય ચાલી, તીંજ માઅ બાહા, એન માઅ
બોહીં એન માઅ આયહો હેય”

13 1 તો દિહી ઈસુ ગોઅરે નિગીને દોરીયા
કોરાડે જાયને બોઠો 2 એન ત્યાપાંય ઓલેં
બાદેં માંઅહાંય ટોળો વોળીયેં કા તો ઉડીયેમાંય
ચોડીન બોઠો , એન માંઅહેં બોદેં કોરાડા ઊપે
ઊબેં રોયેં 3 એન ત્યેં ત્યાહાન હામટીયોજ ગોઠયો
દાખલો દેઈન આખ્યો, ત્યેં આખ્યાં, “એએયા
યોક બિયારો પોઅનારો પોરાં ગીયો 4 પોઅતા
પોઅતા કોલહોક બિયારો વાટેમાંય પોડીયો, એન
ચીડેં પોડીન ઇસી ખાઈ ગીયેં 5 કોલોહક બિયારો
દગાડાવાળી જાગા ઊપે પોડીયો, જાં જમીન વોછી
જાડી આતી જમીન વાય નીંડી તે તારાત ઉદીયાં
6 પેન તિડકો લાગ્યો તોવે તારાત કોમાઈ ગીયાં
એને મુળેં નાંય બોઠેં તેં મોઓઈ ગીયેં 7 આજું
બીજો બિયારો જેખરાહામાંય પોડીયો, એન જેખરેં
એને કાટેં વોદી ગીયેં, તોવે તો બીયારો દાબાઈ
ગીયો 8 બીજો હારી જમીનમાંય પોડીયો એને
હારાં પાક્યાં, કોલાહાંક તીહી ગોણા, કોલાહાક
હાંઈટ ગોણા, કોલાહાક હોવ ગોણા 9 જ્યા વોનાયાં
હાટી કાન હેતા તો વોનાય 10 તોવે ચેલાહાંય
ત્યા પાહાય યેઈન ત્યાલ આખ્યાં, “એલાહાન તું
કાહા દાખલાહામાંય જ હોમજાડતોહો? 11 ઈસુવેં

જાવાબ દેનો, "હાકાકાહોરગા રાજ્યા ખાનગી ગોઠ
તુમાહાનુજ આખાય ત્યાહાન નાય" 12 કાહાકા
જ્યા પાંય હેય, ત્યાલ આજુ દેવાઈ, એન ત્યાપાંય
ડીગાં ઓઅઈ જાય પેન જ્યા પાંય નાય હેય, ત્યા
પાંઅને જીં કાય થોડાં હેય તીં હોગાં લેઈ લેવાયી
13 આંય ત્યાહાન દાખલાહામાંયજ હોમજાડતાહું,
કાહાકા ત્યેં એએયા કોઓતેહેં પેન ત્યાહાન નોજરે
નાય પોડે, વોનાયા કોઅતેહેં પેન વોનાયેત નાંય એને
હોમજેત નાંય 14 ત્યાહા વિશે યેશાયા આખલી ઈ
ભવિષ્યવાણી પૂરી ઓઓહોય: 'તુમા કાના કોય તે
વોનાયા, પેન હોમજાહા નાય; ડોળાહાકોય દેખાહા,
પેન તુમાહાલ નાંય દેખાયાં 15 કાહાકા યા લોકાહા
મોન મોઠાં બોની ગીયહાં, એને ત્યેં એને ત્યે કાનાહા
કોંય વોસા વોનાતા આતા એને ત્યાહાંય ત્યાહા
ડોળા મીચી લેદાહા; યાહાટી કા ડોળા કોઈન દેખે
નાંય, કાને કોઓઈન વોનાય નાંય, મોના કોઓઈન
હોમજે નાંય; એને ત્યાહાન આંય હારાં નાંય કોઓહું
ત્યાહાટી વોળી નાય યેય' 16 પેન તુમેહે ડોળા સુખી
કાહાકા ત્યા એએતાહા; એને તુમેહે કાન સુખી
હાકાહા ત્યા વોનાતાહા 17 હાચુલજ આખતાહું,
ડીગાં ભવિષ્યવક્તાઓં એને પોરમેહરા લોકહાંય
તુમા જીં એએતાહા તીં એરા ઈચ્છા રાખી, પેન
નાંય એએઈ હોક્યા એને તુમા વોનાતાહા તીં
વોનાયાં ખૂબ ઈચ્છા આતી, પેન નાંય વોનાય
હોક્યા 18 આમી તુમા પોઅનારા દાખલો વોનાયા
19 વાટેમાંય પોડલો બિયારો ત્યા ઓહોડા હેતા,
જીં માંઅહું ગોઠ વોનાય પેન હોમજે નાય એને
સેતાન યેઈન ત્યા મોનામાંય પોઓલી ગોઠ લેઈ
જાય 20 દોગડાહામાંય પોડલો બિયારો તી ગોઠ
વોનાઈન રાજી ઓઅઈ જાય 21 પેન ત્યા મુળ
નાંય મીળે તો યોક ગેડીયે માટડો હેય, મતલબ
1 "તોવે હોરગા રાજ તી દોહો કુવારીયહે
રોખાં રોય જ્યો પોતાના દીવા/મશાલ
લેઈન વોવડાલ મિળા નીંગ્યહો 2 ત્યેહે માંય પાંચ
મુર્ખ એન પાંચ હોમાજદાર આત્યો 3 મૂર્ખીહીંય
દીવા તે લેય લેદા, પેન ત્યાહા આરે તેલ નાંય
લેદાં 4 પેન જ્યો હોમાજદાર આત્યો તીહીંય દીવા
આરે ડાબી/સીચહીમ તેલ બી બોય લેય લેદાં
5 જોવે વોવડાલ યાંઆ વાઆ લાગી ગીયી, તોવે ત્યે
બોદહીન નીંદ યાં લાગી, એન ત્યો હુવી ગીયો 6 "
તોવે આરદયે રાતી બોમલાં લાગ્યેં: 'એઅયા વોવડો
યેય રીયહો! ત્યાલ મીળાં ચાલા' 7 તોવે બોદ્યો
કુવારીયો ઊઠીને ત્યેહે દીવા હારા કોરાં લાગ્યો 8 એન
ત્યે મૂર્ખીહીંય હોમાજદારહીલ આખ્યાં, તુમેહે
તેલામાંને આમાહાન બી દિયા,કાહાકા આમેહે
દીવા ઉલાય જાંઆ કોઅતાહા/લાગ્યાહા 9 બાકી
હોમાજદારહીંય જાવાબ દેનો કા ઈ તેલ આમે
એન તુમેહે હાટી પૂરાં નાંય ઓઅરી; હારાં એઅતાં
કાઆ તુમા વેચ્નારાહાપાંય જાયન પોતા હાટી
વેચાતાં લેઈયા 10 જોવ ત્યો વેચાતાં લાઆં જાત,
તોવે વોવડો યેય ફૂગ્યેલ, એન જ્યો તીયારી
આત્યો, ત્યોઅ ત્યાઆ આરે વોરાડા ગાંઆમાંય
જાત્યો રોયો એન એન બાંઆ લાવી લેદાં 11 યા
પાછેં બીજ્યો કુવારીયો બી યેયન એહેં આખાં
લાગ્યો,ઓ માલિક આમેહે હાટી બાંઆ ઉગાડી
દે 12 ત્યાંય જાવાબ દેનો, કા આંય તુમાહાન
હાચાંજ આખતાહું ,કા આંય તુમાહાન નાંય વોળખું
13 યાહાટી જાગતેં રોયા, કાહાકા તુમા નાંય જાએં
ત્યા દીહ્યા, એન તી ગેડાઈ વિશે 14 "કાહાકા ઈ ત્યા
માંઅહા રોખી દોસા હેયે કા, જ્યાંય પારદેશ જાતી
વેળાય પોતાના ચાકારાહાન હાદીન ત્યાહાન બોદી
મિલકાત હોંઅપી દેની 15 ત્યેં યોકાલ પાંચ ઓજાર
દેના, બીજાલ બેન, એન તીજાલ યોક; એટલે
બોદાહાન ત્યાહા લાઈકાતે પુરમાણે દેના, તોવે તો
પારદેશ ચાલ્યો ગોયો 16 તોવે જ્યાલ પાંચ ઓજાર

મિળલા, ત્યાંય તારાતુજ જાયન વેપાર કોઅયો એન
પાંચ ઓજાર પાછા કામાંડયા 17 ત્યેજ રીતે કોઅય
જ્યાલ એન ઓજાર મિળીયા ત્યાંય બી પાછા
બેન ઓજાર કામાડ્યા 18 બાકી જ્યાલ યોક ઓજાર
મીળ્યો, ત્યાંય જાયને દોરતી ખોદી એન ત્યાઆ
માલિકા પોયહા દોબાડી દેના 19 “ખૂબ દીહીયા
પાછેં ત્યાઆ ચાકારા માલીક યેનો એન ઈસાબ
લેતો લાગ્યો 20 જ્યાલ પાંચ ઓજાર મીળ્યેલ,ત્યાંય
પાંચ ઓજાર પાછા લેય યેયન આખાં લાગ્યો, ‘ઓ
માલિક, તુંયેં માન પાંચ ઓજાર હોંપલા, એએ
માંય પાંચ ઓજાર કામાડયાહા 21 ત્યાઆ દોનારેં
ત્યાહાન આખ્યાં સાબાસ હારો એન બોરસેદાર
રોહે; તું આજુ હારો એન બોરોસેદાર રહેતે; આંય
તુલ ખૂબ ચીજેહ ઓદિકારી બોનાડહી એન તીઅ
દોનારા ખુશે માય આનંદ કોઅ 22 એન જ્યાલ
બેન ઓજાર મિળલા ત્યાંય બી યેયન આખ્યાં,
“ઓ માલિક,તુંય માન બેન ઓજાર હોંપલા, એરા
માય બેન ઓજાર પાસી કામાડયા 23 ત્યા દોનારાંય
ત્યાલ આખ્યાં, “શાબાસ ઓ હારા એન બોરહેદાર
ચેલા તું ઓલાહામાય બોરહેદાર રહે, તોવે આંય
તુલ ખૂબ ચિજહે ઓદિકાર બોનાડહી એન તોઅ
દોનારા ખુશીમ ભાગીદાર ઓએ 24 “તોવે જ્યાલ
યોક ઓજાર મીળલો ત્યાય યીઈન આખ્યાં, “ઓ
દોનારા આય તુલ જાંઅહું કા તુલ ખૂબ કોડક
માંઅહું હેય જા તુંએ પોઅયેલ નાય તાંઆ તુંયે
વાડતોહો, એન જ્યાલ તુંયે વેચ્યેલ નાય તાંઆ
ટોળો કોઅ તોહો 25 ત્યાહાટી આય બીઅ ગીયો
એન જાઈન તોઅ પોયહા દોરતીમાય દાટી દેના
26 ત્યાઅ દોનારાંય ત્યાલ જોવાબ દેનો ઓ મુર્ખ
એન આળહ્યા ચાકાર જોવે તુંઅ જાંઅતો આતોકા
આંય નાય વોઅઉં તાંઅને વાડહું એન જ્યાલ
માય નાય છાટયાહા તાંઆને આંય ટોળો કોઅહું
27 તી તુલ માઆ પોયહા સાવકારાહી થોવી દેતો,
તોવે આંય યેયન માઆ પોયહા આંય વિયાજાઆ
આરે લી લેતો 28 ત્યાહાટી ત્યાઆ વોઅરે પોયહા
લીયાઆ એન જ્યાઆ વોય દસ ઓજાર હેય
ત્યાલ દિદા 29 કાહાકા જ્યા કાદાવ બી હેય,
ત્યાલ આજુ વોદારી ખૂબ દેવામાય યી; એન
ત્યાવોય ખૂબ એઈ જાય: પૈન જ્યાવોય નાય હેય,
એન જીં જાયાવોય જીં ઓઅરી ત્યાલ બી તી
લેવામાય યી 30 એન ત્યા બીનકામા ચેલાહાલ
બારે આંદારામાંય ટાકી દાઆ જાંઆ રોડના એન
દાત કોકડાવના ઓરી 31 જોવે માંઅહા પોહો યી
ત્યાઅ મહિમા આરે યેઅરી એન બોદા હોરગા
માયને દુતાહા ત્યાઅ આરે યી, તોવે તી ત્યાય
મહિમાથી રાજઆસન વોય બોહરી 32 એન બોહી
જાતી ત્યાઅ હુંબુર યોકઠી કોઅવામાય યી; એન
જેહેંકોય યોક ગોવાળ મેંડાહાલ એન બોકડાહાલ
અલગ કઈ દેહે, તેહેકે યોક બીજા આરે અલગ
કોઈ દી 33 તો મેંડાહાલ ત્યાઅ જેવી તરફ એન
બોકડાહાલ ડાબી તરફ ઉબે રાખરી 34 તોવે રાજા
ત્યા જેવી તરફ વાળાહાલ આખરી કા, “ઓ માઆ
આબાહા આશીર્વાદિત લોકહા, યાઅએન માઅ
એન ત્યાઅ રાજ્યા ઓદિકારી એઈ જાય, જીં
જુગા શરૂઆત થી તુમેહે હાઠી તીયારી કોઅલા
હેય 35 કાહાકા આંય બુખો આતો, એન તુમાહાંય
માન ખાઅના દેના; આંય તરસ્યો આતો તોવે
તુમાહાય માન પાંઆઈ દેનાઆંય પારકો આતો,
પૈન એન તુમાહાય માને તોઓ ગોઆંઆ માય
જાગો દેનો 36 આંય ઉગાડો આતો, એન તુંયે માન
ડોગલેં પોવાડયેં; આંય માંદગી માય આતો, તોવે
તુંઅ માન એરાં યેનો, આંય જેલમાંય આતો તોવે તું
માન મિળા યેનો 37 તોવે ન્યાયીલ જવાબ હોદરી,
“ઓ પ્રભુ આમાહાય તુમા કોવે બુખો દેખ્યો,
એન ખાઅના ખાવાડ્યા? કા પીહ્યા આતા તોવે
પાંઆઈ પાજ્યાં? 38 આમાહાંય તુલ કોવે પારકો
દેખ્યો એન આમે ગોઅમેં રાખ્યોન કા ઉગાડો
દેખ્યો એન ડોગલેં પોવાડયેં? 39 આમાહાય કોવે
તુલ બીમાર માંદગીમાય કા જેલમાંય દેખ્યો, એન
તુલ મિળા યેના? 40 તોવે રાજા ત્યાહાલ જાવાબ
દેઅરી આંય તુમાહાલ ખોરાં આખતાહાંવ કા
તુમાહાય માઆ યેઅ વાહને-વાહને માઅ બાહાહા
આરે કોઈ યોકા આરે બી કોઅએ તીં માઆ આરે
કોઅયાં?” 41 “તોવે તોઅ ડાબી બાજુ વાળાહાલ
આખરી, “ઓ હારાપી લોકાહા, માઅ હુંબુરને તીઅ
સર્વકાલિક આગેમાય જાતે રાઆ, જીં સૈતાનએન
ત્યાઅદુતહા હાટી તીયાર કોઅયીહી 42 કાહાકા
આંય બુખો આતો, એન તુંયે માન ખાઅનાનાય
દેના: આંય પીહ્યો આતો, એન તુંયે માન પાંઆઈ
નાય પાજ્યાં 43 આંય પારકો આતો, એન તુંયે માન
તોઅ ગોઅ નાય રાખ્યો, આંય ઉગાડો આતો એન
તુંયે માન ડોગલેં નાય પોવાડયેં; આંય બીમાર માંય
એન જેલેમાંય આતો, એન તું માન એરા નાય
જેવો યેનો 44 “તોવે ત્યે જોવાબ દેઅરી, “ઓ પ્રભુ
આમાહાય તુલ કોવે બુખો, એન તરસ્યો, કા પારકો,
કા ઉગાડો, કા બીમાર કા જેલ માય દેખ્યો, કા
ઉગાડો, એન તીં સેવા નાય કોઅયી 45 તોવે તો
જવાબ દેઅરી, “આંય તુમાહાલ ખોરાં આખુહું
કાઆ તુમાહાય યે વાહાને- વાહાને માંઅને કાદાઆ
યોક બી આરે નાય કોઅયા, તીં માંઆ આરે કોઅયા
46 એન યે સર્વકાલિક નાશમાય જાય, એન ન્યાયી
સર્વકાલિક જીવનામાંય પ્રવેશ કોઅરી

26 1 જોવે યેશુ યો બાદયો ગોઠ્યો આખ્યો
પાછે ત્યા ચેલાહાન આખતો મુડ્યો 2 તુમા
જાઅતાહા કા બે દિહી પાછે હેય એન માઅહા
પોહો કુરુસખાબાવોય ચોડવા હાટી દોઅવાય
જાઅરી 3 તોવે મુખ્ય યાજક એન મહા મોઠો
ઓધિકારી પુરનિએ કાઈફા નાવા એક ગાઆ
બાઆપુર બેગે જાયે 4 એન એકબીજા આરે ત્યા ચર્ચા
કઅતા આતા કા ઈસવાલ દોઅવાડીન માયટાંકના
5 પેન ત્યે આખેત કા શોણા દીહીયા વેળા નાંય
કાય ઓહડા નાંય ઓઅય કા ત્યા લોક ઊમટી પોડે
6 જોવે ઈસુ બેતનિયા ગાવામાંય સીમોન કોડળા
ગોઅમાને આતો તોવે, 7 યોક થેએ કીમતી તેલા
કોઅઈન બોઓલી યોક દોગડા તેલ ડાબી લેઈ યેની
એન તો ખાંઆ બોઠલે તોવે ત્યા પાંય યેની એન
ત્યા ટોલપીયેવો રેચવી દેના 8 ચેલાહાંય ઈ એએયા
એન ત્યાહાન નાંય હારા લાગ્યા ત્યાહાય આખ્યા
ઓહોડો બોગાડ કાયલા કોઅયો 9 ઈ ખૂબ મોઅગા
વેચાતા એન ત્યા પોયાહા ગોરીબાહાન દેવાતા
10 પેન ઈસુવાલ ખોબાર પોડી એન ત્યે આખ્યા
તુમા થેઅયેલ કાય કોરા આબદા પાડનારા ત્યે તે
માઆ હાટી હારા કામ કોઓયા 11 કાહાકા ગોરીબ
લોક તુમેહે પાંપ કાયામ રોઅનારજ હેતા પેન આંય
તુમેહે આરે કાયમ નાંય હેતાઊ 12 માંઆ કુડીયેલ
તેલ લાવતા ત્યે તી દાટા હાટી તીયારી કોઅયી
13 આંય તુમાહાન ખોરી ગોઠ આખુહુ કા આખી
દુનિયામાન જા જા ઈ ખુશ ખોબાર દેવાયી તાઆ
એલિયે મા હાટી જી કોઅયાં તી ત્યે ફોમે હાટી
આખીયી 14 ત્યા પાછે યુદાસ ઈસ્કારિયોત નાવ્યો
બારીયાહામાઅને યોક મુખી પુજારા પાંય ગીયો
15 એન ત્યે આખ્યા તુમા માન કાય દેતાહા એન
ત્યાલ આંય તુમેહે કોબજે કોઈ દીહી ત્યાહાય ત્યાલ
તીહી રૂપિયા આખ્યા, 16 તોદરિયોહો ત્યાલ હોપી
દાઆ હાટી સમય હોદતો મુડ્યો 17 ખાટાળીયા
વોગારી બાખ્યે ક્ષણા પોયલા દિહિયે ચેલાહાંય
ઈસુવાપાંય જાયન આખ્યા પાસ્ખા પર્વ જેવાણ કેસે
તિયારી કોઅહુ તુ કાય આખતોહો? 18 ત્યે આખ્યા
શેહેરામાંય ફલાણા પાંય જાયા એન ત્યાલ આખી
દેજા કા ગુરુ આખેહે કા મા દિહી પાહાય યેય ફુગ્યા
તો ગોઅમાંય આય એન મા ચેલા પાસ્ખા ક્ષણ
વાળહુ 19 ઈસુવે આખ્યા તેહે ચેલાહાય કોઅયા
એન પાસ્ખા ક્ષણા તીયારિ કોઅયી? 20 વોખાત
જાયી તોવે તો બાર ચેલા આરે ખાઆ બોઠો 21 એન
ત્યા ખાત તોવે ત્યાય આખ્યા કા આય તુમાહાન
ખોરી ગોઠ આખતાહુ તુમેહેમાનો યોક જા માન
દોગોદી 22 ત્યાહાન ખુબ નાંય હારા લાગતા મુડ્યા
એન યોકા પાછે યોક ત્યાલ પુછા લાગ્યા કા પ્રભુ
તો આય હેતાઊ કા? 23 ત્યે ત્યાહાન આખ્યા જો
માઅરે થાળીયેમાંય ખાઆ તોજ માન દોગોદી
24 માઅહા પોહોતે ત્યા વિશે લોખલા હેય ત્યા
પુરમાણેજ જાય પેન ત્યાલ દોગો દેનારો હારાપી તી
માઅહુ નાંય જનમાતો તી જત્યાલ હારા પોડતા
25 તોવે ત્યાલ દોગો દેનારો યુદાસે આખ્યા તો
આય હેતાઊ કા પ્રભુ? ત્યાલ ત્યે આખ્યા તુયે
ખોરા આખ્યા 26 પેન ત્યા ખાત તોવે ઈસવાય
બાખે લેદી એન બોરાકાત માગી એન બાખે મુડિન
ચેલહાન દેની એન એહે આખ્યા કા આલા ખાયા
ઈ મા શરિર હેય 27 એન ત્યે યોક વાટકી લેદિ
એન આભાર માનિન તિ ત્યાહાનદેની એન એહે
આખ્યા તુમા બાદા યેમાઅને પિયા 28 કાહાકા ઈ
મા લોય હેય કરારા લોય હેય જી ડિગ્ગામાઅહા
હાટી પાપહા માફીયેમાંય રેડાયી 29 આય તુમાહાન
હાચુલ આખ્તાહુ કા માન આબાહા રાજ માંયતુમેહે
આરી આંય નોવો દારાખારોહો પીયીહી ત્યા દીહીન
હુદુ આંય આજરે દરાખારોહો પીયીહીજ નાંય
30 ગીત આખ્યા પાછે ત્યા જેતુન ડોગા ઊપે જા
ચાલ પોડ્યા 31 તોવે ઈસુવે ત્યાહાલ આખ્યા કા
આજી રાત તુમા મા લેદે ઠોકર ખાહા પોડહા કાહાકા
લોખલા હેય કા આંય ગોવાળલ માઅહિ એન
ગેટે વેરાય જાય 32 પેન મોઅલા માઅને ઊઠીન
પાછે આય તુમેહે આગાડી ગાલીલ દેશામાંય જાહાય
33 પેન પેત્રુસે ત્યાલ જવાબ દેનો કા બાદા તો
લેદે ટાકી પોડીતેરૂ આંય કાદે દીહી નાંય ટાકી
પોડીહી 34 ઈસુવે ત્યાહાલ આખ્યા કા આંય તુલ
ખોરી ગોઠ આખહુ કા આજી રાત કુકોડો વાહય
ત્યા આગાલા તુ તીન દા એએ આખહે કા આંય
ત્યાહાલ નાંય વોળખુ 35 પેત્રુસે આખ્યા તો આરે
માન મોરાબી પોડી તેરૂ તુલ આય નાંય છોડુ બીજા
ચેલાહાંય બી એહેજ આખ્યા 36 ત્યા પાછે ઈસુ
ત્યાહા આરે ગેત્સેમાઆને નાવ્યા જાગે ઊપે યેનો
એન ત્યે ચેલાહાન આખ્યા આય પેલછે જાય નાંય
પ્રાથના કોઅહુ તાઆ લુગુ તુમા ઈહી બોહા 37 એન
ત્યે પેત્રુસ જોબદયા બેન પાહાલ આરે લેદા એન તો
ખુબ દુખી એન નિરાશ ઓતો મુડ્યો 38 તોવે ત્યે
ત્યાહાન આખ્યા માઆ જીવ નિગી જાય ઓહડો
દુઃખી ઓઅઈ ગીયો તુમા ઈ રોઅઈન માઆરી
જાગતા રોઅજા 39 તોડહે દુઊ જાયન ત્યે ઘૂંટણે
પોડીન ઓહડી પ્રાથના કોઅયી કા મા આબા
બોની હોકે તોવે ઓ વાટકો માયેપાય ને નિગી
જાય તેરૂ આય માગુ તેહેનાંય પેન તુ આખી દેઅજે
40 તો પાછો ચેલાહાપાંયયેનો તોવે ત્યે ત્યાહાન
હુવતાલ દેખ્યા એન પેત્રુસ્સલ આખ્યા તુમાહાન
યોક કોલાક બી માઅરે જાગતા નાંય રોઅવયા કા?

41 જાગતા રોઅજા એન પ્રાથના કોઅજા કા તુમા
ફસવાણીમાંય ફસાયેત નાંય જીવ ઊસારી હેય પેન
આત્મા નબળોહેય 42 આજુ યોકદા પાછા જાયન
ત્યે ઓહડી પ્રાથના કોઅયિ કા માઆ આબા જોવે
વાટકો પિદા વોગારમાયેપય જાયનાંય ઓહોડા હેય
તોવે તુ આખે તેહેજ હેય 43 પાછા યેયન એઅયા
તોવે ચેલાપાછા હુવી ગીઅલા કાહાકા ત્યાહા ડોળા
નિંદે કોઅયીન બાઆય ઓઈ ગીઅલા 44 ત્યાહાન
રૂદેયન તો પાછો ગીયો એન તિજી દા તીજ પ્રાથના
કોઅયી 45 પાછે ચેલાપાંય યેયને ત્યે ત્યાહાલ
આખ્યા આજુ બી તુમા હુઅવતહા એન આરામ
કોઅતાહા માઅહા પોહો પાપ્યહા આથામાંય
હોપાય જાઆના ગેડી યેય ગિયીહી 46 ઊઠા આપા
જાતા માન દોગો દેવાડનારો યેય લાગ્યોહો 47 એન
તો આજુ બોલેહે તોલામાંય એએ બારિયામાને
યોક યુદાસ યેનો એન ત્યા આરે મુખી પુજારા
એને આગેવાન લોકાહા દોઆવાડલો માઅહા મોઠો
ટોળો તારવાયો એન લાકડીઓ લેયન યેનો 48 ત્યાલ
દોગો દેનારે ત્યાહાલ ઓહડી નિશાણી દેનેલ કા
જ્યાલ આય ગુળા દાઊ તોજ માઅહુ હેય ત્યાલ
દોઅઈન લેય જાયા 49 એન તારાત ઈસુવાપાંય યેયન
ત્યે આખ્યા સલામ ગુરુજીએન ત્યાલ ગૂળા દેના
50 ઈસુવે ત્યાલ આખ્યા બાયાજી કોઅરા હાટિ
તુ ઈહીં યેનો તી કોઅયેલે પાછે ત્યા લોકાહાય
ઈસુવાપાય યેયન ત્યાલ દોઅય લેદો 51 એન એએ
ઈસુવા આર્યા માઅને યોક જાઆ આથ લાબો
કોઅઈન તારવાય કાડી એન મુખી પુજારચાકારા
ઊપે ઝાટ્કો દેનો એન ત્યા કાન તોડી ટાક્યો
52 તોવે ઈસુવે ત્યાલ આખ્યા તો તારવાય ત્યા
જાગે પાછે થોવ કાહાકા તારાવાય કાડનારા બાદા
તારાવાયે કોઅઈન મોઅયી જાનારા 53 એન તુ કાય
માંતોહો જોવે આય માઆ આબા પાય માગુ તોવે
તાબાડતો દેવદુતા બાર કોઅતાહા વોદારે લશ્કર
નાંય દોવાળે કા? 54 બાકી જોવે જી લોખલા હેય
કા ઈ બાદા બોના જોજે તી કેહે કોઅઈન પુરા
ઓઅય ? 55 ત્યે ગેડિયે ઈસુવેય ટોળાહાન આખ્યા
તુમા તારાવાયો એન માતાર્યો લેય ન માન બાડ એ
દોરા યેનહા, દીને આંય મંદિર મે બોહીન હિકાડુ તેરૂ
તુમાહાયમાન નાંય દોઆયો 56 પેન ભવિષ્યવક્તા
લોખલા હેય તી પુરા ઓય જાય ત્યા હાટી ઈ
બાદા બોન્યાહા એન ત્યા ચેલા ત્યાલ છોડીન
બાદા નાહી પોડ્યા 57 પેન ઈસુવાલ દોઈન ત્યા
ત્યાલ મુખી પુજારા કાય પાછા પાંય લેય યીયા
તા શસ્ત્રિ એન આગેવાન ટોળોવોડલા 58 પેન
પેત્રુસ દુઊ રોઅયનો પાહાલા ધર્મ ગુરુવા ગાઆ
લુગુ યેનોએન ત્યામાંય ઊરાય્ન ચાકારા આરે બોહી
ગીયો કાય ઊસબે તી એરા 59 મુખી પુજારા હાય
એન આખી સોબા ઈસુવાલ મોતા દોઢ કોઅરા
હાંટી ત્યા હુમે ખોટી સાબીતી હોદેત 60 પેન યોક
બી નાંય જોડી ડિગ્ગા ખોટા સક્ષ્યા યેના તેરૂ
હોરવાળે બેન સાક્ષાયા યેના 61 ત્યાહાલ આખ્યા
કા એલે એહે આખ્યેલકા પોરમેહેરા મંદિર તોડી
પાડીન તીન દીહીયામાંય તી બાદી હોકુ 62 તોવે
મોઠા ધર્મ ગુરુવે ઊબા રોઅય્ને ત્યાલ પૂછ્યા યે
માઅહે તો હુમે આખતે હે ત્યા તુ કાંય નાંય
જાવાબ દેતોહો કા? 63 પેન ઈસુ ઓગોજ રોઅયો
તોવે મોઠા ગુરુવે ત્યાલ આખ્યા જીવતા દેવાનાવે
તુલ આખતાહુ આમાહાન જાવાબ દે તુ પોરમેહેરા
પોહો મસિહા હેતો કા? 64 ઈસુવે ત્યાહાલ આખ્યા
તુયે ખોરાજ આખ્યા કા પેન આંય આખતાહુ
કા આમી પાછે તુમા માહા પાહાલા ગોતીવાળા
પોરમેહરા જેવે આથે બોઠલો એન જુગા વાદળા
હોવે યેતો એહા 65 તોવે મુખી શાસ્ત્રિય પોતા
ડોગલેં ચિઈન આખ્યા કા તુયે પોરમેહરા નિંદા
કોઅયીહી આજુ સાક્ષ્યા કાંય જરુર હેય? લે આમી
તુમા નિંદા વોનાયા 66 તુમાહાન કાય લાગહે?
ત્યાહાન આખ્યા મોતા ગુનેગારી હેય 67 તોવે ત્યા
ત્યા મુયા ઊપે થુકતા લાગ્યા થાપડટતા લાગ્યા
એન બીજા ત્યાલ ઠોગીન, 68 આખતા લાગ્યા કા
ઓ મસિહા આમાહાન આખતે તુલ કુયે ઠોગ્યો?
69 પેન પેત્રુસ બાઅપુરે બોઠો તોલામાંય યોક ચાકાર્યે
ત્યા પાહાય યેયન આખ્યા તુ હોગા ગાલીલ્યા
ઈસુવા આરે આતો 70 પેન તો બાદાહા દેખતા નાંય
માના લાગ્યોએન ત્યે આખ્યા તુ કાય આખતી તી
આય નાંય જાઅઊ 71 એન જોવેતો દોરવાજા એસે
જાલગ્યો તોવે યોક બીજી ચાર્કર્યે ત્યાલ દેખ્યો એન
તાઆ ઊબા રોઅલાન આખ્યા એલો નાઝારિયા
ઈસુવા આરે આતો 72 એન તો પાછો નાંય માનતો
લાગ્યો એન સુગુન ખાયન આખ્યા ત્યા માટડાલ
બિલકુલ વોળકુજ નાંય 73 થોડીવાઆમાંયતા ઊબા
રોઅયાલા માઅહાય યેયન પેત્રુસાલ આખ્યા નોક્કિ
તુ હોગો ત્યા માઅનોજ હેતો તો બોલી હોગી તુલ
દેખાડી દેહે તી નાંય? 74 પેન તો હારાપ એન હોમ
દેયન આખતો લાગ્યો કા ત્યાલ આય વોળખુજ નાંય
એન ત્યેજ ગેડીયે કુકાડ વાઅહાયો 75 તોવે પેત્રુસાલ
ઈસુવા આખલી ગોઠ ફોમ યેની કા કુકડા વાઅરી ત્યા
આગલા તુ તીન દા એહે ઓખેહે કા ત્યાલ આંય
નાંય વોળખુ એન બાઆ જાયન તો ખૂબ રોડ્યો

27 1 જોવે ઊજાળાં ઓઅય ગીયેલ તોવે
મુખી યાજકેં એન આગેવાન લોકાહાંય
ઈસુવાલ માંઆઈ ટાકના નોક્કી કોઅયાં 2 ત્યાહેં
ત્યાલ બાંદિયો એન લેય જાયન પીલાતુસ

ઓદિકારયા આથામાંય હોંઅપી દેનો 3 જોવે
ત્યાલ દોઓઈ દેવાડનારેં યહુદેં એહેં દેખ્યાં કા
તો ગુનેગારિયો હેય તો ત્યાલ પશ્ચતાવો જાયો
એન તીહી ચાંદી સીક્કાહાન મુખી યાજકાપાંય
એન આગેવાનાહાપાંઅને ફેરવી લેય યેનો 4 એન
એહેં આખ્યાં, કા “માંયેતેં ડાગ વોગાર જીવાલ
દોઓવાડીન માંઆઈ ટાકાડયો ઓ માંયેં ગુનો
કોઅયોહો” 5 તોવે તો ત્યા સીક્કાહાન/પોયહાન
મંદિરા માંય ટાકી દેઈન જાતો રોયો, એન પાછેં
જાયન ત્યેં પોતે ફાસી લાવી લેદી 6 મુખી યાજકાંય
ત્યા પોયહાન લેઈન આખ્યાં, “યા પોયહાન મંદિરા
પેટાડામાંય થોવના ખોરાં નાંય હેય, કાહાકા યા
જીવ વેચાયો ત્યા પોયહા હેતા 7 તોવે ત્યાહાંય
વિચાર કોઅઈન, યોક કુંબાડાં રાન વેચાતાં લેદાં,
તીં પારદેશીયાહા માહણા હાટી 8 તેં આજું લોગું
ત્યા રાનાલ “લોયા રાન” આખતેંહેં 9 તોવે યેરમાયા
ભવિષ્યવક્તા આખલાં તીં વચાન પૂરાં ઓઅઈ
ગીયાં: “ત્યેહેં ત્યા તીહી સીક્કાહાન ત્યે નોક્કી
કોઅયેલ તી કીમાત લેય લેદી જ્યાહેં ઈસરાયેલા
પાહાહાંય એન આજું ખુબૂજ જાઅહાંય કીંમાત
નોક્કી કોઅયી 10 એન જેહેંકોન પ્રભુવેં માન ઊકુમ
કોઅયેલ ત્યે પુરમાણે ત્યાહેં ત્યા કુંબાડા રાનાહાટી
દેય દેના 11 જો ઈસુ ઓદીકારહ્યા હામે ઊબો
આથો તોવે ત્યા ઓડીકાર્યાહાંય ત્યાલ એહેં પૂછ્યાં,
કા “કાય તું યહુદીયાહા રાજા હેતોકા?” ઈસુવેં
ત્યાલ આખ્યાં, “તું પોતેજ ઈં આખી રીયહો”
12 જોવે મુખી યાજક એન આગેવાન ત્યાવો
આરોપ લાવી રીઅલા આતા, તોવે ત્યેં કાંઈજ
જાવાબ નાંય દેનો 13 તોવે પિલાતેં ત્યાલ આખ્યાં,
“એલા તોઓ હુમે ઈં બોદાં આખતાહા, તીં તું નાંય
વોનાયે કા?” 14 પેન ત્યેં ત્યાલ યોક બી ગોઠયે
જાવાબ નાંય દેનો,એન પાછે ત્યા ઓદીકારયાલ
ત્યાહા હાટીયે છોડી દાઉં આતા 15 ઓદીકારયાહા
ઓહડી રીત આતી કા ત્યા શોણામાંય લોક જ્યા
કેદયાલ આખેતે ત્યાલ ત્યાહા હાટીયે છોડી દાઉં
આતા 16 તોવે ત્યે દીહીયે બારાબાસ નાંવ્યો યોક
મોઠો બાંડ જેલેમાંય ટાકલો આતો 17 જોવે લોક
ટોળો જાયા, તોવે પીલાતેં ત્યાહાન આખ્યાં, “તુમા
કાય આખતાહા/માંગતાહા તીં આંય તુમેહે હાટી
કોઉં? બારાબાસાલ, કા પાછે ઈસુવાલ જો
ખ્રિસ્ત આખાયેહે?” ત્યાલ છોડી દાઉં 18 કાહાકા
તો જાઆંય ગીઈલો આતો કા ત્યાહેં ત્યાલ
ઓદરાઈયેજ કોઅઈન ત્યાલ હોંઅપી દેવાડયેલ
19 જોવે તો ન્યાય કોઆંહાટી ખુરશીયેવો બોઠો
તોવે ઓલહામાંય ત્યાઆ થેઅયેં ત્યાલ આખાં
દોવાડ્યાં કા, “તું એલા વિશ્વાસા વોસમાંય કાંય
માં કોઓતો, કાહાકા માંયે આજે હોપનામાંય
એલા વિશે ખુબૂજ દુખ વેઠહયો” 20 મુખી યાજક
એન આગેવાનહેં લોકહાન એહેં હોમજાડયાં
કા બારાબાસાલ માગી લેએના, એન ઈસુવાલ
માંઆઈ ટાકાડના 21 ઓદીકાર્યાંય ત્યાહાન પૂછ્યાં
કા, “યા બેન્યાહા માંઅને તુમા કાલ માંગતાહા
કા ત્યાલ આંય તુમેહે હાટી છોડી દાઉં?”તોવે
ત્યાહેં આખ્યાં, “બારાબાસાલ” 22 પીલાતેં
ત્યાહાન અખ્યાં, “તોવે જ્યાલ તુમા મસીહા/
ખ્રિસ્ત આખતેહેં ત્યા ઈસુવાલ કાય કોઅઉં?” ત્યા
બોદાહાંય આખ્યાં, “ત્યાલ હુળીખાંબે ચોડવી
દિયા” 23 ઓદીકાર્યાંય આખ્યાં, કા “કોહડા
હાટી, એલેં કાય ગુનો કોઅયોહો?” પેન ત્યા
પાછા જોરમાંય બોમાલતા લાગ્યા કા, “એલાલ
હુળીખાંબે ચોડવી દિયા” 24 પીલાતેં એઅયાં કા
ત્યાલ નાંય ફાવતાં મુંડયાં, ઉલટાં તોફાન વોદતાંજ
જાય, તોવે ત્યેં પાંય લેઈન લોકાહા દેખતેં આથ
દોવ્યા, એન આખ્યાં, “આંય એલા વિશ્વાશ્યા
માટડા લોયેમ નિર્દોષ હેતાંઉં; તુમે તુમાજ જાંઆં”
25 બોદા લોકાહાંય જાવાબ દેનો, “એલા લોય
આમેહેવો એન આયેહે પાહાહાવો ઓય!” 26 તોવે
ત્યેં ત્યાહાહાટી બારાબાસાલ સોડી દેનો,એન
ઈસુવાલ ચોપકાહા માર દેવાડીન, હુળીખાંબાવો
ચોડવાંહાટી હોંઅપી દેવાડયો 27 પાછેં ઓદીકાર્યા
સીપાડાહાંય ઈસુવાલ ત્યાહા આરે ગાઆંમાય લેઈ
ગીયા, આખી ટુકડી ત્યાઆ ચોમખી યોકઠી કોઅયી
28 ત્યાહાંય ત્યાઆ ડોગલેં કાડી લેદેં એન યોક લાલ
દોગલાં પોવાડીયાં 29 એન કાટાહા ટોપી વીંઈન
ત્યા ટોલપીયેવો થોવી, એન ત્યા જેવાં આથામાંય
યોક લાકડી દેની પાછેં માંડીયે પોડીન, ત્યા મશ્કરી
કોઅઈન આખતા મુંડયા કા, “ઓ યહુદીયાહા
રાજા, સલામ” 30 એન ત્યાઆ ઊપે થુપીયાં; એન
લાકડી લેઈન ત્યાલ ઠોકતા લાગ્યા 31 જોવે ત્યાહેં
ત્યાઆ મશ્કરી પૂરી કોઅઈ પાછેં, ત્યાહાંય ત્યા
ઊપેને લાલ ડોગલાલ કાડી લેદાં, એન ત્યાજ
ડોગલેં પોવાડીન, ત્યાલ હુળીખાંબે ચોડાવાં હાટી
લેઈ ગીયા 32 વાટે જાતાં ત્યાહાન સિમોન નાંવ્યો
કુરેની દેશીયો માંઅહું મીળીયો ત્યાહેં ત્યાલ યાહાટી
દોઅયો કા તો ત્યાઆ હુળીખાંબ ઉસલીન ચાલે
33 જોવે ત્યા ગુલગથા નાંવ્યા (મતલબ-ખોપરીયે
જાગો) એહેં આખાયહે તાંઆ યેનો, 34 ત્યાહેં
ત્યાલ માગા બેખાળલો દારાખારોહો ત્યાલ પીયાં
દેનો, પેન ત્યેંય ત્યાલ વાહાયોક ચાખ્યાં પાછેં
નાંય પીદાં 35 તોવે ત્યાહાંય ત્યાલ હુળીખાંબાવો
ચોડવી દેનો, એન ત્યા ડોગલેં ચીઠીયો ટાકીન વાટી
લેદેં 36 એન તાંઆ બોહીન ત્યાઆ રાખવાળી

કોઆં લાગીયો 37 એન ત્યાહાંય ત્યા ગુનાહાં
લેખ લોખીન ત્યા ટોલપીયે ઊચે લાવ્યાં, કા "ઓ
યહુદીયાહા રાજા ઈસુ હેય" 38 તોવ ત્યાઆરે બેન
બાંડ હુળીખાંબે ચોડવી દેના, યોક જેવેં આથેં
એન યોક બાંગે આથે 39 તાંઆરે વાટે ચાલતેં
માંઅહેં ટોલપેં આલવીન મશ્કરી કોઅત કા 40 "ઓ
મંદિરાલ તોડી પાડીન તીન દીહીયામાંય પાછાં
બાંદનારા, જોવે તું પોરમેહરા પોહો ઓઅય! તોવે
તું પોતાલ બોચાવ, એન હુળીખાંબા ઉપરે ઉતી
પોડ" 41 એન મુખી યાજક એન શાસ્ત્રીયા એન
આગેવાન લોક બી તેહેંકોઈન મશ્કરી કોઅત કા
42 "એલેં બીજાહાન બોચાવ્યા, પેન પોતાલ નાંય
બોચાવી હોકે! એલો ઈસરાયેલા રાજા હેય કા?
તોવે હુળીખાંબા ઉપને આમી ઉતી પોડે, એન
તોવે તુલ આમા માંનહું 43 એલે પોરમેહરા બોરહો
રાખ્યોહો બા, જોવે પોરમેહર ત્યાવો મોયા રાખે,
તોવે ત્યાલ આમી બોચાવી લેય એલોજ આખેહે,
તી નાંય કા આંય પોરમેહરા પોહો હેતાંઉં" 44 એન
ત્યા આરે હુળીખાંબાહા વો જ્યા બાંડ ચોડવી
દેનલા આતા, ત્યા હોગા મશ્કરી કોઅત 45 જોવે
ઓખાત પોડી ગીયેલ તોવે, યુસુફ નાંવ્યો યોક
માટડો જો અરીમતીયા રોનારો આતો, તો યોક
ઈસુવા ચેલો આતો તો યેનો 46 તીનખાન વાગે
ઈસુવે મોઠેરે બોમલીન આખ્યાં, "એલી, લેમા
સબકતાની?" મતલબ કા "માંઆ દેવા, માંઆ
દેવા, તુંયે માન કાહા છોડી દેનહો?" 47 જયેં
માંઅહેં તાંઆ ઊબેં રોઅલેં આતેં, ત્યેં આખેત
કા, "એલો એલીયાલ હાત કોઅહે" 48 તારાત
ત્યાહામાંઅને યોક જાઆં દાંઆહાંદી ગીયો,
એન વાદળી આંઆઈન, ખાટામાંય બુડવીન
બોઓઈ દેની, એન ત્યાલ પાજતો લાગ્યો 49 પેન
બીજાહાંય આખ્યાં, કા "ઓગો, આપાં એઅતા,
એલીયો ત્યાલ મોદાદ કોરાં યેહે કા નાંય" 50 પેન
ઈસુવેં પાછેં મોઠેરે બોમલીન જીવ ટાક્યો 51 એન
એએ, મંદિરા પોડદો ઉપરેં નીચે લોગું ચીઆઈન
બેન બાગ ઓઅઈ ગીયા,દોરતી દોથડી ઉઠી,
ખોલકડેં ફૂટી ગીયેં, 52 માહાણેં ઉગડી ગીયેં એન
મોઓઈ ગીઈલા સોતી લોકહા કુડીયો પાછીયો
જીવત્યો ઉઠયો 53 પાછા જીવતા ઊઠયા પાછેં ત્યા
માહાણા માંઅને નીંગીન પવિત્ર શેઅરામાંય ગીયા
એન ડીગ્ગા લોકહાન દેખાયા 54 પેન જોમાદર
એન ત્યા આરે જયેં ઈસુવા ચોકી/રાખવાળી
કોઓત, ત્યેં દોરતીવો એન જેં બોન્યાં તીં એએઈન
આખતેં લાગ્યેં, "ખોરાંજ ઓ પોરમેહરા પોહો
આતો" 55 ડીગ્ગીયો થેએયો, જ્યો ઈસુવા ચાકરી
કોરાં હાટી ગાલીલમાંઅને ત્યા પાહાલા ચાલત્યો
યેનલ્યો, ત્યો દુઉ રોયન ઈં એઅયા કોઓત
56 ત્યેહેમાંઅની મારિયા માગદાલેના, યાકુબ એન
યોસેફા આયહો મારિયા, એન જબદાયા પાહાહા
આયહો 57 દિહી બૂડી ગીયો પાછેં યોસેફ નાંવ્યો
આરીમાતીયો, યોક માલદાર માંઅહું યેનો, તો
હોગો ઈસુવા ચેલો આતો 58 તો પિલાતા પાંય
ગીયો, એન ઈસુવા કુડી માગી એન તી પીલાતેં
દેઈ દેઅના ઉકુમ કોઓયો, 59 એન યોસેફ કુડી
લેઈન તી હારાં ફાડકામાંય ચોંડાળી લેદાં 60 એન
ખોલકડામાંય ખોદલા ત્યા પોતા નાવાં માહાણા
આતાં ત્યામાંય ડાટી દેના, એન માહાણા મુયાવો
ત્યેં યોક દોગાડ કોથલાડીન આલુડ કોઅઈ દેનો,
એન જાતો રોયો 61 પેન મારિયા માગદાલેના એન
તી બીજી મારિયા તાંઆ માહાણા હુમે બોહી ગીયો
62 બીજે દિહી, તો જો તીયારી દીહીયે, મુખી
યાજક એન પોરુશીયા આરે પિલાતા પાંય ગીયા
63 ત્યાહાંય આખ્યાં "સાઈબ", આમાહન ઓહોડી
ખોબાર પોડી ગીઈ કા એલો ઠોગ આજું જીવે તોવે
ત્યેં એહેં આખ્યેલ કા "તીન દિહી પાછેં આંય પાછો
જીવતો ઉઠીહીં" 64 ત્યાહાટી તીજા દિહી લોગું તું
માહાણા રાખવાળી કોઓના ઊકુમ કોઓ, કાહાકા
એહેં કા એલા ચેલા યેઈન ડીલ લેઈન નાંહી પોડે
એન લોકહાન આખરી કા, 'તો તે મોઅલામાંઅને
જીવી ઉઠીહયો" 65 પિલાતેં ત્યાલ એહેં આખ્યાં,
"તુમેહે પાંય તે ચોકીદાર હેયેને તે પાછેં જાયા
તુમાહાન ફાવે તેહેં રાખવાળી કોઅયા 66 તો ત્યા
રાખવાળયાન/ચોકીદારાહાન લેઈન ગીયા એન
દોગાડાવો સિક્કો લાવીન/થોવીન રાખવાળી કોઆં
લાગ્યા

## 28
1 સાબ્બાથા દિહી પાસે આઠવુડયા
પોઈલા દિહી ઉગતાજ મરીયમ
મગદલિયા એન બીજી મરિયમ કબર એરા યેન્યો
2 એન એરા મોઠો દોરતીકંપ એયો,કહાકા પ્રભુ યોક
દૂત હોરગા માને નીચે ઉત્યો એન પાહી યીન
ડોગડાલ ઠોલાડી દેના,એન ત્યાં વોય બોઠો 3 ત્યાં
રૂપ વીજળી રૂપા જે ઓહડા એન ત્યાં ડોગલેં
બરફા રોકે ઉજડા આતા 4 એન ત્યાં ધાકા કોઈ
રાખવાલ્યા કાપી ઉઠ્યા,એન મોલા માઆહા રોકા
એઈ ગોયા 5 હોરગા દુતહાય બાઈહીલ આખ્યા,
"માઆ બીહા,આય જાણહું કા તુંમા ઈસુવાલ જો
ક્રુસ વોય જોડાવામાય યેન્હો ત્યાંલ હોદત્યોહો
6 તો ઈહી નાય હૈય,પેન પોતાના વચના અનુસાર
જીવી ઉઠ્યો હોયા, એન તો જાગો એરા,જીહી પ્રભુ
પોડલો આતો, 7 એન માહરી જાઈન ત્યાં ચેલહાલ
આખાકા તો મરણા માને જીવી ઉઠ્યહો,એન તો
તુંમા પોયલા ગાલીલ માય જાહેં,તા તુંમા ત્યાં

દર્શન કોહા!એરા,માયે તુંમહાલ આખી દેનહા”
8 ત્યો બીઈન એન મોઠા આંનદા આરી કબર હીને
સીદયો ત્યાં ચેલહાલ સમાચાર દા હાટી દાહદા
લાગ્યો 9 તોવે ઈસુવાય તીયહીલ મીળ્યો એન
આખ્યા, “સોલામ”તીયહીય ત્યાં પાહી જાયને એન
ત્યાં પાગ દોઇન ત્યાં પાગે પોડયા 10 તોવે ઈસુવેં
તીયહીલ આખ્યા, “માઆ બીયહા;માઆ બાહાલ
જાઈન આખા કા ગાલીલ માય જાય તા માન દેખી”
11 ત્યો જાઈજ રોયો આત્યો કા રાખવાલહા માને
થોડહાક નગરમાય યીન આખ્યો ગોઠયો મુખ્ય
યાજકાલ આખ્યો 12 તોવે ત્યાંહાય વડીલહાલ
આરી યોકઠે ટોળા વોળીન બોલા બોલી કોઈન
એન રાખવાલહાલ ખુબ પોયશા દેના 13 “ત્યાંહાય
આખ્યા,રાતી જોવે આમા હુંવી ગોયે,તોવે ત્યાં
ચેલા યીન ત્યાંલ ચોરી લી ગોયા 14 એન યો
ગોઠયો સુબેદારા કાના હુંદી પોચ્યો,તોવે આમા
તુંમ્હેલ બોચાડી લાહું 15 પાસે ત્યાંહાય પોઓયશા
લીન જેહેકોય હીકાડવામાય આજુ હુંદુ ચાલુ
હૈય 16 આકરા ચેલા ગલીલ માય ત્યાં ડોગાવોય
ગોયા,જીઈ ઈસુ ત્યાંહાલ આખલા 17 ત્યાંહાય
ત્યાં દર્શન કોઈન ત્યાંલ નમસ્કાર કોયા,પેન
કાહી કાહીલ સંકા ઓયી 18 ઈસુય ત્યાંહા પાહી
યીન આખ્યા, “હોરગા એન જોગા આખો
અધિકાર માન દેવામાય યેનહો 19 ત્યાંહાટી તુંમા
જાઆ,બાદી જાતિના લોકહાલ ચેલે બોનાવા;એન
પવિત્ર આત્મા નાવાકોય બાપ્તીસ્મા દા, 20 એન
ત્યાંહાલ બાદયો ગોઠયો જ્યો માય તુંમ્હેલ આજ્ઞા
દેની,માન હીકાડા:એન ઓરા,આય જગતા શેવટ
લોગુ તુમહે આરે હેય;

# MARK

# માર્ક

1 1 પોરમેહરા પાહા ઈસુ ખ્રિસ્તા ખુશ ખોબાર
ઈહીને ચાલુ 2 જેં હેં યેશાયા ભવિષ્યવક્તા
ચોપડીયેમાંય લોખાલાં હેય, "દેખ તઓ આગાડી
આંય દૂતાલ દોવાડતાહું, તો માઆ મારાગ તીયારી
કોરી 3 જાડીયેમાંય બોમાલનારો બોમલેહે, ત્યા
આવાજ હેય કા "પ્રભૂવા મારગ તીયારી કોઆ, ત્યાં
વાટ હારકી કોઆ" 4 યે પૂરમાણે યોહાન બાપતિસ્મા
દેનારો જાડીયેમાંય યેનો, એન પાપાહા માફીયે હાટી
પાછા વોળી યેઅના એન બાપતિસ્મા લેઅના
આખતો લાગ્યો 5 આખા યુદેયા દેશામાંરે, એન
યેરુસાલેમાંય રોનારેં બાદેં માંઅહેં ત્યા પાંય યેનેં,
એન ત્યાં પાપેં કોબુલી લેઈન યરદન નોઈયેમાંય
ત્યા આથે બાપતિસ્મા લેદાં 6 યોહાન ઉંટડા બૂરા
ફાડકેં પોવે એન કોમ્બરા આરે ચામડા પોટો બાંદે
એન ટોંડે એન રાની મોદ ખાતો આતો 7 ત્યેં
આખ્યાં, " માંઆ પાહાલા માંઆ કોઓતો મોઠો
યોક જાંઆ યેહે, માંડીયે પોડીન ત્યા ખાહાડાહા
હુતળી હોગી છોડા આંય લાયક નાંઈ હેતાઉં
8 માંયે તેં તુમાહાન પાંઆયા કોઓઇન બાપતિસ્માં
દેનહા, પેન તો તુમાહાન પવિત્ર આત્મા કોઓઇન
બાપતિસ્માં દેઅરી" 9 ઈસુ ગાલીલ દેશા નાઝારેતને
યેઈન, યરદન નોઈયેમાંય યોહાના આથે બાપતિસ્માં
લેદા 10 જોવે તો પાંઆયામાંઅરે બાઆ નીંગ્યો,
ત્યેંજ ગેડીયે ત્યેં જૂગ ઉગડી જાતો દેખ્યો એન
આત્માલ કબુતરા હારખા ત્યાવે ઉતતા દેખ્યા
11 જૂગા એછેરે ઓહોડો અવાજ જાયો કા, "તું
માંઆ મોયાળું પોહો હેતો તોથી આય ખુશ હેય"
12 એન તારાત પવિત્ર આત્મા ત્યાલ જાડીયેમાંય
લેઈ ગીયો 13 ચાળીહી દીહી લોગુ તો જાડ્યેમાંય
રોયો, એન કાળીયો બૂત ત્યા ખાતરી કોઅહે; તો
જાનાવારાહા આરે રોયો એન દેવદૂત ત્યા ચાકરી
કોઓત 14 યોહાન જેલમાંય પુરાઈ ગીયો પાછેં
ઈસુ ગાલીલા એછે ગીયો, એન ત્યેં પોરમેહરા
ખુશ ખોબાર જાહેર કોઅયી 15 ત્યેં આખ્યાં કા "
સમય પૂરો ઓઅઈ ગીયો હો એને પોરમેહરા રાજ
પાહી યેઈ ગીયહાં પાછા વોળી યીયા એન ખુશ
ખોબારવે બોરહો કોઆ" 16 ગાલીલા દોરીયા મેરે
ચાલતાં, ત્યેં સિમોન એન ત્યા બાહા આંદ્રિયાલ
દોરિયામાંય જાળ ટાકતા દેખ્યાં; કાહાકા ત્યા
માછડા આતા 17 તોવે ઈસુવે ત્યાહાન આખ્યાં, "
યેયા તુમા, માંઆ પાહાલા ચાલા તુમાહાન આંય
માઅહાંલ દોઅતા માછડા બોનાવીહી" 18 તારાત
ત્યા જાળ છોડીન ઈસુવા પાહાલા ચાલતા લાગ્યા
19 તાંઆને આજૂ વાહાયુક આગાડી જાતાં ત્યેં
ઝબદયા પાહા યાકુબ એન ત્યાં બાહા યોહાનાલ
દેખ્યા ત્યાં હોગા ઊડીયેમાંય બોહીન જાળ હાંદયા
કોંઓંત 20 ઈસુવે તારાત ત્યાહાન હોગા હાદીયા;
ત્યાં તે આબાહાલ મજૂરીયાહાં આરે ઉડીયેમાંય
છોડીન ઈસુવા પાહાલા ચાલતા લાગ્યા 21 પાછેં
ત્યા કાપારનાઉમ ગીયા એન શાબાતા દીહી,
તો પ્રાર્થના ગાઅમાંય જાયને હિકાડતો મુંડયો
22 ત્યા હિકાડના વિશે ત્યાહાન ખૂબ નોવાઈ
લાગી, કાહાકા તો ધર્મશિક્ષકાહા રોકો નાંય, પેન
પૂરા અદિકારવાળા રોકો હિકાડે 23 ત્યેજ વેળાયે,
ત્યાહા પ્રાર્થનાગાઅમાંય યોક માઅહુ આતા ત્યાલ
મેલોબૂત લાગલોં આતો 24 ત્યેં ખુબ જોરથી
બોમલીન આખ્યા, "ઓ નાઝારેતીયા ઈસુ, આમેહે
તુલ કાય કામ? તું આમહે નાશ કોરાં હાટી યેનોહો?
આંય તુલ વોળખુહુ, તું તે પોરમેહરા પવિત્ર માઅહુ
હેતો" 25 તોવે ઈસુવે ત્યાલ દોમકાડિયો એન ત્યાલ
આખ્યાં, " ઓગોજ રો; એન એલામાંઅને બાઆ
નીંગ" 26 તોવે મેલો બૂત ત્યાલ પાડી ટાકીન મોઠેરે
બોમાલતો નીંગી નાઠો 27 બાદાહાન ખૂબ નોવાઈ
લાગી, એન ત્યા યોક બીજાહાન આખતા લાગ્યાં,
"ઈ કાંય ગોઠ હેય? પૂરા અદિકારે કોઓઇન હિકાડે
હે, એન મેલા બૂતાહાન બી ઊકુમ કોઅહે એન ત્યા
ત્યાલ માનતાહા !" 28 એહેં કોઈન ત્યા નાવ આખા
ગાલીલા આજુબાજુ શેહરામાંય ગીયા 29 પાછેં
પ્રાર્થનાગોઅ છોડીન, તો યાકૂબ એન યોહાનાલ
લેઈન, પાદરાજ સીમોન એન આંદ્રિયા ગોઅ યેનો
30 સીમોનાં હાહુ જોરાવલી હુતલી આતી, ત્યે
ખોબાર ત્યાહાંય તારાતુજ ત્યાલ આખી 31 તોવે
ત્યે જાગે જાયન, ત્યેં ત્યે આથ દોઓઇન ત્યેલ ઊઠાડી
જોરાં તરતુજ ઊબી ગીયાં, એન તી ત્યા ગાવારાહા
ચાકરી કોઅતી લાગી 32 દીહી બુડીયા પાછેં, રૂંવાળી
પોડી ગીયી તોવે માંઅહેં ત્યાં પાંય બાદા દુખ્યાહાન
એન બૂત લાગલાહાન લેઈન યેનેં 33 એન આખા
શેએરા માંઅહે બાઆપુર ટોળો ઓઅલેં 34 તોવે ત્યેં
ડીગ્ગા જાત જાત્યેં દુખ્યાહાન હારા કોઅયા, એન
ડીગ્ગા બૂતાહાન તાંગાડી કાડ્યા બૂતાહાન ત્યેં બોલાં

નાંય દેના, કાહાકા ત્યા ત્યાલ વોળખેત 35 હાકાળેહેં
આજુ આંદારા આતાં તોવે ઈસુ ઊઠીયો એન બાઆ
ગીયો, એન યોક ઉજાડ જાગામાંય જાયન પ્રાર્થના
કોરાં લાગ્યો 36 તોવે સીમોન એન ત્યા હાંગાતીયા
ત્યા ત્યાલ હોદા ગીયા 37 જોવે તો મિળ્યો, તોવે
ત્યાલ આખ્યાં, "બાદા લોક તુલ હોદી રિયહા"
38 તોવે ત્યેં ત્યાહાન આખ્યાં, "આપાં ઓમથે જાતાં
આહેપાહેના ગાંવાહામાંય, કાહાકા આય તાઅબી
આખુ, કાહાકા ત્યા હાટી આંય યેનોહો" 39 એન
તો, આખા ગાલીલ માંય આરાધના કોઅના જાગે
જાયને ખુશ ખોબારે ગોઠ(પ્રચાર) આખેહે, એન
બૂતાહાન તાગાડી કાડે 40 યોક કોડવાળા ત્યા પાંય
યેનો, એન માંડીયે પોડીન ત્યેં ત્યા માગણી કોઓયી,
"જો એન આખ્યાં કા તોઓ મોરજી ઓરી, તો તું
માન ચોખ્ખો કોઓઈ હોંકતોહો" 41 તોવે ઈસુવાલ
દયા લાગી એન આથ લાંબો કોઅઈન ત્યાલ લાવ્યો
એન આખ્યાં, "માઆ મોરજી હેય તુ શુદ્ધ ઓઅઈ
જો" 42 તાબાડ ત્યા કોડળીયાં હારાં ઓઅઈ ગીયાં
એન તો શુદ્ધ ઓઅઈ ગીયો 43 ત્યેં ત્યાલ ચેતવણી
દેઈને તાબાડ દોવાડી દેનો 44 એન ત્યાલ આખ્યાં,
"એએ તોઓ કાદાલ કાંય આખના નાંય, પેન જો
એન યાજકાલ દેખાડ એન તું ચોખ્ખો ઓઅઈ
ગીયો વીદીયે હાટી મૂસાએ જી આખ્યાં તી આંઈન
દે, ત્યાહા સાબિતીયે હાટી" 45 બાકી તો જાયન ઈ
ગોઠ આખાં એન ફેલાવાં લાગ્યો, ઓલા હુદુ કા
ઈસુ કોઆહા બી ગાંવામાંય ખુલી રીતે નાંય જાય
હોંક્યો પેન બાઆજ ઊજાડ જાગામાંય રોયો, તેરૂબી
ચોમખી રે ત્યા પાંય માંઅહેં યેત

2 1 થોડા દીહી પાછેં તો પાછો કાપારનાઊમ
યેનો અહોડી ખોબાર જાયી કા તો ગોઅ હેય,
2 તોવે ખુબુજ લોક ટોળો જાયા ઓલેં બાદેં કા
બાઆપૂર બી જાગો નાંય મીળે ત્યાહાન તો વચન
આખે, 3 ઓલામાંય લોક યોક લખવા વાળાલ ચાર
માંઅહાં પાંય ઊસલાડીન લેઈ યેના 4 પેન ગીરદીયે
લેદે ત્યાં પાંય નાંય લેઈ યેય હોંક્યા ત્યા હાટી
ગાઆ ઊચે ચોડીન, ઈસુ આતો તાંઆ ત્યાહાંય
સેવલાં ખોળી ટાક્યાં, એન લખવા વાળા તી
ખાટલા હાતે બોગારામાંઅને ઊતાડી દેનો 5 ઈસુવે
ત્યાહા બોરહો દેખીન, લકવા વાળાલ આખ્યાં, "
માંઆ પાહા, તોઓ પાપ માફ઼ ઓઅઈ ગીયાં,"
6 આમી તાંઆ કોલાહાક ધર્મશિક્ષક બોઠલા આતા,
ત્યા મોનામાંય વિચાર કોઅતા લાગ્યા, 7 "એલોં
માઅહુ એંહેં કેંહેં આખહે ? એલો પોરમેહરા
નીંદા કોઅહે પોરમેહરા સિવાય, બીજો કુઉ પાપ
માફ઼ કોઈ શકે?" 8 ઈસુ જાંઆઈ ગીયો કા ત્યાહા
મોનામાંય ત્યા અહોડા વિચાર કોઅતાહા, એન
ત્યેં ત્યાહાન આખ્યાં, "તુમેહે મોનામાંય તુમા કાહા
એંહેં વિચાર કોઅતાહા ? 9 કાય આખનાં હેલાં
હેય ? તોઓ પાપ માફ઼ ઓઈ ગીયાં ઈ લકવા
વાળાલ આખનાં હેલાં હેય ? કા ઊઠ તોઓ પાથારી
ઊસલીન ચાલતો લાગ, ઈ આખનાં હેલાં ? 10 પેન
તુમાહાન ખોબાર પોડાં જોજે કા માંઆહા પાહાલ
દોરત્યેવો પાપ માફ઼ કોઅના અદીકાર દેનલો હેય ત્યાં
હાટી" તો લકવા વાળાલ આખેહે, 11 " તુલ આંય
આખતાહાવ ઊઠ, તોઓ ખાટલા લેઈન ગોઓ
જો" 12 તો ઉઠીયો એન ખાટલા ઊસલીન, બાદાહા
દેખતાં જાતો રીયો બાદાહાન ખુબ નોવાઈ લાગી,
એને ત્યા પોરમેહેરા મોઠાઈ આખતા લાગ્યા, એન
ત્યા આખેત, "અહોડાં તેં આપાહાંય કાદે દીહેં
દેખ્યાંજ નાંય 13 આજુ યોક દાઆ ઈસુ દોરિયા મેરે
ગીયો, એન બાદેં માંઅહેં ત્યા પાંય યેને,એન તો
ત્યાહાન હિકાડા લાગ્યો 14 વાટે જાતાં ત્યેં આલફેયા
પાહા લેવીયાલ પૈસા લેયના નાકાવો બોઠલો દેખ્યો
એન ત્યાલ ત્યેં આખ્યાં, " માંઆ પાહાલા ચાલ"
તો ઊઠીન ત્યા પાહાલા જા લાગ્યો 15 જોવે તો
ત્યા ગોઓ ખાં બોઠો તોવે પૈસા લેનારા એન
પાપી, ઈસુ એન ત્યા ચેલાહા આરે ખાંઆ બોઠલેં,
કાહાકા ઓહોડેં ડીગ્ગેં માંઅહેં ત્યા પાહાલા ચાલેત
16 પોરૂષીયાહામાંઅના ધર્મશિક્ષકાહાન ખોબાર
જાયી કા તો પાપી એન નાકેદાર લોકાહા આરે
ખાહે તોવે ત્યાહાંય ત્યા ચેલાહાન આખ્યાં, "તો
તે નાકેદાર એન પાપી લોકાહા આરે ખાહે !"
17 ઈસુ વોનાયો, એન ત્યાહાન ત્યેં આખ્યાં, "
જયેં હારેં હેતેં ત્યાહાંલ દાકતારા ગોરાજ નાંય
રોય, પેન જયેં દુખ્યેં હેતેં ત્યાહાન ગોરાજ હેય
આંય ધર્મી લોકાહાન નાંય પેન પાપ્યાહાન હોદાં
યેનોહો" 18 યોહાન ચેલા એન પોરૂષીયા ઊપાહા
કોઓત, તોવે માઅહેં યેઈન ત્યાલ આખેત, "
યોહાનાં ચેલા એન પોરૂષીયાહા ચેલા ઊપાહા
કોઓતાહા એન તોઓ ચેલા નાંય કા ?" 19 તોવે
ત્યેં જાવાબ દેનો, " એંરે, જાંઆ લોગુ વોવડો ત્યાહા
આરે હેય તાંઆઊ લોગું જાનૈયા ઊપાહા કોઅઈ
હોકતાહા કા ? ત્યાહા આરે વોવડો હેય તાઆઉં
લોગું ઊપાહા નાંય કોઓવાય 20 પેન ત્યાહા પાંઅને
વોવડો લેવાઈ જાય ઓહોડા દીહી યી, તોદીહી ત્યા
ઊપાહા કોરી 21 જૂના ફાડકા આરે નોવા ફાડકા
ઠીગળાં નાંય હિવેત, એંહેં કોઈન નોવા ફાડકા
કુહુંટાય જાય તોવે જૂનાલ આજૂ ચીઈ ટાકે હે, એન
આજૂ વધારે ફાટી જાય 22 નોવો દારાખારોહ જૂના
હીયાહામાંય નાંય બોઓત, એંહેં કોઅઈન દ્રાક્ષારસ
ચોડે, એન હીયો ફૂટી જાય, એન દારાખારોહ
વેરાય પેન નોવો દારાખારોહ નોવા હિયાહામાંય

બોઅતેં હેં" 23 આમી અહોડાં બોન્યા કા યોક
શાબાતા દીહી તો રાનામાંય રોઈન જાય, એન ત્યા
ચેલા કોઅહેં પેંદી લેત 24 તોવે પોરૂષીયા ત્યાલ
આખેત, "એએ તે, શાબાતા દીહે નાંય કોરાં જોજે,
અહોડાં કામ કોઅતાહા"? 25 પેન ત્યેં ત્યાહાન
આખ્યાં, " કાય, તુમાંહાંય નાંય વાચ્યાં કા દાઊદાલ
એન ત્યા હાંગાતિયાહાન બૂખ લાગી, એન જરૂર
પોડી, તોવે કાય કોઅયેલ ? 26 આબીયાતાર મૂખ્ય
યાજક આતો તોવે મંદિરામાંય જાયન બેટાડલ્યો
બાખ્યો, જ્યો યોખલા યાજકથી ખાવાય, ત્યો ત્યેં
ખાદીયો, એન હાંગાતિયાહાન બી દેન્યો" 27 એન
ત્યેં ત્યાહાન આખ્યાં, " માંઅહા હાટી શાબાત હેય,
શાબાતા હાટી માંઅહું નાંય 28 ત્યા હાટી માઅહા
પોહો શાબાતા દિહા બી માલિક હેય"

3 1 આજૂ પાછો તો દેવાળમાંય ગીયો તાંઆ યોક
ઊખાઈ ગીઈલા આથાવાળાં માઅહું આતાં
2 ત્યાલ તો શાબાતા દીહે હારો કોઅહે કા નાંય, તીં
એરાં એન પાછે ત્યા હુમેં ફીરાદી કોરાં હાટી ત્યા ટુંગી
રોઅલા 3 તોવે ઊખાઈ ગીઈલા આથાવાળાલ ત્યેં
આખ્યાં " ઊઠ એન વોચમાંય ઊબોરો" 4 પાછેં ત્યેં
ત્યાહાન પૂછ્યાં, " શાબાતા દીહે હારાં કામ કોઅના
કા ખોટા ? જીવ બોચાવના કા માંઆઈ ટાકના
?" પેન ત્યા ઓગાજ રોયા 5 તોવે તો ખીજવાલો
ચોમખી એએઈ રોયો, એન ત્યાહા મોના કોઠણાઈયે
લેદે દુખી જાયો ત્યેં ઊખાઈ ગીઈલા આથાવાળાલ
આખ્યાં " તોઓ આથ લાબો કોઓ" ત્યેં આથ
લાંબાવ્યો, ત્યા આથ હારો ઓઈ ગીયો 6 તોવે
પોરૂષીયા બાઆ જાયન હેરોદરાજા માંઅહાં આરે
ત્યાલ કેહેં કોઅઈન માંઆઈ ટાકાડના ત્યા ગોઠ
કોઓતા લાગ્યા 7 ઈસુ ત્યા ચેલાહા આરે દોરિયા
એછે પાછો વોળ્યો એન ગાલીલ દેશામાંઅને ડીગ્ગેં
માંઅહે ત્યા પાંય ટોળો વોળીન જા લાગ્યેં, 8 એન
યહુદિયા, યેરૂસાલેમ, ઈદુમેયા, યરદન નોઈયે ત્યે
મેરેન/તેડીને એન તૂર સીદોના વિસ્તારામાંઅને
માઅહે મોઠા ટોળા ત્યે કાય કાય કોઆયાં, તી
બાદાં વોનાયા, ત્યા પાંય યેના 9 માઆહાં ડીગી
ગીરદિયે લેદે, ત્યાલ ડેકલી દેત ત્યા હાટી ત્યેં ત્યા
ચેલાહાન યોક ઉડી તીયારી કોરાં આખ્યાં 10 કાહાકા
ડીગ્ગેં જાંઆહાન ત્યેં હારેં કોઓલેં, ત્યા હાટી જ્યા
જ્યા દુખી આતા, ત્યા બાદા ત્યા પાંય ત્યાલ આથ
લાંવાં બીચાડ બીચાડ કોઓત 11 એલા બુત લાગલા
બી, જોવે ત્યાલદેખે તોવે, ત્યા આગલા પાગે
પોડીન બોબલીને આખેત કા " તુ પોરમેહેરા પોહો
હેતો" 12 ત્યેં ત્યાહાન ખૂબ દોમકાડ્યા એન ત્યા
ખોબાર કોરાં નાંય આખ્યાં 13 પાછેં તો ડોગામાંય
ગીયો, એન જ્યાહાન ત્યા મોરજીયે પુરમાણે ત્યેં
હાદીયા, ત્યા યેના 14 ત્યેં બાર જાંઆહાન નીવડી
કાડ્યા, યા હાટી કા ત્યા કાયામ ત્યા હાંગાતે રોહોય
એન તો ત્યાહાન દેવા-ગોઠ(પ્રચાર) આખાં દોવાડે,
15 એન બૂત કાડના ઓદિકાર દેય 16 તે યા હેય:
સીમોન, ત્યાલ ત્યેં પેત્રુસ નાંવ થોવ્યાં, 17 જબદયા
પોહો યાકુબ, યાકુબા બાહા યોહાન જ્યા નાવ ત્યેં
બોઆનેરગીસ, એટલે, બોબાલનારા પોહોં થવ્યો
18 આંદ્રિયાસ, ફિલિપૂસ, બારતોલોમી, માથ્થી,
થોમા, એન અલફિયા પોહો યાકુબ, તદૈ, એન
સીમોન કાનાની, 19 એન ત્યાલ દોગો દેનારો
યહૂદાસ ઈસ્કારિયોત 20 ઈસુ ગોઓ ગીયો, એન
પાછી લોકાહા ખુબુજ ગીડદી જાયી, કા ત્યાહાન
ખાંઆના ખાંઆ બી નાંય પારવા મીળે 21 ઈ
વોનાઈન ત્યા હોગવાડીયેં ત્યાલ લાંઆ હાટી ગોઅરે
યેનેં, કાહાકા ત્યા આખે કા ત્યા મોન ઠિકાણાવે
નાંય હેય 22 યેરૂસાલેમરે ઊતી યેનલા ધર્મશિક્ષક
બી આખૂં આતા કા " ત્યાં માંય બૂત હેય"
"બૂતાહા રાજાઆ મોદાદ લેઈન બૂતાહાન તાંગાડે
હે" 23 તોવે ત્યેં ત્યાહાન હાદીન દાખલો આખ્યો,
કા " બૂત બૂતાલ કેંહેં કોઈન કાઢી શકે? 24 જોવે
રાજ્યમાંય ફૂટ પોડે, તોવે તીં રાજ કેંહેં કોઈન
ટોકે ? 25 જ્યા ગોઆમાંય ફૂટ પોડી ગીઈલો હેય,
તી ગોઓ કેહાકોય ટીકી શકેશકે? 26 જોવે બૂત
બૂતા હુમે ઓઅઈ જાય,એન ફૂટ પોડે, તોવે તો
ટોકી નાંય હોંઅકે? પેન ત્યા અંતુજ ઓઈ જાય
27 "પેન તાકાતવાળા માંઅહા ગોઅમાંય ઊરાઈન,
ત્યાલ કાદો નાંય લૂટી શકે પોયલાં તાકાતવાળા
માંઆહાંલ બાંદે એન પાછેં ત્યાં ગોઉં લૂટી લેય
શકે 28 તુમાહાન હાચૂલ આંય આખહૂં કા "આંય
તુમહાલ હાચાજ આખહુ કા માઅહા પોહા જી
પાપ એને નિંદા કોઅતેહે ત્યાહાલ માફી મીળી
જાય, 29 પેન જો પવિત્રજીવા(આત્મા) નીંદાકોરી,
ત્યાલ કાદો દીહી બી માફી નાંય મીળી પેન કાયમ
તો પાપહા ગુનેગાર ઠરી ? 30 કાહાકા ત્યા એહે
આખેત કા "એલામાય બુતા આત્મા હેય" 31 ત્યા
આયોહો એન બાહા યેનેં, એન બાહા ઊબેં રોયેં
એન ત્યાલત્યાહાંય હાદાડિયો 32 ચોમખી ડીગ્ગેં
જાંએ બોઠલેં આતેં, તોવે ત્યાહાંય ત્યાલ આખ્યાં,
"એએ, તો આયોહો એન બાહા બાઆ ઊબેં રોઅલેં
હેતેં તુલ હાદતેં હેં" 33 પેન ત્યેં ત્યાહાલ જવાબ
દેનો , " માંઅ આયોહો એન માંઆ બાહા કુઉ
હેતેં ?" 34 એન ચોમખી બોઠલાહા એછે એઅઈન
આખ્યાં,"એઅયા,ઈ માંઆ આયોહો એન યા માંઆ
બાહા હેતા 35 કાહાકા જીં માઅહું પોરમેહરા મોરજી
પૂરી કોઅહે, તોજ માંઆ બાહા બોઅહીં એન
આયોહો હેય"

4 1 પાછો દોરિયા કિનારે હિકાડે, તોવે ત્યા
પાંય ખૂબજ મોઠી ગીડદી ઓઅય ગીયી, યા
હાટી તો દોરીયામાંય ઊડીયેમાંય ચોડી ગીયો, એન
માંઅહાંઆખો ટોળો દોરિયા મેરે ઊબો આતો 2 ત્યેં
ત્યાહાન દાખલા દેઈન ખુબ હિકાડયાં ત્યાહાન
હિકાડતાં ત્યેં એંહેં આખ્યાં, 3 “ વોનાયા, યોક
બિયારો પોઅનારો બિયારો પોરાં નીગ્યોં 4 પોએ
તોવે કોલોહોખાન બિયારો વાટેવોય પોડીયો, એન
ચીડેં પોડીન તીં ખાઈ ગીયેં 5 બીજો બિયારો
દગડાવાળી જમીનમાંય પોડ્યા, તાંઆ વદારે
કાદુનાય આતો તેબીં તાબાડ ઊદી નિગ્યાં 6 પેન
તીડકો લાગ્યો તોવે તારત તી કોમાઈ ગીયાં, એન
મૂળેં નાંય બોઠેં ત્યા હાટી તી ઊખાઈ ગીયાં 7 બીજો
બિયારો કાટાહા જેખરાહામાંય પોડ્યો, એન કાંટે
વોદીન ત્યાથી દાબાઈ ગીયાં, એન કાંય નાંય પાક્યાં
8 એન બીજો બિયારો હારી જમીનમાંય પોડીયો,
ઊદીન પાહાય ગીયો એન હારાં પાક્યાં, કોલાહાક
તીહીગોણો, કોલાહાક હાંઈટ ગોણો કોલાહાક
હોવ ગોણો ફળ યેના” 9 પાછેં ત્યેં આખ્યાં “
જ્યાલવોનાયાં હાટી કાન હેતા તો વોનાય” 10 એન
જોવે તો યોખલો આતો, તોવે બાર ચેલાહા આરે
બીજા હાંગાતે આતા, ત્યા દાખલા વિશે પૂછતા
લાગ્યા 11 ત્યેં ત્યાહાન આખ્યાં:“તુમા તે પોરમેહરા
રાજ્યા દોબલી ગોઠ જાઅતાહાં, પેન બીજાહાન તે
બાદા દાખલાહામાંય દેવાય 12 યા હાટી કા એએયા
કોઅહોય પેન જાંઆએ નાંય, વોનાયાં કોઅહોય પેન
હોમજ નાંય, નાંય તે ત્યા માંયે પાંય વોળી યેતા,
એન ત્યાહાન આંય માફી દેતો” 13 પાછેં ત્યેં ત્યાહાન
આખ્યાં, “કાય તુમા ઓ દાખલો નાય હુમજે કા?
તોવે બીજા બાદા દાખલા કેંહેં કોઈન હોમજાહા
? 14 પોઅનારો વચાન આખહે 15 જી વાટેમાંય
પોડ્યા તી ઈ હેય કા, જોવે વચાન પોઅહે, તોવે
વોનાતેંહેં, પેન તાબાડ સેતાન યેઈન પોઅલા વચાન
લેઈ લેહે 16 ત્યા પૂરમાણે ખડકાવાળી જાગામાંય
પોઅલા ઈ હેય, કા વચાન વનાયને તારતુજ
આનંદથી વોનાય લેતેંહેં, 17 પેન ત્યાહા મૂળેં ઉંડે
નાંય મીળે,ત્યાં હાટી ત્યે થોડા દિહાપુરતે રોતહે ત્યા
પાસે વચાન લેદે જોવે ઓડચણ કા દુખ યેહે તોવે
ત્યેં ટાકી પોડતેહેં 18 બીજાં કાટાહા જેખરાહામાંય
પોઅલાં ઈ હેય, ત્યાહાંય તે વચાન વોનાય લેદા,
19 પેન દુનિયા ચિંતા, પોયાહા લોભ, એન બીજી
લાલચ યેઈન વચાનાલ દાબી દેહેં, એન તી નકામ્યા
બની જાહે 20 એન હારી જમીનમાંય પોઅલેં ત્યેં
યે હેતે વચાન વોનાઈન માની લેતેહેં, એન ત્યા
હાટી હારાં ફળ દેતહેં કાદા તીહીગોણા, કાદા
હાંઈટગોણા એન કાદા હોવગોણાં 21 ત્યેંત્યાહાન
આખ્યાં, “દીવો ટોપલીયે કા ચાપાળા તોળે થોવતેં હેં
કા? એન દીવત્યાવો થોવનાં નાંય કા ? 22 કાહાકા
કાદી વસ્તુ ઓહડી નાય હેય કા તી ડાકલી રોય
એન કાદી વસ્તુ ઓહડી નાય હેય કા તી દબાડી
શકાય પેન બાદાજ ખુલ્લાં પોડી જાય 23 જ્યા
વોનાયા હાટી કાન હેતા તો વોનાય” 24 ત્યેં ત્યાહાન
આખ્યાં, “દીયાન દા કા તુમા કાય વોનાતાહા
જ્યા માપે તુમા માપતાહા, ત્યાજ માપે પોરમેહર
તુમાહાન માપી દી, એને તુમહાલ દેવામાંય યી
25 કાહાકા જ્યા પાંય હેય, ત્યાલ દેવામાંય યીં એને
જ્યા પાંય કાંય નાંય મીળે ત્યા પાંય જી કાંય ઓરી તીં
બી લેઈ લેવાયી” 26 એન ત્યેં આખ્યાં, “ પોરમેહરા
રાજ ઓહોડાં હેય જ્યાંય કા જેહકોય યોકતો
રાનામાંય બીયારો ટાકહે 27 પાછે રાતી હુતા ને દિહા
જાગ્યા, તાઆઉં બીયારો ઊદીન કેહે કોઈનવોદી
ગીયા ત્યાલ ખોબાર નાંય 28 જમીન પોતાની
મેળે પાક દેહે, પોયલો ડીયો નીંગીન ઊદહે, પાછેં
ડોંડે યેય, પાછેં નીહીવાય પોડે, પાછેં કોન્ટીયેમાંય
બોઆઈ જાય, 29 એન પાકી ગીયા પાછેં તાબાડ
તો ઓસ્યો લાવહે, કાહાકા વાડના તીયારી હેય”
30 એન ત્યેં આખ્યાં “આમા પોરમેહરા રાજ હારખા
માનજે ત્યાલ હુનજાડા કોહડા દાખલો દેજે? 31 તીં
રાયે દાના રોકાં હેય રાયે બીંઈ ટાકાય તોવે દોરત્યે
ઊપે બાદા બીયાહામાંય વાયહાના હેય 32 ટાક્યા
પાછેં તાબાડ ઊદેહે એન બાદા છેડવાહા કોઅતાં
મોઠો ઊસબેહે એન મોઠ્યો મોઠ્યો ડાહાગ્યો કાડેહે
ઓલાં કા ઊચે ઊડનારેં ચીડેં ત્યા છાવાડામાંય
યેયન બોહી હોંકતેંહેં” 33 તો ત્યાહાલ યે પુરમાણે
દાખલા દેય દેયન વચાન હોમજાડતો આતો 34 એન
દાખલા સીવાય કાંય નાંય આખે, પેન જોવે તો
ત્યા ચેલાહા આરે યોખલો રોય તોવે ત્યાહાન બાદાં
હોમજાડેં 35 ત્યે દીહી ફુવાળી પોડી ગીઈ, તોવે ત્યેં
ચેલહાન આખ્યાં “ આપાં ત્યે મેરે જાતાં” 36 ત્યાહાય
ટોળાલ તાંજ રા દેના, એન ત્યાલ ઊડીયેમાંય
બોહાડી લેદો એન બીજે ઊડીયે બી ત્યા આરે
આતેં 37 તોવે મોઠો તોફાન યેનો એન પાંઆયા
લાફા ઊડીયેવો આફળાતા લાગ્યા, ઓલા કા ઊડી
પાંઆયા કોઅઈન બાઆઈ જાતી આતી 38 ઈસુ
ઊડીયે પાછલા બાગમાંય યોક હુઉંત્યાવો હુવી
ગીયો તોવેત્યાહાંય ત્યાલ જાગાડીને આખ્યાં,“આપાં
મોઓઈ જાજે ત્યા તુલ કાંય ફીકાર નાંય કા ?”
39 તોવે તો ઊઠીયો એન ઊબો રોઈન વારાલ
દોમકાડીયો, એન દોરિયાલ આખ્યાં “ઠાવકો રોઓ
એને શાંત ઓઈ જો” તોવે વારો બોંદ પોડ્યો એન
ખૂબ મોઠી શાંતિ ઓઈ ગીઈ 40 એન ત્યાહાન
ત્યેં આખ્યાં, “ તુમા કાહા ગાબરાતાહા? તુમાહાન

આજૂં બી બોરહો નાંય કા ?" 41 ત્યા ખૂબુજ ગાબરાઈ ગીયા એને યોક-બીજાલ આખા લાગ્યા, " ઓ કુઉ હેય ? તે વારો એને દોરિયો બી ત્યા હુકુમ માનતેહેં?"

5 1 પાછેં ત્યા દોરિયો ત્યે મેરે ગરાસિયાહ દેશમાય જાય ફૂગ્યા 2 જોવે તો ઉડીયેમાંઅને ઉતીયો , તોવે યોક માટડાલ બુત લાગલો આતો તો માહાણાહામાઅને નિગીન ત્યાલ મિળ્યો 3, તો માહાણામાંય રોય, એન ત્યાલ હાંકળે કોયબી કાંદા માહું બાંદી નાય શકે 4 કાહાકા ત્યાલ ઘેડી-ઘેડી બેડીયેહે એને હાંકળેહે કોય બાંદિત પેન ત્યાંય હાંકળા તોડી ટાકી એને બેડીયે ટુકડે-ટુકડે કોઅય દેય એને કાદા માઅહું ત્યાલતાબે નાય કોઈ હોકે 5 એન કાયામ રાતદીહી તો માહાણામાંય ફીએ એન બોમલ્યા કોએ, એન દોગડાહા કોઓઈન ત્યા શરીરાલ વાડી લેતો આતો 6 જોવે ત્યેં દુઉરે ઈસુલ દેખ્યો,તોવે તો દાહાંદી યેનો એન ત્યા પાગે પડ્યો, 7 એને ખૂબ જોરખે બોંબલીને આખ્યાં, "ઓ ઈસુ,પોરમેહરા પાહા, માંઆ તુલ કાય કામ ? પોરમેહરા નાંવે, તુલ આંય કોસામ લાહૂ કા તુ માન આબદા મા દેહે" 8 કાહાકા ઈસુવેં ત્યાલ આખ્યેલ કા "ઓ અશુધ્ધ આત્મા યામાંઅને નીગી જો" 9 તોવે ત્યેં ત્યાલ પૂછ્યાં, "તો નાંવ કાય ?" ત્યેં આખ્યાં "માંઆ નાંવ સેના હેય, કાહાકા આમા ખુબુજ જાએ હેજે" 10 એન ત્યાંહાય ત્યાલ ખુબુજ રાવ્યા કોઅયી કા "આમાહાન મુલખામાંઅને મા દોવાડેહે" 11 આમી તાઆ ડોગાવો ડૂકરાહા મોઠો ટોળો ચોઅયા કોઅહે 12 તોવે ત્યાહાંય ત્યાંલ ઓહોડી રાવ્યા કોઈન આખ્યાં, "આમાંહાન બોંડાહામાંય દોવાડ, ત્યાહામાંય નીંગી જાહું" 13 ત્યેં ત્યાહાન પરવાનગી દેની, તોવે બૂત નીંગીને ડૂકરાહામાંય ઊરાઈ ગીયો, એન આખો બેન ઓજારા ટોળો કોડા ઊપને દોરિયામાંય જાઈને ટૂટી પોડીયો, એન બૂડી મોઓયો 14 તેંઅ ગોવાળ નાહી પોડયા એન શેંએરામાંય એન ગાવામાંય ત્યા ખોબાર દેની લોક તી એઅરા યેના 15 તોવે કાય જાયાં તી એરાં હાટી માંઅહે યેનેં, ઈસુવા પાંય યેનેં તોવે જી બુત લાગલાં માઅહું ત્યા પાંય બોઠલો આતો, એન ફાડકેં પોવલેં એન હારો જાઆલો આતો તીં એએઈન ત્યાહાન બીયાં યેનાં, 16 એન નોજારેં એએનારાહાંય બૂત લાગલા ગોઠ એન ડુકરાહા ગોઠ ત્યાહાન આખી 17 તોવે ત્યાહાંય ત્યાલ વિનંતી કોઅયી એને આખ્યા કા તુ આમહે એરીયામાને જાતો રો 18 તોવે તો ઉડીયેમાંય બોહી ગીયો એન બૂત લાગલા માઅહેં વિનંતી કોઈની આખા લાગ્યા "માન તો આરે રા દે" 19 પેન ત્યેં ત્યાલ નાંય યાંઆ દેનો, એન આખ્યાં "ગોઓ જો, એન તોઓ જાતલાહાં પાંય જાયન, ઈસવેં તોઓ કોરે કોલાં હારાં કામ કોઅયાં એન કોલી દયા કોઅયી, તી ત્યાહાન આખ" 20 તોવે તો ગીયો, એન ઈસુવેં ત્યા હાટી કોલાં હારા કામ કોઅયાં, તી દોકાપલીસમાય જાહેર કોઅયાં, એન બાદાહાન ત્યાં નોવાઈ લાગી 21 એન જોવે ઈસુ ઉડીયેમાંય પાછો દોરિયા યે મેરે વોળી યેનો, તોવે માંઆહાં મોઠો ટોળો ત્યા પાંય બેગો જોયો તો આજુ દોરીયા કિનારેજ આતો તોવે 22 તોવે યાઈર નાંવ્યો આરાધનાલયા આગેવાનહા માઅને યોક યેનો એને ઈસવા પાગે પોડ્યો 23 તો ખૂબ માગણી કોઓતો લાગ્યો કા, "માંઆ વાયહાની પુહી મોરાં તીયારી હેય, તુ યેઈન ત્યે ઉપે આથ થોવ, તોવે તી હારી ઓઈ જાય, એન તી જીવતી રોઓય" 24 તોવે ઈસુ ત્યા આરે ચાલ પોડ્યો, એન ત્યા પાહાલા ખુબ મોઠો ટોળો ચાલતો આતો,એન ત્યા ચોમખી ખુબ ગિડદી કોએત 25 એન યોક બાઈ આતી ત્યે બારા વોરહાથી લોય પોડના બીમારી આતી 26 ત્યે ખુબુજ વૈધ્યાહા પાંઆને ખૂબ વેઠિયાં, એન ત્યેં બાદી માલમીલકાત ખોરચી ટાકી તેરૂ ત્યેલ કાંય ફાયદો નાંય જાયો, પેન આજુ વદારે માંદી ઓઅતી ગીઈ 27 તી ઈસુવા વિશે વોનાઈન ટોળા આરે યેની, એન પાહાલા રોઈને ઈસુવા ફાડકાલ આથ લાવ્યો; 28 કાહાકા તી આખતી આતી, "જોવે એલા ફાડકાલ આંય આથ લાવું તોવે હારી ઓઅઈ જાહી" 29 તાબાડ ત્યે લોય પોડતાં બોંદ ઓઅઈ ગીયાં, એન ત્યેલ ડીલામાંય લાગ્યાં કા "આમી આંય હારી ઓઈ ગીયી" 30 ઈસવે પોતે તારાત જાઅયાં કા માયેમાને સામર્થ નિગ્યાહા એને લોકાહા એછે ફીરીન,ત્યેં પૂછ્યાં "કૂંયે માંઆ ફાડકાલ આથ લાવ્યો?" 31 ત્યા ચેલહાય ત્યાલ આખ્યા કા,"તુ એઅતોહોકા ચોમખીરે માંઅહે ગિડદી કોઅતેહે, તેરુ પૂછ્તોહો કા "માન કૂંયે આથ લાવ્યો?" 32 પેન ઈ કૂંયે કોઅયાં તીં એરાં ચોમખી એએહે 33 તોવે તી બાઈ માહાંટી કાય જાયા, તી કાપતી એન બીઈતી યેની, એન ત્યા પાગે પોડી,એન બાદી ખોરી ગોઠ આખી દેની 34 ત્યેં ત્યેલ આખ્યાં, "માંઆ પૂહી, તોઓ બોરોહે તુલ હારા કોઅયાં, શાંતિયે કોઓઈન જો,એન તાઆ દુખામાંઅને હારી ઓઅઈ જો" 35 તો તે આજુ આખીજ રીયહો તોવે આરાધનાલયા આગેવાના ગોઆ એસને બીજા લોકહાય યેયને આખ્યાં, "તોઓ પૂહી મોઓઈ ગીઈ ગુરૂવાલ કાયલાં આબદાં પાડતો હો ?" 36 જી વાત ત્યા આખતા આતા તી જાણે આંય વોનાયોહજ નાય એહેકોઈન આરાધનાલયા આગેવાનાલ આખ્યાં, "

મા બીયેહે, બોરહો રાખ, ઓલાંજ" 37 એને ત્યાય
પેત્રુસ, યાકૂબ એન યાકૂબા બાહા યોહાન, યાહાં
શિવાય ત્યા આરે કાદાલ નાંય યાંઆ દેના 38 ત્યા
આરાધનાલયા આગેવાના ગોઓ જાય ફૂગ્યા, તોવે
તો ત્યાહાન રોડતા એન કાકાહા કોઓતા દેખ્યા
39 તોવે ગાઅમાંય જાઈન, ત્યેં ત્યાહાન આખ્યાં
"તુમા કાહા કાકાહા કોઅતાહાએન રોડતાહા?
પૂહી મોઓઈ નાંઈ ગીયહી પેન, હુવી રોઓલી
હેય" 40 પેન ત્યાહાંય ત્યાલ ઓહીં કાડ્યો તેરૂ
ત્યેં બાદાહાન બાઆ દોવાડી દેના, એન આયેહે
આબાહાલ એન ત્યા હાંગાતીયાહાન આરે લેઈન,
પૂહી હુવતલી આતી તાંઆ ગીયો 41 પૂહયે આથ
દોઓઈન ત્યેં ત્યેલ આખ્યાં, " તાલીતા કુમ " યા
મતલાબ એહે કા ઓ પૂહી, આંય તુલ આખહુ
ઊઠ !'' 42 તી પુહી તારાતુજ ઊઠીને ચાલા લાગી
કાહાકા તી બારા વોરહા આતી યાથી લોક ખુબુજ
નવાય પામ્યા 43 ત્યેં ત્યાહાન ચેતવીન ઊકુમ દેનો
કા ઈ ગોઠ કાદાલ ખોબાર નાય પોડે, એન આખ્યા
કા, પૂહીયેલ કાંય ખાઆના દાંઆ આખ્યાં

6 1 તાંઅરે નીગીને તો ત્યા વોતનામાય ગાવામાંય
યેનો , એન ત્યા ચેલાબી ત્યા આરે ગીયા
2 શાબાતા દીહે તો દેવાળમાંય હીકાડે, તોવે ડીગ્ગેં
જાંએ ત્યા ગોઠ વોનાત, એન નોવાઈ પામીન
આખેત કા "યાલ ઈં બાદાં કેસને આવડેહે? ઈ
કોહડા જ્ઞાન એલાલ દેવામાંય યેનહા? એલા આથે
કોહોડેં મોઠેં કામેં ઓઅતેંહેં 3 કાય ઓ તોજ હુતાર્યો
નાંય કા? મારિયાયે પોહો એન યાકૂબ, યોસે, યહુદા
એન સીમોના બાહા હેય? એન ત્યા બોઅહીંયો
આપે ઈહીં નાંય રોય કા? એન ત્યાહાન ત્યા
વિસે ઠોકાર ખાદી 4 ઈસુવે ત્યાહાન આખ્યાં, બાદી
દુનિયા ભવિષ્યવક્તાહાલ માનેહે, નાંય માને ત્યાજ
વોતાનમાંય ત્યાજ જાતલેં એન ત્યાજ ગોરીયેં 5 તા
કોઅહેજ મોઠે કામે નાય કોઅઈ શક્યો,ખુબ થોડો
દુખ્યાહાવોય આથ થોવીને હારેં કોઅયે 6 એને
ઈસુલ ત્યાહા અવિશ્વાસા લીદે નોવાઈ લાગી 7 ઈસુ
ચારી-ચોમખી ગાવહેં-ગાવહેં હિકાડતો ફિર્યો એન
ત્યા બાર ચેલહાંન હાદીન ત્યેં ત્યાહાન બેબુન
બેબુન દોવાડયા એન બુતડાહાવોય ત્યાહાન પૂરો
અદિકાર દેનો 8 ત્યેં ત્યાહાન અહોડો ઊકુમ દેનો
કા,વાટે હાટી લાકડી શિવાય કાયજ નાંય લીતા;
નાંય બાખે, નાંય ઠેલી,નાંય પાકીટામાંય પોયહા
9 વાઅણે પોવજા પેન બેન ફાડકેં નાંય પોવના
10 ત્યેં ત્યાહાન આખ્યાં, જોવે તુમા કાદાઆ ગોઓ
રાહાટી જાહા, તાંઆજ રોજા, તાંઆરે તુમા નિંગી
જાહા તાંઆઉ લોગું તાઅ રાં 11 એન જાંઆ
તુમહાન લોક નાંય હાદેત એન તુમહાન નાંય
હાંબળેત, તાંઆરે નીંગી જાયા, એન ત્યાહાન
નિશાણી દાંઆ હાટી, તુમેહે પાગહા આરેને ઊદળા
તાંજ ખેખરી ટાકજા" 12 તોવે ત્યા ગીયા એન જાયને
લોકાહાન પાછા પાપહાથી વોળી યેએના વચાન
આખ્યાં, 13 ખુબ બુતાહાન કાડ્યા,એન ખુબ
દુખ્યાહાન તેલ ચોપડીન હારા કોઅયાં 14 હેરોદ
રાજાબી ઈસુ મોઠા કામહા બોદાલ વોનાયો, એન
હેરોદ રાજા લોકાહાન એહેં આખતા વોનાયા કા
યોહાન બાપ્તિસમાં દેનારો મોઅલામાંઅને પાછો
ઊડયોહો, તેંઅ ત્યા આથે મોઠેં કામે ઓઅતેહેં
15 એન બીજા લોક આખેત કા "ઓતે એલીયા
હેય એન આજૂ બીજા આખેત કા ઓ ભવિષ્ય
આખનારો નાયતે ભવિષ્ય આખનારાહા માને કાદો
તેરી એક હેય 16 ઈ વોનાઈન, હેરોદે આખ્યાં, માંય
જ્યા ટોલપી વાડાવી ટાકીયેલ, તો જ યોહાન પાછો
જીવતો જાયોહો 17 હેરોદેસે ત્યા બાહા ફિલીપુસા
થેએ હેરોદિયાસલ પોતાની થેએ બનાવી લેદેલ
ત્યા હાટી માઅહે દોવાડીને યોહાનાલ જેલેમાંય
કોંડાડી દેનેલ 18 કાહાકા યોહાને ત્યાલ આખ્યેલ,તો
બાહા થેએ તોઓ રાખના ઠીકનાંય 19 ત્યા હાટી
હેરોદિયાસ ત્યા આડાઈ કોએ, એન માંઆઈ ટાકાડાં
માગે, પેન નાંય માંઆઈ ટાકી શકી, 20 કાહાકા
હેરોદ ત્યાલ ચોખ્ખો એન પોરમેહરા પવિત્ર માઅહુ
જાંઆંઈન ત્યાથી બીઅતો આતો, એને ત્યાલ માને
એન બોચાવી રાખે,એન જોવે ત્યા આરે બોલે તોવે
ત્યાં હાબળીન ગાબરાય જાય પેન ખુશીથી વોનાતો
આતો 21 પેન યોક હિદી,ત્યા જનમા દિહી યનો,
તો દિહી હેરોદ ત્યા અમલદારાહા, મોંતરીયાહા
એન આગેવાન લોકાહા હારાં યોક જેવાણ રાખ્યાં
22 તાંઆ હેરોદીયાસે પૂહી આંદાર યેની, એન ત્યે
નાચ નાચી દેખાડી તીં હેરોદાલ એન ત્યા આરે
ખાં બોઠલાહાન ખુશ કોઅયા તોવે રાજેં પૂહીયેલ
આખ્યાં, માગ, જીં જોજે તી માંયે પાંઅને માગ,
એન તી તુલ આંય દિહી 23 ત્યેં કસામ ખાઈન
આખ્યાં, માંયે પાંઅને તું જીં માગે તીં આંય દિહી,
માંઆ રાજ્યા આરદો બાગ તું માગે તેરૂ તો તુલ
દિહી 24 પૂહીયે બારે જાયન આયહેલ પૂછ્યાં,કાય
માગું? ત્યે આખ્યાં, યોહાન બાપ્તિસમાં દેનારા
ટોલપી 25 ત્યેં તારાત આંદાર રાજા પાંય જાયન
આખ્યાં માંઆ માગણી હેય કા તું આમી થાળીમાંય
માન યોહાન બાપ્તિસમાં દેનારા ટોલપી લેયેય દે
26 રાજાલ દુ:ખ લાગ્યાં પેન જ્યાહાલ ત્યે હાદલા
ત્યા હુંબુર ત્યેં કોસામ ખાદેલ, ત્યાહાટી નાંય
આખની ઈમાત નાંય ચાલી 27 એન તારાત યોહાના
ટોલપી લાંઆ હાટી રાજેં યોક સીપાડાલ દોવાડીયો
28 તો ગીયો એન જેલેમાંય ત્યા ટોલપી વાડીન

થાળીયેમાંય થોવીન પૂહીયેલ દેની, એન પૂહીયે
આયેહેલ દેની 29 જોવે ત્યા ચેલાહાન ખોબાર
પોડી, તોવે ત્યા યેના, એન ત્યા કુડી લેઈન ત્યાહાંય
તી માહાણામાંય દાટી દેની 30 બાર ચેલા ઈસુવા
પાંય યેયના મોકળા જાયા, એન ત્યાહાંય જી કાંય
કોઅયાં તીં બાદાં ત્યાલ આખી દેખાડ્યા 31 ત્યેં
ત્યાહાન આખ્યાં, ચાલા, તુમા બાદા, યોક વેગળા
જાગામાંય વાહાયુક આરામ કોઆ કાહાકા ખુબ
જાંએ યાઉ જાંવ આતેં, ત્યાહાન ખાઆનાં બી
સમાય નાય મિળતો આતો 32 તોવે ત્યા ઊડીયેમાંય
બોહીન યોક ઊજાડ જાગામાંય કાદાં માંઅહું નાંય
મીળે, તાંઆ નીંગી ગીયા 33 લોકહાય ત્યાલ નિંગતા
દેખીને વોળખી લેદા એને, બાદા ગાંવાહામાં-ને
માંઅહેં દાહાંદી યેનેં, એન ત્યાહા આગાડી તાંઆ
યી ફૂગ્યેં 34 જોવે તો ઊડીયેમાંઅને ઊતીયો,એન
માઅહા ખુબ મોઠો ટોળો દેખીને, ત્યાહાવો ત્યાલ
દયા યેની કાહાકા ત્યેં બારવાડા વોગાર્યા મેંડાહા
રોકેં આતેં, એન ત્યેં ત્યાહાન ખુબ ગોઠ્યો હિકાડ્યો
35 એન જોવે દિહી બુડા આગલા ત્યા ચેલહાંય
ત્યા પાંય યેઈન આખ્યાં " ઊજાડ જાગો હેય,
એન દિહી બુડા વાય રોયહો 36 ત્યાહાન પાંહાય
ગાંવાહામાંય ખાંઆના વેચાતાં લાંઆ હાટી જાંઆ
દે" 37 પેન ત્યેં ત્યાહાન આખ્યાં, " તુમા એલાહાન
ખાઆના દીયા" તોવે ત્યાહાંય ત્યાલ આખ્યાં,
"કાંય, આમા જાઈન બેન હોવ રૂપિયામાંય બાખે
લેઈન ખાવાડજે કા ?" 38 ત્યેં ત્યાહાન પૂછ્યાં,
તુમેહે પાંય કોલ્યો બાખ્યો હેત્યો ?એરા જાયા"
ત્યાહાંય ખોબાર કાડીન આખ્યાં, " પાંચ બાખે એન
બેન માછલીયો" 39 તોવે ત્યેં ત્યાહાન ઊકુમ દેનો, "
જૂદી જૂદી લાઈન કોઅઈન ત્યાહાન નીળા ગાહીયા
વો બોહતા કોઅઈ દીયા" 40 ત્યા પોચાહા પોચાહા
એન હોવ હોવા લાઈન પાડીન બોહી ગીયા 41 તોવે
ત્યેં પાંચ બાખે એન બેન માછલીયો લેધ્યો, એન
જૂગા એછે એએઈન બોરકાત માગી, એન બાખે
મૂડી મૂડીને લોકહાલ દાંઆ હાટી ચેલાહાન દેનીયો
એન બેન માછલીયો બી બાદાહાન વાટી દેનીયો
42 બાદાહાંય ખાદાં, એન દારાઈ ગીયેં 43 એન
ત્યાહાય ત્યા ઉગારલા ટુકડાહા બારા ટોપલ્યો
બોઅયો એન બાકી માછલાહાબી ઉગર્યો 44 બાખે
ખાનારાહા સંખ્યા પાંચ ઓજાર માટડા આતા
45 તારાત ત્યેં ત્યા ચેલાહાન ઊકુમ કોઓયોકા
"ઊડીયેમાંય બોહીન બેતસાઈદા એછે ઊપડી જાયા"
તાંઆઉ પોતે લોકાહાન રાજાઈ દેય 46 ત્યાહાંલ
રાજાઈ દેઈન પાછેં તો પાર્થના કોરાં હાટી ડોગાવોય
ગીયો 47 વોખાતેંહેં જુંજડાં ઓઅતાં લાગ્યા તોવે
ઊડી દોરિયા માજામાંય આતી, એન તો યોખલો
બુઈયે ઊપે આતો 48 પેન ઊડી ચાલાડતાં ત્યાહાન
ખૂબ મેઅનાત કોઅતા દેખીયા, કાહાકા વારો હમે
જ યેહે તો રાતી આશરે ચાર વાગે અહોડેહે દોરિયા
ઊપે ચાલીને ત્યાહા પાંય યેનો, જાંઆંએ કા ત્યાહા
આગાડી નીંગી જાંઆ વિચારતો આતો 49 દોરિયા
ઊપે ચાલતો દેખીન ત્યાલ બૂત જાંઆયો એન
ત્યા બોંબલીન ઉઠ્યા 50 કાહાકા બાદાહાંય ત્યાલ
દેખ્યો, એન ગાબરાઈ ગીયા પેન ત્યેં ત્યાહાન
હાત કોઓઈન આખ્યાં " ઈમાત રાખા, આંય
હેતાઉં ગાબરાયાહા મા" 51 પાછેં તો ત્યાહા આરે
ઊડીયેમાંય ચોડી ગીયો એન વારો બોંદ પોડીયો,
તોવે ત્યાહાન ખૂબ નોવાઈ લાગી 52 કાહાકા
બાખ્યેહે વિશે ત્યાહાન હોમાજ નાંય પોડીયેલ,
ત્યાહા મોન કોઠાણ ઓઅઈ ગીયેલ 53 ત્યા ઊડી
કોરાડા એછે આકલી લેઈ ગીયા એન ગેનેસારેત યેઈ
ફૂગ્યા, એને ઊડી મેરે લાવી 54 તો ઊડીયેમાંઅને
ઊતીયો, તોવે લોકાહાંય ત્યાલ તારાતુજ વોળખીને
55 એન આખા મુલુખામાંઅને માંઅહે દાંહાદી
યેનેંએન ચાપાળાહાવો દુખ્યાહાન હુવાડીન, જાંઆ
વોનાયા કા તો હેય, તાંઆ લેઈ યેનેં: 56 જોવે
તો કાદા ગાંવામાંય કા શેએરામાંય ગીયો, તોવે
દુખ્યાહાન વેગળામાંય થોવીન ત્યા માગણી કોઓત
કા વોછમાંય વોછાં ફાડકા મેરાલ આથ લાવાં દે એન
જોલે ત્યાલ આથ લાવેત તોલે બાદેજ હારે ઓઈ
જાત

7 1 કોલાહાક પોરૂષીયા એન યેરૂસાલેમરે યેનલા,
ધર્મશિક્ષક ત્યા પાંય ટોળો જાયા, 2 ત્યાહાંય
ત્યા ચેલાહાન મેલા આથે, મતલબ આથ દોવ્યા
વોગાર, ખાતા દેખ્યા 3 કાહાકા પોરૂષીયા એન
બાદા યહૂદીયા વાડવડીલાહા રિત આતી કા આથ
દોવ્યા વોગાર નાંય ખાત 4 આટામાંઅને ગોઓ
યેઈન પાછેં આંગળી લેય, તોવેજ ખાઆનાં, એન
બાંગારાઆ વાહાણે કોળ્યાહા એન તોપલેં ચોળના,
એન અહોડાં ડીગ્ગાં પાળાં પોડે 5 તોવે પોરૂષીયા
એન ધર્મશિક્ષકાહાંય ત્યાલ પૂછ્યાંકા, "તો ચેલા
વોડીલાહા રીવાજ પૂરમાણે કાહા નાંય ચાલેત ?
એને આથ દોવ્યા વગાર બાખે ખાતહા ?" 6 પેન
ત્યેં ત્યાહાન જાવાબ દેનો, કા " તુમા ડોંગી લોકાહા
વિશે યેશાયા ભવિષ્યવક્તાંય હારાં આખ્યેલ, જેહે
કોય લીખલા હેય, " યા લોક ઓઠા કોયમાં માનપાન
કોઅતાહા પેન ત્યાહા મોન માંયે પાંઅને દુઉ હેય
7 યા નકામી માં ભક્તિ કોઅતાહા, ત્યા માંઆહાં
રીવાજ ધર્મ આખતાહા" 8 તુમા પોરમેહરા ઊકુમ
છોડીન, વોડીલાહા રિવાજ પાળતાહા" 9 ત્યેં
ત્યાહાન આખ્યાં, " તુમા નાંન્ડાજ પોરમેહરા ઊકુમ
છોડી દેતાહા, એન તુમેહે રીવાજ પાળાતાહા

10 મૂસાએ આખ્યેલ કા “ તો આયેહે આબાહાલ
માન દે વોળી, જીં માંઅહું આયેહે આબાહાલ
ગાળી દેય ત્યાલ નક્કી જ માંઅઈ ટાકા” 11 પેન
તુમા આખતાહા કા જીં માઅહું આયેહે આબાહાલ
એહેં આખેહે કા “ તુમાહાન જીં કાંય માઆ
દાંઆ પોડે, તીં કુરબાન હેય, મતલબ પોરમેહરાલ
દેનલી ભેટ હેય,” 12 તોવે ત્યાલ આયેહે આબાહા
હાટી કાંય નાંય કોરાં દેતાહા 13 એહેં કોઅઈન
વોડીલાહા પાંઅને લેદલા રીવાજ લેદે તુમાહાંય
પોરમેહરા ઊકુમ છોડી દેનાહા તુમા અહોડાં ડીગ્ગાં
કોઅતાહા” 14 એન લોકાહાન પાછા હાદીન ત્યેં
ત્યાહાન આખ્યાં, “તુમા બાદા માં વોનાયા એન
હોમજા 15 ગોમે તી વસ્તુ, જી બાઆરે માંઆહા
માજામાંય જાય, ત્યા લેદે માંઅહું બગડી નાંય જાય,
પેન માંઆહા માજરે જી વસ્તુ બાઆ નીંગે ત્યા
લેદે તો બગડી જાય ખોરાં” 16 [જ્યા વોનાના
કાન હેંય તો વોનાય લેય*] 17 પાછેં તો ત્યાહાન
છોડીન ગોઅમેં યેનો, તોવે ત્યા ચેલાહાંયત્યાલ યા
જીખના મતલબ પૂછ્યો 18 ત્યાહાન ત્યેં આખ્યાં
“ તુમાહાન બી નાંય હોમજાય કા ? તુમા નાંય
હોમજેત કા બાદી વસ્તુ જી બાઆરે યેહે, તી
માંઆહાન મેલા નાંય બોનાવી શકે કા ? 19 કાહાકા
તી ત્યાહા મોનામાંય નાંય જાય, પેન ત્યા બુકામાંય
જાહે, એન પાછેં તો ઝાડાવાટે બાઅરે નીંગે હે”
(એહેં કોઅઈન ત્યેંબાદી ખાઆની વસ્તુ ચોખ્ખી
આખી) 20 એન ત્યેં આખ્યાં “ માંઆહામાંઅને
જી નીંગેહે, તી વસ્તુ ત્યાલ મેલો કોઅહે
21 માજરે, ત્યા મોનામાંઅને, ખરાબ વિચાર,
વ્યભીચાર, સીનાળી, ચોરી, ખૂન, પારકી થેએ
22 લોબ, લુચ્ચાઈ, છેતારના, ખોટાં કામ,ઓદરાઈ,
ચાડી,ઓબીમાન, ઓક્કાલ વગારન્યો ગોઠ્યો,
23 ઓહોડેં બાદેં પાપેં માજરે બાઆ નીંગતેંહેંએન
ત્યાલ મેલો કોઅતેંહેં” 24 તાંઆરે નીંગીન તો તૂર
વિસ્તારામાંય ગીયો એન યોક ગોઅમે ઊરાઈ ગીયો
એન કાદાલ ખોબાર નાંય પોડે પેન તો દુબી
નાંય શક્યો 25 ઊલટા ત્યા વિશેવોનાઈન યોક થેએ
યેનીએન ત્યા પાગે પોડી ત્યે પુહીયેલ બૂત લાગલો
આતો 26 તી થેએ યુનાની એન સુરુફિની આતી,
પૂહીયેમાંઅને બૂત કાડા હાટી ત્યેં વિનંતી કોઅઈ
27 તોવે ત્યે આખ્યાં, “ પોયલા પાહાહાન દારાઈન
ખાંઆ દેને ! પાહાહા બાખે લેઈન કુતરાહાલ
ખાવાડના બરાબર નાંયહેય” 28 તી આખે, “પ્રભુ,
ખોરી ગોઠ હેય, પેન પાહાહા આથામાને પોડલા
ટુકડાહા ચાર કુઅતરે ખાતહે 29 તોવે ત્યેં ત્યેલ
આખ્યાં, “ તો યે ગોઠીયે લેદે, જો, બૂત તો
પૂહીયેમાંઅને નીંગી ગીયોહો” 30 તી ગોઓ ગીઈ,
એન પોહી ચાપાળે હુવતલી દેખી, બૂત તેએ
નીંગી ગીયેલ 31 તૂર દેશ છોડીન, સીદોન દેશા
માઅને નીંગીન દોહોપાડામાંય રોઈન તો પાછો
ગાલીલ દોરિયા એછે યેનો 32 માંઅહેં યોક બોઓરા
એન તોતર્યા માંઆહાંલ ત્યાપાંય લેઈ યેનેં એન
ત્યાહાંયત્યાલ આથ લાવના માગણી કોઅયી 33 તો
ત્યાલ ટોળામાઅને કાન્યે લેઈ ગીયો, ત્યા કાનામાંય
આંગળી ગાલી, એન થૂપીન ત્યા જીબેલ લાવ્યાં
34 જૂગા એછે એઅઈન એન હુઉકા ટાકીન, ત્યેં
ત્યાલ આખ્યાં “એફ્ફેતા” મતલબ કા “ઊગડી જો”!
35 એન ત્યા કાન ખૂલી ગીયા એન ત્યા જીબ છુટી
જાયી એને, તો હારો બોલતો લાગ્યો 36 એન ત્યેં
ત્યાલ ઊકુમ દેનો કા “ઈં કાદાલ આખના નાંય”
પેન જોલો વોદારે ઊકુમ કોઅયો, તોલાં વોદારે
આખતા ગિયા 37 એન ત્યા ખૂબ નોવાઈ પામીને
આખા લાગ્યા, એન આખેત કા “ત્યેં બાદાં હારાં
કોઅયાંહાં, બોઓરાહાન વોનાતા કોઅયા, એન
મૂકાહાન બોલના તાકાત દેહે”

8 1 ત્યા દિહાહામાંય પાછો યોક મોઠો ટોળો
બેગો જાયો, એન ખાંઆના નાંય આતાં ઈસુવે
ચેલાહાન હાદીન આખ્યાં 2 “લોકાહા વો માન દયા
યેહે, આમી તીન દીહી જાયા, ત્યા માંયેપાંય હેતા,
એન ત્યાહા પાંય ખાંઆના નાંય મીળે 3 જોવે
આંય ત્યાહાન બૂખા ગોઓ દોવાડી દાંઉં, તોવે
વાટેમાંય ત્યા થાકઈન તાંજ રોય પોડી, કાંહાકા
ઈહીમાઅરે કોલાહાક જાઆ ખૂબ દુઉરે યેનાહા”
4 ત્યા ચેલાહાંય ત્યાલ આખ્યા કા “યા ઊજાડ
જાગામાંય ઓલા બાદા લોકાહાન ખાવાડાં હાટી
કેછને ખાઆના મીળે ?” 5 ત્યેં ત્યાહાન પૂછ્યાં,
“ તુમેહે પાંય કોલ્યો બાખ્યો હેત્યો ?” ત્યાહાંય
આખ્યાં, “ હાત” 6 ત્યેં ત્યાહાન બૂઈયીવો બોહના
ઊકુમ દેનો પાછેં હાત બાખી લેધ્યો એન બોરકાત
માગીન ચેલાહાન વાટી દાંઆ આખ્યાં, એન
ત્યાહાંય લોકાહાંન વાટી દેનાં 7 ત્યાહા પાંય થોડેં
વાહાનેં માછલેં બી આતેં ત્યાહાવો બોરકાત માગીન
ત્યેં બી ત્યાહાન ખાંઆ દેનેં 8 ત્યાહાંય દારાઈન
ખાદાં,એન વોદલા કૂટકા ટોળો કોઅયા તોવે હાત
ટોપલિયો બાઆઈ ગીયો 9 માંઅહેં આશરે ચાર
ઓજાર આતેં ત્યેં ત્યાહાન રાજાઈ દેની, 10 એન
તારાત ચેલાહા આરે ઊડીયેમાંય બોહી ગીયો એન
દાલમનૂતા વિસ્તારમાંય યેનો 11 પોરૂષીયા નીંગીન
ત્યા આરે ચર્ચા કોઅતા લાગ્યા ત્યા માયનો કોરાં
હાટી ત્યાહાંય ત્યા પાંઅને જૂગામાંઅને નીશાણી
માગી 12 પેન તો મોનામાંય હુઉકા ટાકીન આખ્યાં
“ ઈ પેડી કોહોડી નીશાણી માગે હે ? હાચુલ
આખહું યે પેડીયેલ નીશાણી કાદે દીહી નાંય દેવાયી”

13 એન ત્યાહાન છોડી, તો ઊડીયેમાંય બોહી ગીયો
એન પાછો ત્યે મેરે ગીયો 14 તોવે ચેલા બાખે
લેએના વિહીરાઈ ગીયા, એન ઊડીયેમાંય યોકુજ
બાખે આતી 15 ત્યેં ત્યાહાલ ખીજવાઈને આખ્યાં,
"દીયાન રાખા, પોરૂષીયાહા ખમીર એન હેરોદા
ખમીરથી ચેતીન રોજા" 16 ત્યા આપસામાંય વિચાર
કોઅતા એન આખતા લાગ્યા, " આમેહે પાંય
બાખે નાંય હેય" 17 તીં જાંઆઈન ત્યેં ત્યાહાન
આખ્યાં કા " આમેહે પાંય બાખે નાંય હેય અહોડા
તુમા કાહા વિચાર કોઅતાહા ? આજૂ તુમા
નાંયહોમજતાહા ? 18 તુમેહેમોન કોઠાણ ઓઈ
ગીયહાં કાય? સોતા ડોળા તુમા નાંય એઅતાહા
? સોતા કાન તુમા નાંય વોનાતાહા ? એન કામ
તુમહાલ દિયાન નાંય કા ? 19 માંયે પાંય ઓજારાહા
હાટી પાંચ બાખ્યો મુડ્યો, તોવે તુમાહાંય કોલ્યો
ટોપલીયો બોઅલ્યો ?" ત્યાહાંય જાવાબ દેનો "
બાર ટોપલ્યો" 20 " એન ચાર ઓજારાહા હાટી
માંયે હાત બાખ્યો મુડ્યો, તોવે કોલ્યો ટોપલીયો
બોઅલ્યો ?" ત્યાહાંય ત્યાલ આખ્યાં " હાત ટોપલે"
21 એન ત્યેં આખ્યાં " આજૂ તુમા નાંય હોમજેત
કા ?" 22 ત્યા બેતસાઈદા યેઈ ફૂગ્યા તાંઆ માંઅહેં
યોક આંદળાલ ત્યા પાંય લેઈ યેનેં, એન ત્યાવો
આથ થોવની માગણી કોઅયી 23 તો આંદળાલ
આથે દોઅઈન ગાંવા બાઆ લેઈ ગીયો, એન ત્યા
ડોળાહામાંય થૂપીન ત્યાલ આથ લાવીન ત્યેં પૂછ્યાં,
કા " તુલ કાંય દેખાહાય ?" 24 ત્યેં આખ્યાં "
માંઅહેં દેખાતેંહેં, કાહાકા જાડાહા રોકાં કાંય ફીઈતાં
દેખતાહાવ" 25 પાછેં આજૂ ત્યા ડોળાહા ઊપે
આથ થોવ્યો તોવે તો ચોખ્ખો દેખતો મુંડ્યો એન
હારો ઓઈ ગીયો, એન બાદાં હારો દેખતો જાયો
26 ત્યે ત્યાલ એહે આખીન ગોઓ દોવાડ્યા, "
યા ગાંવામાંય પાગબી નાંય થોવના" 27 ઈસુ એન
ત્યા ચેલા કાયસારિયા ફિલીપીયા ગાંવાહામાંય ગીયો
તોવે વાટેમાંય ત્યા ચેલાહાન પૂછ્યાં કા "માઅહેં
માન કાય આખતેહેં ?" 28 ત્યાહાંય જાવાબ
દેનો, "યોહાન બાપતિસ્માદેનારો, બીજા એલીયા
માનતાહા, એન બીજા ભવિષ્યવકતાહામાંઅના
યોકતો ભવિષ્યવકતા, એહેં આખતાહા" 29 તોવે
ત્યેં ત્યાહાન પુછ્યા કા," એન, તુમા માન કાય
આખતાહા ?" તોવે પેત્રુસે જાવાબ દેનો "તુ મસીહી
હેતો" 30 તોવે ત્યેં ત્યાહાન ચેતવણી દેયન આખ્યા
કા " માંઆ વિશે કાદાલ આખના નાંય" 31 તો
ત્યાહાન હિકાડતો લાગ્યો કા " માંઅહા પાહા
ખુબ દુખ વેઠાં પોડી, એન આગેવાન માંઅહેં,
મુખ્ય યાજક એન ધર્મશિક્ષક ત્યાલ દોઅવાડી
દી એન માંઆઈ ટાકી, એન તીન દીહી પાછેં
તો પાછો જીવતો ઊઠી" 32 ત્યેં ઈ ગોઠ ખુલ્લી
રીતે આખી,તોવે પતરસ ત્યાલ કાનિયે લેઈ જાયન
ધાકાડા લાગ્યો 33 પેન પાછો વોળીનચેલાહા એછે
એએઈન ત્યેં પત્રસાલ ઠોપકાડીન આખ્યાં," ઓ
બુત મા ઈહીને દુરજો કાહાકા તુ પોરમેહેરા ગોઠ્યો
નાંય પેન માઅહા ગોઠ્યેવોય મન લાવતોહો"
34 એન ચેલાહા આરે લોકાહાન હાદીન ત્યેં આખ્યાં
" જીં માંઆહું માંઆ પાહાલા યાંઆ માગે, તો
ત્યા નાકાર કોંઈને હુળીખાંબ ઊસલે એન માંઆ
પાહાલા ચાલે 35 જીં માંઆહું પોતે જીવ બોચાવાં
માગે, તો ત્યાલ ગુમાવી જીં માંઅહું માંઆ લેદે
એન હારી ખોબારે લેદે ત્યા જીવ ગુમાવી ત્યા
જીવ બોચાવી 36 એન જોવે માંઅહું આખી દુનિયા
મેળવી લેય, પેન પોતા જીવ ગુમાવે, તોવે ત્યાલ કાય
ફાયદો ? 37 માઅહું પોતાના જીવા બદાલ કાય દી
? 38 જીં માંઅહું યા વ્યભીચારી એન પાપી દુનિયા
આગલા માંઆ ગોઠીયે લીદે શરમાયી, જોવે તો
દેવદૂતાહા આરે હોરગામાંઅને ત્યા આબહા આરી
યીઈ તોવે ત્યાલબી લાજવાડી"

9 1 ત્યેં ત્યાહાન આખ્યાં, "આંય તુમાંહાન
હાચાંજ આખતાહું કા ઈહીં ઉબેં હેય,
ત્યાહામારે નાયત્યેં/બાકી ઓહડેં હેય, કા જાઉં લોગું
પોરમેહરા રાજ શક્તિયેકોય યેતાં નાય એએય લેય
તાંવહુદી ત્યાહાન મોરાણ યેયજ નાય" 2 છોવ દિહી
પાછેં ઈસવેં પેત્રેસ, યાકુબ એન યોહાનાલ આરે
લેયન યોકા ઉચા ડોગાવ ગીયો તાંઆ ત્યાહા હામે
ત્યા રૂપ બોદલાઈ ગિયાં 3 ત્યા ડોગલેં ખુબૂજ
ઊજળેં ઓઈન જીંગાત કા, તોહડેં દોરત્યેમાંય
કાદોજ દોબ્યો બી ઉજળાવી નાય હોકે 4 એન
ત્યાહાલ મુસા આરે એલિયા દેખાયો; ત્યા ઈસુ
આરે ગોઠ્યો કોંઉ આથા 5 તોવે પેતરાંય ઈસુવાલ
એહેં આખ્યાં, " ઓ દેવા આમેં રોઅના ઈહીં
હારાં હેય: આમા તીન માંડવા પાડજેહે, યોક
તોઓ કોરેં, યોક મુસા કોરેં, એન યોક એલિયા
કોરેં" 6 કાહાકા તો કાય આખહે, તીં ત્યાલ ખોબાર
નાય આથાં યાહાટી ત્યા ખુબૂજ બીઈ ગીઅલા
7 તોવે યોક વાદળા યેઈન ત્યાહાન ડાકી લેદાં, એન
ત્યાહાન વાદળામારેં આવાજ વનાવાં યેનો, "ઓ
માં વાહલો પોહો હેય, ત્યા આખલાં માંનજા" 8 તોવે
ત્યાહાંય ચોમખી એઅયાં, એન ઈસુ યોખલોજ
દેખાયો બીજો કાદોજ નાય 9 ડોગાઊપને યેતી
વેળાય ત્યાંય ત્યાહાંન યોક આગના દેની કા,
તુમહાંય જીં કાય એઅયાં તીં માંઅહાં પોહો
મોંઅલામારે ઉઠે તાંઆઉંલોગું કાદાલુજ આખના
નાય 10 ત્યાહાંય યે ગોઠીલ માની લેદાં, પેન
મોઅલાંમારે પાસાં ઉઠના તીં કાય? યા બોદાલ

ત્યા આપેહેમાંય બોલાં લાગ્યા 11 એન ત્યાંહાંય
ઈસુવાલ પૂછયા, “ શાસ્ત્રી કાહા એંહે આખતાહા
કા પેલાં એલિયા યાં જોજે?” 12 ત્યેં આખ્યાં કા,
એલીયો ખોંરાજ પેલો યેયન બોદાંજ હુદારી,બાકી
માંઅહાં પોહા વિશે કેંહે કોઅઈન લોખ્યાંહાં, કા તો
ખુબૂજ દુખ વેઠી, એન ત્યાલ ગાળી ખાંઆ પોડી
13 આંય તુમાંહાન એંહે આખતાંહૂં કા, એલીયો તે
યેય ગીયહો, એન લોખલાં હેય ત્યાજ પૂરમાણે
ત્યાલ ત્યાહાંય ત્યાહા મોન આખે તેંહેંજ કોઅયાં"
14 પાસેં તો ચેલાહાપાંય યેનો, તોવે ત્યાંય ડિગા
જાંઆહાન ત્યાહા ચોમખી ઊબા રોઅલા એઅયા,
એન ત્યાહાઆરે શાસ્ત્રી લોક બોલા-બોલી કોઅતા
દેખ્યા 15 ઈસુવાલ એઅતાંજ બોદાહાલ ખુબૂજ
નોવાય લાગી, એન ત્યાએસે દાહાંદી જાયન ત્યાલ
સલામ કોઅયાં 16 એન ત્યાંય ચેલેહાપાંય જાયન
પૂછયાં, "તુમા ત્યાહાઆરી કોઅહ્યે ગોઠ્યે વિસે
બોલા-બોલી કોઅત?" 17 ટોળામાહરે યોકાજાંએ
એંહે આખ્યાં કા, “ હાં ગુરૂજી માંઆ પાહાલ
આંય તોઓ પાહીં લેય યેનહો, એન ત્યાલ મૂકો
બુત લાગલો હેય 18 બુત ત્યાલ જાંજ દોઅહે
તાંજ આફાટી દેહે, એન ત્યા મુંઈયામાહરે ગોંડો
નીંગ્યો,એન ત્યા દાંતબીડુવાય ગિયા પાસેં તો
નોબળો પોડી ગિયો માયેં તો ચેલહાન એંહે
આખ્યાં કા ત્યામાંહરે બુતાલ કાડી ટાકા, બાકી
ત્યા ત્યાલ કાડી નાય હોક્યા" 19 ઈં વોનાયન ત્યાંય
જાવાબ દેનો, “ઓ બોરહોનાય થોવનારા લોકહાંય,
આંય કોલહા લોગું તુમહેઆરી રોહીં ? એન
કોલહાલોગું તુમહાંન સહાન કોઅઈ લાંઉ? ત્યાલ
માયેંપાંહીં લેયયા" 20 ત્યાલ ત્યાંપાહીં લેય યેના,
એન બુતેં ત્યાલ દેખ્યાં, તોવે ત્યાંય પાહાલ આફાટી
ટાક્યાંએન તો બુંઊઈ પોડીન કોથાલતો લાગ્યો
તોવે ત્યા મુયાંમાહરે ગોંડો નિંગા લાગ્યો 21 ઈસુંવેં
ત્યા આભાહાલ એંહે પૂછયાં, ઈ બિમારી ત્યાલ
કોવેપાને હેય?" ત્યાંય આખ્યાં, વાહનેરેજ હેય
22 ત્યેં ત્યાલ માંઆઈ ટાકાં હાટી,કોવે આગ્યેમાંય,તે
કોવે પાંઅયાંમાંય ઊડવી ટાક્યાંબાકી તું કાંય
કોઅઈ હોક્તોહો તે,આમહે ઊપે દયા કોઅઈન,
આમાહાંન મોદાત કોઓ 23 ઈસુંવેં ત્યાલ આખ્યાં
એન તું કાંય કોઓઈ હોકતોહો? ઈ કાય ગોઠ
હેય! બોરહો રાખનારાં માંઅહું બોદાંજ કોઅઈ
હોકેહે" 24 તારાતુજ પાહા આબેહે મોઠેરે આખ્યાં,
“બોરહો હેય! માંઆ બોરહો નાય હેય યાહાટી તું
મોદાત કોઓ” 25 જોવે ઈસુંય એઅયાં કા માંઅહે
દાંહાં દેતેંહે, એન ગીર્દી કોઅતેંહે,તોવે ત્યા બુતાલ
દોમકાડીન આખ્યાં કા, “ ઓ મૂકા એન બેરા
બૂત, તુલ આંય એહેંકોન આગના કોઅતાહું, કા
એલામાંહરે નીંગી જો, એન પાસો વોળી યેઅના
નાય” 26 તોવે પાસેં ત્યાલ ખુબુજ આફાટીન,
ચીચાયન ત્યામાંહરે તો બુત નીંગી ગીયો એન તો
પોહો મોઓલા રોકો પોડી રિયો પાસેં માંઅહેં
એંહેંકોન આખતેં લાગ્યેં કા મોઓઈ ગીયો" 27 પેન
ઈસુંય ત્યા આથ દોઓઈન ત્યાલ ઉઠાડ્યો, એન તો
ઉઠીન ઊબો રિયો 28 જોવે ઈસુ ગોઓ યેનો, તોવે
ચેલાહાંય ત્યાલ યોખલાંહાં માય પૂછયાં કા," આમાં
ત્યાલ કાહા નાય કાડી હોંક્યા?" 29 ત્યાંય ત્યાહાલ
આખ્યાં, એલી જાત પ્રાર્થના કોઅયા વોગાર
કાડી નાય હોકાય 30 પાસેં તાંઆરેં નીંગીન ત્યા
ગાલીલમાંઅનેં જાં લાગ્યા એન ત્યાલ એંહેં લાગ્યાં
કા કાદાલુજ ખોબાર નાય પોડાં જોજે 31 કાહાકા
તો ચેલાહન હિકાડહે એન ત્યાહાલ આખહે “
માઅહાં પોહો માઅહાં આથામાંય દોઅવાય જાય
ત્યા ત્યાલ માંઆઈ ટાકી એન તો મોંઅલામારે
તીન દીહ્યા પાસેં જીવતો ઊઠી” 32 પેન ઈ ગોઠ
ત્યાહાન હોમાજ નાંય પોડી,પાસેં તે ત્યાલ પૂછા
હાટી બિઈતા આથા 33 પાસેં ત્યા કાપરનાઊમ માંય
યેય પોંઅચ્યા; ગાઅમેં યેયન ત્યેં ત્યાહાન પૂછ્યાં કા
“ વાટે ચાલતાં તુમા કોઅહ્યે ગોઠ્યે વિસે યોક-બીજા
આરે બોલેત?” 34 ત્યા ઠાકાજ રોયાકાહાકા વાટે
યેતાં ત્યા યોકા-બીજા આરે યા વિસે બોલા-બોલી
કોઅતા આથા,કા,આપહેમાંરે મોઠો કું હેય 35 તોવે
તો બોહી ગીયો,એન ત્યા બારા ચેલહાન હાદ્યાં એન
એંહેં આખ્યાં, કા "જો કાદો મોઠો ઓરાં માગહે,
ત્યેં બોદહાંમાંય હાનો એન સેવા કોઅનારો બોના
જોજે" 36 તોવે ત્યેં યોકા પાહાલ લેયન ત્યાહા
વોચમાય ઊબો કોઅયો, એન ત્યાલ ઊગીહીંમાંય
લેયન આખ્યાં, 37 “જો કાદો માં નાવામાંય ત્યા
પાંઅહાંમાઅરે કાદા યોકાલબી હાદહે,તો માન
હાદહે; એન જો કાદો માન હાદહે, તો માન
નાંય, પેન માન દોવાડ્યોહો ત્યાલ હાદહે” 38 તોવે
યોહાને ત્યાલ આખ્યાં, “ઓ પ્રભુ, આમહાંય યોકા
જાંઆલ તો નાવાકોંય બુતાહાન કાડતાં દેખ્યાં,
એન આમાં ત્યાલ ઓટકાડાં લાગ્યા, કાહાકા તો
આપહેઆરે ચાલે નાય” 39 ઈસુંય આખ્યાં, “ ત્યાલ
ઓટકાડહા મા;કાહાક ઓહડો કાદોજ નાય હેય કા
જો માં નાવેંકોંય હારેં કામે કોએ, એન તોરાતુજ
માં વિસે ખોટાં આખે 40 કાહાકા જો આપહે વિરૂદ
મેં નાય, તો આપહે આરે હેય 41 જો કાદો યોક
ગલાસ પાંઆઈ તુમહાન યાહાટી પાજી કા તુમા
ખ્રિસ્તી હેય તે, આંય તુમાહાંન હાચુલ આખતાંહું
કા,ત્યાલ ત્યા બોદલો મિળયા વોગાર રોય નાય
42 “ જો કાદો વાહાનાહાંમાંને માયેં વો બોરહો
રાખહે,ત્યાહામારે યોકા-બીજા ખોટાં કોએ તે ત્યા

હાટી ઈ હારાં હેય કા, ત્યા ગોગ્યેમાંય ગોંઅટી પુડ
બાંદીન દોરીયામાંય બુડવી દેય 43 એન તો આથ
તુલ ખોટાંકાઆડે,તે ત્યાલ ખાંડી ટાક યાહાટી કા
બેની આથ લેઈન નરકાકોળ્યે માંય જાં કોઅતાં યોક
આથ લેઈન હોરગામાંય જાઅના હારાં પોડી 44 [જે
ઠેકાણે ત્યા કીડો નાય મોએ એન આગ નાય ઊલાય]
45 એન તો પાગ તુલ ખોટાં કાઆડે, તે ત્યાલ ખાંડી
ટાકયાહાટી કા બેની પાગ લેઈન નરકાકોળ્યે માંય
જાં કોઅતાં લેંગડયો ઓઈન હોરગામાંય જાઅના
હારાં પોડી 46 [જે ઠેકાણે ત્યા કીડો નાય મોએ
એન આગ નાય ઊલાય] 47 એન તો ડોળો તુલ
ખોટાં એઆડે,તે ત્યાલ કાડી ટાક યાહાટી કા બેની
ડોળા લેઈન નરકાકોળ્યે માંય જાં કોઅતાં યોકે ડોળે
એઈન હોરગામાંય જાઅના હારાં પોડી 48 [જે
ઠેકાણે ત્યા કીડો નાય મોએ એન આગ નાય ઊલાય]
49 કાહાકા બોદહાલ આગ્યેકોંય ચોખેં કોઅવામાંય
યીઈ 50 મીઠાં હારાં હેય, ત્યા ખારાં લાગના જાતાં
રોય તે, ત્યા ચોવ કેહકોંન લેયયાહા? આપહેમાંય
મીઠાં રોકી ચોવ રાંઆં દા, એન યોક-બિજાહા આરે
ઈળી-મિળીન રા

10 1 પાસેં તો તાંઅેરેં નીંગીન યહુદયાહા હદયે
વોઅને યારદેન નોયે ત્યેંકાને યનો એન
ત્યાપાંય લોક પાસા ટોળો વોળી ગિયા,એન તો
ત્યાપુરમાણે તો ત્યાહાન પાસો હિકાડતો લાગ્યો
2 તોવે પોરૂસીહાંય ત્યાંપાંય યેઈન ત્યા પરીકસા
લાંહાટી ત્યાલ હોદયાં, "માટડો ત્યા થેયેલ દોવાડી
દેઅના ઈ હાચાં હેય કા?" 3 ત્યેં ત્યાહાન એંહકોન
જાવાબ દેનો, " મુંસાંય તુમહાન કોહડી આગના
દેનલી?" 4 ત્યાહાંય આખ્યા " મુસાંય તે લેખ-પાત્રી
લોખીન થેયેલ ફારગાતી દેય દેઅના ઈ આગના
દેનલી" 5 ઈસુંય ત્યાહાન આખ્યાં, " તુમે કોઠાણ
મોના લીદે મુસાંય તુમહાન એંહેંકોન આગના
દેની 6 સૃષ્ટી પોયલાંજ પોરમેહરાંય, માટડો એન
થેએય આખીન બોનાડ્યેલ 7 ત્યાહાટી કા આયહે
આબાહાલ સોડીન, માટડો થેએય આરે મિળીન
રોય 8 એન ત્યેં બેની જાંએં યોકા આંગા બોની;
યાહાટી કા ત્યેં બેન નાય હેય, બાકી યોકાજ
આંગા હેય 9 યાહાટી કા પોરમેહરાંય જી જોડી
કોઓઈ દેનહી, ત્યેલ માંઅહું તોડી નાય હોકે"
10 ત્યા ગોઅમે ગીયો તોવે ચેલા ત્યાલ પાસા તીજ
ગોઠે વિસે પૂછેત 11 ત્યેં ત્યાહાન એંહેં આખ્યાં,
" જો કાદો માટડો ત્યા થેયેલ સોડીન બીજીઆરે
વોરાડ કોએ તો ત્યા પેલી થેઅયે વિરૂદ વેભીચાર
[સીનાળ] કોઅહે 12 એન જી થેઅય ત્યા માટડાલ
સોડીન બીજાઆરે વોરાડ કોએતે તી વેભીચાર
[સીનાળ] કોઅહે" 13 પાસેં માંઅહેં પાહાહાંન
ત્યાપાંય લેઅયાં લાગ્યેં,યાહાટી કા તો ત્યાહાવોય
આથ થોવે,પેન ચેલહાંય ત્યાહાન દોમકાડી દેના
14 ઈસુવાલ ઈં એએયન ખોટાં લાગ્યાં,એન ત્યાંય
આખ્યાં, "પાહાહાન માયેં પાંય યાં દ્યા, ત્યાહાલ
ઓટકાડહા મા, કાહાકા પોરમેહરા રાજ ત્યાહાજ
હેય 15 આંય તુમહાન હાચૂલ આખતાંહું કા, જો
કાદો વાહના પાહા રોકો બોની જાય નાય તાંઊહુદી
પોરમેહરા રાજમાય જાય નાય હોકે" 16 એન ત્યેં
ત્યાહાન ઊંગહીમાય લેઈન, આથ થોવીન ત્યાહાન
બોરકાત દેની 17 તાંઅરેં નીંગીન તો વાટે જાય
તોવે,યોક માંઅહું દાંહદી યેનો એન ત્યા આગાડી
પાગે પોડીન ત્યાલ પૂછ્યાં કા, " ઓ પ્રભુ,
જોલામજુગ્યાં જીવાન મેળવાં હાટી માયેં કાય કોરાં
જોજે?" 18 ઈસુવાંય ત્યાલ આખ્યાં કા, "માન
કાહા હારો આખતોહો? કાદોજ હારો નાય હેય
પોરમેહરા સિવાય 19 તુલ આગના ખોબાર હેય
કા: ' ખૂન નાય કોઅના, વેભીચાર [સિનાળી]
નાય કોઅના,ચોરી નાય કોઅના, ખોટી સાક્ષી
નાય દેઅના, છેતારના નાય,એન આપહે આયહે
આબાહા માન રાખના' " 20 પેન ત્યેં ત્યાલ એંહેં
આખ્યાં કા, " ઓ પ્રભુ ઈં બોદાં તે આંય હાનેરેજ
કોઅતો યેનહો" 21 ઈસુવાંય ત્યા એસે એએયન,
ત્યાવો મોયા કોઅઈ,એન ત્યેં ત્યાલ આખ્યાં, "માયેં
માય યોક ગોઠ ઓસી હેયજો જીં કાય તોઓ
હેય તીં બોદાં વેચીન ગોર-ગોરીબહાન દેઈ દે,
એન હોરગામાય ત્યા ફળ તુલ મિળીએન યેયન
માં પાહાલા ચાલ" 22 યે ગોઠ્યે લીદે ત્યા મુંઈ
ઊતી ગીયાં, એન તો દુખી ઓઅઈન જાતો રિયો,
કાહાકા ત્યા ખુબૂજ મીલકાત આથી 23 ઈસુવાંય
ચોમખી એઅઈન ચેલહાન આખ્યાં, " માલદાર
માંઅહાલ હોરગામાય જાઅના કોલાં કોઠાણ હેય"
24 ચેલાહાન ત્યા ગોઠ વોનાઈન નોવાઈ લાગી એન
ઈસુવાંય પાસાં ત્યાંહાન આખ્યાં, " ઓ પાહાંહાય,
જેં મીલકાત વો બરહો થોવતેંહેં ત્યાહાં વાખરી
પોરમેહરા રાજમાય જાઅના કેંહેકોન કોઠાણ હેય!
25 માલદાર માંઅહાલ પોરમેહરા રાજમાય જાંઆ
કોઅતાં,ઊટડાલ હુવ્યે નાકલામાંઅરે જાઅના હોપાં
હેય!" 26 તે આજું ખુબૂજ ગાબરાય ગીયા,એન
યોકા બીજાલ આખતા લાગ્યા કા, " તે બાકી
કાલ તારાણ મીળી?" 27 ઈસુંય ત્યાહા એસે
એએઈન આખ્યાં, "ઈં માંઅહાલ તે નાય ઓઈ
હોકે,પેન પોરમેહેર કોઅઈ હોકી; કાહાકા પોરમેહેર
બોદાંજ કોઅઈ હોકહે 28 પેતરો ત્યાલ આખતો
મુંડ્યો, એન આમાતે બોદાંજ સોડીન તોઓ
પાહાલા યેનહા" 29 ઈસુંય આખ્યાં, " તુમાહાંન
આંય હાચુલ આખતાહું, કા જીં કાદાં માંઆ

હારી ગોઠ્યે લીદે ત્યા ગોઉં કા બાહા, બોઅહીં,
આયહો, આબહો, કા પાહાહાન કા ત્યા ખેતાર
છોડ્યા ઓરી, 30 આમી યા કાળામાંય,ત્યાલ હોવ
ગોણા નાય મીળી,ગોએં, બાહા બોઅયોંહો,આયહો
આબહો,પોહેં એન ખેતાર વઓ બી, દુખ હોગાં
મીળી એન બીજા જુગામાય જોલામ જુગ્યાં
જીવાન મીળી 31 પેન ખુબૂજ જાએં પોયલેં હેતેં ત્યેં
પાહાલા ઓરી; એન જ્યેં પાહાલા હેંતેં ત્યેં પેલેં
ઓરી 32 ત્યા યેરૂસાલેમ એસે જાં લાગ્યા, એન ઈસુ
ત્યાહા આગાડી આગાડી જાંઉિ આથો: ચેલહાન
નોવાઈ લાગી એન જે ત્યા પાહાલારે યેત ત્યા બીઈ
ગીઅલા આથા તોવે તો આજું બારા ચેલહાન લેઈન
તી ગોઠ આખાં લાગ્યો, ત્યાવો જી આબદા યેનારી
આથી ત્યા વિસે 33 " એએઆ,આપાં યેરૂસાલેમ
માંય જાતહા તાં, માંઅહાં પોહો મુખ્યો યાજક એન
વિદવાનહા આથામાંય દોઅવાય જાયી, ત્યા ત્યાલ
મોતા ડોંડ દેઅરી, એન પારકા લોકહા આથામાંય
હોંપી દેઅરી 34 ત્યા લોક ત્યાલ ગાળી દી, ત્યા
ઊપે થૂપી, ત્યાલ ચાપકાહાકોઓ માર ઠોકી એન
ત્યાલ માંઆઈ ટાકી એન તીન દીહયાકોઓ પાસો
જીવતો ઊઠી" 35 તોવે જબદયા પાહા યાકૂબ એન
યોહન ત્યાપાંય યેયન એંહેં આખાં લાગ્યા, " ઓ
પ્રભુ, આમહે માગણી હેય કા, આમા જીં કાય
માગજે તીં તુ આમહે હાટી કોઓ" 36 ત્યેં ત્યાહાલ
આખ્યાં, "તુમા કાય માગતાહા તીં આંય તુમહે હાટી
કોઓઉ?" 37 તોવે ત્યાહાંય આખ્યાં, " આમાહાન
ઈંજ દે કા તોઓ રાજમાંય આમહે મારે યોક જાં
જોમણી આથે એન યોક બાંગે આથે બોહોહું"
38 ઈસુંવે ત્યાહાન આખ્યાં, " તુમા ઈં નાય જાએં
કા તુમા કાય માગતાહા? જી વાટકી આંય પીયાં
કોંઅહું, તીં તુમા પીઈ હોકાહા કા? એન માંઆ
જી બાપ્તિસમાં હેય, તીં તુમા લીઈ હોકાહા કા?"
39 ત્યાહાંય આખ્યાં, "આમહે કોય ઓય હોકી"
ઈસુંય ત્યાહાન આખ્યાં, "જી વાટકી આંય પીયાં
કોહું તી, તુમા પીયહા; એન જી બાપ્તિસમાં આંય
લાંઆ કોઅહું, તીં લાહા 40 પેન જ્યાંહા વાખરી
તીયાર કોઅલા ગોયહાં, ત્યાહાન સોડીન બીજહાન
માંઆ જોમણી એન બાંગે આથે બોહવાડનાં કામ
નાય હેય" 41 ઈં વોનાયન દોહો જાંઆ યાકુબ
એન યોહાના ઊપે ખીજવાયાં મુંડ્યા 42 પેન ઈસુંય
ત્યાહાન પાહી હાદીન આખ્યાં, "તુમહાન ખોબાર
હેયકા જ્યા બીજયે જાતી આગેવાન ગોણાતાહા,
ત્યે ત્યાહાવો રાજ કોઅતાહા એન જ્યા મોઠા
હેતા, ત્યા ત્યાહાવો અધીકાર ચાલાવતાહા 43 પેન
તુમાહાંમાંય અહોડાં નાય હેય, એન તુમાહાંમાંય
જો કાદો મોઠો ઓરાં માગે, તે તો તુમેહેચાકર
બોને 44 એન જો કાદો તુમાહાંમાંય પેલો ઓરાં
માગે, તો બાદહા નોકાર બોને 45 કાહાકા માંઆહાં
પોહો સેવા કાઆડાં હાટી નાંય યેનો, પેન સેવા
કોરાં એન ખૂબ લોકહાલ વાચાડાંહાટી પોતાના
જીવ દાંઆ યેનો 46 ત્યા યેરીખો યેના એન જોવે
તો એન ત્યા ચેલા, એન ડીગ્ગેં જાંએં યેરીખો
માંઅરે નીંગેત તોવે,તીમાયા પોહો બારતીમાય યોક
આંદળો માગનારો, વાટેમાંય બોહી રોઅલો 47 એન
ઈં વોનાયન તો નાજરેતીયો ઈસુ હેય, એંહેંકોન
બોંબાલતો લાગ્યો કા, " ઓ દાઊિદા પાહા ઈસુ,
માંયેવો દયા કોઓ!" 48 ડીગ્ગા જાંઅહાંય ત્યાલ
દોમકાડ્યો એન ઓગાં રાંઆ આખ્યાં, પેન તો
આજૂ મોઠેરે બોંબાતો લાગ્યો કા, " ઓ દાઊિદા
પાહા, માંઆવો દયા કોઓ" 49 તોવે ઈસુંય ઉબાં
રોઈન આખ્યાં, " એલાલ હાદી લીયા" એન
લોકહાંય ત્યા આંદળાલ હાદીન આખ્યાં " હિમાંત
રાખ! ઊઠ! ઈસુ તુલ હાદહે" 50 તોવે તો ત્યા ફાડકાં
તાંજ ઊડવી ટાકીન, બો જોલદયો ઊઠયો, એન
ઈસું પાંહી યેનો 51 એન ઈસુંય ત્યાલ આખ્યાં, "
તું કાય માગતોહો એન તોઓ હાટી કાય કોંઉં?"
આંદળાય ત્યાલ આખ્યાં, " ઓ પ્રભુ, ઈંજ કા
આંય દેખતો ઓઉં" 52 એન ઈસુંય ત્યાલ આખ્યાં,
" જો, તોઓ બોરહાંય તુલ હારો કોઅયહો" એન
તો તારાતુજ દેખતો જાયો, પાસેં તો ત્યા પાહાલા
વાટ દોઈન ચાલાં મુંડયો

11 1 જોવે ત્યા યેરૂસાલેમાહીં યેના, એન
જેતુન ડોંગાપાંહી બેતફાગે એન બેતાનીયા
ગાંવાંહામાંય યેના, તોવે ઈસુંય ત્યા ચેલાહામાંઅરે
બેનજાંઅહાંલ એહેં આખીન દોવાડયા, 2 હોમેના
ગાંવામાંય જા, એન તાં જાતાંજ તુમહાન યોક
ફુરક્યા વાસડાં હેય ત્યાવો આજુંલૂગી કાદોજ નાય
બોઠહો,તીં બાદલાં નોજરે પોડી, ત્યાલ છોડીન
માયેં પાંય લેઈ યા 3 એન કાદાં તુમાંહાન પૂછે તે, 'ઈં
કાય કોઅતાહા?' તોવે એહેં આખજા, ' પ્રભુલ યા
ગરાજ હેય',એન તો ત્યાલ તોરાતુજ લેઈ દોવાડી"
4 ત્યા ગીયા એન વાસડાલ બાઆપૂરૂજ મારગા
માંય બાંદલાં દેખ્યાં,એન ત્યાત્યાલ છોડાં લાગ્યા
5 ત્યાહાં માંઅરે તાં ઊબેં રોઅલેં માંઅહાંય, ત્યાહાન
એહેં અખ્યાં કા, " ઈં તુમા કાય કોરાં એલા વાસડાંલ
છોડતાહા?" 6 ત્યાહાંય ઈસુ આખલ્યે પૂરમાણેજ
જાવાબ દેનો; એન ત્યા માંઅહાંય ત્યાહાન જાંઆ
દેના 7 ત્યા વાસડાલ ઈસુપાંય લેય યેના, ત્યાવો
પોતાનેં ફાડકેં પાથ્યેં એન ઈસુ ત્યાવો બોહી ગીયો
8 ડીગ્ગા માંઅહાંય પોતાના ફાડકેં વાટે ઊપે પાથ્યેં,
એન બીજાહાંય રાનહામારે જાડહા ડાહાગેં લેઈન
પાથ્યેં 9 એન જે આગાડી એન પાસાડીને ચાલનારા

લોક આથા ત્યા મોઠેરે બોંબલી-બોંબલી એહેં
આખાં લાગ્યા કા, " હોસાના! પ્રભુ નાવેં જો યેહે,
ત્યા જેય-જેયકાર 10 આપે આબહો દાઊદા રાજ
જો યેહે; ત્યા જેય-જેયકાર એન હોરગામાંય ત્યા
હોસાના!" 11 તો યેરૂસાલેમમાંય યેઈન મંદિરમાંય
ગીયો, એન બોદાં એઅઈન તો ત્યા બાર ચેલાહા
આરે પાછો બેતાનીયા ગાવાંમાંય જાતો રિયો કાહાકા
વેળ પોડી ગીયેલ 12 બીજયે દિહે બેતાનિયારે
નીંગ્યા તોવે ત્યાલ બૂખ લાગી 13 ત્યેં દુઉરે યોક
આંજીરા નીંળા જાડ દેખ્યાં, એન ત્યાવોરે કાંય મીળી
યાહાટી તો ત્યા પાંહી ગીયો પાંહાય જાઈન એઅયાં
તે ત્યાલ પાલાંજ દેખાયાં; કાહાકા આંજીર લાગના
સોમાય નાંય આતો 14 તોવે ઈસુંય ત્યા જાડાલ
આખ્યાં, " ઈહીંરે આમી તો ફોળ કાદાંજ નાય
ખાય!" એન ત્યા ચેલા ઈંવોનાયા કોઅય 15 પાછેં તો
યેરૂસાલેમ યેનો, એન મંદિરામાંય જાઈન વેચનારા
એન વેચાતાં લેનારાહાન બારે કાડાં લાગ્યો, એન
દલાલાહા પાટલાહાન એન કબૂતર વેચનારાહા
પાટલીહીન કોથલાડી દેનેં 16 એન મંદિરામાંય
ત્યાંય કાદાલુજ બાસને લેયાં કા લેય જાંઆ દેનાં
નાંય 17 ત્યાહાન ત્યેં હિકાડીન એહેં આખ્યાં,કા
લોખલાં હેય કા "માંઆ ગુંઉ બોદા લોકાહા હાટી
પ્રાર્થના ગુંઉ રોય?" પેન તુમાહાંય તીં બાંડાહા
ગુંઉ બોનાવી રાખહ્યાં" 18 ઈ વોનાઈન મુખ્યો
યાજાક એન વિદવાન ત્યાલ માંઆઈ ટાકના વિચાર
કોઅતા મુંડ્યા; પેન ત્યાહાન દાક લાગ્યો, કાહાકા
બોદા લોકહાલ ત્યા હિકાકડના ઊપે ખુબૂજ નોવાય
લાગે 19 એન વેળ પોડી ગીઈ પાસેં તો તીં સેઅેર
છોડીન નીંગી ગીયો 20 હાંકાંળહેં તે તાંઅરે જાત
તોવે ત્યાહાન તીં આંજીરા જાડ મુંળાહુદયે ઊખાઈ
ગીઈલાં દેખાયાં 21 પેત્રાલ તી ગોઠ ફોમ યેની એન
ત્યેં ઈસુલ આખ્યાં, " ઓ પ્રભુ એઅે! ઈ તીં આંજીરા
જાડ તુયેં હારાપ દેનલાં તીં જાડ ઊખાઈ ગીઈલાં
હેય" 22 ઈસુંય ત્યાલ જાવાબ દેનો, " પોરમેહરા ઊપે
બોરહો રાખા 23 આંય તુમહાન હાચાંજ આખતાંહું
કા; જો કાદો એલા ડોગાલ એહેં આખે કા, " તું ઊઠ
એન દોરિયામાય જાઈન પોડ," એન મોનામાંય શંકા
નાંય રાખે તો, ત્યા બોરહાકોંય આખલ્યા પુરમાંણે
તીં ત્યાહાટી ઓઈજ જાનારાં 24 ત્યાહાટી તુમહાન
આંય આખતાહું કા, જી કાય તુમા પ્રાર્થનામાંય
માગતાહા, તી તુમાહાન મિળી જાય અહડો બોરહો
રાખા, એન તી તુમહાન મીળી જાય 25 એન જોવે
તુમા ઊબા રોઈન પ્રાર્થના કોઅતાહા,તોવે તુમહે
હામે જ્યા કાદાઆ વિસે બૂલ ઓરી તે,તી તુમા
માફ કોઆ; યાહાટી કા તુમહેં પોરમેહર આબો
તુમહાંન તુમહે બૂક માફ કોઓય" 26 [એન જર તુમા
માફ નાય કોઓત તે તુમહે પોરમેહર આબહો, જો
હોરગામ હેય તો તુમહે બૂલ માફ નાય કોઅરી]
27 ત્યા પાછા યેરૂશાલેમ યેય ફૂગીયા, એન જોવે
તો મંદીરામાય ફિરે તોવે મુખ્યો યાજક, વિદવાન
એન આગેવાન ત્યા ત્યાપાંય યેયન પૂસાં લાગ્યા,
28 " તું ઈ કામ કોઆહા હોક્કા કે કોઓતહો?
ઈ કોરાં હાટી તુલ કુંયે હોક્ક દેનહો?" 29 તોવે
ઈસુંય ત્યાહાન આખ્યાં, " આંઈ બી તુમહાન યોક
સવાલ પૂસતાહું; ત્યા તુમા જાવાબ દિયા,પાસેં આંય
કોહોડા હોક્ક લેઈન કામ કોઅતાહું, તીં તુમહાન
આખતાહું 30 યોહાના બાપ્તિસમાં હોરગા માઅરે
આથાં કા પાસેં માંઅહાંપાને આતાં યા માન જાવાબ
દિયા" 31 તોવે તે જાતેજ વિચાર કોઆં લાગ્યા,
કા ' હોરગા માઅરે' આખહું તોવે 'તો આમાહાન
આખરીકા, તોવે તુમાહાંય ત્યાવો કાહાનાય બોરહો
થોવ્યો? ' 32 એન જોવે આમા માંઆહાં આખજેહે
તોવે આમહાન બીયાં યેહે, કાહાકા બોદા લોકહાલ
માલુમ આથાં કા, યોહાન ખોરોજ પોરમેહરા
ભવિષ્યવોક્તો (પ્રોબોધક) આથો 33 એન ત્યાહાંય
ઈસુવાલ જાવાબ દેનો કા, " આમા નાય જાંઆજે"
તોવે ઈસુંય ત્યાહાન આખ્યાં, તે " આંયબી તુંમહાન
નાંય આખું કા, ઈ કામ કોહડા હોકથી કોઅતાહું"

12 1 એન તો ત્યાહાઆરે દાખલો દેયન
ગોઠ કોઆં લાગ્યો, "યોક્તેં માંઅહાંય
દારાખા વાડી લાવી (રોપી), એન ત્યા ચોમખી
વાડ કોઅયી, પાંઅયાં ખાડો ખોદીસયો, એન
તાંઆ માળો પાડ્યો; એન તો ખેડુતાહાંલ બાગે
દેયન પારદેશ નીંગી ગીયો 2 પાસેં ફળ લાગના
સમાયાવો ત્યેં ખેડુતાપાહીં ચાકારાલ દોવાડીયો,
કા ખેડુતાહાપાંઅરે દારાખાહા બાગ લેય યેય
3 પેન ત્યાહાંય ત્યાલ દોઅઈન માર ઠોક્યો, એન
ત્યાલ રીતે આથે પાછો દોવાડી દેનો 4 પાછો ત્યેં
યોક બીજા ચાકરાલ ત્યાહાંપાંય દોવાડીયો; એન
ત્યાહાંય ત્યા ટોલપાં ફોડી ટાક્યાં એન ત્યા ખોટાં
કોઅયાં (જોર કોઅયાં) 5 ત્યેં આજુ બીજા ચાકરાલ
દોવાડીયો; ત્યાલ ત્યાહાંય માંઆઈ ટાક્યો પાછો
ત્યેં ખુબૂજ જાંઅહાંલ દોવાડીયા; ત્યાહામાંઅરે
બાકહ્યાન ઠોક્યાં, એન બાકહ્યાન માંઆઈ ટાક્યાં
6 ત્યાપાંય આમી યોકુજ રોયેલ, તો ત્યા વાહલો
પોહો આથો; સેવાટ ત્યેં ત્યા પાહાલ દોવાડીયો
કાહાકા,ત્યેં એહેં જાંઆયાં કા, "માંઆ પાહાં ત્યા
દાક રાખી" 7 પેન ત્યા ખેડૂત યોક બીજાહાંલ
આખતા લાગ્યા, 'એલો તે વારસદાર હેય; ચાલા,
એલાલ આપાં માંઆઈ ટાકતા,તોવે વારસો આપહે
ઓઅઈ જાઆઈ' 8 એન ત્યાહાંય ત્યાલ દોઅઈન
માંઆઈ ટાક્યો, એન દારાખાહાં વાડીયે બાઆ

ટાકી દેનો 9 "યાવો દારાખાહાં વાડીયે દોનારો કાય
કોરી? તો યેયન ત્યા બગીદારહાન(ખેડુતાહાન)
માંઆઈ ટાકી, એન દારાખાહાં વાડી બીજહાન
દેય દી 10 તુમહાંય ધર્મશાસ્ત્રામાંઅરે લોખલાં
નાંય વાચ્યાંહાં કા? ' જ્યા દોગડાલ કોડીહાંય
ટાકી દેનેલ, તોજ દોગાડ ખૂણા મેન દોગાડ
બોની (ઓઅઈ) ગીયો' 11 ઈ પોરમેહરા થીજ
બોન્યાં, એન ઈ આમહેં નોજરેમાંય નોવાય
લાગહે'!" 12 તોવે ત્યા ત્યાહાન દોઆં આતા;
કાહાકા ત્યા હોમજી ગીયા કા દાખલો આમહેં
વિસે હેય બાકી(પેન) ત્યાહાલ લોકહા દાક
લાગ્યાં, એન તે ત્યાલ રૂં દેયન જાતા રોયા 13 પાછેં
ત્યાહાંય ત્યાલ ગોઠહેમાંય બેરવાં હાટી કોલહાક
પોરૂષીયાહાલ એન હેરોદીયાહાલ ત્યાહાંપાય
દોવાડીયા 14 ત્યાહાંય યેયન ત્યાલ આખ્યાં, " ઓ
પ્રભુ, આમા જાંઆજેહે કા, તું હાચો(સત્ય) હેતો
એન તું કાદાઆજ પારવા નાય કોઓય; કાહાકા
તું માંઆહાં મુંઉ એઅઈન ગોઠ નાંય કોઆં, પેન
પોરમેહરા વાટ સત્યા પૂરમાણે હિકાડતોહો તે પાછેં
કેસરાલ કર(ઈસો) બોરાં જોજે ક નાય? 15 આમહેં
દેઅના,કા નાય દેઅના?" ત્યેં ત્યાહા ખોટાં મન
જાંઆંઈ ગીયો એન ત્યાહાન આખ્યાં, " માન કાહા
પારાખતાહા? માન યોક દીનાર આંઆઈ દિયા,
માંન એરાં દિયા" 16 તે લેય યેના,એન ત્યેં ત્યાહાન
આખ્યાં, "યાવે કા છાપ એન કા નાવ હેય?"
ત્યાહાંય આખ્યાં,"કેસરા હેય" 17 ઈસવેં ત્યાહાન
આખ્યાં, "જીં કેસરા હેય, તીં કેસરાલ દેય દીયા,
એન જીં પોરમેહરા હેય તીં પોરમેહરાલ દેય દીયા"
એન તોવે ત્યાહાન ખુબૂજ નોવાઈ લાગી 18 પાછેં
સાદુકીયા, જ્યા એહેં માનતાહા કા મોઓલા
મારેં જીવી ઊઠના હેયજ નાંય, ત્યાપાંય યેયન
ત્યાલ પૂછયાં, 19 "ઓ પ્રભુ, મુસાંય આમહેં કોરેં
એહેંકોન લોખખ્યાહાં કા,જોવે યોકતા બાહા
પોહેં ઊસબાડિયા વોગાર મોઓઈ જાય, એન ત્યા
થેએ રોય જાય,તોવે ત્યા જો બાહા હેય તો ત્યા
થેએયેલ રાખી લેય, એન ત્યા બાહા નાવેં તો
પોહેં પેદાહા કોઓય 20 હાંત બાહા આતા મોઠા
બાહાંય થેએયેલ રાખી,પેન પોહેં પેદહા કોઅયા
વોગાર મોઓઈ ગીયો 21 તોવે બીજા બાહેં ત્યે
થેએયેલ રાખી લેદી,પેન તો હોગો પોહોંય કોઅયા
વોગાર મોઓઈ ગીયો; એન તીજાંય બી એહેંજ
કોઓયાં 22 એન હાંતીજાંઆહાંથી પોંહેં નાંય જાયેં
પાછેં બોદહાજ છેલ્લે તી થેએબી મોઓઈ ગીઈ
23 એન તી જોવે જીવતી ઊઠી, તોવે તી કા થેએ
રોય? કાહાકા તી હાંતહ્યા(હાતીજાંઅહાં) થેએ
આતી" 24 ઈસુવેં ત્યાહાન આખ્યાં, " કાય તુમા
એહેં કોઓઈન બૂલમાંય પોકડાયહા કા નાય? જીં
ધર્મશાસ્ત્રા મતલબ તુમાં નાંય હોમાંજતાહા
એન પોરમેહરા નાંય ગોતી(શક્તિ) જાંઅતાહા
25 કાહાકા ત્યા જોવે મોઅલામાંઅરે જીવી ઊઠી,
તોવે તે પોઅણી(વોરાડ) બી નાંય એન પોઓણાવી
બી નાય પેન હોરગામાંય દેવદૂતાહા રોકેં રોઓય
26 એન મોઓલા જીવતા ઊઠી ત્યા વિશે તુમાહાંય
મુસાઆ ચોપડીમાંય જડવાહા(ખુરૂપૂડીયા)
ગોઠીયે વિશે નાંય વાચ્યાહાં કાં,પોરમેહરેં ત્યાલ
આખ્યાં, 'આંય આબ્રાહામા પોરમેહેર, ઈસાહાકા
પોરમેહેર, એન યાકુબા પોરમેહેર હેતાંઉં'?
27 આપહે પોરમેહેર મોઓલાહા નાંય હેય પેન
જીવતાહા પોરમેહેર હેય; એન તુમા ખુબૂજ મોઠી
બુલમાય પોડી ગીઈલા" 28 શાસ્ત્રીયાહા માંઅરે
યોકેજાએં યેયન ત્યાલ ચર્ચા કોઅતા વોનાયો,
એન ઈ દેખીન ત્યાંય ત્યાહાન હારો જાવાબ
દેનો,ત્યેં ત્યાલ પૂછયાં, "બાદાહામાંય મોઠો
ઊકુમ કોઓહો?" 29 ઈસુવેં ત્યાલ જાવાબ દેનો,
"બોદી આગના માંઅરે મોઠી ઈજ હેય કા: 'ઓ
ઈસરાએલ વોનાય! પ્રભુ આપહે પોરમેહેર યોકુજ
પ્રભુ હેય, 30 તું આપહે પ્રભુ પોરમેહરાવો તોઓ
આખા મોના કોઅઈન, એન આખા જીવા
કોઅઈન, એન એન આખી બુદીયે કોઓઈન, એન
આખી ગોતીયે કોઅઈન મોયા રાખજે' 31 એન
બીજી આગના ઈ હેય, 'તું પોતા વો જોહોડો
પ્રેમ રાખતોહો, તોહોડોજ પ્રેમ બીજાહા વો બી
રાખ' યા કોઓતો મોઠો ઊકુમ(આગના) બીજી
નાંય હેય" 32 તોવે શાસ્ત્રીય ત્યાલ આખ્યાં, "ઓ
પ્રભુ, ખુબૂજ હારાં! તુયેં ખોરી ગોઠ આખી કા તો
યોકુજ હેય, એન ત્યા સિવાય બીજો કાદો નાંય
હેય 33 એન આખા મોના કોઅઈન, આખી બુદીયે
કોઓઈન, આખા જીવા કોઅઈન, એન આખી
ગોતીયે કોઅઈન મોયા રાખના; એન પોતાવો જેંહેં
પ્રેમ કોઓતાહા તેંહેંકોન બિજહાવો પ્રેમ રાખના,
એન બોદી હોમબલી(પૂંજ) એન બલીદાન(બેટહે)
કોઓતાં ખુબ હારાં હેય" 34 જોવે ઈસુવેં એઅયાં
કા ત્યેં હારાં હોમજીન જાવાબ દેનો, ત્યેં ત્યાલ
આખ્યાં, "તું પોરમેહેરા રાજથી દૂઉ નાંય હેતો"
એન પાસેં ત્યાલ સવાલ પૂછના કાદા હીમાંત નાંય
ચાલી 35 પાસેં ઈસુવેં મંદિરમાંય હિકાડતાં એહેં
આખ્યાં કા, "શાસ્ત્રી કેહેં કોઅઈન આખતાહા
કા મસિહી(ઈસુ) દાઊદા પોહો હેય? 36 દાઊદ
પોતે પવિત્ર આત્મા જીવા કોઈન આખહે: 'પ્રભુ
માંઆ પ્રભુવાલ આખહે, "તું માંઆ જેવેં આથે
બોહો,જાંવ લોગું આંય તોઓ દુશમાનાહાન
તોઓ પાગહા તોળે પાથી દાંઉ તાંઆઉં લોગું"

37 દાઊદ પોતે ત્યાલ પ્રભુ આખહે, પાસેં તો ત્યા
પોહો કેછને(કેહેંકોન) ઓઅહે?" એન લોકહા
ટોળો ત્યા ખુશીકોંય વોનાત 38 ત્યેં હીકાડતાં
હિકાડતાં ત્યાહાન આખ્યાં, "શાસ્ત્રીયાંહા પાંઅરે
દિયાન રાખા, જ્યા લાંબા લાબાં ડોગલા પોવીન
ફીઅતાહા એન આટામાંય સલામી કોઅતાહા
39 એન પ્રાર્થનાગાઅમાંય મેન મેન જાગા એન
જેવાણામાંય પોયલો જાગો ત્યાહાન ગોમહે
40 ત્યા વિદવા બાઈહે ગોંએં લુટી લેતાહા, એન
દેખાડાં હાટી લાંબી પ્રાર્થના કોઓતાહાત્યાહાલ
ખુબૂજ મોઠો ઈસાબ દાંઆ પોડી 41 તો મંદિરા
તીજોરીયા હુમે બોહીન એએયા કોએ કા ત્યેં
માંઅહેં મંદિરા તીજોરીયામાંય કેંહેંકોન પોયહા
ટાકેત; એન બો પોયાહાદારાહાંય(માંતલા) ડિગા
ડિગા(બોઓજ) પોયહા ટાક્યા 42 એન ત્યેજ
વેળાય યોક ગરીબ વિદવા બાઈ યેયન બેન
દોમડ્યો, જ્યો બેન પોયહા હાંઅકયો હેય, ત્યો
ટાક્યો 43 તોવે ત્યેં ત્યા ચેલાહાન પાહાંય હાદીન
આખ્યાં, કા "આંય તુમહાંન ખોરી ગોઠ આખતાહું
કા મંદિરા તીજોરીયા માંય ટાકનારાહા માંઅરે
ત્યેં ગરીબ વિદવા બાઈ બીજા બાદાહા કોઅતા
વોદરે ટાંક્યા 44 કાહાકા બીજાહાંય ત્યાહાન ઊગરી
ગીઈલામાંઅને ટાક્યાં, પેન ત્યેં ત્યેજ જરૂર સોતાં
ત્યેપાંય જીં આતાં, તીં બોદાં, ત્યે જીવના સાદાન,
ટાકી દેના"

13 1 તો મંદિરામાંઅરે નીંગતાંજ, ત્યા
ચેલહામાંઅરે યોકે જાંએં ત્યાલ આખ્યાં,
"ઓ પ્રભુ, એએ કોલા મોઠા દોગાડ, એન કોલાં
હારાં બાંદકામ!" 2 ઈસુવેં ત્યાલ આખ્યાં, "કાય
તુંમા યેં મોઠ-મોઠેં બોંગ્લેં એઅતાહા: યેવો યોક
દોગાડા ઊપે બીજો દોગાડ બી નાંય રોય, ત્યા
બાદા ફીટી પોડી" 3 જોવે તો મંદિરા હામે જૈતુના
ડોગાવો બોઠો, તોવે પેત્રેસ,યાકુબ, યોહાન,એન
આંદ્રિયાસ ત્યાહેં ત્યાલ આલાગ (યોકકાન્યે) લેય
જાયન પૂછયાં, 4 "આમાહાન આખ કા યો ગોઠયો
કોવે ઓઅરી /બોની? એન જોવે ઈં બોદાં પૂરાં
ઓઅઈ જાઈ તી વેળાયે કાય નિશાની/ચીને
ઓઅઈ/બોની?" 5 ઈસુવેં ત્યાહાન આખ્યાં,
"ચોતરાયે/સાવધાન રોજા કા તુમાહાન કાદો નાય
છેતરે 6 ડીગ્ગેં/ખુબૂજ જાંઆએં માંઆ નાંવ લેઈન
આખરી કા, 'આંય તોજ હેતાઉં!' એન ડીગ્ગાહાન/
ખુબૂજ જાંઆંહાલ છેતરી 7 પેન જોવે તુમાં
લોડાઈ એન લોડાઈયે બોમ ઊડતી વોનાયાહા,
તોવે મા ગાબરાયાહા; કાહાકા ઈં ઓઅનારાંજ
હેય, પેન ત્યે વેળાય છેવાટ(આંત) નાય ઓરી
8 કાહાકા જાતી ઊપે જાતી, એન દેશા ઊપે દેશ
ઊઠી(લોડાઈ કોઅરી)બોદેજ દોરતી દોથડી ઊઠી,
એન કાળ પોડી એન ઈં તે પીડાઈયે(દુખા)
સુરવાતુજ હેય 9 "પેન તુમા પોતેજ ચોતરાય
ચાલા/રાઆ; કાહાકા લોક તુમાહાન કોચરીયેમાંય
માર ઠોકી, એન માંઆ લેદે પ્રધાન (મુખ્યાહાં)
રાજાહા આગાડી તુમાહાન સાક્ષી દાંઆ હાટી
ઊબા કોઅરી 10 પેન એહેંકોન હેયે કા પોયલાં તે
બોદા લોકાહામાંય હારી ખોબારે ગોઠ આખાય
જાંઆ જોજે 11 જોવે તુમાહાન દોઓઈન
હોંઅપી દી, તોવે પેલાંજ કાય આખના ત્યા ચિંતા
મા કોઓહા; પેન જીં કાંય તી વેળાયે તુમાહાન
આખાડી તીંજ આખના; કાહાકા આખનારેં
તુમા નાંય હેય, પેન પવિત્ર આત્મા(જીવ) હેય
12 બાહા બાહાલ, એન પોહો આબાહાલ માંઆઈ
ટાકાડી,એન પોહેં આયેહે આબાહા હામે ઊઠીન
માંઆઈ ટાકાડી 13 એન માંઆ નાંવા લેદે બોદેં
માંઅહેં તુમહેં આરી આડાઈ/દુશ્માની કોરી; પેન
જીં(માંઅહું) છેવાટ લોગું ટિકી રોઅય, ત્યાજ
ઊધાર ઓરી(તોજ બોચી) 14 જોવે તુમાહાન
નાશ કોઅનારી વસ્તુ જાંઆ નાંય ઓરાં જોજે
તાંઆ ઊબી રોઅલી દેખાય,(વાચનારા હોમજી
લેઅના) તોવે જ્યા યહુદીયાહામ/યહુદેયામાંય
રોનારા, બોદા ડોગાહામાંય નાહી પોડે; 15 જો
ગાંઆ ઊપે ચોડયો ઓરી, તો કાંય બી લાંઆ
હાટી પાછાં નિચે ગાઆમાંય નાંય ઊરાય એન
પાંહી બી નાંય જાય; 16 એન જો રાનામાંય ગીયો
ઓરી તો, ડોગલાં લાંઆ હાટી પાછો નાંય વોળે
17 ત્યા દિહીહામાંય જ્યો મોયનાવાળ્યો/(બારે
પાગા વાળ્યો) એન દૂધ પીવાડત્યો(પાહાવાળ્યો)
ઓરી,ત્યેહેવ ખૂબ દુખ યી 18 એન પ્રાર્થના
યાહાટી કોઓયા કોરા કા ઈં બોદાં હીયાળામાંય
નાંય બોને 19 કાહાકા ત્યે દિહી ઓહોડા દુખા
ઓરી કા, જયે પોરમેહરેં જુગ દોરતી ઊસબાડિયાં
તોદરીહીયાં, આજે લોગું (ઓલાં મોઠાં દુખ) નાંય
જાયહાં એન આમી પાછેં કાદે દિહી નાંય ઊસબી
20 એન જોવે પોરમેહેર ત્યા (દુખા) દિહી વોછા
નાંય કોઅઈ દેતો, તોવે કાદો જીવ(પ્રાણી) બી
નાંય બોચતો; પેન ત્યા નીવડી લેદલાહા લીદે
જ્યાહાન ત્યેંય નીવડી લેદહા, ત્યા દિહી વોછા
કોઓયાહા 21 ત્યે વેળાઈયે તુમાહાન યોકતાં એહેં
આખે કા, 'એઆ, ખ્રિસ્ત(પોરમેહેર) ઈંહી હેય; કા
એઆ તાંઆ હેય,' તોવે તુમા બોરહો મા કોઅતા/
થોવતા; 22 કાહાકા ખોટા વિશ્વાશ્યા(ખ્રિસ્ત્યા)
એન ખોટા ભવિષ્યવક્તા ઊઠી(નીંગી ટાકાઈ),
એન ઓહડેં મોઠેં કામે કોઅરી (ચીન ચમત્કારેં
કોઅરી) કા, ત્યા નીવડી લેદલાહાન હોગા બુરવી/

છેતરી દી 23 પેન તુમા સાવધાન/ચોતરાઈ ચાલજા/
રોજા; કાહાકા તુમાહાન માયેં આગાડીરેજ બોદાં
આખી દેનાહાં 24 “ત્યા દિહીહામાંય દુખા/
આબદા પાછેં,દિહી જાખા પોડી જાઆઈ, એન
ચાંદ ઊજાળાં(ઊજવાડો) નાંય દી; 25 એન
જુગામાંઅને ચાંદાલેં ગોરી પોડી/તુટી પોડી;
એન જુગામાંઅને શક્તી/પરાક્રમ આલી જાઆઈ
26 તોવે/પાછેં માંઅહાં પાહાલ ખુબૂજ ગોતીયેમાંય
એન મહિમામાંય(મોઠાઈયેમાંય) જૂગામ યેતો
એઅરી 27 ત્યે વેળાઈયે/ગેડીયે તો ત્યા દુતાહાન
દોવાડીન,દોરત્યે યા છેડાપાંઅને તે જુગા ત્યા
છેડા લોગું, ચારી ચોમખીને ત્યા નીવાડલા
લોકહાન બેગા કોઅરી 28 “આંજીરા જાડા પાઅને
ઓ દાખલો હિકી લીયા: જોવે ત્યા ડાહાળ્યો
કોંવળીયો ઓઅઈ/બોની જાતહયો એન ડાહાળ્યો
પીલવાત્યો મુંડે; તોવે તુમાહાન ખોબાર પોડહે કા;
ઊનાળો પાહાંય યેઈય ગીયહો 29 તેહેંજ કોઅઈન
જોવે ઈ બોદાં તુમાહાન બોનતાં દેખાય, તોવે
જાંઆઈ લીયા કા તો (છેલો સમાય/દિહી) યેઈય
ગીયહો એન તો બાઆવાં પાંયજ હેય 30 આંય
તુમાહાન ખોરાંજ(ખોરી ગોઠ) આખતાંહું, કા
જાઊં લોગું ઈ બોદાં નાય ઓએય/બોને તાઊં લોગું
ઈ પેડી(લોક) નાંય મોઅરી 31 જુગ દોરતી નાશ
ઓઅઈ જાય/જાતી રોય, પેન માંઆ ગોઠ કોવેજ
નાંય ટાળાય (કોવેજ નાંય ટૂટે) 32 “તો દિહી એન
તી વેળાયઈયેલ(ગેડીલ) કાદાંજ નાંય જાંએં, નાંય
હોરગા માઅરે દુત જાંએં, નાંય પોહો જાંએ; પેન
આબાહા સીવાય કાદો નાંય જાંએં 33 એઆ,
જાગતા રોજા એન પ્રાર્થના કોઅતા રોજા; કાહાકા
તુમા નાંય જાંએં કા તો દિહી કોવે યી(કાહાકા
તુમાહાન ત્યા દિહી ખોબાર નાંયહેય) 34 ઈ ત્યા
માંઅહા રોકી દશા હેય, કા જીં(માંઅહું) પારદેશ
જાત્યે વેળાઈયે/વોખાત ત્યાઆ ગુંઉં ચાકારાહા
ઊપે/આથેં છોડીન જાય, એન ત્યાઆ ચાકારાહાલ
જાવાબદારી હોંપી દેય: એન બોદાંહાન ત્યા-ત્યા
કામ હોંપી દેય,એન ચોકીદારાલ જાગતો રોઆના
હુંકૂમ દેય 35 યાહાટયે જાગતા રાઆ કા,
કાહાકા તુમા નાંય જાંએં કા ગાંઆ માલીક કોવે
યી,ઓખાતેંહેં કા(રુવાળી પોડતેંહેં) આરદી રાતે,
કા કુકડા વાહાતે, કા ઊજાળાહાવો યી 36 એહેંકોન
નાંય ઓએય/બોને કા તો યોકાહાટોજ યેઈન
તુમાહાન હુવતલા દેખે 37 એન જીં આંય તુમાહાન
આખતાંહું,તીંજ બોદાહાન આખતાહું: કા જાગતા
રોજા!”

14 1 બેન દીહીયા પાછેં પાસ્કા એન બેખમીર
બાખ્યે પર્વ/શોણ ઓઅનારો આતો મુખી
યાજક એન શાસ્ત્રીયા યે ગોઠયે પાહાલા પોડયેલ
કા ત્યાલ(ઈસુવાલ) કેહેંકોન દોગો દેયન માંઆઈ
ટાકજે 2 પેન ત્યા આખેત, કા “પર્વા/શોણા
દિહે નાંય,કાહાકા લોકાહામાંય દામાલ ઊસબી
જાય|(માતીજાય) 3 જોવે તો બેતાનીયાંમ સીમોન
કોડ્યા(કોડળા) ગાઅમેં ખાંઆ બોઠેલ ,ઓલહામાંય
યોક થેએ સંગેમરમરની દાબીયે માંય જટાંમાંસા
ખુબૂજ કિમત્યેવાળાં(મોઅગાં) અત્તર(તેલ) લેઈન
યેની; એન ડાબી તોડીન ત્યેં તીં અત્તર (તેલ)
ત્યા તોલપીયેવો રેડી દેનાં 4 પેન કોલાહાક
જાંઆ પોતે મોનામાંય નારાસ ઓઈન આખતા
મુંડયા(લાગ્યા),કા “યા અત્તર(તેલ) અહોડાંજ કાહા
બગાડ કોઅયાં? 5 કાહાકા યા અત્તરાલ(તેલાલ)
વેચી દેતેં તોવે તીનશે દીનારા કોઅતા હોગાં વદારે
પોયહા યેતા એન ત્યા ગોરીબાહાન દેવાતા”એન
ત્યેં ત્યેલ ગાળી દેતેં મુંડયેં 6 ઈસુવેં આખ્યાં,
“ત્યેલ રાંઆ(છોડી) દીયા; એલ્યેલ કાહા આબદા
પાડતાહા? ત્યેંય તે (એલ્યેંય તે) માંઆ હાટી
હારાં કામ કોઅયાહાં 7 ગોરીબ લોક તે તુમહેં આરે
કાયામ રોનારાજ હેતા, એન તુમાહાન ફાવે તોવે
તુમા ત્યાહાન હારાં કોઓઈ હોંકતાહા; પેન આંય
તુમેહે આરે કાયામ નાંય હેતાંઉં/રોનારો 8 જીં કાંય
બોની શક્યાં, તીં ત્યેંય કોઅયાં; ત્યેંય તે માંઆ
દાટાય જાઅના તીયારી પેલાંજ માંઆ આંગાલ તેલ
લાવહ્યાં(ચોપડયાંહા) 9 આંય તુમાહાન ખોરાંજ
આખતાહું કા આખી દુનિયેમાંય જાંઆ જાંઆ ખુશ
ખોબાર આખવામાંય યી, તાંઆ એલીંય માંઆ
હાટી જીં કોઅયાહાં તીં ત્યે ફોમે હાટી આખાયી/
આખવામ યી” 10 તોવે યહુદા ઈશ્કારિયોત જો
બાર ચેલાહામાંઅનો યોક જાંઆ આતો, તો
ત્યાલ(ઈસુવાલ) મુખી યાજકા આથામાંય દોઆડી
દાંઆ હાટી ત્યાહા પાંય ગીયો 11 ત્યા ત્યાઆ ગોઠ
વોનાઈન ખુશ ઓઅઈ ગીયા, એન ત્યાલ પોયાહા
દેઅના આખી દેના; પાછેં તો ત્યાલ(ઈસુવાલ)
દોઆડી દેઅના લાગ હોદતો લાગ્યો 12 બેખમીર
બાખ્યે શોણા(પર્વા) પોયલે દીહે, જ્યામાંય ત્યેં
પાસ્કા અર્પાણ કોઓત,(ત્યે દીહે) ત્યાઆ ચેલાહાંય
ત્યાલ પૂછયાં “તું કેછે આખતોહો કા તાંઆ
જાઈન આમા તોઓહાટી તીયારી કોઓજે?” 13 ત્યેં
ત્યાઆ ચેલાહામાંઅરે બેન જાહાન એહેં આખીન
દોવાડીયા, કા “શેઅરામાંય જાયા, તાંઆ તુમાહાન
પાંઅયા વેંડલા લેઈન જાતાં યોક માંઅહું મિળી, ત્યા
પાહાલા જાજા; (ત્યા પાઠી પાઠીજાજા|) 14 એન
તો જ્યા ગોઆમાંય ઊરાય, તાંઅના ગોરીયા
દોનારાલ(ગાઆ માલકાલ) આખજા, કા ‘ગુરુંય
આખ્યાહાં કા માંઆ ચેલાહા આરે આંય પાસ્કા

જેવાણ (ખાઅના) ખાંઉં ત્યાહાટી માંઆ ખોલી
કેછેહેય?’ 15 તોવે તો તુમાહાન માળાંડયેવો યોક
મોઠી તીયાર કોઅલી ખોલી દેખાડી દી, તાંઆ
આપહે હાટી તીયારી કોઅજા” 16 ચેલા ચાલ
પોડીયા એન શેઅરામાંય યેના, એન જેહેં ત્યેં
ત્યાહાન આખ્યેલ, તેહેંજ ત્યાહાન એરાં મીળીયાં;
એન તાંઆ ત્યાહાંય પાસ્કા જેવાણ (ખાઅના)
તીયારી કોઅયી 17 ઓખાતાહાવ તો(ઈસુ) બાર
ચેલાહાન લેઈન યેનો 18 જોવે ત્યા બોહીન
ખાઅના ખાત તોવે, ઈસુવેં આખ્યાં, કા “આંય
તુમાહાન ખોરાંજ આખતાંહું કા તુમાહાંમાઅને
યોક જાંઆ માંઆ આરેજ ખાહાય, તો માન
દોઆડી ડી” 19 ત્યાહાન (ખૂબ) નાંય હારાં લાગ્યાં
એન યોક પાછો યોક જાંઆ ત્યાલ, પૂછાં લાગ્યાં,કા
“કાંય તો આંય હેતાંઉં કા?” 20 ત્યેં ત્યાહન
આખ્યાં, કા “બારીયાહામાંઅનો યોક જાંઆ હેય,
જો માંઆ આરે (યોકુજ) થાળીયેમાંય ખાહાય
(તોજ હેય) 21 કાહાકા માંઅહાં પોહો તે,જેહેંકોન
ત્યા વિશે લોખલાં હેય,ત્યા પૂરમાંણે જાહાય;
પેન ત્યા માંઅહાં નાંય હારાં ઓએ (પેન ત્યાલ
દોગો દેનારાવ હારાપ યેય) કા જ્યાઆ લિદે
માંઆહાં પોહો દોઅવાય ગીયહો! કા તીં માંઅહું
નાંય જનામતાં તીંજ ત્યાલ હારાંપોડતાં” 22 જોવે
ત્યા ખાત તોવે, ત્યેં બાખે લેદી, એન બોરકાત
માગીન તી મુડીન ત્યાહાન(ચેલાહાન) દેની, એન
ત્યેં આખ્યાં, “લા ઈં માંઆ શરીર/આંગ હેય”
23 પાછેં ત્યેં વાસના(વાટકી) લેદાં; એન આભાર
માનીન તીં ત્યાહન દેનાં; એન ત્યા બોદાહાંય
ત્યેમાંઅને પીદાં; 24 એન ત્યેં(ઈસુવેં) ત્યાહાન
આખ્યાં, “ઈં ત્યે કબૂલાતે (કરારા) લોય હેય,કા જી
ડીગ્ગા/ખુબૂજ લોકાહા(જાંઅહાં) હાટી તી રેડાયી
25 આંય તુમાહાન ખોરાંજ/હાચાંજ આખતાંહું કા,
દારાખારોહો ત્યાદીહિયા લોગું કોવેજ નાંય પીઉં
કા, જાઉં લોગું આંય પોરમેહરા રાજમાંય નોવો
દારાખારોહો નાંય પીઉં/પીયહીં” 26 પાછેં ત્યા ગીત
આખીન જૈતુન ડોગા ઊપે ચાલ પોડયો(જાંઆં
લાગ્યા) 27 તોવે ઈસુવેં ત્યાહાન આખ્યાં, “તુમા
બોદા ટાકી પોડાહા,(સોડીન નાહી જાહા), કાહાકા
લોખલાં હેય કા: ‘આંય ગોવાળાલ માંઅહીં, એન
ગેટેં વેરગાઈ જાઈ’ 28 પેન માંઆ મોઓલામાંઅને
જીવી ઊઠના પાછેં આંય તુમેહે આગાડી/પેલાં
ગાલીલ દેશામાંય જાહીં” 29 પેત્રેસેં ત્યાલ(ઈસુવાલ)
આખ્યાં, કા બોદા સોડીન નાંહી જાય, (પેન)
તેરૂ આંય સોડીન નાંય જાઉં” 30 ઈસુવેં ત્યાલ
આખ્યાં, “આંય તુલ ખોરાંજા આખતાંહું, કા આજી
રીતી કુકાડ બેન દાઆ વાહારી ત્યા આગાડી
(પેલાંજ) તું માન તીન દાઆ નાંય માનહે”(નાકાર
કોઅઈ દેહે)” 31 પેન ત્યેં (આજું) ખૂબ ઈમાતે
કોઓઈન આખ્યાં કા, “એન તોઓ આરે માન
મોરાં બી પોડી, તેરૂબી આંય તુલ નાકબુલ (નાકાર)
કોઉંજ નાંય” એન યેજ પુરમાણે બોદાહાંય એહેંજ
આખ્યાં 32 પાછેં ત્યા બોદા ગેતસેમાને નાંવ્યા
જાગે યેના, એન ત્યેં ત્યા ચેલાહાન આખ્યાં, કા
“આંય પ્રાર્થના કોઓઉં તાંઆઉં લોગું તુમા ઈહીં
બોહી રીયા” 33 એન ત્યેં પેત્રેસ, યાકુબ એન
યોહાનાલ ત્યાઆ આરે લેઈન ગીયો; એન પાછેં
તો ખુબૂજ આકળાયો(કીંઈવાળો) એન નિરાશ
ઓઅઈ ગીયો, 34 એન ત્યેં ત્યાહાન(ચેલાહાન)
આખ્યાં, “માંઆ જીવ ખુબૂજ દુખી/(દુખમાંય)
હેય ઈહીં લોગું કા માંઆ જીવ નીંગી જાય
ઓહડાં(લાગહે): તુમા ઈંહીં રોયા એન જાગતા
રોજા” 35 પાછેં તો થોડહે(વાહાઈયોક) દુઉ ગીયો
એન બુંયે(ઊપે) પોડીન પ્રાર્થના કોઓયી, કા
બોની શોકે તોવે ઈ વેળાઈ (ગેડી) માંયે પાંઅને
નીંગી જાય, 36 એન ત્યેં આખ્યાં, “ઓ આબ્બા,
ઓ પિતા, તોઓથી બોદાંજ બોની શોકેહે; યા
વાસનાલ(ઓ વાટકો) માંયે પાંઅને લેય લે :
તેરૂ આંય આખું(માંગું) તેંહેં નાંય, પેન તું જીં
આખે તેહેંજ ઓએય(બોને)” 37 પાછેં યેઈન ત્યેં
ત્યાહાન હુવતલા દેખીન પેત્રેસાલ આખ્યાં, “ઓ
સીમોન,કાય તું હુવતોહો? કાય તુલ યોક કલાક
બી નાંય જાગતાં રોવાયાં? 38 જાગતા એન પ્રાર્થના
કોઓતા રોઆ કા, તુમા બોદા ફસાવણીયેમાંય|
(પરીક્ષામાંય) પોડેત(ફસાંયેત) નાંય, જીવ તે
ઊશારી(તીયારી) હેય,પેન શરીર(આંગ) નોબળાં
હેય” 39 એન તો પાછો ગીયો એન જાઈન
ત્યેં તેહેંજ પ્રાર્થના કોઓયી 40 પાછાં યેઈન ત્યેં
ત્યાહાન હુવતલા દેખ્યા કાહાકા ત્યાહા ડોળા
નીંદે કોઅઈન બાઆઈ ગીઈલા આતા; ત્યાલ
(ઈસુવાલ) કાય જાવાબ દેએના તીં ત્યાહાન હુજ
નાંય પોડયાં 41 પાછાં તીજી દાઆ યેઈન ત્યેં
ત્યાહાન આખ્યાં, “આજું બી તુમા હુવતલાજ
રાઆ એન આરામ કોઅતાજ રાંઆ, ઓલાંજ
આમી,તી ગેડી(વેળાઈ) યેઈ ફૂગીહી; એઆ
માંઅહાં પાહાલ પાપ્યાહા આથામાંય દોઓવાડી
દેવામ યેહે 42 ઊઠા,ચાલા(યા)! એઆ, માન
દોઓવાડી દેનારો પાંહાય યેઈ ફૂગ્યોહો !”(યેઈ
ગીયહો) 43 એન તો આજું બોલેહે ઓલામાંયજ,
યહુદા ઈશ્કારિયોત જો બાર ચેલાહામાનો યોક
જાંઆ આથો,એન ત્યાઆ આરે મુખી યાજક,
શાસ્ત્રીયા એન આગેવાનહા યોકમોઠો ટોળો લેઈન
યેઈય ફૂગીયો,એન ત્યા તારવાયો એન ડેંગારા લેઈન

યેનો 44 ત્યાલ દોઓવાડી દેનારેં(દેનારાંય) ત્યાહાન
ઓહોડી નીશાણી દેનેલ કા જ્યાલ આંય ગુળા
દાઉં તોજ હેય, ત્યાલ દોઓઈ લેજા એન હાચવીન
લેઈજાજા 45 તો યેનો, એન તારાતુજ ત્યાપાંય
જાયન આખ્યાં, “ઓ પ્રભુ!””(ગુરૂજી) એન ત્યેં
ત્યાલ ખુબૂજ ગુળા દેના 46 તોવે ત્યા લોકાહામાંય
ત્યાઆવો આથ ટાકીન દોઓઈ લેદો 47 ત્યા
પાંહાય ઊબા રોઓલા આથા, ત્યાહામાંઅને યોકે
જાંએં તારવાય કાડીન મુખી યાજકા ચાકારા ઊપે
ચાલાડી, એન ત્યા કાન તોડી ટાકયો 48 ઈસુવેં
ત્યાહાન આખ્યાં, “કાય તુમા માંન બાંડ/ડાખૂ
હોમજીન દોઓરાં હાટી તારાવાય એન ડેંગારા
લેઈન યેનાહાં કા? 49 એન આંય તે દીનાંયા
મંદીરામાંય તુમેહે આરે રોઈન હીકાડૂં, તેરું તુમાહાંય
માન નાંય દોઓયો:પેન ઈ યાહાટી ઓઅયાં
કા (ઈ યે લેદે જાયાં કા), પવિત્ર શાસ્ત્રામાંય
લોખલાં હેય તીં પૂરાં ઓએય” 50 એન તોવે
બોદા ચેલા ત્યાલ છોડીન નાંહી પોડયા(ગીયા)
51 યોક જુવાનિયો ત્યા ઊગાડા આંગા ઊપે
બોનતાં પાંગીન ત્યાઆ પાઠી-પાઠી(પાહાલા) ચાલ
પોડીયો; એન ત્યાલ ત્યાઆ લોકાહાંય દોઓયો
52 પેન તો બોનતાં (ચારસાં) ટાકી દેઈન, ઉગાડોજ
ત્યાહાં પાંઅને નાહી પોડયો 53 પાછેં ત્યા ઈસુવાલ
ધર્મગુરુવાપાંય(મુખી યાજકા પાંહી) લેઈ ગીયા;
એન બોદા મુખી યાજક, આગેવાન (વડીલ)
એન શાસ્ત્રીયા તાંઆ ટોળો વળીયા 54 પેત્રેસ
દુઉ લોગું ત્યા પાહાલા-પાહાલા મોઠા ધર્મગુરુવા
બાઆપૂર લોગું(હુદૂં) યેનો,એન ત્યાહા ચાકારાહા
આરે આગઠા પાંય તાપાં બોઠો 55 મુખી યાજક
એન આખી સોબાઈયેંય ઈસુવાલ માંઆઈ ટાકાડાં
હાટી ત્યા વિરુધમાંય સાબીતી હોદેત,પેન ત્યાહાન
કાંયજ સાબીતી મીળી નાંય 56 કાહાકા ડીગ્ગેં
જાંએં ઈસુવા વિરુધમાંય ખોટી સાક્ષી દેત, પેન
ત્યાહા સાક્ષી યોક બીજા આરે ઈળે-મીળે(મેળ)
નાંય 57 તોવે કોલાહાક જાંઅહાંય(લોકાહાંય) ઊબા
રોઈન ત્યા વિરુધમાંય ઓહોડી ખોટી સાક્ષી
દેની કા, 58 “આમાંહાંય એલાલ એહેં આખતો
વોનાયા કા, માંઅહાં આથે બાંદલાં ઈ મંદિર આંય
તોડી પાડહીં, એન તીન દીહિયામાંય બીહીરો
તીયાર કોઅહીં જો આથે કોંઓય નાંય બાંદલો
રોઓઈ” 59 એન યામાંય બી ત્યાહાલ સાક્ષી
મિળાવતી (આખતી) નાંય યેની 60 તોવે મોઠા
ધર્માગુરૂવેં(મહાયાજકેં) બોદાહા વોચમાંય ઊબા
રોઈન ઈસુવાલ પૂછયાં, “કાંય તું જાવાબ નાંય
દેય? યા લોક તોઓ વિરુધમાંય કાય સાક્ષી
દેતાહા?”(ગુનાહા આરોપ થોવતાહા?”) 61 પેન
તો ઓગોજ રોયો, એન જાવાબ નાંય દેનો, એન
આજું મોઠા ધર્માગુરૂવેં(મહાયાજકેં) ત્યાલ પૂછયાં
કા “કાય તું ત્યા પોરમેહરા પોહો, ખ્રિસ્ત(મસીહ)
હેતો કા?” 62 ઈસુવેં આખ્યાં, “આંય હેતાંઉ:
એન તુમા માંઅહા પાહાલ ખૂબ ગોતીવાળાલ
પોરમેહરા જેવેં(જમણી) આથેં બોઠલો (એએહા)
એન જુગામાંઅરેં યેતો એએહા” 63 તોવે મોઠા
ધર્માગુરૂવેં(મહાયાજકેં) ત્યા ફાડકેં ફાડીન આખ્યાં
, “આમી આપહાન બીજ્યે સાક્ષીહયે કાય ગરાજ
(જરૂર) હેય? 64 તુમા ઈ નીંદા વોનાયા(ઈ નીંદા
તુમાહાન વોનાવાં યેની) આમી તુમેહે કાય આખના
હેય?” ત્યા બોદાહાંય ત્યાલ મોતા ગુનેગાર
ઠોરાવ્યો 65 તોવે કાદેં ત્યાઆ મુંઈયા ઊપે થુપ્યાં,
એન ત્યા મુંઈ ડાકીન ઠોકયાં(ઠોકાં લાગ્યા),એન
એહેં આખતા લાગ્યા કા “ભવિષ્યવાણી કોઓ!”
એન સીપાડાહાંય (ચાકારાહાંય) ત્યાલ દોઓઈન
થાપડાહા કોંઓય ઠોકયાં 66 જોવે પેત્રેસ નીચે
બાંઅવામાંય (બાઆપૂર) આતો,ઓલહામાંય મુખી
યાજકા ચાકરાણી માંઅરે યોક તાંઆ યેની, 67 એન
પેત્રેસાલ તાપતો દેખીન ત્યા એછે એએઈન એહેં
આખાં લાગી, “તું હોગો નાજારેતીયા ઈસુવા
આરે આતો” 68 પેન તો નાંય માન્યો! એન ત્યેં
આખ્યાં, “તું કાય આખતીહી તીં આંય જાઆઉં
નાંય એન હોમજું બી નાંય” પાછેં તો દારવાજા
બાઆ ગીયો ઓલાહામાંય કુકાડ વાહાયો 69 તી
ચાકરાણી પાછી ત્યાલ એએઈન, તાંઆ ઉબા
રોઓલાહાન આખતી લાગી કા, “ઓ હોગો
એલાહા માંઆનો હેય” 70 પેન તો પાછો નાંય
માનતો લાગ્યો થોડી(થોડહયે) વાઆયેમાંય પાંહાય
ઊબા રોઅલા માંઅહાંય પેત્રેસાલ આખ્યાં, “નોક્કી
તું એલા લોકાહા માંઅનોજ હેતો; કાહાકા તું
ગાલીલ માંઅરેજ હેતો” 71 તોવે તો હારાપ દાઆં
લાગ્યો એન સુગુન(શપથ) ખાઈન આખતો લાગ્યો
કા,આંય એલા માંઅહાલ નાંય વોળખું, જ્યા
માંઅહા(વિશે) તુમા ગોઠ કોઅતાહા(લાવતાહા),”
72 તોવે ત્યેજ ગેડીયે કુકાડ બીજી દાઆ વાહાયો,
એન પેત્રેસાલ ઈસુવા આખલી ગોઠ ફોમ યેની: કા
“કુકાડ બેન દાઆ વાહારી ત્યા આગાડી તું માન
તીન દાઆ નાકાર કોએહે એન તો યે ગોઠયે વિચાર
કોઅઈન રોડી પોડીયો

15 1 ઊજાળાં ઓઅતાંજ તારાત મુખી
યાજક,આગેવાન એન શાસ્ત્રીયા એન
આખ્યે મહાસોબાઈયેં વિચાર કોઅઈન ઈસુવાલ
બાંદયો, એન ત્યાલ લેએઈ જાઈન પીલાતુસા
આથામાંય હોંઅપી દેનો 2 પીલાતેં ત્યાલ
પૂછયાં, “કાય તું યહુદીયાહાં રાજા હેતો કા?” ત્યેં

ત્યાલ જાવાબ દેનો, "તું પોતેજ આખી રીયહો"
3 મુખીયાજક ત્યાઆ ઊપે ખુબૂજ ગોઠયેહે
દોષ(આરોપ) લાવી રીઅલો આતો 4 તોવે પિલાતેં
પાછાં ત્યાલ પૂછયાં, "કાહા તું કાઈજ જાવાબ નાંય
દેય, એએ યેં તોઓ ઊપે કોલ્યે બાદી ગોઠહયે
આરોપ થોવતેંહે?" 5 ઈસુવેં પાછી કાંયજ જાવાબ
નાંય દેનો; ત્યાવો પીલાતાલ ખુબૂજ નોવાઈ
લાગી 6 પીલાતુસ ત્યા શોણામાંય(પર્વોમાંય) કાદા
હોગા યોકા કેદીલ ત્યેં આખે ત્યાલ ત્યાહા હાટી
છોડી દાઉં આતો 7 બારાબાસ નાંવ્યો યોક જાંઆ
ત્યા દંગો(લડાઈ) કોઅનારા આરે જેલેમાંય બંદ
આતો,જયેંય લોડાઈયેમાંય ખૂને કોઅયેલ 8 એન
ગીર્દી(લોકાહા ટોળો) ઊપે જાઈન ત્યાલ માગણી
કોઅતી લાગી, કા જયે પૂરમાણે તું આમહેં
હાટી કોઅતો યેનહો તેંહેંકોનુંજ કોઓ 9 પીલાતેં
ત્યાહાન જાવાબ દેનો,કા "કાય તુમા માંગતેંહેં કા
આઈ તુમેહે હાટી યહુદીયાહા રાજાલ છોડી દાઉં
?" 10 કાહાકા ત્યાલ ખોબાર આતી કા મુખી
યાજકાહેં ત્યાલ ઓદરાઈ લેદેજ દોઓવાડી
દેનેલ(હોંઅપી દેનેલ) 11 પેન મુખી યાજકાહેં
લોકાહાન હોમજાડયા કા ત્યા બોદલે બારાબાસાલ
ત્યાહા(તુમહે) હાટયે છોડી દેય 12 ઈં વોનાઈન
પીલાતેં ત્યાહાન પાછાં પૂછયાં કા, "તોવે તુમા
જ્યાલ યહુદીયાહા રાજા આખતાહા, ત્યાલ આંય
કાય કોઉં?" 13 ત્યા પાછા બોમલી ઉઠયા, "ત્યાલ
હુળી ખાબેં (મોતા ખાંબાવ) ચોડવી દિયા !"
14 પીલાતેં ત્યાહાન પૂછયાં, "કાહા, એલેં કાય
ગુનો કોઅયોહો?" પેન ત્યાન પાછા(આજું)
જોરમાંય બોમલાં લાગ્યા કા, "એલાલ હુળી
ખાંબે ચોડવી દિયા!" 15 તોવે પિલાતેં લોકાહાન
(ગીર્દીલ) રાજી કોરાં હાટી, બારાબાસાલ ત્યાહા
હાટી છોડી દેનો, એન ઈસુવાલ ચોપકાહા માંર
દેવાડીન હુળી ખાંબે ચોડવાં હાટી હોંઅપી
દેનો(ત્યાહાલ હોંઅપી દેનો કા તે ત્યાલ હુળી
ખાંબે ચોડવી દેય) 16 સિપાઈ(સીપાડા) ત્યાલ
મેહેલા પાંહાય બાંઆવામાંય લેઈ ગીયા તીં
ઠેકાણ પ્રીટોરિયુમ(પ્રૈતોર્યુમ) નાવેં કોઅઈન
વોળખાહે,એન આખ્યે (બોદયે) ટુકડયેલ હાદી લેય
યેના 17 તોવે ત્યાહાંય ત્યાલ જામલીયા રોંગ્યા
ડોગલાં પોવાડીયાં, એન કાટાહા મુંગુટ બોનાડીન
ત્યા ટોલપીયેવો થોવ્યાં/પોવાડયાં, 18 એન એહેં
આખીન ત્યા ત્યાલ સલામ કોઆં લાગ્યા કા
(ત્યા પાગે પોડતા લાગ્યા કા), "ઓ યહુદીયાહા
રાજા, સલામ!" 19 ત્યાહાંય ત્યા ટોલપીયેમાંય
હોટીયે કોઓઈન ઠોક્યાં, એન ત્યા ઊપે થુપીયાં,
એન માંડીયે પોડીન ત્યા પાગે પોડયા(પોડેત)
20 જોવે ત્યાહેં ત્યા મશ્કરી પૂરી કોઅયાં પાછેં,
ત્યા ઊપેને ત્યાહાંય જામલીયાં ડોગલાં કાડી લેદાં
એન ત્યાજ ફાડકેં ત્યાલ પોવાડયેં; એન પાછેં
ત્યાલ હુળીખાંબા ઊપે ચોડવાં હાટી બાઆ લેઈ
ગીયા 21 સિકંદર એન રૂફસા આબોહો, યોક કુરેની
માટડો, જો ગાંવા માંઅરે યેઈ રોઅલો; ત્યાહેં
ત્યાલ જબારજાસ્તી (ઉદાબાદી) કોઅઈન દોઅયો
યાહટી કા તો ત્યા(ઈસુવા) હુળી ખાંબ ઉખલીને
ચાલે 22 ત્યાહેં ઈસુવાલ ગુલગથા (એટલે ખોપરીયે
જાગો) નાંવી જાગે લેઈ યેના 23 તાંઆ ત્યાલ બોળ
બેખળીન દારાખારોહો પાજાં લાગ્યા/મુંડયા,(દાઆં
લાગ્યા) પેન ત્યેં નાંય પીદાં 24 પાછેં ત્યાહાંય
ત્યાલ હુળીખાંબે ચોડવી દેનો એન ત્યાઆ ડોગલેં
ત્યાહાંય કુંયેં કોઅહાં ડોગલાં લેઅના,ત્યાહાટી
ચીઠીયો ટાકીન વાટી લેદેં 25 એન જોવે ત્યાલ
(ઈસુવાલ) હુળી ખાંબે ચોડવી દેનેલ તોવે દિહી
ચોડી ગીઈલો આતો (જોવે યોકે પારગે દિહી
ચોડી ગીયેલ તોવે ત્યાહેં ત્યાલ હુળી ખાબેં ચોડવી
દેનેલ) 26 એન ત્યાઆ તોહમતનામામાંય અહોડાં
લોખીન ત્યાઆ ઊપે લાવી દેનેલ કા "યહૂદીયાહા
રાજા" 27 ત્યાહેં ત્યાઆ આરે બેન બાંડાહાન હોગા
હુળી ખાંબે ચોડવી દેના,યોકાલ જમણી/જેવેં આથે
એન યોકાલ બાંગે આથે 28 [તોવે તીં પવિત્ર શાસ્ત્રા
માંય લોખલાં વચન ઈં કા, તો ગુનેગારીયાહામાંય
ગોણાયો,તીં પૂરાં જાયાં] 29 એન વાટે જાનારેં (જાતેં
માંઅહેં) ટોલપેં આલવી-આલવીન એહેં આખીન
ત્યાઆ મશ્કરી/નીંદા કોએત કા, "એરે! મંદિરાલ
પાડી ટાકનારા, એન તીન દીહીયામાંય ત્યાલ
પાછાં બોનાવનારા! 30 હુળી ખાંબા ઊપને ઊતી
પોડ એન પોતાનેજ બોચાવ કોઅઈ લે" 31 યેજ
પૂરમાંણે મુખી યાજક બી, શાસ્ત્રીયાહા આરે
મશ્કરી કોઓઈન આખેત કા, "એલેં બીજાહાન
બોચાવ્યા, પેન પોતેજ પોતાલ બોચાવી નાંય શકે
32 ઈસરાયલા રાજા,ખ્રિસ્ત, આમી હુળી ખાંબા
ઊપને ઊતી પોડ એન ઈં એએઈન આમા(તુલ
માનુહૂ) તોઊપે બોરહો કોઓહું" એન ત્યા આરે
જ્યા બાંડ હુળી ખાંબાવો ચોડાવલા આતા ત્યાહેં
હોગી ત્યાઆ મશ્કરી કોઅયી 33 બોપાર પાછેં
આખા દેશીયામાંય આંદારાં ઓઅઈ ગીયાં/
રોયાં, એન તીં તીન વાગ્યા લોગું રોયાં 34 તીન
વાગતાં/વાગે ઈસુવેં મોઠેરે બોમલીન આખ્યાં કા,
"એલોઈ,એલોઈ લમા શબકથની?" મતલબ/
એટલે, "ઓ માંઆ દેવા,ઓ માંઆ દેવા તુંયેં
માન કાહા છોડી દેનોહો? 35 તાંઆ ઊબેં
આતેં ત્યાહામાંઅરે, ઈં વોનાઈન આખતેં મુંડયેં,
"એઆ,તો એલીયાલ હાત કોએહે" 36 એન યોકે

જાંએં દાહાંદી જાઆઈન ખાટામાંય વાદળી બુડવી,
એન લાકડીયે ઊપે બાંદિન ત્યાલ ચુહૂરાં દેની, એન
આખ્યાં, "એએતા ખોરા(ઊભા રોયા),એલિયા
ત્યાલ છોડાં/ઊતાડાં યેહે કા નાંય" 37 તોવે ઈસુવેં
મોઠેરે બોમલીન જીવ ટાક્યો 38 એન તોવે મંદિરા
પોડદો ઊપરે તે નીચે લોગું ચીઆઈન બેન બાગ
ઓઅઈ ગીયા 39 જો સીપાડાહા જોમાદાર
ત્યાઆ હામે ઊબો રોઅલો આતો, તોવે ત્યાલ
એહેં કોઅઈન બોમલીન જીવ ટાકતો એએયો કા,
"ખોરાંજ ઈ માંઅહું (ઓ માટડો) પોરમેહેરા પોહો
આતો!" 40 કોલ્યોહોક થેએયો દુઉ રોઈન એઅયા
કોઓત: ત્યેહેમાંય માગદલાની મારિયા, વાહાનો
યાકુબ,યોસેસા આયહો મારિયા એન સાલોમી બી
આતી 41 જોવે તો ગાલીલ દેશામાંય આતો તોવે
ત્યો ત્યાઆ પાછાડી ચાલેત એન ત્યાઆ સેવા
ચાકરી કોઓત; એન બીજ્યો ખુબૂજ થેએયો
હોગીયો આત્યો, જ્યો ત્યાઆ આરે યેરૂસાલેમ
માંય યેનલ્યો આત્યો 42 જોવે વોખાત ઓઅઈ
ગીઈલી આતી તોવે યેહાટી તીયારી કોઅના દિહી
આતો કા તો આઠવાડયા યોક દિહી પેલો આતો
43 અરિમથાઈયો રોનારો યુસુફ યેનો,તો યોક
ન્યાયસોબયે (માંહાસોબાયે) સભાસદ(સોભ્ય)
આતો, એન તો પોતે પોરમેહરા રાજ કોદહી
યેય ત્યા વાટ એએઈ(જોવી) રોઅલો આતોતો
ઈમાત રાખીન પીલાતાપાંય ગીયો એન ઈસુવા
આંગ(શરીર) માગ્યાં 44 પીલાતુસાલ નોવાઈ લાગી
કા તો(ઈસુ) ઓલે માહારી મોઓઈ ગીયો,એન
ત્યેંય જોમાદારાલ(સુબેદારાલ) હાદીયો, એન
ત્યાલ પૂછયાં "કાય ત્યાલ મોઓઈન કોલહી
વેળ જાઈ?" 45 જોવે ત્યેં જોમાદારા(સુબેદારા)
પાંઅને ખોબાર જાંઅયાં પાછેં, યોસેફાલ ત્યાઆ
આંગ(શરીર)દેય દેના 46 તોવે યોસેફેં હુણા(તાગા)
યોક ફાડકાં(બોનતાં) વેચાતાં લેઈ લેદાં, એન
ત્યાઆ આંગ હુળી ખાંબા ઊપને ઊતાડીન ત્યા
ફાડકામાંય(બોનતામાંય) ચોંડાળી લેદાં, એન
ખોલકાડામાંય કોતરાવલી(ખોદલી) કોબારેમાંય
થોવી દેનાં, એન કોબારે (માંહાણા) બાંઅણા/
મુંઈયા ઊપે યોક દોગાડ કોથલાડી દેનો 47 મારિયા
માગદલાની એન યોસેસા આયહો મારિયા ઈં
એએય રોઅલી કા ત્યાલ કેસે થોવતેંહેં

16 1 જોવે શાબાથા દિહી પૂરો ઓઅય ગીયો
તોવે,મારિયા માગદલાની,યાકુબા આયહો
મારિયા એન સાલોમી યીહીં ત્યાઆ(ઈસુવા)
આંગાલ લાવાં હાટી સુગંદી વસ્તુ/ચીજેં વેચાતેં
લેઈ યેન્યો 2 આઠવાડયા પોયલે દિહી હાકાળેહેં
દિહી નીંગતાંજ,(નીંગ્યો તોવે),ત્યો માહાણા પાંય
યેઈ ફૂગ્યો, 3 એન ત્યો ત્યેહેમાંય એહેં આખત્યો
આત્યો કા, "આપહે હાટી માહાણા (મુંયા)ઊપને
દોગાડ કુઉં ફેડી?" 4 જોવે ત્યેહેંય નોજાર કોઅઈન
એએયાં, તોવે દોગાડ ફેડી ટાકલો આતો- એન
તો ખુબૂજ મોઠો આતો 5 ત્યેહેંય માહાણા પાહીં
જાઆઈન યોકા જુવાનિયાલ ઊજળેં(સોફેત) ડોગલેં
પોવીન જેવીં(જોમણી) બાજુ બોઠલો દેખ્યો,તોવે
ત્યો ખુબૂજ બીઈ ગીયો 6 ત્યેં(જુવાનીયેં) ત્યેહેન
આખ્યાં કા, "બીયહા મા, તુમા નાજરેતીયા
ઈસુવાલ, જ્યાલ હુળી ખાંબા ઊપે ચોડાવ્યેલ
ત્યાલ હોદતીયોહો તો જીવતો ઊઠ્યોહો, ઈંહી
નાંય હેય; એએયા,ઈ તીજ જાગા હેય, જયે
જાગે ત્યાલ થોવ્યેલ 7 બાકી તુમા જાયા, એન
ત્યા ચેલાહન એન પેત્રેસાલ એહેં જાયન આખા
કા, તો તુમેહે પેલો ગાલીલમાંય જાઅરી જેહેંકોન
ત્યેંય તુમાહાન આખ્યેલ, તીંજ તુમા એઅહા"
8 એન ત્યો નીંગીન માંહણામાંઅરે નાહી ગીયી;
કાહાકા ત્યો ખુબૂજ બીઈ ગીઈલ્યો આત્યો; એન
ત્યેહેંય કાદાલ કાંય આખ્યાં નાંય, કાહાકા ત્યો
બીઈ ગીઈલ્યો 9 આઠવાડયા પેલે દિહે ઉજળાં
ઓઅતાહાવ તો જીવી ઊઠીન પેલાંજ મારિયા
માગદલેનાલ જયેમાંઅને હાંત બુત કાડયેલ, ત્યેલ
દેખાયો 10 ત્યેં જાયન ઈસુવા હાંગાતીયાહાન જ્યા
રોડતા એન કોકાળતા આતા, ત્યાહાના ગોઠ આખી
11 જોવે ત્યેં આખ્યાં કા, તો જીવતો હેય એન
માંયે ત્યાલ દેખ્યોહો, ઈ વોનાયા તેરૂ ત્યા વોનાયા
નાંય 12 ત્યા પાછેં ત્યાહામાંઅને બેન જાંઆ ગામડે
જાત તોવે ઈસુ ત્યાહાન બીજા રૂપામાંય/જુદી રીતે
દેખાયો 13 ત્યાહાંય બી જાયન બીહાન ગોઠ આખી/
ખોબાર દેની, પેન ત્યાહાંય બોરહો નાંય થોવ્યો
14 પાસેં તો અગીયાર ચેલાહાન બી, જોવે ત્યા
ખાંઆ બોઠલા તોવે ત્યાહાંન દેખાયો, એન ત્યાહા
બોરહો નાંય થોવના લેદે એન કોઠાર મોના લેદે
ત્યાહાન ઠોપકાડીયા, કાહાકા જ્યાહાંય ત્યાઆ
જીવી ઉઠના પાસેં દેખ્યેલ, ત્યાહાવો બોરહો નાંય
કોઅયેલ 15 એન ત્યેં ત્યાહાન આખ્યાં, "તુમા
આખી દુનિયામાંય જાયન, આખી જાતી લોકાહાન
ખુશ ખોબારે જાહેર કોઆ 16 જો બોરહો થોવે
એન બાપ્તિસમા લેય ત્યાઆજ તારાણ ઓઈ, પેન
જો બોરહો નાંય થોવે તો ગુનેગારીયો ગોણાયી
17 બોરહો થોવનારાહા માંય ઓહડયો નીશાણીયો
ઓઅરી કા, માંઆ નાંવ લેઈન બુતહાન તાંગાડી,
નોવી નોવી બોલીયે માંય બોલી, 18 હાપડાહાંન
દોઅરી, એન જેર/ખાર બી પીઈ જાય તેરૂ ત્યાહા
કાંય નુકસાન નાંય ઓઅરી; દુખ્યાહાવો આથ
થોવી, તોવે ત્યા હારા ઓઅઈ જાય" 19 પ્રભુ ઈસુ

ત્યાહાઆરે ગોઠ કોઅયા પાછેં, હોરગા માંય લેય
લેવાય ગીયો, એન પોરમેહરા જેવેં આથે બોહી
ગીયો 20 એન ત્યાહાંય નીંગીન આખી દુનિયામાંય
ગોઠ આખી, એન પ્રભુ ત્યાહાઆરે કામ કોઅતો
આતો, એન ત્યે નીશાણીયે કોઅઈન, ત્યેં સાબીતી
દેની કા ત્યાહા આખલાં ખોરાંજ હેય

# LUKE

## લુક

1 1 માનજોગ થેયોફીલુસ, આપે ઈહીં જી ગોઠ
બોની ગીઈ, ત્યે ખોબાર નોજારે એએનારાહાંય
એન ધર્મસેવાકાહાંય આખ્યેલ, 2 એન આખલા
પુરમાણે પુરમાણે તી ગોઠ લોખાં હાટી ડીગ્ગા
જાંઆહાંય મેએનાત કોઅયીહી 3 ઈ બાદાં પોયલારે
હારી રીતે હોદીન તોઓ હાટી ગોઠવીન લોખનાં
માંયે વિચાર કોઅયો, 4 યા હાટી કા જી હારી ગોઠ
તું હીકી ર્નો, તી બાદી ખોરીજ હેય ત્યા તુલ
ખાતરી રોહોય 5 યુદેયા દેશા હેરોદ રાજા દેહામાંય
આબિયાહા કુળમાંઅનો યોક પૂંજારો આતો,
ત્યા નાંવ જાખારિયા, એન હારૂના કુળમાંઅની
એલીસાબેત નાંવી ત્યા થેએ આતી 6 ત્યેં બેની
જાંએ પોરમેહરા નોજારેમાંય હારેં આતેં, એન
પ્રભુવા બાદા ઊકુમ એન કાયદા બૂલ વોગાર
પાળુ આતેં 7 પેન ત્યાહા પોહેં નાંય આતેં, કાહાકા
એલીસાબેત બાઈ વાંઆંટી આતી, એન ત્યા
બેનીયાહા ઊમર ડીગી ડાઆયી ઓઈ ગીયેલ
8 આમી એહેંબોન્યાં કા ત્યા કૂળા વારો આતો
તોવે જાખારિયા પોરમેહરા પૂંજ પાડાં આજૂર
રોયો 9 તોવે અહોડાં જાયાં કા યાજાકાહાં દારા
પુરમાણે ચીઠી ટાકતાં, દેવાળમાંય જાઈન દૂપ દેઅના
કામ બાગામાંય યેનં 10 દૂપ દેઅના વખતે લોકાહા
આખો ટોળો બાઆ પ્રાથના કોઅહે 11 ઓલામાંય
યોક દેવદૂત ધરમદોરતીયી જેવાડ્યે વોળો ઊબો
રોઅલો ત્યાલ દેખાયો 12 ત્યાલ દેખીન જાખરિયા
ગાબરાઈ ગીયો એન ત્યાલ બીયાં યેનાં 13 પેન
દેવદૂત ત્યાલ આખ્યાં: "ગાબરાહેમ, જાખારિયા
પોરમેહર તોઓ માગણી કવોનાયોહો, એન તોઓ
થેએ એલીસાબેતેલ પોહો ઓરી ત્યા નાંવ તું
યોહાન પાડજે 14 તુલ આનંદ મીળી એન તુ
રાજી ઓઈ જાહે, એન ડીગ્ગેં માંઅહેંત્યા જોનામા
લેદે રાજી ઓઈ જાય 15 પોરમેહરા નોજારેમાંય
તો મોઠો ગોણાયી,તો દારાખારોહો કા હોરો નાંય
પીયી, એન આયેહી પેટામાંઅનેજ તો પવિત્રજીવે
કોઓઈન બોઓલો રોય 16 ઈસરાયેલા ડીગ્ગા
માંઅહાંન ત્યાહા પ્રભુ પોરમેહરા એછે પાછા વાળી
લેય યી 17 એલીયાહા જીવ એન ગોતી લેઈન
તો પોરમેહરા વેઠિયો એહેં ત્યા આગલા આગલા
ચાલી હાના મોઠાહા યોકુજ મોન હોમજૂક કોઅઈ
દી, જ્યા નાંય માનતાહા ત્યાહાન હોમજાડીન
હારી વાટેમાંય પાછા વાળી લી, એહેં કોઓઈન
પોરમેહરાલ પોસાન પોડે ઓહડા લોક તીયારી
કોરી" 18 જાખરિયાએ દેવદૂતાલ આખ્યાં "માન
કેહેં કોઅઈન યે ગોઠીયે ખાતરી રોય? કાહાકા
આંય ડાઆયો ઓઈ ગીયો, એન માંઆ થેએયે
ઊમર બી ડીગ્ગી ઓઈ ગીયીહી" 19 દેવદૂતે ત્યાલ
આખ્યાં "આંય પોરમેહરા આગલા ઊબો રોઅનારો
ગાબરીયેલ દેવદૂત હેતાઉં તુલ ઈ ગોઠ આખાં એન
ઈ ખુશ ખોબાર દાંઆ હાટી ત્યેં માન દોવાડ્યોહો
20 પેન તુંયે માંઆ ગોઠીયે ઊપે બોરહો રાખ્યો નાંય,
ત્યા હાટી લે, ઈં બાદાં બોની જાય તાંઅઉં હુદું
તું મૂકો રોહે, એન બોલી નાંય હોકેહે તેરૂ સોમાય
યેતાં માંઆ ગોઠ ખોરી પોડનારી" 21 તાઆઉં
માંઅહેં જાખારિયા વાટ એઅઈ રોઓલેં તો ઓલી
બાદી વાઆ મંદિરમાંય કાહા રોયો ત્યાઆ ત્યાહાન
નોવાઈ લાગી 22 જોવે તો બાઆ યેનો તોવે તો
બોલી હોક્યો નાંય તેંઅ ત્યેં માંઅહેં હોમજી ગીયેં
કા મંદિરમાંય ત્યાલ દેખાડો દેનોહો તો ઈશારો
કોઅહે પેન મૂકો જ રોયો 23 ત્યા પૂંજ પાડના
દીહી પૂરા ઓઈ ગીયા, તોવે જાખારિયા ગોઓ
પાછો વોળિયો 24 ત્યા પાછેં ત્યા થેએ બારી પાગે
જાયી, એન પાંચ મોયના હુદુ તી દૂબી રોયી
25 તે એંહેં આખે ક, "પોરમેહરે દયા કોઅયીહી,
ત્યા મોરજી જાયી તોવે ત્યેં લોકાહામાંય માંઆ
લાજ આતી તી દૂઉ કોઓયી" 26 છોઠે મોયને
પોરમેહરે ગાબરીયેલ દેવદૂતાલ ગાલીલમાંય યેનલા
નાજારેત નાંવ્યા ગાંવામાંય દોવાડ્યો 27 તાંઆ યોક
બોટકાળ પૂહી આતી ત્યે નાંવ મારિયાદાઊદરાજા
કૂળામાંઅના યોસેફ નાંવ્યા માટડા આરે ત્યે
પીયેં પાજ્યેલ 28 ત્યેં પાંય જાયનદેવદુતે આખ્યાં,
"સલામ, ઓ પોરમેહરા વાહાલી, પ્રભુ તોઓ આરે
હેય" 29 ત્યા ગોઠ વોનાઈન તી ખૂબ ગાબરાઈ
ગીઈ, એન વિચાર કોઅતી લાગી કા "ઈ કહોડી
જાતી સલામી ઓરી ?" 30 તોવે દેવદુતેં ત્યેલ
આખ્યાં, "ગાબરાહે મા, મારિયા, કાહાકા પોરમેહર
તોઓ વો રાજી જાયહો 31 એએ, તુ બારીપાગે
રોહે એન તોઓ યોક પોહો ઓરી, ત્યા નાંવ તુ
ઈસુ થોવજે 32 તો મોઠાં માંઅહું બોની, એન
ઊચલીયા દેવા પોહો આખાયીપોરમેહર પ્રભુ ત્યાલ
ત્યા વોડીલ દાઉદરાજા રાજગાદી દીઈ, 33 એન

તો જોલમજુગા હુદુ ઈસરાયેલ લોકાહા ઊપે રાજ
કોરીત્યા છેડા યીજ નાંય" 34 મારિયાએ દેવદુતાલ
આખ્યાં, "એલાં કેહેં કોઅઈન બોની ? માંયે તેંઅ
માટડા આરે વેવાર નાંય રખ્યોહો" 35 દેવદુતે જાવાબ
દેનો કા "પોરમેહરા પવિત્ર જીવ તોઓ ઊપે ઊતી,
ઊચલીયા દેવા ગોતી તોઓ ઊપે છાંવાડો કોરી ત્યા
હાટી તોઓ પેટામાંઅને જો પોહો જાનેમી, તો
પવિત્રઆખાયી, પોરમેહરા પોહો 36 એન એએ,
તોઓ હોગવાડિયામાંઅની એલીસાબેતેલ બી ત્યે
ડાઆયાપોણામાંય મોયના રોઅલા હેતા, એન
જ્યેલ વાંઅટી આખેત,ત્યે આમી ઓ આમી
છોઠો મોયનો ચાલેહે 37 કાહાકા પોરમેહરાથી નાંય
બોની હોકે, અહોડાં કાંય નાંય હેય" 38 મારિયાએ
આખ્યાં, ''આંય પોરમેહરા ચાકરાડી હેત્યાઉં, તુંયે
આખ્યાં તેંહેંજ માન ઓઓય'' પાછેં દેવદૂત ત્યે
પાંઅને જાતો રોયો 39 તોદીહી મરિયા ઊઠીન
ઊતવાળે કોઓઈન ડોગાલામાંય યેનલા યુદેયા દેશા
યોક ગાંવામાંય ગીયી, 40 એન જાખારિયા ગોઅમેં
જાઈન ત્યે એલીસાબેતેલ સલામી આખી 41 જોવે
એલીસાબેત મારિયાયે સલામી વોનાયી,તોવે ત્યે
પેટામાંય ત્યે પોહો વીવળાવ્યો એન એલીસાબેત
પવિત્ર જીવા કોઅઈન બાઆઈન 42 મોઠેંરે આખતી
લાગી કા, ''બાધ્યે થેએયેહેમાંય તું બોરકાવાળી,
એન બોરકાતવાળો તોઓ પેટા ફળ 43 એન માંઆ
પ્રભુવા આયોહો માંયે પાંય યેની, ઈ કેંહેં કોઈન
બોન્યાં ? 44 કાહાકા એએ, તોઓ સલામીયે
આવાજ માંઆ કાને પોડ્યો, તોવે તારાત માંઆ
પોહો માંઆ પેટામાંય વીવળાવ્યો 45 એન તુ
ખોરી બોરકાતવાળી, કાહાકા તુ માની ગીયી
કા પ્રભુએ તુલ જી ગોઠ આખ્યેલ, તી પૂરી
જ ઓઅનારી'' 46 મારિયાએ આખ્યાં, ''માંઆ
જીવ પોરમેહરા મોઠાઈ આખે હે 47 માંઆ મોન
પ્રભુ માંઆ તારનારમાંય ખૂબ રાજી ઓઅઈ
ગીયાહા 48 કાહાકા ત્યેં ત્યા ગોરીબ ચાકરાડીયેલ
ફ્રેમ કોઆયી એએજા, આજરે બાદા લોક માન
બોરકાતવાળી આખરી 49 કાહાકા ગોતવાળેં માંઆ
હાટી મોઠેં કામેં કોઅયેહેં; ત્યા નાંવ પવિત્ર હેય
50 પેડીયે પાઠી પેડી તો ત્યા દાક રાખનારાહાન દયા
કોઅહે, 51 આથ લાંબો કોઅઈન ત્યેં મોઠી ગોતી
કોઓયી, મોનમાંય ઓબીમાન કોઅનારાહાન ત્યેં
વેરી દેનાહા 52 મોઠા લોકાહાન ત્યાહા ખુડચીયેહે
ઊપને ઊતાડી પાડ્યા, એન ગોરીબાહાન ઊચે
ચોડાવ્યા 53 બુખ્યાહાન દારાતાં લોગુ હારાં હારાં
ખાવાડ્યાં એન બોરાલાહાન રીતે આથે પાછા
દોવાડ્યા 54 આપે વોડીલાહાન ત્યેં વોચાન દેનાં
ત્યા જ પુરમાણે ત્યેં ત્યા ચાકાર ઈસરાયેલાલ
મોદાદ યેનો 55 એન ફ્રેમ કોઅઈન આબ્રાહામ એન
ત્યા પેડીયેલ જોલામજુગા લોગુ દયા કોઅયીહી''
56 ત્યે આરે તીનખાન મોયના રોઈન મારિયા ગોઓ
પાછી વોળી યેની 57 આમી એલીસાબેત છુટાં
ઓઅના દીહી યેય ફૂગ્યા એન ત્યેં પોહાલ જોનમો
દેનો 58 પોરમેહરે ત્યે ઊપે કોલી ડીગ્ગી મોયા
કોઅયી,તીં જોવે ત્યે આહી પાહી વાળાહાંય એન
હોગવાડીયાહાંય જાઆયાં, તોવે ત્યાહાન બી આનંદ
જાયો 59 આઠ દીહા પાછેં ત્યા પાહા સુન્નત પૂજા
કોઅયી, એન માંઅહે ત્યા નાંવ ત્યા આબાહા
નાંવા ઊપને જાખારિયા પાડાં કોઓત; 60 તોવે
આયોહો બોલી, ''નાંય, યા નાંવયોહાન પાડના
હેય'' 61 ત્યા માંઆહાંય આખ્યાં, ''પેન તુમેહે
કુટુંબમાંય અહોડો નાંવ્યો કાદોનાંય હેય'' 62 પાછેં
ત્યાહાંય ત્યા આબાહાલ ઈશારો કોઅઈન પૂછયાં
કા "તોઓ મોરજી કાય હેય? કાય નાંવ પાડના
હેય? 63 તોવે ત્યેં યોક પાટી લેઈ હાદાડી એન
લોખ્યાં, " એલા નાંવ યોહન હેય" બાદા લોક
નોવઈ પામ્યા 64 ત્યાંજ ગેડીયે ત્યા મુઈયામાંઅને
વાચા નીંગી એન ત્યા જીબ પાછી છુટી ઓઅઈ
ગીયી એન તો પોરમેહરા આભાર આખતો લાગ્યો
65 બાદે આહી પાહી વાળેં બીઈ ગીયેં, એન યુદેયા
ડોગાહામાંય આખ્યે ગોઠીયે ચર્ચા ઓઅય ફેલાઈ
ગીયી 66 જ્યેં માઅહેં વોનાયેં ત્યેં વિચાર કોરોં
મુંડ્યેં "આ પોહો કહોડો નીંગી?" કાહાકા હાચુલૂજ
ત્યા આરે પોરમેહરા આથ આતો 67 ત્યા આબોહા
જખારિયામાંય પોરમેહરા આભાર આખ્યો કા
68 "ઈસરયેલા પોરમેહરા પ્રભુઆ આભાર માના,
કાહાકા ત્યેં ત્યા લોકાહા મોદાદે યેનો એન ત્યાહાન
બોચાવી લેદાહ 69 આપે હાટી ત્યેં ત્યા ચાકાર
દાઊદા પેડીયેમાંઅને યોક ગોતીવાળો બોચાવનારો
ઊબો કોઅયો 70 કોયાં,ત્યા પવિત્ર બોગાતાહા મુઈયે
કોઅઈન ત્યેં ઈજ આખ્યેલ 71 ત્યેં આપાહાન આપે
દુશમાનાહા એન આડાઈવાળાહા આથમાંઅને
બોચાવાં વોચાન દેનેલ, 72 આપે વોડીલાહા વો
દયા કોરાં આખ્યેલ, 73 ત્યા પવિત્ર કોબુલાત
ફ્રેમ કોરાં આખ્યેલત્યેં આપે વોડીલ આબ્રાહામાલ
વોચાન દેનેલ કા આપાહાન આપે દુશ્માનાહા
આથામાંઅને છોડાવી 74 એન આખી જીંદગીયે
લોગુ ત્યા નોજારેમાંય પવિત્ર એન ચોખ્ખા રોઈન,
આપાહાન, 75 કાદાઆ દાક રાખ્યા વોગાર ત્યા
સેવા કોરાં દે 76 એન તું માંઆ પાહા,તુ ઊચલીયા
દેવા બોગાત આખાયેહે પ્રભુવા વાટ તીયાર કોરાં
હાટી, એન ત્યા લોકાહાન છૂટકા ખોબાર કોરાં
હાટી, મતલબ, 77 ત્યાહા પાપાહા માફીયે ખોબાર
દાંઆ હાટી,તુ પ્રભુવા આગલા આગલા ચાલેહે

78 કાહાકા આપે પોરમેહર ખુબ મોયાળુ હેય,
દયાળુ હેય, એન ત્યા હાટી તો ઊચરે નીંગીન
આપાહાન મોદાદે યેનો 79 આંદારામાંય એન મોતા
છાવાડામાંય પોડી રોઅલાહાન આપાહાંન ઊજાળાં
દાંઆ હાટી, આપાહાંન શાંતિયે વાટેમાંય ઊબા
કોરાં હાટી" 80 પોહો મોઠો ઓઅતો ગીયો ત્યા ડીલ
એન જીવા ગોતી વોદતી ગીયી,

2 1 એન ઈસરયેલ લોકાહા આગલા ઊબા
રોઅના દીહી યેય જાય, તાઆઉં લોગું તો
ઊજાડ્યેમાંય રોયો 2 કવિરીનીયુસ સિરિયાદેશા સૂબો
આતો તોવે ઈ પોયલી વસ્તિ ગોણાત્રી જાયી
3 બાદે માઅહે પોતાપોતા વોતની ગાવાહામાંય
નાંવ નોદાડા હાટી ગીયે 4 આમી યોસેફ દાઊદા
કુળામાઅને એન કુટુંબામાઅનો આતો ત્યા હાટી
નાજારેતરે તો યુદેયા દેશામાય યેનલા દાઊદાશેઅરે
બેતલેહેમમાંય નાંવ નોદાડા ગીયો 5 ત્યા આરે
ત્યા હોગાઈ કોઅલી થેએ મારિયા હોગી આતી,
તી મોયનાવાળી આતી, 6 એન ત્યે તાંઆ આતે
તોલામાંય ત્યે ચૂટા ઓઆના દીહી યેઈ ગીયા
7 એન ત્યે પોતે પોયલા ખોવા પાહાલા જોનમો
દેનો એન ત્યાલ ફાડકામાંય ચોડાળીન ગવાયેમાય
હુવાડ્યો કાહાકા દરમશાળામાંય ત્યાહા હાટી જાગો
નાંય આતો 8 એલા મુલુખામાંય કોલાહાક બારવાડ
લોક રાતીઆ દાદરામાંય ત્યાહા ગેટેં ટોવેત 9 તોવે
યોકાટોહોજ યોક દેવદુત ત્યાહાન દેખાયો, એન
ત્યાહા ચોમખી પોરમેહરા ઊજાળાં જીગાતા લાગ્યા
ઈ એઅઈન ત્યાહાન ખૂબ બીયા યેના, 10 પેન
દેવદુતે ત્યાહાન આખ્યા "બીયાહામા વોનાયા આંય
તુમહાન ખૂબ આનંદ ખુશ ખોબાર દેતાહુયા લેદે
બાદા લોક બી રાજી ઓઈ જાય 11 આજે દાઊદા
શેઅરામાંય તુમહાન છોડાવનારો જોનામલો હેય,
તોજ ખ્રિસ્ત પ્રભુ હેય 12 તુમાહાન ઈ નિશાણી
દેતાહુ કા તુમા યોક પાહાલ ફાડકામાંય ચોંદાળીન
ગવાયેમાંય હુવાડલા એઆહા" 13 યોકાટાહાંજ ત્યા
દેવદુતા આરે હોરગામાઅના દેવદુતાહા ટોળો જાયો
ત્યા એહે કોઅઈન ગીત આખેત કા 14 " ઊચલીયા
દેવા સ્તુતિ આખા, એન દોરત્યેવો ત્યા પોસાન
કોઅલા લોકાહાન શાંતિ આખા" 15 ત્યા દેવદુત
ત્યાહા દેખાતા હોરગામાંય પાછા જાતા રોયા,
તોવે બારવાડ લોક યોકબીજા આખતા લાગ્યા કા
"ચાલા, આપા બેતલેહેમ જાતા, એન ઈ જી ગોઠ
બોની ગીયી,એન પોરમેહરે આપાહાલ આખીહી,
તી એરા જાતા" 16 ત્યા ઊતાવળે કોઈન યેના
એન ત્યાહાય મારિયા, એન યોસેફ હોદી કાડ્યે
એન ગવાયેમાંય પાહાલ હુવાડલો દેખ્યો 17 ત્યાલ
એઅયાં પાછે, ત્યાહા પાહા વિશે દેવદુતે જી
આખ્યેલ તી ત્યાહાન આખી દેનાં 18 જ્યેં જ્યેં
બારવાડાહા ગોઠ વોનાયે ત્યે બાદે નોવાઈ પામ્યે
19 પેન મારિયા યો બાધો ગોઠ્યો પોતે મોનામાંય
રાખીન ત્યાહા ઊપે વિચાર કોઅતી રોયી 20 પાછે
બારાવાડ લોક પોતે જી કાય વોનાયા એન દેખ્યા
ત્યા હાટી પોરમેહરા સ્તુતિ એન ગીંતે આખતા
આખતા પાછા ગીયા ત્યાહાન આખલાં આતા ત્યા
પુરમાણેજ બાદા બોની ગિયેલ 21 આઠ દિહી પાસે,
પાહા સુન્નત પૂજા કોઅના દીહી યેના તોવે ત્યાલ
ઈસુ નાંવ થોવ્યો તો ગોરબે રોયો ત્યા આગાડીયા
દેવદુતે આખ્યેલ તીજ નાવ 22 મૂસા કાયદા પુરમાને
ચોખ્ખા ઓઅના વીદી કોઅના દીહી યેનો તોવે
ત્યાલ પ્રભુવાલ બેટાડાં હાટી ત્યાલ યેરૂસાલેમ
લેઈ ગીયા 23 કાહાકા કાયદાહામાંય લોખલા હેંય
કા 'પેટાં પોયલો જનમલો પોહો પ્રભુવા પવિત્ર
ગોણાયી' 24 એન પ્રભુવા કાયદાહામાંય લોકલાં
પુરમાણે ત્યા બેન ઓલગેં કા બેન વાહાંને
પારળેં પ્રભુવાલ બેટ દાંઆ લેઈ ગીયા 25 આમી
યેરૂસાલેમમાંય સીમયોન નાંવ્યો યોક માટડો આતો
તો હારો માટડો આતો એન પોરમેહરા દાક રાખે,
એન ઈસરાયેલા આશા કોદીહી યેય ત્યા વાટ
એઅયા કોઅહે ત્યા આરે પવિત્ર જીવ રોહોય,
26 એન આત્માય ત્યાલ ખાતરી દેની કા "પ્રભુવા
દિક્ષા કોઅલા મશીયાલ એઅયા વોગાર તુ નાંય
મોઅહે" 27 પવિત્ર જીવે કોઅઈન તો મંદિરમાંય
યેનો જોવે ઈસુવા આયોહો આબોહો પોરમેહરા
કાયદા પુરમાણે ત્યા વિદી કોરાં હાટી ઈસુવાલ
મંદિરમાંય લેઈ યેનેં, 28 તોવે સીમયોન પાહાલ
આથામાંય લેઈન પોરમેહરા આભાર માન્યો ત્યેં
આખ્યાં 29 આમી પ્રભુ તો વચાન પુરા કોઅઈન,
તુયે તોઓ ચાકારાલ રાજાઈ દેનિહીં 30 કાહાકા
બાદા લોકહા દેખતા તુયે જી તારાણ તીયાર કોઅયાં,
31 તી માંયે નોજારે એઅયાં 32 ઓજ દીવો હેય
જો આખી દુનિયાલ ઊજાળા દેહે એન તોઓ લોક
ઈસરાયેલાલ મોઠાઈ દેહે" 33 પાહા વિશે સીમયોને
જી આખ્યા તી વોનાઈન પાહા આયેહે આબાહાલ
ખૂબ નોવાઈ લાગી 34 સિમયોન ત્યાહાલ બોરકાત
દેની એન ત્યા આયેહેલ મરિયાએલ આખ્યા
ઈસરાયેલા લોકાહામાંય ડિગ્ગે માંઅહે નાશ ઓઅઈ
જાય, એન ડિગ્ગેં જીવી જાય, ત્યા હાટી ઓ
પોહો રોયોહો નિશાની રોયી ક, ત્યા વિરૂદમાંય
માંઅહેબોલી 35 એન તોઓ જીવા હોગા તારવાઈયે
કોઓઈન ડોચાઈ જાય એહે કોઅઈન ડિગ્ગા
માઅહા મોના ખાનગી વિચાર ઊગાડા પોડી જાય"
36 એન યોક થેએ બોગાત આતી,ફનુયેલા પૂહી,
આન્ના તી ડિગ્ગી ડાઆયી ઓઅઈ ગીઈલી આતી

હાત વોઅરહે લોગુ ત્યે મટડા આરે જીનગી કાડી,
37 એન પાછે ચાર વીહ્યો ને ચાર વોરેહે લોગુ
રાડાલી રોયી તી દેવાળમાંય ચોવીહી કલાક રોઈન
રાતદીહી પોરમેહરા પ્રાર્થના નાંય છોડે 38 તી હોગી
ત્યેજ ગેડિયે યેઈ ગીઈ એન પોરમેહરા આભાર
મન્યો એન યેરૂશાલેમા તારણ કોદીહી યેય ત્યા વાટ
એએઈ રોઅલા બાદા માંઆહાલ ત્યે ત્યા પાહા ગોઠ
આખી દેની 39 પોરમેહરા કાયદા પુરમાણે જી કાંય
કોઅના આતા તી બાદાં પૂરા કોઅઈન પાછેત્યા
ગાલીલ દેશામાંય ત્યાહા વોતની ગાવ નાજારેત
પાચા વોળી ગીયા 40 પોહો મોઠો ઓઅતો ગીયો
એન ત્યા ગોતી એન ઓક્કાલ વોદતી ગીઈ, એન
ત્યા વો પોરમેહરા મોયા આતી 41 ઈસુવા આયોહો
આબોહો વોરહા દિઠ પાસ્ખાશોણ યેરૂસાલેમા જાત્રે
જાત 42 જોવે ઈસુ બાર વોર્યોહો જાયો તોબે બી
ત્યે દારા પુરમાણે જાત્રે ગીયે 43 શોણ વાળીન
ત્યે પાછે ગોઓ જાઆ ચાલ પોડીયે પેન ઈસુ
પોહો યેરૂસાઅલેમમાંય રોઈ ગીયો,એન ત્યા આયેહે
આબાહાલ ખોબાર નાંય 44 ઈસુ હાંગાત્યાહામાંય
ઓરી એહે જાઆઈન, ત્યે યોક દિહા વાટ ચાલી યેને
પાછે ત્યાહા હોગવાડિયા એન વોળખાતિયાહામાંય
ત્યાલ હોદતે મુડ્યે 45 તો નાંય જોડ્યો તોવે ત્યાલ
હોદતા હોદતા યેરૂસાલેમ પાછે ગીયે 46 તીન
દીહા પાછે તો ત્યાહાન મંદિરમાંય જોડ્યો તો
શાસ્ત્રિયાહા પાંય બોઠેલ, ત્યાહાન તો વોનાય
એન સવાલ પૂછે હે 47 એન તો કોલા હારા
ઓક્કાલવાળા જાવાબ દેય તી વોનાયન બદાહાન
નોવાઈ લાગી 48 ત્યાલ એઅઈન ત્યા આયેહે
આબાહાલ ખૂબ નોવાઈ લાગી ત્યા આયેહે ત્યાલ
આખ્યા "ડીકા, તુયે આમાહાન એહે કાહા કોઅયા?
તોઓ આબોહો એન આંય તુલ હોદતે હોદતે દુઃખી
ઓઈ ગીયે હે" 49 ત્યે ત્યાહાન આખ્યા તુમા માન
કાય કોરા હોદેત લાગ્યે? તુમાહાન ખોબાર નાંય
આતી કા આય માઆ આબા ગોઅમેજ ઓરા
જોજે? 50 પેન તો ત્યાહાન જી ગોઠ આખે તી
હોમાજ નાંય પોડી 51 ત્યાહા આરે ઊતીન તો
નાજારેત યેનો એન ત્યાહા તાબે રોયો ત્યા આયેહે
યો બાદિયો ગોઠ્યો મોનામાંય રાખ્યો 52 એન ઈસુ
ઓક્કાલમાંય એન ઊમરમાંય એન પોરમેહરા એન
માઅહા મોયામાંય મોઠો ઓઅતો ગીયો

3 1 માહારાજા તીબેરિયુસ પંદરમાં વોરહામાંય,
પંતય પિલાત યુદેયા સૂબો આતો, હેરોદ
ગાલીલા રાજા આતો, ત્યા બાહા ફીલીપ
ત્રાકોનિટિસે રાજા આતો, લીસાનીયાસ આબીલેને
રાજા આતો, 2 એન અન્નાસ એન કાયફાસ મુખી
ધર્મગુરૂ આતા, તોવે ઊજાડીયેમાંય જાખરિયા પોહો
યોહાનાલ પોરમેહરા ગોઠ યેની, 3 એન તો યરદન
નાઈયે વિસ્તારામાય ફીરીન આખે "પાપાહા
માફી હાટી પાછા વોળી યેના એન આગાડી
લીયા 4 જેહે યોશાયા ભવિષ્યવક્તા ચોપડિયેમાંય
લોખલા હેય ઊજાડીયેમાંય બોબલનારા બોબલેહે
કા પ્રભુઅવા માર્ગ તિયારી કોઆ ત્યા વાટ હારકી
કોઆ 5 ખાચાડા યોકાયોકા પુરી દીયા ડોંગ એન
ડોગાલીયા યોકાયોક કાડી ટાકા વાકી વાટ પાદરી
કોઆ ખાડાટેકરાવાળી વાટ હારકી કોઆ 6 એન
બાદે માંઅહે પોરમેહરા છૂટકો એઅરી" 7 ત્યા
આથે આગાડી લા હાટી ડિગ્ગે માઅહે ત્યા
પાંય યેને ત્યે ત્યાહાન આખ્યા ઓ હાપડાહા
પીલકાહાંય યેનારી નિયાયે માય તુમા બોચી જાહા
ઈકુયે તુમહાન આખ્યા? 8 પાછાઅ વોળી યેનહા
ત્યા ફળ લેય યાઆ એન આમહે આબો અબ્રાહામ
હેય એહે માની મા છેતરાયાહા કાહાકા પોરમેહરા
યા ડોગળા માઅને આબ્રામ્યા પોહે પેદા કોઈ શકે
9 જાડાહા મુડહા વો કુરાડા થોવલા હેય જ્યા જાડા
ફળ હારે નાય હેતે ત્યાલ ખાડી પાડીન લાગાડાના
હેય 10 ટોળામાંઅને માંઆહાંય ત્યાલ પૂછયાં
કા "આમા કાય કોઅજે?" 11 તોવે ત્યે ત્યાહાન
જાવાબ દેનો કા "જ્યા પાંય બેન ડોગલે હેતે તો
જ્યા પાંય કાંય નાંય મીળે ત્યાલ યોક ડોગલા દેય,
એન ખાઆના બી એહેજ" 12 જાકાત દારે હોગે
ત્યા આથે આગળી લાઆ હાટી ત્યા પાંય યેને,
એન ત્યાહાય ત્યાલ પુછ્યા કા "સાઈબ, આમા
કાય કોઅજે?" 13 ત્યે ત્યાહાન આખ્યા "નોક્કી
કોઅલા કોઅતા વોદારે ઊગરાવના નાયનાય"
14 સીપાડાહાંય બી ત્યાલ પૂછ્યા, "આમા કાય
કોઅજે?" ત્યાહાન ત્યે આખ્યા "કાદાલ લૂટના
નાંય, જોર કોઅઈન પોયાહા પાડાવના નાંય,
તુમેહે પાગાર લેઈન પૂરા માના" 15 લોકાહામાંય
મોઠી આશા પેએદાહા ઓઅઈ ગીઈ,એન યોહાના
વિશે ત્યા માનતા લાગ્યા કા "ઓજ મશીયા ઓરી
કા?" 16 તોવે યોહાને ત્યાહાન બાદાહાન જાવાબ
દેનો કા "આંય તે પાંઅયે કોઅઈન તુમાહાન
બાપતિસ્મા દેતાહુ, પેન માઆ કોઓતો મોઠો યોક
જાઆ યેહે, ત્યા ખાહાડાહા હુતળી છોડાં બી
આય લાયક નાંય હેતાઊ તો તુમાહાન પવિત્ર
જીવા કોઅઈન એન આગીયે કોઅઈન આગળાવી
17 એલા આથામાંય હુપડા હેય, ત્યા ખોળા
વાવલી કાડાં હાટી દાણા ત્યા ગોઅમે બોઓઈ
દી, એન પોઅજા કાદે દીહી ઊલાય નાંય ઓહોડા
આગડામાંય બાળી ટાંકી" 18 એન બીજા ડિગ્ગાં
આખીન હોમજાડીન ત્યે ત્યાહાન ગોઠ આખી
19 હેરોદ રાજાલ ત્યા બાહા થેએ હેરોદીયાસે વિશે

એન ત્યા બાદા ખોટા કામાહા વિશે યોહાને ત્યા
બૂલ ત્યાલ દેખાડી, 20 ત્યા હાટી હેરોદે પોતાના
બાદા પાપાહામાંય ઈ પાપ ઊમરી દેના, ત્યે
યોહાનાલ દોઅઈન જેલમાંય ટાક્યો 21 એન
ઓહોડાં જાયાં કા જોવે બાદા લોક આંગળી લાંઆ
યેત તોવે ઈસુ હોગા આંગાળી લાંઆ યેનોએન
પ્રાર્થના કોઅહે તોવે જૂગ ઊગડી ગીયાં 22 એન
પવિત્ર જીવ શરીર લેઈન પારળા બેદ ત્યાવો
ઊતીયો, એન જુગામાંઅને આવાજ જાયો કા,
"તુ માંઆ મોયાળો પોહો હેતો, તોઓવે માંઆ
મોયા હેય તુ માન ખુબ પોસાન પોડ્યોહો 23 ઈસુ
યેનો તોવે તો આશરે તીહી વોર્યોહો જાયો માંઅહે
ત્યાલ યોસેફા પોહો આખેત યોસેફ તો હેલીયા
પોહો 24 તો માતાતા, તો લેવીયા, તો મેલખીય,
તો જન્નાયા, તો યોસેફા, 25 તો માતાનીયા, તો
આમોસા, તો નાહુમા, તો એલીયા, તો નાગ્ગાયા,
26 તો માઆતા, તો માતાનીયા તો સેમેયના,
તો યોસેખા તો યોદા, 27 તો યોઆનાના, તો
રેસા, તો જેરૂબાબલા, તો શેઆલતીયેલા, તો
નેરીયા, 28 તો મેલખીયા તો આદીયા તો કોસામા,
તો એલમાદમા,તો એરા, 29 તો જોશુઆ, તો
એલીએજેરા, તો જોરીમા, તો માતાતા, તો
લેવીયા, 30 તો સીમયોના, તો યુદાઆ, તો
જોસેફા, તો યોનામા, તો એલીયાકીમા, 31 તો
મેલેયા, તો મેન્ના, તો માતાતા, તો નાતાના,
તો દાઊદા, 32 તો યેશેયા, તો ઓબેદા,તો
બોઆજા, તો સાલમોના, તો નાહશોન, 33 તો
અમીનાદાબા,તો આદમિના, તો આરનીયા, તો
હેજરોના, તો પેરેજા, તો યુદાઆ, 34 તો યાકુબા,
તો ઈસાકા, તો અબ્રાહામા, તો તેરા, તો નાહોરા,
35 તે સેરૂગા, તો રેવુઆ, તો પેલેગા, તો એબેરા,
તો શેલા, 36 તો કાયનાના, તો અરફાક્ષાદા, તો
શેમા, તો નુહા, તો લામેકા, 37 તો મેતુસેલા,
તો એનોખા, તો યારેદા, તો માહાલાલેલા, તો
કાયનાના, 38 તો અનોસા, તો સેતા, તો આદામા,
તો પોરમેહરા પોહો

4 1 યરદન નોઈયે પાંઅરે ઈસુ પાછો વોળી યેનો,
તોવે તો પવિત્ર જીવે બાઆલો આતો પવિત્ર
જીવ ત્યાલ ચાળીહી દીહી લોગુ ઊજાડિયેમાંય
ફેરાવતો રોયો 2 એન કાળિયે બૂતે ત્યા માયનો
કોઅયો ઓલા દીહી કાંય નાંય ખાદાં ત્યા હાટી દીહી
પૂરા ઓઅતા તો બુખો જાયો 3 બુતે ત્યાલ આખ્યા
"જોવે તુ પોરમેહરા પોહો ઓઅય,તોવે યા દોગડાલ
આખ એન તો બાખે બોની જાય" 4 ઈસુવે આખ્યા
કા લોકલા હેય તેહે "યોકલીબાખે ખાઈન માંહુ નાંય
જીવે" 5 પાછે બૂત ત્યાલ ઊચે લેઈગીયો એન યોક
ગેડીયેમાંય ત્યાલ દુનિયા બાદેં રાજેં દેખાડ્યે 6 "ઈ
બાદી ગોતી એન ઈ બાદી મિલકાત તુલ દિહી,"
આખેહે ઈ બાદાં માનુજ હોપલા હેય એન માઆ
મોરજીયે પુરમાણે ગોમે ત્યાલ દેઈ શકું 7 તુ માઆ
પગે પોડેહે તોવે ઈ બાદા તોઓજ ઓઅઈ જાઈ"
8 ઈસુવે જાવાબ દેનો કા લોખલા હેય તેહે પોરમેહરા
તોઓ પ્રભુવા પાગે પોડ, એન યોખલા ત્યાજ સેવા
કોઅઓ" 9 પાછે બુત ત્યાલ યેરૂસાલેમ લેઈ ગીયો,
એન મંદિરા ચોટલીયે ઊપે ઊબો રાખીન આખ્યા
"જોવે તુ પોરમેહરા પોહો ઓઅય, તોવે ઈહીંરે
કૂદી પોડ 10 કાહાકા લોખલા હેય તેહે પોરમેહેરે
ત્યા દેવદૂતાહાલ તુલ હાચવીન રાખના ઊકુમ
કોઓયોહો 11 આથામાંય ત્યાતુલ જેલિ લિ એન
દોગડાહા આરે તોઓ પોરમેહરા માયનો કોઅહેમા'
12 2 ઈસુવે જ્વાબ દેનો કા '' લોખલા હેય તેહે
તુ તોઓ પોરમેહરા માયનો કોઅહેમા 13 13જોવે
બુતે ઈસુવા બાદા માયના પુરા કોઅયા તોવે ત્યા
વાયદા હુદુતો ઈસુવા છોડીન જાતો રોયો 14 એન
પવિત્ર જિવા ગોતિયેમાય ઈસુ પાછો ગાલિલા એસે
વોળી યેનો એન ત્યા વિશેની ગોઠ બાદે ફેલાય ગીયી
15 તોઓ તિયાહા પ્રાથાના ગાઆમાંય હિકાડે એન
બાદે માઅહે ત્યા વિશે હારે આખતે 16 તો નાજારેત
પાછો યેનો જાઉ તો મોઠો જાયેલ, એન ત્યાય દારા
પુરમાણે તો સાબાત દીહી પ્રાથના ગોઅમાંય ગિયો
તો વાચા હાટી ઊબો જાયો 17 તોવે ત્યાહાન યશાયા
બોગાતા ચોપડી દેની , ચોપડી ઊગાડી તોવે ઓ
જાગોયેનોત્યામાંય એહે લોખલા હેંય કા, 18 પ્રભુવા
જીવાન માંય વોવ ઊતીયોહો માન ત્યેય દિક્ષા
દેયનદોવાડ્યોહો ગોરિબાહાન હારીખોબાર આખા
જેલમાંય ટાકલાહાન છુટકા આખા આદળાહાન
દેખતા ઓઅના આખા દોબાઈ રોઅલાહાન
છોડાવા 19 એન પ્રભુવા પંસદ કોઅલા વોરવા
ખોબાર ખોરા 20 ચોપડી વાળી દેયન સેવાકાહાલ
દેની એન બોહોય ગીયો બાદા ત્યા એસે એક
દિઠ એઅય રિઅયા 21 એન તો ત્યાહાન આખતો
મુડ્યો આજે તુમહે વોનાતા ઈ લોખાણપુરા ઓઅઈ
ગીયા 22 બાદાલ ખૂબ હારા ગોમ્યા એન ત્યા
મુયહે માને જી મોયાળી ગોઠ નિગી ત્યા ઊપે
ત્યાહાન નોવાઈ લાગી ત્યા આખેત કા "કાય,
એલો યેસેફા ફો નાંય કા?' 23 પેન ત્યે ત્યાહાન
આખ્યા ચોક્કાસ તુમા માન એહે આખલા કા
દાકતાર તુ પોતાલહારો કોઓકાપારાનાઊમમાંય
ઓલા બાદાકોઅયા આમા વોનાજે, તિ તુ ઈહી
તોઓ વોતની ગાવામાંય કોઓ" 24 એન ત્યે
ત્યાહાન આખ્યા, "તુમાહાન આંય ખોરી ગોઠ
આખુ ભવિષ્યવક્તા પોતા વોતાનામાંય કાદો

નાંય માને 25 હાચુલ આખતાહુ એલીયા બોગાતા
દિહામાંય જોવે હાડાતીન વોરહે લોગુ પાઆય નાંય
યેનો, એન આખા દેશામાંય કાળ પોડ્યો, તોવે
ઈસરાયેલ દેશામાંય રાડાલિયો થેએયો કાંય વોછીયો
આતીયો કા ? 26 તેરૂ પોરમેહરા એલીયાલ ત્યે
હી પાંયનાંય પેન સીદોન દેશમાંયયેનલા સારફતા
ગાવી યોક વિધવા પાંય દોવાડ્યો 27 એન એલિશા
દિહામાંય ઈસરાયેલામાંય કાય ઓછા ઠોટાડીયા
આતા કા? તેરૂ ત્યાહામાઅને કાદો નાંય, પેન
સીરીયા દેશીયો નામાન હારો જાયો" 28 ઈ વોનાઈન
પ્રાર્થનાગાઆમાંય બાદા ખૂબ ખીજાવાય ગીયા
29 એન ઊઠીન ત્યાલ શેએરા બાઆ ડેકાલતા લઈ
ગીયા, એન જ્યા ડોગાવો ત્યાહા શેએર બાદલા
હેય, ત્યા ડોગા ઊપે લેઈ ગીયા, તાઆરે ત્યાલ
એઠા પાડાં હાટી 30 પેન તો ત્યાહા વોસમાઅરે
ચાલીન નીગી ગીયો એન જાતો રોયો 31 પાછે
તો ગાલીલમાંય યેનલા કાપરનાઊમ ગાંવ ગીયો
એન શાબાતા દીહે ત્યાહાન તો હિકાડેહે 32 ત્યા
હીકાડના વિશે તે ત્યાહાન નોવાઈ લાગી કાહાકા
તો પુરા ઓદીકાર લેઈન બોલે 33 દેવળામાંય યોક
માઅહુ આતા ત્યાલ મેલો બૂત લાગલોત્યે ટીટાઈન
આખ્યા કા, 34 એરેરે ઓ નાજારેતીયા ઈસુ આમેહે
તુ કાય લાગે હે? તુ આમાહાન માઆઈ ટાકા યેનો
તુલ આય વોળખુહુ તુ પોરમેહરા પવિત્ર માટડો
હેતો 35 પેન ઈસુવે ત્યાલ દોમકાડયો એન આખ્યા
ઓગોજ રો એલામાઅને બાઆ નીગ તોવે બૂત
ત્યાલ વોસમાય આફળી પાડીન નીગી નાઠો એન
ત્યાલ કાય બી નાય કોઓયા 36 બાદાહાન નોવાઈ
લાગી એન યોક બીજાલ આખેત ઈ કોહોડી ગોઠ ?
પુરા ઓદિકાર એન ગોતીયે કોઅઈન મેલા બૂતાહાન
ઊકૂમ કોઅહે; 37 એન ત્યા નીગી નાહ્તાહા એન
ત્યા વીશે ગોઠ ચોમખી બાદે ફેલાઈ ગીઈ 38 પ્રાર્થના
ગોઆમાઅને નીગીન તો સીમોના ગોઓ ગીયો
સીમોના હાહુ ડીગ્ગી જોરાવલી આતી એન ત્યે
હાટી ત્યાહાય ત્યા માગણી કોઅયી 39 ત્યે જાયન
ત્યે પાય ડોગો પોડીન જોરાલ દોમકાડીયા એન
જોરા ઊતી ગીયા બાઈ ઊઠી એન ત્યાહા ગાવાર
ચાકરી કોઅતી લાગી 40 દીહી બૂડ્તા માઅહે બાદી
જાત્યે માનગીવાળા દુખ્યાહાન ત્યા પાય લેઈ યેને
એન યોકયોકાલ આથ લાવીન ત્યે ત્યાહાન હારા
કોઅયા 41 એન ડીગ્ગા માઅહમાઅને બૂત નીગી
ગીયા એન ચીચાતા લગ્યા કા તુ પોરમેહરા પોહો
હેતો પેન ત્યે ત્યાહાન દોમકાડિયા એન આખા
નાય દેના કાહાકા ત્યાહાન ખોબાર આતી કા
તો મેશીયા હેય 42 ઊજાળા ઓઅઈ ગીયા તોવે
તો ગોઅરે નીગીન યોક વેગળા જાગામાય ગીયો
લોકાહા ટોળા ત્યાલ હોદતા લાગ્યા એન ત્યાલ
હોદી કાડીયો તોવે ત્યા ત્યાલ દોઅઈ રોઅલા તો
ત્યાહાન છોડીન નાય જાય ત્યા હાટી 43 પેન ત્યે
ત્યાહાન આખ્યા માન તેએ બીજા શેએરાહામાય
પોરમેહરા રાજ્યા ખુશ ખોબાર દાઆ પોડી ત્યાજ
હાટી માન પોરમેહરા દોવાડ્યોહો 44 એન તો યુદેયા
દેશા પ્રાર્થના ગાઅહામાય ગોઠ આખુ આતો

5 1 યોક દીહીતો કિનરોત દોરિયા કોરાડા ઊપે
ઊબો રોઅલો આતો એન માંઅહે પોરમેહરા
ગોઠે વોનાયાં હાટી દાહાદી યેત એન ત્યાલ બીચડી
રોઅલા આતા 2 તોવે ત્યે ઊડયેહેન કોરાડા પાંય
પોડલ્યો દેખ્યો માછડા કોરાડે ઊતીન જાળ દોવેત
3 ત્યેહેમાઅની યોક ઊડી સીમોના આતી તામાય
તો ચોડી ગીયો એન ઊડીયેલ કોરાડારે થોડેહે
લોગુ લેઈ જાઆ આખ્યા પાછે ઊડીયેમાય બોહીન
લોકાહાન હિકાડતો મુડ્યો 4 ગોઠ પૂરી જાયી, તોવે
ત્યે સિમોનાલ આખ્યા, ઊડીયેલ ઉંડા પાઆયામાય
જાઆ દે, એન માછ્લે દોરા હાટી તોઓ જાળ
ટાંક" 5 સિમોને આખ્યા, ગુરૂજી આમાહાંય આખી
રાત મેએનાત કોઅયીહી, પેન કાંય બી આથ
નાંય લાગ્યાહા તેરૂ બી, તુ આખતોહો તે આય
જાળ ટાકતાહું" 6 ત્યાહાય તેહે કોઅયાં, એન
ઓલે ડીગલાબંદ માછલે દોઅયે કા ત્યાહા જાળ
ટૂટી જાઆ કોઅહે 7 ત્યાહાંય બીજી ઊડીવાળા
ત્યા હાગાતીયાહાન ઈશારો કોઅઈન મોદાદમા6ય
હાદિયા ત્યા યેના એન બેની ઊડ્યો અહોડ્યો
બોઆયો કા ત્યો બૂડી જાઆ કોઓત 8 ઈ એએઈન
સીમોન પેત્રુસ ઈસવાલ પાગે પોડીન બોલ્યો "પ્રભુ
માયે પાઆને જાતો રો, આંય તે પાપી માઅહુ
હેતાઉ" 9 કાહાકા તો એન ત્યા બાદા હાગાત્યા
દોઅલા માછ્લાહા ડીગલા એએઈન નોવાઈ પામી
ગીઈલા, 10 એન ત્યા બાગીદાર જબદયા પાહા
યાકુબા એન યોહાના બી તેહેજ ઈસુવે સીમોનાલ
આખ્યાં, "ગાબારાતો મા આમી પાછે તુ માઅહાંલ
દોઅહે" 11 ઊડીયેહેને કોરોડે લેઈયેનો પાછે બાદાં
છોડીન ત્યા ત્યાઆ પાછાડી પાછાડી ચાલા લાગ્યા
12 યોક દિહી ઈસુ તાઆઅનાયોક શેએરમાંય આતો
એન યોક માઅહુ આતા ત્યાલ કોડળ્યા દુઃખ ડીગ્ગા
લાગાલાઆતા ઈસુવાલ એએઈન તો ત્યાલ પાગે
પોડ્યો એન માગણી કોઅયી કા "પ્રભુ તોઓ મોરજી
ઓરી તોવે તુ માન હારો કોઅય શકે હે" 13 ઈસુવે
આથ લાબો કોઅયો,એન ત્યાલ આથ લાવીન ત્યે
આખ્યા "માઆ મોરજી હેય, તુ ચોખ્ખો ઓઅઈ
જો"એન તારાત ત્યા દુદુખ હારા ઓઅઈ ગીયા
14 ઈસુવે ત્યાલ ઊકુમ દેનો કા "કાદાલ આખના
નાંય પેન જો પૂજારાલ તોઓ ડીલ દેખાડજે,

એન ત્યા ખાતરીયે હાટી મૂસાઆ કાયદા પુરમાણે
તોઓ ચોખ્ખા ઓઅના બેંટ દે" 15 પેન ત્યા વિશે
ગોઠ આજૂ ફેલાઈ ગીયી એન ત્યાલ વોનાયા
હાટી એન ત્યાહા દુખાહામાઅને હારા ઓઅઈ
જાઆ હાટી ત્યા પાય મોઠા મોઠા ટોળા યેત
16 પેન તો મેદાન જાગામાય જાઈન રોહોય એન
પ્રાર્થના કોઅહે 17 એન યોક દીહી તો હિકાડે તોવે
પોરૂષીયા એન શાસ્ત્રિ બી બોઠા ગાલીલ એન
યુદેયા બાદા ગાવાહામાંય એન યેરૂસાલેમ્રે માઆહે
તાઆ યેને એન ત્યાહાંન હારા કોરા પ્રભુવા ગોતી
ઈસુવા આરે આતી 18 એન એઅે, યોક પાગલીયાલ
ચાપાળામાય થોવીન માહે તાં લેઈ યેને 19 પેન
ગિરદીયે લેદે ત્યાલ માજે લેઈ જાં હાટી ત્યાહાન
વાટ નાંય જોડી, ત્યાં હાટી છાપરા ઊંચે ચોડીન
સેવાલા ફેડી ટાંક્યા એન બોગારામાઅને ત્યાલ
ચાપાળા હાતેજ ઈસુવા આગલા ઊતાડી દેના
20 જોવે ઈસુવે ત્યાહા બોરહો એઅયો, તોવે ત્યે
આખ્યા "માટડા, તોઓ પાપે માફ ઓઅઈ ગીયે"
21 તોવે પોરૂષીયા એન શાસ્ત્રિ વિચાર કોઅતા
મુડ્યા કા અહોડી નીંદાકોઅહે, ઓ કહોડો હેય?
યોખલા પોરમેહરા સિવાય કુઊ પાપ માફ કોઅઈ
શકે?" 22 પેન ઈસુ ત્યાહા વિચાર જાઆઈ ગીયો
એન ત્યે ત્યાહાન આખ્યા, "તુમાહાનકાય લાગેહે?
23 કાય હેલ્લા હેય?તોઓપાપ માફ ઓઅઈ ગીયા
ઈ આખના હેલ્લા હેય, કા ઊઠ, ચાલ પોડ, ઈ
આખના હેલ્લાં હેય? 24 પેન માંઅહા પાહાલ
દોરત્યેવો પાપ માફ કોઅના અદિકાર દેનલો હેય,
ઈ તુમાહાન ખોબાર પોડા જોજે ત્યા હાટી (ત્યે
પાગળીયાલ આખ્યા) ઊઠ, તોઓ પાથારી લેઈને
ગોઓજો," 25 તાબાડ તો બાદાહા દેખતા ઊબો
ઓઈ ગીયો, એન જી પાથારીયે વો હુવી રોઅયલો
આતો, તી લેઈને, પોરમેહરા મોઠાઈ આખતો
ગોઓ ગીયો 26 એન બાદાહાન ખુબ નોવાઈ
લાગી, એન પોરમેહરા મોઠાઈ આખતા મુડ્યા ત્યા
બાદા બી ગીયા એન ત્યાહાલ આખ્યા "કાદોમાને
નાંય અહોડી ગોઠ આજે આમાહાય દેખી"
27 પાછે તાઆને આગાડી જાઈન, ત્યે લેવી નાવ્યા
જાકાતદારાલા નાકા ઊપે બોઠલો દેખ્યો ત્યાલ ત્યે
આખ્યા, "માઆ પાહાલા ચાલ" 28 તો ઊઠીયો,
એન બાદા છોડીને ત્યા પાહાલા ચાલતો લાગ્યો
29 એન એલા માનમાંય લેવીયે યોક મોઠાં જેવાણ
ત્યા ગોઅમાંય કોઅયા તાઆમાંય હામટે જાકાતદારે
એન અહોડે ત્યા આરે ખાઅ બોઠલે 30 તોવે
પોરૂષીયા એન શાસ્ત્રિ એલા ચેલાહા હુમે ટુટારાતા
લાગ્યા,એન આખતા મુડ્યા કા, "તુમા પાપહ્યા
જોગાતદારાહા આરે કાયલા ખાતાહા?" 31 તોવે
ઈસુવે જાવાબ દેનો કા "હારા માઅહાલ દાકતારા
જરૂર નાંય, પેન દુખ્યાહાન જરૂર હેય 32 આય ધર્મી
લોકાહાન નાંય,પેન પાપહ્યાન હાદા યેનોહો, કા ત્યે
પાછે વોળી યેત" 33 પેન ત્યાહાંય ત્યાલ આખ્યા,
'યોહાના ચેલા ખૂબ દાઆ ઊપાહા એન પ્રાર્થના
કોઅતાહા, એન પોરૂઊષીયા બી એહેજ પેન તોઓ
ચેલા ખાતાહા એન પિતાહા" 34 પેન ત્યાહાન
ત્યે આખ્યા,"વોવડોહાગાતમાંય રોહોય, તાઆઊ
વોરાડીયાહાલતુમા ઊપાહા કોઆડાહા ક? 35 પેન
વોવડો ત્યા પાઅને લેવાઈ જાય ઓહાડા દીહી યી
તોદીહી ત્યા ઊપાહા કોરી" 36 ત્યે ત્યાહાનદાખલો
હોગો આખ્યો કા "નોવા ફાડકા માઆને ડીગળા
કાતરીન જુના ફાડકાલ નાંય હાદેત એહે તે નોવો
ફાડકો બી કાતરાયજાય, એન જુના ફાડકામાંય નોવા
ડીગળા હારા નાંય સોબે 37 એન નોવો દારાખારોહો
જેંજરાલ્યે વેડેલ્યેમાંય નાંય બોઓત તેહે તે વેડલી
ફૂટી જાય, એન દારૂ વેરાય વેંડલી બી નોકામી
ઓઅઈ જાય 38 પેન નોવો દારૂ નોવી વેડલિહી માંય
બોઅતેહે 39 એન જૂનો દારૂ પીને પાછે નોવો દારૂ
કાદો નાંય માગે, કાહાકા જૂનોજ હારો હેય, એહે
આખેહે"

6 1 યોક શાબાતા દિહી રાનામાંય રોઈન જાય,
તોવે ત્યા કોંટીયો તોડીન આથામાંય ચોળીન
ખાત 2 તોવે પોરુષીયામાંઅને બીજા આખા
લાગ્યા;તુમા તી કામ કાહા કોઅતાહા જીં શાબાતા
દીહે કોઅતા ઠીક નાંય લાગે? 3 ઈસુવેં ત્યાહાલ
ઉત્તર દેના,કાય તુમાહાંય ઈં નાંય વાચ્ચાહાં કા દાઊદ
એન ત્યા આર્યા જોવે બુખ્યા આતા તોવે કાય
કોઅયેલ? 4 તોવે તો કેહકોન પોરમેહરા ગોઅમે
ગીયો, એન ભેંટ ચઢાવલી બાખે લેઈન ખાદી, જી
યાજકાહાલ ખાવાય તી ત્યાહાંય ખાદી, તી ત્યાય
હાંગાત્યાહાલ બી દેના? 5 એન ઈસુવેં ત્યાહાન
આખ્યાં, "દેવાપોહો શાબાત દીહાબી પ્રભુ હેય"
6 એહેંકોયન જાયા કા બીજા શાબાતા દીહે તો,
પ્રાર્થના ગોઆમાંય જાયન હિકાડે તાંઆ યોક માંઅહું
આતા ત્યા જેવો આથ ઉખાઈ ગીઈલા આતો
7 શાસ્ત્રી એન પોરુષીયા ત્યા હુમે ફેરાદી કોરાં
હાટી ત્યા ટુંગી રોયલા એલા કા એલો શાબાતા
દિહી હારા કોઅહે કા કેહેં 8 પેન તો ત્યાહા વિચાર
જાંઆતો આતો ત્યાહાટી ત્યાંય ઉખાય ગીઅલા
આથાવાળાલ આખ્યાં "ઊઠ ને વચમાંય ઊબો રો"
તો ઊઠીન ઊબો રિયો 9 ઈસુવેં ત્યાહાન આખ્યાં કા
"કાય શાબાતા દિહી હારા કામ કોરા જોજ કા ખોટા
કામ કોરા જોજે કા માંઆઈ ટાકના?" 10 તોવે ત્યેંય
ચારી ચોમખી ફરી એએઈન ત્યેં ત્યા માંઅહાલ
આખ્યાં "તોઓ આથ લાંબો કોઓ" ત્યાય તેહેંકોય

કોઅયા તોવે ત્યા આથ હારો જાયા 11 પેન ત્યા
થોડાજ દુર જાયનેયોકબીજાલ પૂછતા લાગ્યા કા
આમી આપા કાય કોઅતા? 12 ત્યા દીહામાંય તો
પ્રાર્થના કોરાં હાટી યોકા ડોગાવ ગીયો એન આખી
રાત પ્રાર્થનામાંય કાડી 13 જોવે તો દિહી નીગીને
યેનો એન ચેલાહાપાહી હાદયા ને ત્યાહામાંઅને
બારા નિવડ્યા ને ત્યાહલ ત્યેં "પ્રતિનીધી" આખ્યા
14 એન ત્યા યા હેતા શિમોન જ્યા નાંવ પતરસ
થોવ્યા ત્યા બાહા આંદ્રીયાસ,એન યાકુબ, યોહાન
એન ફીલીપુસ એન બરતુલમી, 15 એન મોત્તાય
એન થોમો એન હલફઈ ત્યા પોહો યાકુબ એન
સિમોન જ્યાલ જેલોતોસ આખેત 16 એન યાકુબા
પોહો યહુદા એન યહુદા ઈસ્કારીયોત જો ઈસુવાલ
દોઈ દેનારો બન્યો 17 તોવે તો ત્યા આરે નીચે
ઉતીયો એન યોક હારકા દાદરામાંય ઊબો રિયો
એન ત્યા આરે ચેલાહા મોઠો ટોળો આતો, એન
આખા યહુદીયા, યેરુસાલેમ, સુટ એન સૌદ એન
દરીયા કિનારે રોનારા લોકહા મોઠો ટોળો, 18 જ્યા
ત્યાપાંય વોનાયા એન દુખામાયને હારા ઓરાહાટી
યેનલા, એન બુત લાગલે માઅહેબી હારે ઓઅઈ
જાતે આતેં 19 બાદાજ લોક ત્યાલ દોરા હાદેત
કાહાકા ત્યામાને ઓહોદડાં સામર્થ્ય નીંગતાં આતાં
એન બાદાજ હારા ઓઅતા આતા 20 તોવે ત્યેં
ચેલહા એસે એઈન આખ્યાં, "તુમા ગોરીબ તુમા
સુખી કાહાકા રાજ તુમેહે હેય 21 તુમા આમી
બુખા હેતા, તુમા સુખી, કાહાકા તુમા દારાઈ જાહા
જાહા તુમા રોડતાહા તુમા સુખી, કાહાકા તુમા
ઓહાહા 22 તોવે માંઅહા પાહા લેંદે તુમાહાન
આડાઈ કોરી, એન બાઆ કાડી, એન ગાળી દિ,
એન તુમેહે નાંવ ખોટાં ગોણી, તોવે તુમા સુખી
23 "તોદિહી તુમા આંનદ કોઆ એન નાચા કાહાકા
હોરગામાંય તુમેહે મોઠો બોદલો હેય, કાહાકા
ત્યાહા વોડીલાહાંય બી ભવિષ્યવક્તાહાન એહેંજ
કોઅયા 24 "પેન તુમા માલદાર, તુમા દુખી, કાહાકા
તુમાહલ તુમેહે બોદલો પૂરો મિળી ગીયો 25 "તુમા
આમી દારાલા તુમા દુખી, તુમાહાન તુમાહાન
બુખ લાગરી તુમા આમી ઓહતાહા, તુમા દુખી
કાહાકા તુમા રોડહા એન કોકળાહા 26 જોવે માંઅહેં
તુમાહાન હારેં હારેં બોલી,તોવે તુમા દુખી, કાહાકા
ત્યાહા વોડીલાહાંય ખોરાં ભવિષ્યવક્તાહાલ બી
એહેંજ કોએત 27 "પેન વોનાનારહાલ આખહું કા
તુમા આડાઈ કોઅનારાહાલ માયા કોઆ; જો
તુમેહી આડાઈ કોરી ત્યા તુમા હારાં કોઆ 28 જો
તુમાહાલ હારાપ દિ ત્યાલ બોરકાત દા, જો તુમેહે
અપમાન કોરી ત્યાહાટી તુમા પ્રાર્થના કોઆ 29 જો
તો યોકા ગાલાવોય થાપાડ ઠોકી ત્યાલ તે ત્યાલ
બીજો ગાલ બી દેજે; જીં માંઅહું તો ડોગ્લેં લેય
તોવે તો ફાડકાં બાકી માં રાખતો 30 જીં કાંય તોપાંય
માગે ત્યાલ દે, એન તો પાંઅને જીં કાંય લેય જાય,
તી પાછા મા માગતો 31 જેહેં તુમા માગતાહા
કા બીજેં તુમાહાન કોઅહે, તેહેંજ તુમા ત્યાહાન
કોઆ 32 એન જોવે મોયા રાખનારા વો તુમા મોયા
રાખાહા તોવે તુમાહાંય કાય હારાં કોઅયાં? પાપી
માંઅહું બી મોયા રાખનારાવો મોયા રાખેહે 33 એન
જોવે તુમાહાન હારા કોઅનારાહાન તુમા હારા
કોઅહા, તોવે કાય હારાં કોઅયા? પાપી માંઅહેં
બી એહેં કોઅતેહેં 34 એન જયાહા પાંઅને પાછા
મિળના આશા રાખતાહા ત્યાહાનુજ તુમા ઉછીના
દેતાહા, તોવે કાય હારાં કોઅયાં? પાપી માંઅહેં બી
પાપ્યાહાન ઉછીના દેતેહેં તોલાંજ પાછા લાં હાટી
35 ત્યા બોદલો તુમા દુશ્માના ઊપે મોયા રાખા
એન ત્યાહાન હારાં કોઆ એન કાય આશા રાખ્યા
વોગાર ઉછીના દિયા, એન તુમેહે બોદલો મોઠો
ઓરી તુમા પોરમેહરા પાહા બોનહા, કાહાકા તો
જ્યા લોક ખોટા કોઅતાહા ત્યાહા બી હારાં કોઅહે
36 જેહેંકોય તુમેહે આબો દયા કોઅહે, તેહેં કોય તુમા
બી દયા રાખા 37 "કાદાબી બુલ કાડહા મા કાહાકા,
તોવે પોરમેહર તુમેહે બી નાંય કાડી કાદાલ ગુનેગારી
મા ગોણાહા એન પોરમેહર તુમેહાલ બી ગુનેગારી
નાંય ગોણી માફી દિયા એન પોરમેહર તુમાહાલ
માફી દી 38 દિયા એન પોરમેહર તુમાહાન બી દી
બોઓઈન એન ઠેસીન એન દાબીન એન ઉબરાઈન
દી; કાહાકા જ્યા માપેકોય તુમા માપી દેતાહા ત્યાજ
માપે પોરમેહર તુમાહાલ માપી દી" 39 પાછી ત્યાલ
યોક દાખલો હોમજાડ્યો; કાય આંદળો આંદળાલ
વાટ દેખાડી હોકે? કાય ત્યા બેની ખાડામાંય નાંય
પોડી? 40 ગુરૂ હેય ત્યા કોઅતો ચેલો મોઠો નાંય હેય
ચેલો પૂરો બોણલો ઓઅચ, તેરૂ ગુરુવા ઓલોહોજ
રોય 41 તું તો બાહા ડોળાહામાંય હુકળા કાયલા
એઅતોહો? એન તોજ ડોળામાંય મોબીયા આડિયા
હેય તી તુલ નાંય ખોબાર કા? 42 એન જોવે તો
ડોળાહામાંય આડિયાં તું નાંય એઅતોહો, તોવે તું
કેહે કોઈન બાહાલ આખે કા, બાયા તો ડોળામાંય
હુકળા હેય તી કાડી દાંવ ? ઓ ઓદરયા પોયલા તો
ડોળાહામાંઅને આડિયા કાડ એન પાછે તુલ બાહા
ડોળામાંયને હુકળા કાડા હાટી તુલ હારાં દેખાઈ
43 હારા જાડાલ માણેં/કડવાં ફળે નાંય લાગેત,
નાંય હારા જાડાલ હારે ફળેં નાય લાગેત 44 બાદે
જાડે ત્યા ફળા ઉપરે વોળખાહાય, કાટાહામાંઅને
આંજિર નાંય બેડાય એન જેખરાહામાંઅને દારાખેં
નાય મીળેત 45 હારા માંઅહું ત્યા મોનામાંય થોવી
રાખલા હારી વસ્તુમાંઅને હારાં કાડેહે, એન ખોટા

માંઅહું ખોટી વસ્તુમાંઅને ખોટા કાડેહે મોનામાંય
બોઅલા ઓરી તીંજ મુંઈ બોલેહે 46 “તુમા માન
પ્રભુ પ્રભુ કાયલાં આખ્યા કોઅતાહા, એન મા
આખલા નાંય માનેત! 47 જો કાદો મા પાંય યેહે
એન મા ગોઠ વોનાયને માની લેહે, આંય તુમાહાલ
આખતાહું કા તો કા રોકો હેયે; 48 તો યા માંઅહા
રોકો હેય, જ્યાંય ગોંઉ બોનાવતી વખાતે ઉંડે પાયો
ટાકયોહો, એન જોવે વારાન પાંઅઈ યી તોવે તીં
પોડી નાંય કાહાકા ત્યા પાયો ખડકાવોય આતો
49 પેન જો માંઅહું મા વોનાઈ એન નાંય માની તો
જેહેંકોય પાયો ખોદયા વોગાર બુઈપે ઉપેજ ગોંઉ
બાંદનારા રોકા હેય જોવે વારો યી તોવે તીં પોડી
જાય

# 7

1 લોકાહા વોનાતાં યો બાદીયો ગોઠીયો પુરીયો
કોઅઈન ઈસુ કાપરનાઉમ ગીયો 2 તોવે યોક
જોમાદાર આતો, ત્યા યોક વાહાલો ચાકાર ખૂબ
માંદો પોડી ગીયેલ તો મોઅના ઓણ્યેવોય આતો
3 ત્યેં ઈસુવા ગોઠ વોનાયને યહુદીયા આગેવાનાહાલ
આખ્યાં કા ઈસુવા પાંય જા એન આખા મા
ચાકરાલ હારો કોએ 4 ત્યા ઈસુવા પાંય યેના, એન
ત્યાલ રાવ્યાં કોઅઈન આખાં લાગ્યા, ત્યાહાટી
તું ઓલાહા કામ કોઓ, તો ઓહડો હારો હેય
5 કાહાકા તો આપે જાત્યેવોય માયા રાખેહે એન
આપેહે હાટી પ્રાર્થના ગોંઉ બી બોનાવહે 6 ઈસુ
ત્યાહા આરે ગીયો, ત્યા ગાંઆ વાહાય પાહાય
યેનો તોવે જમાદાર ત્યાલ આખાં દોવાડયાં કા
“પ્રભુ તું આબદા વેઠહે મા કાહાકા માંઆ ગોઓ
તું ગાવારો યેય ઓહોડો આંય હારો નાય હેતાઉં
7 ત્યાહાટીજ માંયે તુંય પાય યા માયે ઈમ્માત નાય
કોઅયી બાકી તું યોકુજ ગોઠ આખ, એન માઆ
ચાકાર હારો ઓઅઈ જાય 8 કાહાકા આંય હોગો
ઉપરીયાહા તાબો હેતાઉં એન માઆ આથા નીચે
માંઅહે હેતે યોકાલ ‘જો’ આખહું તોવે તો જાહે
એન બીજાલ આખહું “યે” તોવે તો યેહે, એન કાદાલ
ઈં કામ કોઓ આખું તોવે તીં કોઅહે” 9 ઈસુ જોવે
ઈ વોનાયો તોવે ત્યાલ નોવાય લાગી ત્યાય ફીરીને
ત્યા ટોળાલ આખ્યાં કા, આંય તુમાહાલ આખુહું,
“આંય તુમાહાલ આખુહું કા ઈસરાયલમાંય બી
ઓહડો બોરહો નાય દેખ્યો? 10 જાહાલ દોવાડલા
ત્યા લોકાહાંય ગોઓ યેયન દેખ્યો કા તો ચાકાર
હારો જાયલો આતો 11 થોડા દિહાહા પાસે તો
નાઈન નાવા યોક શેઅરામાંય ગીયો ત્યા ચેલા
એન ખૂબ મોઠો ટોળો ત્યા પાસલા જાતા આતા
12 જોવે તો ત્યા ગાંવા દરવાજા પાંય યેય ફુગ્યો,
તોલામાય માંઅહેં યોક મોઅલાં મુરદાલ બારે લેય
જાતેં આતેં, તો તે યે વિધવા બાયે યોકન યોક
પોહો આતો, એન ગાવા ખૂબ લોક ત્યાહા આરે
આતા 13 ત્યેલ દેખીન ઈસુલ દયા યેની, એન ત્યેલ
આખ્યાં, “રોડહે માં” 14 તોવે ત્યે પાહાલ જાયને
કોક્યા/કુડીયે ઊપે આથ થોવ્યો, ખાંદિયા ઊબો રોય
ગીયો, તોવે ત્યેં આખ્યાં “ઓ જુવાન આંય તુલ
આખહું, ઊઠ!” 15 તાબાડ તો મોઅલો જુવાન્યો
ઉઠીન બોઠો, ને બોલતો લાગ્યો ત્યેં ત્યાલ ત્યા
આયહેલ હોંઅપી દેનો 16 તોવે બાદા લોક બીઈ
ગીયા, એન પોરમેહરા સ્તુતી કોઅઈન આખતા
લાગ્યા, “આપાહામાંય યોક મોઠો ભવિષ્યવક્તા
ઊબો જાયહો, એન પોરમેહર ત્યા લોકાહાવોય
દયા કોઅઈહી 17 ઈસુવા વિશે ઈ ગોઠ યુદેયા
દેશામાંય આહે પાહે બાદા મુલુખમાંય ફેલાઈ
ગીયી 18 યોહાના ચેલાહાંય યોહાનાલ યે બાદીયે
ગોઠીયેહે ખોબાર દેની 19 તોવે યોહાન ત્યા બેન
ચેલાહાન હાદીન પ્રભુવા પાંય પૂછા દોવાડ્યા કા
“જો યેનારો હેય તો તુંજ હેતો કા આમાહાલ
બીજા વાટ એરાં પોડી? 20 ત્યા ચેલા ઈસુવા પાંયે
યેના તોવે ત્યાહાંય આખ્યાં આમાહાલ યોહાન
બાપતિસમા દેનારો તુલ પૂછા દોવાડયોહા કા
કાંય યેનારો તો તુંજ હેય કા બીજા વાટ એરા
પોડી? 21 ત્યેજ ગેડીયે ઈસુવે ડીગ્ગાહાન માનગી
યેહે માઅને એન દુખાહામાંઅને એન બુતા તાબા
માંઅને છોડાવ્યા એન ડીગ્ગા આંદળાહાન દેખતા
કોઅયા 22 ત્યેં ત્યાહાલ આખ્યાં, “જીં કાંય તુમાહાય
દેખ્યાં એન વોનાયાહા, જાયન યોહાનાલ આખજા;
કા આંદળે દેખતેહેં, લેંગડેં ચાલતેહેં-ફીરતેહેં, કોડળેં
હારેં ઓઅઈ જાતેહે, બોઅરેં વોનાતેહેં, મોઅલેં
જીવતેં ઓઅતેહેં,એન ગોરીબાહાન ખૂષ ખોબાર
દેવાહાય 23 “એન માંઆ વિશે જ્યાલ ખોટાં નાંય
લાગે તોજ બોરકાત વાળો” 24 જોવે યોહાના
દોવાડલેં માઅહેં જાતેં રોયે તોવે પ્રભુ યોહાના
વિશે આખતા લાગ્યા કા, “તુમા જાદીયેમાંય કાય
એરાં ગીઅલેં? કાય વારેકોય આલનારા બુરૂળ્યાં
કા? 25 તે તુમા કાય એરાં ગીયેલ? કાય કોમલ
ફાડકેં પોવહે એન સુખમાય જીવનારા, ત્યા રાજાહા
ગોઅમે રોઅતાહા 26 તે તુમા કાય એરા ગીયેલ?
કાય ભવિષ્યવક્તાલ કા? હાં, આંય તુમાહાલ
આખહું, જો ભવિષ્યવક્તા કોઅતો મોઠો હેય
27 એન તો ઓ હેય,જ્યા વિષે લીખલા હેય “એએ
તો આગાડી આંય વેઠીયાલ/ઈતાલ દોવાડતાહું
તોઓ આગાડી તોઓ મારગ તીયારી કોરાં
હાટી,” 28 તુમાહાલ આંય આખતાહું, કા થેએયેહે
પેટામાંઅને જોલામલાહામાંઅને યોહાના કોઅતા
કાદો મોઠો નાંય તેરૂબી પોરમેહરા રાજમાંય વાહાનો
એલા કોઅતો મોઠો હેય 29 એન બીજા લોકાહાંય

એન કર લેનારાહાંબી યોહાના બાપતીસમા લેયને
પોરમેહારાલ ખોરા માની લેદો 30 પેન પોરુષીયા
એન નિયામ જાંઅનારાહાલ બાપતીસમા નાંય લેદા
એન ત્યાહા વિશે પોરમેહરા જી મોરજી આતી,
ત્યે ગોણાતરી નાંય કોઅઈ 31 એન આમી યા
સમાયા લોકાહાલ કા હારકા ગોણુ એન ત્યા કા
રોકા હેતા? 32 ત્યા ઓહડા પાહાહા રોકા હેતા કા
જ્યા બાજારામાંય બોહીન યોકબીજાલ બોમલીને
આખતાહા, "આમાહાંહય તુમેહે હાટી પાવી
વાજાડી, પેન તુમા નાંય રોડ્યા" 33 કાહાકા યોહાન
બાપતીસમા દેનારો તે નાંય બાખે ખાતો યેનો; નાંય
દારાખા રોહો પીતો યેનો, પેન તુમા આખતાહા
કા ત્યામાંય બુત હેય 34 માંઅહા પોહો યેનો તે
ખાય એન પીયે એન તુમાહાંય આખ્યાં,"એએયા
તે ચાટો એન સાકટીયો, જકાતદારાહા એન
પાપ્યાહા હાંગાત્યો હેય" 35 "તેરૂ જ્ઞાન બાદા
પોહાહા થી હાચા ઠોરહ્યા" 36 પાસે યોક પોરીષીયે
ત્યાલ વિનાંતી કોઅઈ કા માં આરે ખાજે; ઈસુ
ત્યા પોરુષીયા ગોઓ જાયને ખાં બોઠો 37 ત્યા
ગાવામાંયને યોક પાપી બાઈ ઈ જાઈને કા
ઈસુ યોક પોરુષીયાહીં ખા બોઠો તોવે તી યોક
દોગાડા કુંડામાંય અત્તાર લેઈન યેની; 38 એન ત્યા
પાગાહા પાંય, પાછાડી ઉબી રોયને રોડતી ત્યા
પાગાહાવોય આંહાવાહાય કોય બીજવી કાડીયાં,
એન ટોલપીયે હીયે કોઅઈન નુહાં લાગી એન ત્યા
પાગાહાલ ચૂમીને ત્યા પાગાહાવોય અત્તાર લાવ્યાં
39 ઈ દેખીન જયે પોરુષીયે ત્યાલ ખાં હાદયેલ,
તો મોનામાંય વિચાર કોરાં લાગ્યો "જર ઓ
ભવિષ્યવકતોરોતો તે જાંઆઈ જાતો કા ઈ જીં ત્યાલ
ચૂમી, રોયહી તી કુંઉ એન કોહડી બાય હેય, કાહાકા
તી તે પાપી બાય આતી" 40 ઈસુવેં ત્યા જાવાબ માંય
આખ્યાં, ઓ સિમોન માન તુલ કાય આખના હેતા"
તો બોલ્યો "ઓ ગુરૂજી આખ" 41 "ત્યેં આખ્યાં યોકા
દોનારા બેન દેવાદાર આતા યોકા પાંય પાચ હોવ
એન બીજા બીજાપાંય પોચાસ રુપ્યા આતા 42 ત્યા
ચૂકવી નાંય હોક્યા ત્યાહાટી ત્યાહાલ બેનીહ્યાલ
માફ દેના તોવે ત્યા બેન જાંઅહામાંઅને કુંઉ ત્યાવે
વોદારે મોયા રાખરી?" 43 સિમોને જાવાબ દેનો,
"આંય માનહું, જ્યાલ વોદારે માફ કોઅયા તોજ,"
ઈસુવેં આખ્યાં, "તુંયે ખોરો જાવાબ દેનો" 44 પાછે
ત્યેં બાયે/એસે ફીરીને ત્યેં સીમોનાલ આખ્યાં, યેલ
દેખી કા? આંય તો ગોઓ યેનો, તેરૂ તુયેંમાન પાગ
દોવાં પાંઆઈ નાંય દેના પેન યે બાય આહાંવાહાંય
કોઅઈન માંઆ પાગ બીજવી દેના, એન કેહેં કોયન
નુહુયા 45 તુંયે માન નાંય ચૂમ્યા પેન આંય જોવાળ્યો
યેનો તોવાળ્યો ત્યેં મા પાગહાલ ચુમના નાંય છોડયા
46 તુંયે મા ટોલપાલ તેલ બી નાંય લાવ્યાં, પેન યે
બાયે મા પાગાહાલ અત્તાર લાવ્યાહાં 47 યાહાટી
આંય તુલ આખતાહાંવ કા યે જ્યા ખૂબ પાપ
આતા, માફ જાયા કાહાકા ત્યે ખૂબ માયા કોઅયી,
પેન જ્યા ઓછા માફ ઓઅયાહા તી ઓછીજ
દયા રાખી" 48 "એન ત્યેંય બાયેલ આખ્યાં કા તો
પાપ માફ જાયા" 49 તોવે જ્યા લોક ત્યા આરે ખા
બોઠ્લા, ત્યા ત્યાહા ત્યાહાજ મોનામાંય વિચાર
કોરા લાગ્યા, "ઓ કુંડ હેય કા જો પાપહા બી માફી
દેહે?" 50 પેન ત્યેંય ત્યે બાયેલ આખ્યાં કા, "તોઆ
બોરહાય તુલ બોચાવી લેદહી, તું આમી શાંતીયે કોય
જાતી રો"

# 8

1 ત્યા પાછે તો શેઅરામાંય એન ગાવેહે-ગાવેહે
હિકાડતો આતો એન પોરમેહરા રાજ વિષે
હારી ગોઠ આખતો ફિરે, એન બારા ચેલાબી ત્યા
આરી આતા, 2 એન બીજ્યો કોલ્યોહોક બાયોબી/
થેઅયોબી આત્યો જેહેં જાત જાત્યા દુખ આતા
એન ત્યામાંઅને હારયો જાયલ્યો, ત્યેહેમાઅરે યોક
જયેમાઅરે સાત બુત કાડલા તી 3 એન જોહાન્ના
એન સુસન્ના યો હેરોદ રાજા કારબારી ખુજા થેએયો
એન બીજ્યોબી બાયો ત્યા સેવા કોઅત્યો આત્યો,
4 જોવે ખૂબ લોક યોકઠા જાયા એન શેઅરા-શેઅરા
લોક ત્યાપાંય યેતા આતા, તોવે ત્યાહાલ ત્યેંય
દાખલા દેયન હિકાડયા 5 " યોક જાંઆ બીયરો
પોરા નિગ્યો પોઅતા-પોઅતા થોડાહા બીઈ વાટે
કોરાવોય પોડયા એન ત્યાહાલ ચિડે ઈસી લેય
ગીયે 6 બીજા ખલકાડાવાળા જાગામાંય પોડયા, ત્યા
ઉદયા પેન કાદુ નાંય ત્યાહાટી ત્યા તારાત ઉખાઈ
ગીયા 7 થોડહા બી "તે કાટા જેખરાહામાંય પોડયા
ઉદયા પેન જેખરહાથી ત્યા દાબાય ગીયા 8 બીજા
તે હારા ભુયેમાંય પોડયા એન ત્યા હોવ ગોણા
ફળ યેના" ઈ આખ્યાં પાસે ત્યે જોરખે બોંબલીને
આખ્યાં કા, "જ્યા કાન હેય તો વોનાયે" 9 ત્યા
ચેલાહાંય ત્યાલ પૂછ્યાં કા યા દાખલા મતલબ
કાય હેય? 10 ત્યેં ત્યાહાલ આખ્યાં કા "તુમાહાલ
તે પોરમેહરા રાજ્યા વિષે ઉંડયો ગોઠયો હિકાડયો
દેન્યોહો, પેન બીજાહાલ તે દાખલા દેયને હિકાડા
પોડહે કાહાકા ત્યા એઅતા પેન દેખાયે નાય, એન
વોનાતાહા પેન હુમજેત નાય 11 દાખલા મતલબ
ઈ હેય કા બીઈં દેવા વચાન હેય 12 વાટે મેરામાંય
પોડલા ઈ હેય,જ્યાહાય વોનાયતેં લેદા પેન જ્યાહા
મોનામાંયને બુત વચાન ચોરી લેય જાહાય યાહાટી
કા ત્યા પોરમેહરાવોય બોરહો નાંય થોવે એન ત્યા
નાંય બોચે 13 ખડકાવાળા જાગાવાળામ પોડલાં ઈ
હેય કા, જયેં વોચાન વોનાયને આનાંદબી કોઅતેહેં
પેન થોડા સમાયાપૂરતા ત્યેં બોરહો રાખતેહેં એન

જોવે દુખસંકટ યેહે તોવે ત્યેં ટાકી પોડતેહેં 14 જો
કાટાજેખરાહામાંય પોડયા તીં ઈ હેય કા વોચાન તે
વોનાયહેં પેન દુનિયા ચિંતા એન મોહ માયામાંય
પોડીને, માલમિલકાત મેળવી લેતહે પાસે ત્યેં
દુન્યાદારીમાંય ફંસાય જાતેહે ને ત્યેં ફળ નાય દેય
15 પેન જી હારી જમિનીમાંય/બૂંયેમાંયને તે યે
હેતે, કા વચાન હારેકોઅઈન વોનાતેહે એન ખોરાં
એન ચોખ્ખા મોનાકોઈન માની લેતહે પાસે ત્યા
ધીરેથી ફળ યેહે 16 "કાદો બી દીવો હિલગાડીને
ટોપલ્યે તોળે નાંય ડાકે નાય ત્યાલ ખાટલા તોળે
થોવે પેન ત્યાલ ઉંચે ટેબલાવય થોવતેહે કાહાકા
તોવે ત્યા ઉજવાડો માજે યેનારાહાલ મિળહે"
17 કાહાકા કોઅહીબી ગોઠ નાય પ્રગાટ ઓઅઈ
ઓહડા નયા હેય પેન, કાંયજ ડોબી નાય હોકે,
બાદા કાય ખૂલ્લા હેય 18 ત્યાહાટી તુમા જાગૃત
રા કા તુમા કાય વોનાતેહેં? કાહાકા જ્યાપાંય હેય
ત્યાલ બીજાં પાછાં દેવામાંય યી, પેન જ્યાપાંય
નાંય હેય ત્યાપાઅરે લેય લેવામ યી કાહાકા તો ત્યા
પોતાના હોમજેહે" 19 ઈસુવા આયહો એન બાહા
ત્યાપાંય યેના પેન ખૂબ ગિરદી આતી ત્યાહાટી ત્યા
નાય મિળી હોંક્યા 20 તોવે ઈસુવાલ આખ્યાં, "તો
આયહો એન બાહા બારે ઉબલે હેય ત્યે તુલ મિળા
કોઅતેહે" 21 તોવે ત્યેં ત્યાહાલ એહેં જાવાબ દેનો
કા, "જયેં મા વચાન વોનાતેહેં ને પાળતેહેં ત્યેંજ માં
આયહો ને બાહા હેય" 22 પાછેં યોક દિહી ઈસુ,એન
ત્યા ચેલા ઉડિયામાંય ચોડયા, તોવે ત્યેં ત્યાહાલ
આખ્યાં, "ચાલા, આપાં ત્યે મેરે/કિનારે જાતા" પાછેં
ત્યાહાંય ઉડીયાં છોડીયાં 23 પેન જોવે ઉડિયાજાંઆ
લાગ્યાં તોવે તો હુવી ગીયો; તોવે દોર્યામાંય તુફાની
વારો યાં લાગ્યો ને પાંઆઈ ઉડીયેમાંય બોરાયા
લાગ્યાં ત્યા મુશીબાતમાંય પોડયા 24 તોવે ચેલાહાય
ત્યાલા જાગાડયો ને આખ્યાં કા "સાયેબ! સાયેબ!
આમા આમી નાય બચહું" તોવે ઊઠીન ત્યા તોફાની
વારાલ એન પાંઅયાલ દોમકાડયા તોવે તી બાદા
શાંત ઓઅયા 25 તોવે ત્યેં ત્યાહાલ આખ્યાં, "તુમેહે
બોરહો કેસે ગીયો?" તોવે ત્યા ગાબરાય ગીયા એન
નોવાઈ પામ્યા એન યોકબીજાલ આખાં લાગ્યા
"ઓ કોંઉ હેય કા તુફાની વારો એન એન દોરીયા
પાંઅયાલબી તો આજ્ઞા કોઅહે એન તી ત્યા
માનતેહે?" 26 પાસે ત્યા ગીરાસેનીયા શેઅરામાંય
પોઅચ્યા, જીં ત્યેં કિનારે ગાલીલા હામે હેય,
27 જોવે ત્યા ત્યેં મેરે જાયને ઉત્યા તોવે ત્યાલ
યોક માંઅહું મિળ્યાં જ્યાલ જ્યાલ બુત લાગલો
આતો ત્યાલ ખૂબ દિહી જાયલા તો ફાડકે નાંય
પોવે એન ગોઓ નાંય રોય પેન માહણાહામાંય
રોય 28 ત્યેં ઈસુવાલ દેખ્યો તોવે ખૂબ જોરખે
બોંબલીને ત્યા આગલા પોડીન મોઠેથી આખ્યાં
કા, "ઓ હોરગામાંયને પોરમેહરાપોહો ઈસુ! મા
તુલ કાય કામ આંય તુલ વિનાંતી કોઅઈ તાહાંવ,
માન પીડા માં દેતો" 29 કાહાકા તો ત્યામાને ત્યા
બુતાલ નીંગી જાઅના હુકામ દેતો આતો, કાહાકા
તી ત્યાલ વારે ઘેડી તકલીપ દેતો, જોવે લોક
ત્યાલ હાકળે કોઈન બાંદેત તેરૂ તી તોડી ટાકતો
આતો એન બુત ત્યાલ જંગલામાંય જાડ્યેમાંય
લેય જાય 30 ઈસુવેં ત્યાલ પૂછ્યાં, "તો કાય નાવ
હેય?" ત્યાંય આખ્યાં "સેના" કાહાકા ખૂબ બુત
ત્યામાંય ઉરાલાઆતા 31 ત્યાહાંય ત્યાલ વિનાંતી
કોઅયી કા આમાહાલ ખૂબ ઉંડા ખાડામાંય મા જા
આજ્ઞા કોઅહે 32 ત્યાહા ઉંચા ડોગાવોય ડુકરાહા
ટોળો ચોઅતો આતો, ત્યાહાટી ત્યાંય ત્યાહાલ
અરજ આખ્યાં, આમાહાલ એલહામાંય જાં દે,
તોવે ત્યેં જાં દેના 33 તોવે બુત ત્યા માંઅહાંમાંઅને
નીંગીન ડુકરાહામાંય ગીયો ત્યા ડુકરાહા આખો
ટોળો કોરાડાવોયને નીચે પાંઅયામાંય પોડીન બૂડી
મોઅયો 34 ત્યાહાલ ચાઅનારાહાય ઈં દેખીન નાઠા
એન શેઅરામાંય ગાવામાંય જાયને ત્યાહાય ઈ ગોઠ
આખી 35 લોક જીં જાયેલ તીં વોનાય તોવે એરાહાટી
ગીયા, એન ઈસુવા પાંય ત્યાહાય જયામાંય બુત
આતો ત્યા માંઅહાલ ફાડકે પોવલો એન ઠાવકો
બોઠલો દેખ્યો તોવે ત્યા બીઈ ગીયા, 36 જ્યા
એરાં યેનલા લોકાહાંય હોદયા કા જ્યાલ બુત
લાગલો આતો એલા માંઅહું કેહેંકોય હારો જાયો
37 તોવે ગેરસાનીયા આલીપાહીલ્યા લોક ઈસુવાલ
વિનાંતી કોઅઈન આખાં લાગ્યા કા આમેહે પાંઅરે
જાતો રોઅ; ત્યા ખૂબ બીઈ ગીઅલા આતા
તોવે તો ઉડીયામાંય બોહીન જાતો રિયો 38 જ્યા
માંઅહામાંયને બુતાલ કાડયો તો, ઈસુવાલ આખે
કા માન તુમેહે આરે રા દે, પેને ઈસુવે ત્યાલ
દોવાડી દેના ને આખ્યાં કા, 39 "તો ગોઓ જા એન
લોકાહાલ આખજે કા પોરમેહરે તોહાટી કોલાં મોઠા
કામ કોઅયા" તોવે તો જાયને આખાં લાગ્યો કા દેવે
માહારે કોહડે મોઠે કામે કોઅયે 40 જોવે ઈસુ પાછેં
યેનો તોવે લોક ત્યાલ આનંદાકોયમિળ્યા, કાહાકા
ત્યા લોક ઈસુવા વાટ જોવેત 41 ઓલાહામાંયજ
યાઈર નાવા યોક માંઅહું પ્રાર્થનાગોઓ મોંતરી
આતો, તો યેનો એન ઈસુવા પાગે પોડીન માગણી
કોઅયી કા, માઆ ગોઓ ચાલ, 42 કાહાકા ત્યા
બાર વોરહા યોકને યોક પુહી આતી, એન તી
મોઅનારી આતી જોવે તો જાય, તોવે લોક
ત્યાલ વિચાર વિચાર કોઅેત 43 યોક બાઈ /થેએ
આતી જયેં બાર વોરહાથી લોય પોડના બીમારી
આતી,એન ત્યેય ત્યેં બાદી મિલકાત દાકતારહા

પાંય વાપરી કાડ્યેલ, તેરૂ ત્યે બિમારી હારી નાય
જાયેલ, 44 તી પાછાડીને યેનો એન ઈસુવા ફાડકા
કોરાલ દોઅયા, એન તારાતુજ ત્યેં લોય પોડના
બંદ જાયા 45 ત્યાહાટી ઈસુવેં આખ્યાં, "માન કુંયે
આથ લાવ્યો?"તોવે કાદાનાંય આખતાં લાગ્યાં તોવે
પિત્તાર એન ત્યા હાંગાત્યાહાંય આખ્યાં, "ઓ
સાએબ, તુલ તે લોકાહા ટોળો બિચડેહે એન ઓલી
ગિરદી હેય" 46 પેન ઈસુવે આખ્યાં કા, "માન
કાદેતેરી આથલ્યાહાં, કાહાકા માયે જાંઆઈ લેદાહા
કા માયેમાંઅને ગોતી નીંગી સામાર્થ્યા નીંગ્યાહાં"
47 જોવે ત્યેં બાયેં/થેઅયે જાંઅયા કા આંય દોબી
નાય શકું/હોકું, તોવે તી કાપતી-કાપતી યેની એન
ત્યાલ પાગે પોડીન લોકાહા આગલા આખ્યાં કા
ત્યે કાહા ફાડકાલ આથ લાવ્યેલ, એન કેહેંકોય
તારાતુજ હારી ઓઈ ગીયી 48 ઈસુવેં ત્યેલ આખ્યાં
"પોહી, તો બોરહાકોય તું હારી જાયહી, તું શાંતીથી
જો" 49 તો આજું બોલહે ઓલહામાંય કૂયેતેબી
પ્રાર્થના ગોઆ મોંતરીયા ઈહીને યેયને આખ્યાં કા,
તો પોહી મોઅઈ ગીઈ; ગુરુવાલ આમી દુખ માં
દેહે" 50 ઈસુવાંય ઈ વોનાયન ઉત્તાર દેના, "બીયહે
માં; યોખલો બોરહો રાખ, તોવે તી બોચી જાઅરી"
51 ગોઓને જાયને ત્યાંય પિત્તારાલ, યોહાનાલ
યાકુબાલ એન પોહયે આયહે આબાહા શિવાય
બીજા કાદાલુજ ગોઅમે નાય યાં દેના 52 બોદેંજ
ત્યેહાટી રોડારોડ કોએત પેન ત્યેં આખ્યાં કા,
"રોડાહા મા; તી મોઅયીહી નાય પેન હુવી ગીઅલી
હેય" 53 પેન ત્યાહાંય ત્યાલ ઓહી કાડ્યા કાહાકા
ત્યાહાલ ખોબાર હેય કા તી આજું મોઅલીજ હેય
54 પેન ત્યાહાંય ત્યેં આથ દોઅયો,એન બોંબલીન
આખ્યાં "ઓ પોહી, ઊઠ" 55 તોવે ત્યે જીવ પાછો
યેનો એન તારાતુજ ઊઠીન બોઠી એન આખ્યાં કા
તુમા એલ્યેલ કાંય ખાઅના દિયા 56 ત્યેં આયહો
આબહો નવાઈ પામ્યે, તારાત ત્યેં ત્યાહાલ હુકામ
દેનો કા જીં કાંય જાયહાં તી કાદાલ નાય આખના

9 1 ત્યેં બારીયાહાન હાદીયા એન ત્યાહાન બોદા
બુતાહાવો પૂરો ઓદિકાર દેનો, એન માંદાહાન
હારેં કોરાં હાટી ગોતી દેની, 2 એન પોરમેહરા
રાજઆ ખોબાર આખાં એન દુખ્યાહાન હારેં કોરાં
ત્યાહાન દોવાડ્યા, ત્યેં ત્યાહાન આખ્યાં, 3 "વાટે
હાટી કાંય નાંય લેએના, લાકડી નાંય, કા હિદાં
નાંય, કા બાખે નાંય, પોયહા નાંય, એન બેન
ડોગલેં નાંય રાખના 4 એન જ્યા ગાંઆમાંય જાહા
તાંઆનેજ રાજાઈ લેઈન જાયા 5 એન ત્યેં તુમાહાન
નાંય હાદેત, ત્યાહા શેએરામાંઅને નીંગી જાયા,
એન ત્યાહા દેખતાં, સાક્ષીયે હાટી, તુમેહે પાગાહા
આરેને બોપટો ખેકરી ટાકજા" 6 ત્યા ગાવેં ગાવેં
ગીયા, ત્યાહાંય હારી ગોઠ આખી, એન બોદા
દુખ્યાહાન હારેં કોઅયેં 7 એન ઈ બોદાં જીં બોન્યાં
તીં હેરોદ રાજા વોનાયો, એન વિચારમાંય પોડયા
કાહાકા કોલહેંક જાએં આખેત કા, "યોહાનાલ
પોરમેહરેં મોઅલાંમાઅને ઉઠાડીયોહો" 8 ડીગ્ગેં
જાએં એહેં આખેત કા, "એલીયો યેનો" એન
બીજેં આખેત કા "પોયલા ભવિષ્યવક્તાહા માંઅને
યોક પાછો ઉઠાડીયોહો" 9 પેન હેરોદેં આખ્યાં,
"યોહાના તે માંયે ટોલપી વાડી ટાકાડયેલ જ્યા
વિશે આંય ઓહોડી ગોઠ વોનાંતાહું , તો કુઉં
ઓરી?" એન ત્યેં ત્યાલ એરા હાદીયો 10 ચેલા
પાછા વોળીયા એન જીં-કાંય કોઅયેલ, તીં બોદાં
ત્યાહાંય ઈસુવાલ આખી દેખાડયાપાછેં ત્યાહાન
આલાગ કોઅઈન બેતસાદા નાંવ્યા શેઅરામાંઅને
લેઈ ગીયો 11 પેન લોકાહાન ખોબાર પોડી ગીઈ,
એન ત્યા ત્યાઆ પાહાલા ચાલ્યા તોવે ત્યેં ત્યાહાન
હાદીયા, એન પોરમેહરા રાજા ગોઠ આખી એન
જ્યાહાન હારા કોઅના જરૂર આતાં ત્યાહાન
હારા કોઅયા 12 પેન દિહી બૂડી ગીયો, એન બાર
ચેલા ત્યાપાંય યેઈન આખતા લાગ્યા કા "લોકાહાન
રાજાઈ દેઈ દે, એન પાહિયા ગાંવાહાં માંઅને કાંય
ખાઆના ખાંઆ હોદી કાડેત ઈહીં તે આપાં ઉજાડ
જાગામાંય હેજે" 13 પેન ત્યેં ત્યાહાન આખ્યાં,
"તુમા એલાહાન ખાઅના દિયા" ત્યાહાંય આખ્યાં,
"આમાહાં પાંય કાંય નાંય હેય, પાંચ બાખે એન
બેન માછલિયો હેત્યો ઓલાંજ કાય આમા જાઈન
બોદા લોકાહા હાટી ખાઅના વેચાતાં લેઈ યેજે
કા?" 14 આશરે પાંચ ઓજાર માંઅહેં આતેં તોવે
ત્યેં ત્યાહાન આખ્યાં, "પોચાહા પોચાહા લાઈન
કોઅઈન એલાહાન બોહતેં કોઅઈ દિયા" 15 તેહેં
કોઅયાં, એન ત્યાહાંન બોહતેં કોઅયેં 16 પાછેં
પાંચ બાખે એન બેન માછલિયો લેદીયો, એન
જુગા એછે એઅઈન બોરકાત માંગી, એન બાખે
મૂડીન લોકાહાન વાટી દાંઆ હાટી ચેલાહાન
દેન્યો 17 બોદાહાંય દારાયે તાઉં લોગું ખાદાં એન
ત્યાહાપાંને વોદ્યાં તીં માંગી લેદા, તોવે ત્યા બાર
ટોપલેં બાઆયેં 18 એન અહોડાં જાયાં કા જોવે
તો મેદાનામાંય જાઈન પ્રાર્થના કોઅહે, તોવે ત્યા
આરે ચેલા બી આતા તોવે ત્યેં ત્યાહાન પૂછયાં કા
માંઅહેં માન કોહડો માંનતેહેં, 19 ત્યાહાંય આખ્યાં,
"કોલાહાક યોહાન બાપ્તિસમા દેનારા, બીજા
એલિયા, એન આજું બીજા એહેં માનતાહા કા
પોયલા ભવિષ્યવક્તાહા માંઅને ઓ ભવિષ્યવક્તા
પાછો ઉઠીયોહો" 20 તોવે ત્યેં ત્યાહાન આખ્યાં,
"એન તુમા, માન કોહડો માનતાહા ?" તોવે
પેત્રેસેં જવાબ દેનો કા "પોરમેહેર 'ખ્રિસ્ત' 21 તોવે

ત્યાહાંય ત્યેં કોડાક ઊકુમ કોઅયોકા “ઈ ગોઠ
કાદાલ આખના નાંય” 22 એન પાછેં ત્યેં આખ્યાં,
“માંઅહા પાહાલ ડીગ્ગાં વેઠાં પોડી, આગેવાન
લોક એન મુખી યાજક એન શાસ્ત્રીયા ત્યાલ
દોઅવાડી દી એન માંઆઈ ટાકાડી એન તીજે
દિહી ત્યાલ ઉઠાડવામાંય યી” 23 એન બોદાહાલ
ત્યેં આખ્યાં “જીં માંઅહું માંઆ પાહાલા ચાલાં
માગે તો પોતા જીવાલ છોડે એન પોતા હુળીખાંબ
ઉસલીન માંઆ પાહાલા ચાલે 24 જીં માંઅહું પોતા
જીવાલ બોચાવાં માગે, તો ત્યા પાંઅને ટાકાય
જાય, પેન જીં માંઅહું માંઆ લેદે જીવ ટાકે તો
ત્યાઆ જીવાલ બોચાવી 25 એન જોવે માંઅહું
આખી દુનિયા જીતે પેન પોતા જીવ નાશ કોઅઈ
ટાકે, તોવે ત્યાલ કાય ફાયદો? 26 જીં માંઅહું માંઆ
શરામ રાખે, કા માંઆ ગોઠીયે શરામ રાખે,ત્યા
બી શરામ માંઅહા પોહો રાખરી, જોદિહી તો
પોતા મોઠાઈમાંય એન આબા એન દેવદુતાહા
મોઠાઈમાંય યી તો દિહી 27 આંય તુમાહન ખોરી
ગોઠ આખતાહું, ઈહીં ઉબા રોઅલાહામાંય કોલહેંક
જાએં હેતેં ત્યેં પોરમેહરા રાજ એઅરી, તાઆઉં
ત્યેં નાંય મોરી” 28 યો બોદ્યો ગોઠયો પુરયો જાયો,
ત્યા પાછેં આઠખાન દિહી જાયા, તોવે ઈસુ પેત્રેસ,
યાકુબ એન યોહાનાલ લેઈન પ્રાર્થના કોરાં હાટી
ડોગાવો ચોડીયો 29 એન પ્રાર્થના કોઅહે તોવે ત્યા
રુવાળી બોદલાઈ ગીઈ એન ત્યા ડોગલેં ઉજળેં
ફૂલ ઓઅઈન જીંગાતેં મુંડયેં, 30 એન એએ, બેન
જાંઆ, મુસા એન એલીયા,ત્યા મોઠાઈયેમાંય ત્યા
આરે બોલતા દેખાયા 31 એન યેરુશાલેમમાંય ત્યા
નીંગી જાઅના વિશે બોલેત 32 પેન પેત્રેસ એન
ત્યા હાંગાતીયાહાન ખુબૂજ નીંદ લાગી ગીઈ જોવે
ત્યા જાગી ઉઠીયા, તોવે ત્યાહેં મોઠાઈ એન આરે
ઉબા રોઅલા બેન જાંઆહાલ દેખ્યા 33 એન જોવે
ત્યા જાતા લાગ્યા તોવે પેત્રેસેં ઈસુવાલ આખ્યાં,
“ગુરૂજી, આપાં ઈહીં રોજે તીં હારાં, આમા તીન
માંડવા પાંડહું, યોક તોઓ કોરે, યોક મુસા કોરે
એન યોક એલિયા કોરે” તો કાય આખે ત્યા ત્યાઆ
ખોબાર નાંય આતી 34 તો આજુ બોલે તાંઆઉં
યોક વાદળાં યેઈન ત્યાહાવો છાંવાડો કોઅયો ત્યા
વાદળામાંય ડાકાય ગીયા, તોવે પેત્રેસ એન ત્યાહાન
બિયાં યેનાં 35 એન વાદળા માંઅને આવાજ જાયો
કા “ઓ માંઆ પોસાન કોઅલો પોહો હેય, ત્યા
આખલાં હાંબાળાં જોજે 36 આવાજ જાયો તોવે
એહેં જાયાં કા ઈસુ યોખલોજ આતો એન ત્યા
ઓગાજ રોયા, એન ત્યાહાંય જીં એઅયાં તીં ત્યા
દીહીહામાંય ત્યાહાંય કાદાલ આખ્યાં નાંય 37 બીજે
દીહે એહેં બોન્યાં કા જોવે તો ડોગા ઊપને ઉતીયો,
તોવે યોક મોઠી ટોળી ત્યાલ મીળાં યેની 38 એન
એએ,ટોળીયેમાંઅને યોક જાંએ મોઠેરે બોમલ્યાં
“ગુરૂજી તુલ આથ જોડું, માંઆ પાહાલ એએ ઓ
યોકુજ પોહો હેય 39 એન એએ યોક બુત ત્યાલ
દોઅહે, એન તો યોકાહાટોહોજ ચીચાઈ ઉઠેહે પાછેં
ત્યાલ આફળી પાડહે, એન ત્યા મુંયામાંઅને ગોડાં
નીંગેહે એન ત્યાલ ખૂબ આબદા પાડીન છોડેહે
એન ત્યાલ કાચરાવી ટાકેહે 40 તોઓ ચેલાહાન
માંયે બુત કાડનાં માગણી કોઅયી, પેન ત્યા કાડી
નાંય હોંઅક્યા” 41 ત્યાહાલ ઈસુવેં જાવાબ દેનો,
“ઓ બોરહા વોગારી લુચ્ચી પેડી, કોલહા લોગું
તુમેહે આરે રોઉં એન તુમાહાન સાંબાળ કોઅઉં?
તોઓ પાહાલ માંયે પાંય લેતો યે” 42 તો આજુ યેય
તોલામાંય બુતેં ત્યાલ આફળીન આસાટી પાડયો
પેન ઈસુવેં મેલા બુતાલ દોમકાડયો, એન પાહાલ
હારો કોઈન ત્યા આબાહાલ પાછો હોંઅપી દેનો
43 એન બોદાહાન પોરમેહરા મોઠાઈયે ઊપે ખૂબ
નોવાઈ લાગીએન જોવે લોક બોદા કામાહા વિશે
હારાં આખતા મુંડયા, તોવે ત્યા ચેલાહાન ત્યેં
આખ્યાં, 44 “ઈ ગોઠ તુમા કાન માંડીન વોનાયા
માંઅહા પોહો આથામાંય હોંપાઈ જાંઆ પોડી”
45 પેન ઈ ગોઠ ત્યાહાન હોમાજ નાંય પોડી, એન
ત્યાહા હાટી ઈ એહેંજ રોઈ,તે મોતલાબ નાંય
હોમજ્યા તેરૂ ત્યાલ ઈ ગોઠ પૂછના ઈમાંત નાંય
ચાલી 46 ચેલાહમાંય ઓહડી બોલા-બોલી ચાલી
કા આપેહેમાંય કુઉં મોઠો 47 ઈસુ ત્યાહા મોના
વિચાર જાંઆઈ ગીયોત્યેં યોક વાહાના પાહાલ આથે
દોઓઈન ઉંગીહીયેમાંય ઊબો રાખ્યો 48 એન ત્યેં
આખ્યાં, “જીં માંઅહું યા પાહાલ માંઆ નાવેં
હાદેહે તીં માન હાદેહે, એન જીં કાદો માન હાદેહે;
તીં જયેં માન દોવાડીયોહો ત્યાલ હાદેહે, કાહાકા
તુમાહા માંઅનો જો બોદાહા કોઅતો વાહાનો
હેય, તોજ મોઠો હેય” 49 તોવે યોહાન આખતો
મુંડયો,એન ત્યેં આખ્યાં, “ગુરૂજી, યોકા જાઆંન
આમાહાંય દેખ્યો તોઓ નાંવે તો બુત કાડેહે,
પેન ત્યાલ આમા ઓટકાડાં કોઅજેહે, કાહાકા તો
આમે આરે તોઓ પાહાલા નાંય ચાલે” 50 પેન
ઈસુવેં ત્યાહાન આખ્યાં, “ત્યાલ ઓટકાડાહા મા
જીં માંઅહું તુમે હામે નાંય હેય, તીં તુમે આરે હેય
51 આમી એહેં જાયાં કા ત્યા ઊપે લેવાય જાઆના
દિહી પુરા ઓઅતા ગીયાં, તોવે તો યેરુશાલેમા
એછે જાઆં હાટી વોળીયો 52 આગાડીરે ખોબાર
દાંઆ હાટી ત્યેં માંઆહાલ દોવાડીયા ત્યા ચાલીયા
એન જાગો તીયારી કોરાં હાટી સમરૂનીયાહા યોક
ગાવાંમાંય ગીયા 53 પેન તો યેરુશાલેમ જાંઆ હાટી
વોળલો આતો, ત્યા હાટી ત્યાહાંય નાંય આખ્યાં

54 ઈ એએઈન ત્યા ચેલા યાકુબ એન યોહાને
ત્યાલ આખ્યાં, “ગુરૂજી તું આખે તોવે જુગામાંઅને
આગ પોડીન ત્યાહાંલ સાફ કોરાં હાટી પ્રાર્થના
કોઅજે” 55 પેન ઈસુવેં ફીરીન ત્યાહાન માનાઈ
કોઅયી ત્યેં આખ્યાં, “તુમા કોહડા મોનવાળા હેતા
તીં તુમાહાન ખોબાર નાંય હેય માંઅહાં પોહો
માંઅહાં જીવ માંઆઈ ટાકાં નાંય, પેન બોચાવાં
હાટી યેનો 56 એન ત્યા બીજા દૂઉ ગાવાંમાંય નીંગી
ગીયા 57 વાટે ચાલતાં ત્યાલ યોક જાંએ આખ્યાં, “તું
જાંઆ જાહે, તાંઆ તોઓ પાહાલા આંય ચાલીહીં”
58 એન ઈસુવેં ત્યાલ આખ્યાં, “કોલાહાલ દોર હેતા,
ઉડતાચીડાહાલ ગોરા હેતા પેન માંઅહાં પાહાલ
ત્યા ટોલપી થોવના જાગો નાંય મીળે” 59 બીજાલ
ત્યેં આખ્યાં, “માંઆ પાહાલા ચાલ” ત્યેં આખ્યાં,
“માન પોયલા જાયન માંઆ આબાહાલ દાટાં દે”
60 ત્યાલ ત્યેં આખ્યાં, “મોઅલેં મોઅલાહાન દાટાં
દે, તુંજાયન પોરમેહરા રાજાઆ ખોબાર આખ”
61 એન આજું યોક બીજેં આખ્યાં, “પ્રભુ તોઓ
પાહાલા આંય ચાલહીં, પેન પોયલાં માન ગોઅને
બોદાહા રાજાઈ લાં દે 62 પેન ઈસુવેં આખ્યાં, “જીં
માંઆહું ઓળ દોઅહે એન પાહાલા એઅહે, તો
પોરમેહર રાજા હાટી લાયક નાંય હેય”

10 1 પાછેં પ્રભુવેં બીજા હિત્તેર જાંઅહાંલ
નીવડીયા, એન જ્યા શેઅરાહામાંય
એન ગાંવાહામાંય પ્રભુ પોતે જાંઆ કોઅહે,
તાંઆ ત્યાહાન બેબુન બેબુન આગાડીરે દોવાડ્યા
2 ત્યાહાન ત્યેં આખ્યાં, “પાક ડીગ્ગો હેય, પેન
મજરીયેં વોછેં હેતેં, ત્યા મજરીયાહાલ દોવાડે
3 જાયા, કોળહુંનહા માજે મેંડાહાન જેહેં આંય
તુમાહાન દોવાડતાહું 4 પોયહા થેલી આરે નાંય
લેએના, ઠેલીયો નાય, ખાઅડેં નાંય એન વાટેમાંય
કાદાલ સલામ નાંય આખના 5 જોવે તુમા
યોકતાઆ ગોઅમાંય ગીયા તોવે પોયલાં “યા
ગોરીયાહાન સલામ,” એહેં આખા, 6 એન જોવે
એલા ગોઅમાંય શાંતીયે પોહો ઓરી, તોવે તુમેહે
શાંતી ત્યા ઊપે રોય એન નાંય તોવે તુમેહે શાંતી
તુમેહે પાંય પાછી વોળી યી 7 યોકુજ ગાઆંમાંય
રોજા તુમાહાન જીં દેત તીં ખાઅના ને પીઅના,
કાહાકા મજીરીયાહાન ત્યાહા કાંબારાં જોજે એન
ગેડી ગેડી ગોંએં બોદલીન અમથાજ માં જાતા
8 જોવે તુમા યોક શેઅરામાંય જાહા/ગીયા, એન
લોકાહાંય તુમાહાન લેદા, તોવે જીં કાંય દેત તીં
ખાયા 9 તાંઆને દુખ્યાહાન હારેં કોઅયા, એન
ત્યાહાન આખા કા પોરમેહરા રાજ તુમેહે પાંય યેઈ
ફુગ્યાંહાં 10 એન જોવે તુમા યોક શેઅરામાંય ગીયા
એન તુમાહાન નાંય હાદેત, તોવે શેઅરા બાઆ
નીંગી જાયન આખા કા, 11 “આમેહે પાગાહા આરે
લાગલો તુમેહે શેઅરા ઉદળો/બુપટો હોગો તાંઆ
ખેકરી ટાકજેહે, બાકી તુમા જાંઆઈ લીયા કા
પોરમેહરા રાજ પાંહાય યી ફુગ્યોહો” 12 તુમાહાન
આંય આખતાહું કા તોદીહી સોદોમા કોઅતાં
ત્યા શેઅરાલ બાંઆંય પોડી 13 “ઓ ખોરાજીન
તું હારાપી! ઓ બેતસાયદા તું હારાપી! કાહાકા
તુમાહામાંય કોઅલેં તોલેં કામેં એન સીદોનામાંય
કોઅલેં ઓરી તોવે ત્યા કોયા હુણા ફાડકેં પાંગીન,
આંગાલ બોપટો લાવીન, પાછા વોળી યેના,
14 બાકી તુર એન સીદોના કોઅતાં તુમાહાન ન્યાયે
દિહી બાંઆંય પોડી 15 એન તું કાપારનાઉમ, તું
જુગા લોગું ઊચે ચોડહે કા? તું બોસમ કોળીયેમાંય
જાયન પોડહે 16 જીં માંઅહું તુમાહાંન હાંબળે,
તીં માન હાંબળેહે, એન જીં માંઅહું તુમાહાન
નાંય માને, તીં માન નાંય માને, એન જીં માન
નાંય માને, તીં જયેં માન દોવાડીયોહો ત્યાલ
નાંય માનેહે” 17 પાછેં હિત્તેર ચેલા ખૂબ રાજી
ઓઅઈન પાછા વોળીયા, એન ત્યાહાંય આખ્યાં,
“પ્રભુ તોઓ નાવેં બુતાહાન હોગા આમાહાંય
કાડયા” 18 પેન ત્યેં ત્યાહાન આખ્યાં, “વીજ
પોડહે તેહેંજ કાળીયા બુતાલ જુગામાંઅને માંયે
પોડતો દેખ્યો 19 ત્યેં, હાપડા મીછડા ઊપે એન
દુશમાનાબોદયે ગોત્યે ઊપે તુમાહાન માંયે ગોતી
દેનહી તુમાહાન કાય નાંય નોડી 20 પેન ત્યાહાટી
રાજી ઓઅતા મા, બાકી તુમેહે નાવેં હોરગામાંય
લોખલેં હેતેં, ત્યાહાટી આનાંદ કોઆ એન રાજી
ઓઆ” 21 ત્યેઅજ ગેડીયે ઈસુ પવિત્ર જીવા
કોઅઈન બોઆઈ ગીયો એન ખૂબ આનાંદમાંય
યેઈન ત્યેં આખ્યાં, “ ઓ આબા, જુગ દોરત્યે
માલિક, તોઓ આભાર માનતાહું, કાહાકા તુંયે યો
બોદ્યો ગોઠીયો ઓક્કાલવાળા એન બોણલાહાન/
લોખનારાહાન નાંય, પેન વાહાનાહાન દેખાડયો
હાચુલ આબા, ઓહોડી તોઓ મોરજી આતી,
એન તેહેં કોઅના તુલ હારાં ગોમ્યાં 22 માંઆ
આબેહેં માંઆ આથામાંય બોદા દેઈ દેનાહાં, એન
પોહો કુઉં હેય ઈ આબા સીવાય કાદો નાંય જાએં
એન આબો કૂઉં હેયતીં પાહા સીવાય, એન જ્યાલ
પોહો દેખાડાં માગે, ત્યા સીવાય, કાદો નાંય
જાંઆએ” 23 એન યોખલા ચેલાહાન ત્યેં આખ્યાં,
“તુમા જીં એઅતાહા તીં એઅનારા તુમેહે ડોળા
સુખી 24 કાહાકા, તુમાહાન આંય આખતાહું, તુમા
જીં એઅતાહા તીં એઅનાં ડીગ્ગા રાજાહા એન
ભવિષ્યવક્તાહા મોરજી આતી, પેન ત્યાહાંય નાંય
દેખ્યાં, એન તુમા જીં વોનાતાહા તીં વોનાના
મોરજી આતી પેન ત્યા વોનાયા નાંય” 25 એન

એએ, યોક શાસ્ત્રીયો ત્યા માયનો કોરાં હાટી
યેઈન આખ્યાં, "ગુરૂજી જોલામજુગ્યાં જીવન
મેળવાં હાટી માંન કાય કોરાં જોજે?" 26 ત્યેં ત્યાલ
આખ્યાં, "શાસ્ત્રામ લોખલાં હેય? તીં તું કેહેંકોન
વાચતોહો?" 27 ત્યેં જાવાબ દેનો, "તું તોઓ પ્રભુ
પોરમેહરા ઊપે આખા મોના કોઅઈન, આખા
જીવે કોઅઈન, આખી ગોતીયે કોઅઈન એન
તોઓ આખી બુદ્દિધયે કોઅઈન મોયા રાખ, એન
તું જોહોડી મોયા તોઓ પોતા ઊપે રાખતોહો
તોહોડી માંયા તો બાહા ઊપે રાખ" 28 ઈસુવેં
ત્યાલ આખ્યાં, "તોઓ જાવાબ ખોરો હેય, ત્યા
પુરમાણે કોઓ તોવે તુલ જીવાન મિળી" 29 પેન
તો પોતાલ બોચાવાં માગે, એન ત્યેં ઈસુવાલ
આખ્યાં, "એન માંઆ બાહા કૂઉં હેય?" તોવે ઈસુ
ગોઠ આખતો મુંડયો 30 ત્યેં આખ્યાં, "યોક માટડો
યેરુશાલેમરે યેરીખો જાંઆહાટી ચાલ પોડયો
ઓલાહામાંય તો બાંડાહા આથામાંય સાપાડાઈ
ગીયો ત્યા લોકાહાંય ત્યાલ લુટી લેદો, ત્યાલ ઠોકયો
એન મોઅઈ જાય ઓહડો કોઅઈન છોડી દેનો,
તોવે ત્યાલ રું દેઅઈન જાતા રોયા 31 ઓલાહામાંય
એહેં જાયાંકા યોક યાજક ત્યે વાટેરે યેનો, પેન તો
હોગો ત્યાલ દેખીન બીજી કાનીયે જાતો રોયો
32 એહેંજ કોઅઈન યોક લેવી બી તાંઆ યેનો,
પેન તો હોગો ત્યાલ દેખીન બીજી કાનીયે જાતો
રોયો 33 પેન યોક સમરૂની માંઅહું વાટે જાતાં
એલો આતો ત્યા જાગા ઊપે યેઈ ફૂગ્યો એન ત્યાલ
એઅઈન ત્યાલ દયા યેની 34 ત્યેં પાંય જાઈન ત્યા
ચાંદાહા ઊપે તેલ એન દારાખારોહો રેડીન પાટા
બાંદયા, એન પોતા ગોદડાવે બોહાડીન ત્યાલ યોક
ધર્મશાળા માંય લેઈ ગીયો એન તાં ત્યા સેવા ચાકરી
કોઅયી 35 બીજે દીહેં ત્યેં ધર્મશાળા ચાલડાનારાન
બેન રૂપિયા કાળીન દેના, એન આખ્યાં, "તું ત્યા
સેવા ચાકરી કોઅજે, એન તુલ જીં કાંય વોદારે
ખોરચો લાગી, તીં આંય પાછો વોળી યીહીં, તોવે
તુલ દેઈ દિહીં" 36 આમી યા તીનીયાહા માંઅરે
ત્યા બાંડાહા આથામાંય સાપાડલા માંઅહાં કૂઉં
બાહા ગોણાયો? તુલ કાય લાગે?" 37 ત્યેં જાવાબ
દેનો "ત્યાવો જયેં દયા કોઅયી તો બાહા" ઈસુવેં
ત્યાલ આખ્યા, "તોવે જો, તું હોગો યેજ પૂરમાણે
કોઅજે" 38 એહેં બોન્યાં કા ફીઈતો ફીઈતો ઈસુ
યોકા ગાવાંમાંય યેઈ ફૂગ્યો એન તાંઆ માર્થા
નાંવી યોક થેઅયેં ત્યાલ ગાંવારો યાંઆ આખ્યાં
39 ત્યેલ મારિયા નાંવી બોંઅહીં આતી તી પ્રભુવા
પાગાહા પાંય બોહીન ત્યા ગોઠીયો વોનાયા કોઅહે
40 તાંઆઉ માર્થા કાંઈકાંઈ જાતી સેવા ચાકરીયે
ચિંતાએમાંય આતી તી ઈસુવા પાંય યેની એન
બોલી, "પ્રભુ માંઆ બોઅયેહેં બોદા કામ માંઆ
યોખલિયે ઊપેજ છોડીયાંહાં, 41 પેન ઈસુવેં
જાવાબ દેનો કા "માર્થા તું જાત જાત્યે ફીકાર
કોઅતીહી, એન ગાબરાતીહી 42 પેન યોકુજ
વસ્તુએ જરૂર હેય મારિયાએ હારો બાગ/વાટો
નીવડી લેદોહો, એન તો ત્યેં પાંઅને નાંય લેવાય"

11 1 એહે બોન્યા કા તો યોકતે એહે પ્રાર્થના
કોઅહે ત્યા પ્રાર્થના પૂરિ ઓઅઈ ગીઈ,
તોવે ત્યા ચેલાહા માને યોકે ત્યાલ આખ્યા,
"પ્રભુઆમાહાલ પ્રાર્થના કોરા હિકાડ, જેહે
કોઅઈન યોહાને ત્યા ચેલાહાન હિકાડ્યા" 2 તોવે
ત્યે ત્યાહાન આખ્યા, "જોવેતુમા પ્રાર્થના કોઅહા,
તોવે એહે આખા, "આબા,તોઓ નાવ પવિત્ર
મોનાય, તોઓ રાજ હેય, 3 આમહે દીનેરોજી
બાખે દીનાંય આમાહાન દે 4 એન આમાહાન
આમેહે ગુનાહા માફિ દે, કાહાકા આમા આમેહે
ગુનેગાર્યાહાન માફી દેજેહે, એન આમાહાન
ફોસાવાણીયેમાંય માંઆ લીયેહે" 5 એન ત્યે
ત્યાહાન આખ્યા, "તુમાહાન ગોમે તો માઅહુ
ઓરી એન ત્યા દોસ્તારા ઓરી, તો ત્યા પાંય
આરદી રાતે યેઈન આખે, "બાયામાન તીન બાખે
દે 6 કાહાકા માઆ વોઅળખાત્યો માહી યેનોહો
એન ત્યાલ ખાવાડુ ઓહોડા માંયે પાંય કાય
નાય હેય" 7 એન ગોઅમેરે એલો જાવાબ દેહે,
"માન આબદા મા પાડહે બાઊ કોઅવાળ્યા ડાકી
દેનાહા, એન પોહેય માઅરે હુઅવતલે હેતે, તુલ
કેહેકોઈન ઊઠીન દાઊ?" 8 પેન હાચુલ આય
આખતાહુ, દોસ્તારીયે હાટીભલે નાંય ઊઠીન
દેઅય, તેરુતો ત્યાલ કોઅદરા વેહે ત્યા હાટિ
ત્યાલ જી જોજે તી બાદા દેઅય દી" 9 એન
તુમાહાન આય આખતાહુ, માગા એન તુમહાન
મીળીજ જાય હોદા એન તુમાહાન જોળીજ જાય
ખોખડાવા એન તુમેહે હાટિ બાઊ ખોલવામાંય
યી 10 કાહાકા જી માગે ત્યાલ મીળી જાય જી હોદે
ત્યાલ જોડી જાહે જી ખોખડાવેહે ત્યાલ બાઊ
ઊગડી જાહે 11 એન તુઅમેહે માંય કુઊ ઓહોડો
આબાહો હેય કા જોવે ત્યા પોહો માછલા માગે
તોવે ત્યાલ હાપડા દેય, ઓહોડો? 12 કા હાકૂ
માગે તોવે મીછડા દેય ઓહોડો? 13 તુમા નાંય
હારા હેતા, છોતા તુમેહે પાહાહાલ હારી વસ્તુ
દેતા તુમાહાન આવડેહે તોવે કોલા બાદા વોદારે
તુમેહે પોરમેહેર આબો ત્યા પાહાને માગનારાહલ
પવિત્ર આત્મા દીઈ 14 એન ઈસુવે યોક બુતાલ
કાડ્યો, તો મૂકો આતો પેન જોવે બૂત નીગી ગીયો
તોવે મૂકો બોલી હોક્યો તેએ લોકાહા ટોળાલ
ખૂબ નોવાઈ લાગી 15 પેન કોલાહાંયક આખ્યા

કા, "બૂતાહાઆગેવાન બેએલ જેબુલા મોદાદે તો
બૂત કાડેહે" 16 બિજાહાંય ત્યા પરિક્ષા કોરા હાટી
ત્યા પાઅરે યોક જુગામાંઅની નિશાની માગી
17 પેન ત્યાહા વિચાર તો જાઆઈ ગીયો એન ત્યે
ત્યાહાન આખ્યા, "જ્યા આજમાંય ફાક પોડે, તી
રાજ નાંય ટોકે, એન જ્યા ગોઅમાંય ફાક પોડેહે
તી ગોઓનાય ટોકે 18 એન જોવે બૂત બૂતામાંય
ફાક પોડે, તોવે ત્યા રાજ કેહે કોઈન ટોકી? કાહાકા
તુમા આખતાહા કા બેએલજેબુલા મોદાદે આંય
બૂત કાડતાહું 19 જોવે આંય બેએલ્જેબૂલા મોદાદે
બૂત કાડૂ, તોવે તુમેહે પાહા કેહે કોઅઈન કાડતા
ઓરી? તેહે ત્યાજ તુમેહે નીયા કોરી 20 પેન જોવે
આંય પોરમેહરા ગોત્યે કોઅઈન બૂતાહાલ તાંગાડી
કાડતાહુ, તોવે પોરમેહરા રાજ તુમેહેમાય યેઈ
ગીયાહા 21 તાકતવાળો માટડો આથીયાર લેઈન
ગુઊ ટોવા બોઠો ઓરી તાઆઊ ત્યા મિલકાત નાંય
જાય 22 પેન એલા કોઅતો મોઠી તાકાત વાળો
માઅહુ લોડીન જીતે, તોવે ત્યા આથીયાર જ્યા વો
તો બોરહો રાખૂ આતો,તી બાદા તો લેઈ લેહે,
એન ત્યા મીલકાત વાટી દેહે 23 જી માઅહુ માઆ
આરે નાંય હેય, તો માઆ હુમે હેય, એન જી
માઅહુ માઆ આરે ટોળો નાંય કોઅહે તો વેરેહે
24 જોવે દુષ્ટઆત્મા માઆહામાંઅને નીગી જાહે
તો ખરાબામાંય ફીઈતો ફીઈતો આરામ હોદેહે,
એન નાંય જોડે તોવે તો મોનામાંય આખેહે
કા "માયે માઆ ગુઊ છોડ્યા, તાઆજ પાછો
જાઊ" 25 એન પાછો જાઈન એએહે તોવે તીઈ
બાઆલા એન હારા ગોઠવલા મીળે હે, 26 તોવે
તો જાઈન ત્યા કોઅતા આજૂ ડિગ્ગા લુચ્ચા બીજા
હાત બૂતાહાન હાદી લેય યેહે એન ત્યા બાદા
ત્યાહામાંય વોહોતાહા એન ત્યા માઆહા પાહાલી
દશા પોઅલીયે કોઅતી ડીગ્ગી ખોટી ઊસબી જાય
27 એન એહે બોન્યા કા જોવે તો ગોઠ આખેહે,
તોવે ટોળીયેમાંઅને યોક થેએ મોઠેરે બોમલી જ્યે
પેટામાઅને તુ જનમીયો તી સુખી એન જ્યે
થાનાહામાઅને તુયે દુદ ખાદા 28 ત્યે આખ્યા,
"રાંઆ દે, પેન જ્યે પોરમેહરા ગોઠા હાબળીન
માનતેહે ત્યે સુખી" 29 જોવે લોક ટોળો વોળ્યા
તોવે તો ત્યાહાન આખતો મુડ્યો કા ઈ પેડી લુચ્ચી
હેય બતી ખાતરીયે નિશાણી માગેહે પેન યુના
નિશાનિ સિવાય ત્યેલ બીજી નીશાની નાંય મીળી
30 જેહે યુના નિનવે લોકાહા હાટી નીશાની રોયી
તેહે યે પેડીયે હાટી માઅહા પોહો નીશાની રોઓય
31 નીયાય દીહે દક્ષિણ દેશા રાણી યે પેડીયે હુમી
ઊઠીને ત્યાલ ગુનેગારી તેરાવી કાહાકા તીઈ દોરત્યે
છેડે રે યેની સુલેમાના વિદિયા વોનાયા હાટી
એન એએ તે, સુલેમાના કોઅતો મોઠો ઈહી હેય
32 નીયાયે દીહે,નીનીવે શેએરા માઅહે ઊઠીન યે
પેડી યેલ ગુનેગારી ઠોરવી કાહાકા ત્યા યુના ગોઠ
હાબળીન વોળી યેના એન એએ તે યુના કોઅતો
મોઠો ઈહી હેય 33 દીવો લાવીન ત્યાલ ટોપલીયે
તોળે કા ચોપા કોઅઈન નાય ડાકેત પેન ઊચે
દીવત્યાવો થોવતેહે ગાઆમાય યેનારાહાન ઊજાળા
દેખાય ત્યા હાટી 34 ડોળો તોઓ શરીરા દીવો હેય
ડોળો ચોખ્ખો રોહોય તોવે તોઓ આખા શરીરા
આદારાવાળા રોય 35 દીયાન રાખ કા તુયેમાય જી
ઊજાળા હેય તી આદારા નાય બોને 36 જોવે
તોઓ આખા શરીર ઊજાળાવાળા રોય એન કાય
બી આદારા નાય મીળે તોવે તી આખા જ ઊજાળા
રોય જાઆય કા દીવો તોઓ વે ત્યા પોરગળા
દેહે 37 જોવે તો બોલેહે તોવે યોક પોરૂષીયાએ
ત્યાલ ખાઆ હાદીયો એન તો ત્યા ગોઓ જાઈન
ખાઆ બોઠો 38 પેન પોરૂષીયાએ એઅયા કા
ખાતા આગાડી આથ ત્યે નાય દોવ્યા એન તો
વિચાર કોરા લાગ્યો કા ખાતા આગાડી એલો કેહે
નાય દોવે ? 39 પેન પ્રભુવે ત્યાલ આખ્યા તુમા
પોરૂષીયા તુમા થાળીવાટકે ઊપે ચોળતાહા પેન
માજે લોબ એન લુચ્ચાઈ બોઅલાજ હેય 40 ઓ
મુરખા હાય જ્યે ઊપે બોનાવ્યા ત્યે માજે બી
બોનાવ્યા તી નાય ? 41 પેન જી માજે હેય તી
ગોરીબાહાન દે એન બાદા તુમે હાટી ચોખ્ખા રોય
42 પેન ઓ પોરૂષીયાહાય તુમા મોઆ તુમા રાય
મેથી એન બાદા બાજી પાલાહા દહમા બાગ
દેતાહા બાકી નીયા એન મોયા છોડી દેતાહા ઈ
બી કોરા જોજતા એન તી બી નાય છોડના
43 ઓ પોરૂષીયાહાય તુમા મોઆ તુમાહાન
પ્રાર્થનાગાઅમાય પોયલો જાગો ગોમેહે એન
આટામાય સલામી જેલના 44 ઓ હારાપીયાહાય
તુમા વોજાણ્યા માહાણા રોકા હેતા માઅહે ઊપે
ચાલીન જાતેહે એન ત્યાહાન ખોબારૂજ નાય
પોડે 45 તોવે યોક ધર્મશિક્ષક ત્યા પાય યેનો ત્યે
આખ્યા ગુરૂજી એહે કોઈન તુ આમાહાન બી
ગુનેગારી આખતોહો 46 પેન ત્યે ત્યાલ આખ્યા
તુમા ધર્મશિક્ષક તુમા બી મોઆ તુમા ઊછલાય
નાય અહોડો બાંઆય બાઆ માણેહે ઊપે થોવ
તાહા પેન યોક ટીચ્યે આગળીયે કોઅઈન નાય
ઊછાલતાહા 47 તુમા મોઆ તુમેહે વોડીલાહાય
બોગાતાહાલ માઆઈ ટાક્યા એન ત્યાહા ખાબ
ખોતરે તુમા રોપતાહા 48 તેહે કોઅઈન તુમા તુમેહે
વોડીલાહાન ગુનહા સાક્ષ્યા રોયાહા એન ત્યા ગુના
તુમાહાય માની લેદા ત્યહાય માઅય ટાક્યા એન
તુમા ખાબખાતરે રોપતાહા 49 તે ત્યાય ત્યાહા

પાપહા દોવાડતાહુ,ત્યાહાન કોલાહાન ત્યા માઅઈ
ટાકરી, કોલાહાન દુઃખ દી 50 યાહાટી કા જુગ
દોરતી ઊસબાયાહા ત્યાય જ્યા જ્યા બોગતા
લોઈ પાડ્યાહા 51 હાબેલ લોયય લે ઈન ત્યાલ
મંદિરા એન દોરમ દોરત્યે વોચમાંય માઅય ટાક્યો,
ત્યા ઝાખ્રીયા લોયે લોગુ ત્યા બાદાહા લોય યે
પેડીયાહા માથે પોડે, હાચુલ આય આખતાહુ યે
પેડીયે માથે પોડી 52 ઓ ધર્મ શિક્ષકાહાય તુમા
મા? તુમાહાય વિદીયેકુજી દોબાડી દેની પોતે તુમા
ત્યા માંય નાંય ગીયાહા એન જ્યા જાગા માગતાહા
ત્યાહાન માજે નાંય જા દેના 53 જોવે ઈલુ તાઆરે
ચાલ પોડ્યો તોવે પોરૂષી એન શાસ્ત્રિ ત્યા પાટી
લાગતા એન ડીગા સવાલાહા માંય ત્યાલ ફાસવા
54 ટૂગી રોયલા તો આખે તાઆ માંય ત્યાલ
સાપડાવા હાટી

12 1 જોવે ડીગ્ગે જાઆય ટોળો વોળીન
ઈસુવા પાંય યેને, ઓલે બાદે કા યોક
બીજાલ બીચાડ કોઓત, તોવે ઈસુ પોયલા ત્યા
ચેલાહાન આખતોsમુડ્યો, "પોરૂષીયાહાબ ખાટાને
ચેતીન રોજા, તી ડીગા હેય 2 યોકાયોક દોબાડી
રાખલી ગોઠ ઊગાડી પોડી, એન યોકાયોક ખાંગી
ગોઠ ખોબાર પોડી જાય 3 તેઅ આદારામાંય
તુમહાયજી આખ્યા તી દીહા ઊજવાડામાંય
વોનાવાયી એન તુમાહાય બાઊ ડાકીન કાનામાંય
જી દૂદરીન આખ્યા,તી ગાઆ ઊચે ચોડીને ,
બોબલીન આખરી 4 તુમાહાન માઆ દોસતારાહા
આય આખતાહુ કા જ્યે યા ડીલાલ માઅઈ
ટાકતે હે, એન ત્યા પાછે કાય નાંય કોઅઈ
હોઅકતેહે, ત્યા દાક નાંય રાખના 5 પેન કાદા દાક
રાખના, તી તુમાહાન આય આખુ જો માઅય
ટાકી શકે એન ત્યા પાછે બોસામ કોળ્યે માંય
દોવાડી હોઅકેહ, ત્યા દાક રાખા, હાચુલ આખતાહુ
ત્યા દાક રાખના 6 બેન પોયહામાંય પાંચ ચીડે
વેચાતાહે કા નાંય? તેરૂ બી ત્યા માઆઅને યોકાલ
બી પોરમેહેર વીહરાઈ ના6ય જાય, 7 પેન તુમેહે
ટોલપ્યે કીહી યોકાયોક ગોણલા હેતા ત્યા હાટી
તુમા બીયહા મા ડીગ્ગાહાકરાહા કોઅતા તુમા
કિમતી હેતા 8 જી માઅહુ બાદાહા દેખતા માન
કોબલી લેહે, ત્યાલઆયહોગો બાદા દેવદુતાહા
દેખતા કોબલી લીહી 9 એન જી માઅહુ માણેહે
દેખતા માન નાંયકોબુલે ત્યાલ આય હોગો બાદા
દેવદૂતાહા દેખતા નાંય કોબુલીહી 10 જી માઅહુ
માઅહા પાહા નીદા કોહે, ત્યાલ માફી મીળી,
પેન જી માઅહુ પવિત્ર આત્મા નિંદા કોઅહે ત્યાલ
માફી નાંય મીળી 11 જોવે માહે તુમાહાન ત્યા
પ્રાર્થના ગાઆમાંય એન આગેવાન એન અમલ્દારા
પાંયદોઅયનલેય જાય, તોવે કાય જાવાબ દેઅના, કા
કાય આખના, ત્યા ચિંતા નાય કોઅના 12 કાહાકા
કાય આખાના, તી ત્યેજ ઘેડીયે પવિત્ર આત્મા
તુમાહાન હુજ દીઈ" 13 ટોળા માઅને યોક જાએ
ત્યાલ આખ્યા, "ગુરૂજી,મા બાહાલ તુ આખને કા
વારસા માંય માન બાગ દેય" 14 પેન ત્યે ત્યાલ
આખ્યા, "ઓ માટડા, માન કુયે તુમેહે નિકાલ
કોરા કા મિલાકાત વાટા આખ્યા?" 15 પાછે ત્યે
ત્યાહાન આખ્યા, "તુમા એઅજા, લોબથી ચેતી
રોજા કાહાકા તુમેહે ડીગ્ગી મિલકાત ઓરી, તેરૂ
તીયેમાંય તુમેહે જીવાન નાંય રોય" 16 પાછે ત્યે
ત્યાહાન યોક દાખલો આખ્યો કા "યોકતા માલદાર
માઅહા જમીન માંય હારા પાક્યા 17 તોવે ત્યે
વિચાર કોઅયો કા આય કાય કુઊ? માઅ બાદો
પાપ બોરા હાટી જાગો નાંય મીળી 18 તોવે ત્યે
આખ્યા " એહે કોઅઈન કોઅઊ, મા ગુઊ તોડી
પાડીન મોઠા ગુઊ બાદીહી, તાઆમાંય બાદો
પાક એન મા બાદી માલમિલકાત તોવી દીહી,
19 એન પાચી મા આત્માલ આખીહી કા "ઓ
મા આત્મા,તુયે પાંય ડિગ્ગા વોરાહા લુગુ ડીગ્ગો
માલ થોવલો હેયે, તુ આરામ કોઓ,ખાય પિઅન
મોજ્યા કોઓ" 20 પેન પોરમેહર ત્યાલ આખ્યા?
"ઓ ખોડાળીયા, ઓ મુરખા, આજી તોઅ પાહરે
તો આત્મા માગીહી, એન તુયે ડીગલો કોઅયાહા
તી બાદા કા ઓઅરી?" 21 જી માઅહુ પોતાના
હાટી ડિગ્ગલો કોહે , એન પોરમેહેરા આગલા
માલદાર નાંય ઓય ત્યા ઓહડાજ ઊસબી" 22 ત્યે
ત્યા ચેલાહાન આખ્યા, "ત્યાહાટી આય તુમાહાન
આખતાહુ કા જીવના હાટી જી ખાઅના જોજેહે,
કા ડિલા હાટી જી પોઅવના જોજેહે, ત્યા ફિકારમા
કોઅહા 23 ખાઅના કોઅતા જીવન વોદારે હેય,
એન ફાડકાહા કોઅતા ડીલ વોદારે હેય 24 નેડાડીયેલ
એઅયા તે, તી ખેતી નાંય કોઅહે આવુર સાવુર
નાંય કોઅહે ત્યે બોદડ્યો કા વખાર નાંય હેત્યો,
પોરમેહેર તીલ હોબાદેડેહે એન ચીડાહા કોઅતી
તુમેહે ડીગ્ગી કિમાત હેય 25 એન ફીકર કોઈન
તુમે માઅને કુઊ પોતે જીદગી લાબી બોનાવી
શકે? 26 એન જોવે ઓલા કામ તુમાહાન નાંય
ગાઠે તોવે બીજ્યે ગોઠ્યે કાયલા ફિકાર કોઅતાહા?
27 ફુલે એઅયા તે, ત્યે કાતેત બી નાંય એન વીએત
બી નાંય, તેરૂ અય તુમાહન આય આખ્તાહુ કા
શુલેમાન રાજા બી ત્યા ઓલીબાદી મિલકાત છતા,
ત્યાહા ઓહડ ફાડકે નાંય પોવલે 28 એને જોવે
યોક દીહી રાનામાંય ઊદે એન બીજે લાગાડી દેત,
ઓહોડા ગાહાયાલ બી પોરમેહર હારા પોવાડે, તોવે
ઓ વોછા બોરહાવાળાહાંય, તુમાહાન કોલા હારા

પોવાડી? 29 તેઅ તુમા હોગા મા પૂછાહા કા કાય
ખાહુ એન કાય પીયુહુ, એન ફિક્કર મા કોઅહા
30 કાહકા ઈ બાદી ચીજે દુનિયામાંય દૂદુનિયા
લોક હોદતાહા, એન તુમેહે આબાહાલ ખોબાર
હેય કા ઈ બાદી ચીજે તુમાહાન જોજે 31 ત્યા
બોદલે ત્યા રાજ હોદા એન ઈ બાદા તુમાહાન
મીળી જાય 32 ત્યા હાટી, વાયહાની ટોળકી, મા
બીયેહે, કાહાકા તુમાહાન રાજ દેએના, અહોડી
તુમેહે આબાહા મોયાળી મોરજી જાયી 33 તુમેહે
મીલકાત વેચી દીયા, એન ગોરીબાહાન દાન દીયા
મોજરાય નાંય જાય અહોડી ઠેલી રાખા, ગોટી
નાંય જાય, અહોડા પોયાહા પોયાહા હોરગામાંય
થોવા, તાઆ બાડ નાંય ઊરાય, એન વોળે નાંય
ખાત 34 જાઆ તુમેહે પોયાહા થોવલાહેતા, તાઆ
તુમેહે મોન બી ચૉઅટાડલાં રોહોય 35 તુમેહે કોમાર
બાદલા એન તુમેહે દીવા લાવલા રાખા 36 એન
તુમા એલા માણહે રોકા રોજા જ્યા પોતાના દોનારા
વાટ એઅતાહાતો બા અમથે વોરાડીયે ગીયો, એન
તો પાછો યેઈન ખોખડાવે તોવે તાબાડ બાઆઊ
ઊગાડના 37 જ્યા ચાકારાહાન જાગતા એઅરી,
ત્યા ચાકાર સુખી હાચુલ તુમાહાન આંય આખતાહુ
તો કોમાર બાદીન ત્યાહાન બોહોતા કોરી એન વાટી
ખાવાડી 38 તો રાત્યો યેહે તેરૂ, કા કુકડાવાહાતે યેહે
તેરૂ ત્યાહાન જાગતા એરી, તોવે ત્યા સુખી 39 એન
ઈ જાઆઈ લીયા, કા જોવે ગોરીયા દોનારાલ
ખોબાર રોતી કા બાંડ કોવે યેહે, તોવે તો ત્યાલ
ગોઅમાંય ઊરાયાં નાંય દેતો 40 તુમા હોગા તીયારી
રોજા, કાહાકા તુમા નાંય માનેત ત્યે જ ગેડીયે
માઆહા પોહો યીઈ" 41 તોવે પેત્રુસ ત્યાલ પૂછ્યા
કા "પ્રભુઓ દાખલો તુ આમાહાન આખતોહો, કા
બાદાહાન?" 42 એન પ્રભુવે આખ્યા, "તો હારો
એન ઓક્કાલવાળો નોકર કુઉ? દોનારે ત્યાલ ગુઊ
હોઅપીયા, ગોર્યાહાન ખાયના વાટોં દાંઆ હાટી
43 દોનારોપાછો યેઈન ત્યા એહે જ કોઅતો એએહે,
તોવે તો ચાકાર સુખી 44 હાચુલ આખતાહુ, તો
ત્યાલ ત્યા બાદા માલ ઊપે થોવરી 45 પેન જોવે
તો ચાકાર એહે આખે કા "માઆ દોનારાલ યેતા
વાઆ લાગરી,: એન એહે આખીન બીજા ચાકાર
છાકરાડીયાહાન બાહાટતો લાગે, ખાતો પીતો
લાગે, દારૂ પીતો લાગે, 46 તોવે જો દી હી તો
નાય માને એન જી ગેડી તો નાંય જાઆય, તો
દીહી એન ત્યે ગેડીયે ત્યા દોનારા યીઈ, એન ત્યાલ
મારા દીઈ એન લુચ્ચાહાઆરે થોવી 47 પેન જો
ચાકાર ત્યા દોનારા મોરજી જાઆઈન પાછે ત્યા
તીયારી નાંય કોઅયી, એન ત્યા મોરજી પુરમાણે
નાંય કોઅયા, ત્યાલ ડીગ્ગો માર જોડી 48 પેન જો
ચાકાર નાંય જાઆય, એન માર જોડે ઓહોડો કામ
કોઅહે, ત્યાલ વોછો માર જોડી કાહાકા જ્યાલ
ડીગ્ગા દેનલા હેય ત્યા પાઆરે ડીગ્ગા માગી, એન
જ્યાલ ડીગ્ગા હોપાય ગીઈલા હેય, ત્યા પાઅરે
ડીગ્ગા લીઈ 49 આય દોરત્યેવો આગ હોલગાડા
યેનોહો, એન કોયા હીલગી જાતા તી માન કોલા
હારા ! 50 માઆ આગળીન આગળના હેય, તી
પતી જાય તાંઆઊ માઆ જીવા કોલો દાબાય
! 51 તુમાહાન એહે લાગેહે કા આય દોરત્યેવો
શાંતિ દાઆ યેનોહો કા? નાં, ઊલટા, આય ફાક
પાડા યેનોહો 52 કાહાકા આમી પાછે ગોઅમાંય
પાચ જાઆય રોઅતે ઓરી, તાઆમાંય ફાક પોડી,
બેનીયાહા હુમે તીન, એન તીનીયાહા હુમે બેન
53 એહે કોઅઈન ફાકાય જાય, પાહા હુમે આબોહો,
આબાહા હુમે પોહો, પુઊહ્યે હુમે આયોહો, એન
આયેહે હુમે પુઊહી, હાહાવહે હુમે વોવલીહી એન
વોવલીયેહે હુમે હાહું" 54 લોકાહાન ત્યે આખ્યા
"જોવેદીહી બૂડતા એછને વાદળા ચોડતા દેખાય,
તોવે તુમા તાબાડ આખતાહા, "પાંઆઈ યી," એન
હાચુલ પાંઆઈ યેહે 55 એન બોખરો યેતોદેખીન,
તુમા આખતાહા, કા તીડકા લાગી ઊઠી, એન
એહેજ બોનેહે 56 ઓ ડોંગીયાહાંય, જૂગ એન
દોરત્યે આગરાહીયો પારખતાં તુમાહાન આવડેહે,
તોવે આમીયો દીહી પારખતાં કાહા નાંય આવડે
? 57 એન જી કોઅના હારા હેય, તીઈ તુમા પોતે
કાહા નાંય નક્કી કોઅતાહા ? 58 કાહાકા જોવે
તુ ફીરાદીવાળા આરે કોચરીયે વાટે જાહે, તાઆઉ
ત્યા પાઆરે છૂટા હાટી કોશીસકોઓ નાંય તે તો
તુલ નીયા કોઅનારા પાંય દોઅઈન લેઈ જાય, નીયા
કોઅનારો તુલ પોલીસાલ હોપી દીઈ, એન પોલીસ
તુલ જેલમાંય પૂરી 59 હાચુલ આખતાહુ, તુ છેલ્લો
પોયોહો ચુકતે કોઅહે, તાઆઊ તુ તાઆરે નાય છૂટે
હે"

13 1 ત્યેજ વેડે કોલાક લોક યી પોચ્યા,એન
ત્યાહા આરી ગલીલ લોકહા ગોઠયો
કોરા લાગ્યે,જ્યા રોગાત પીલાતુસાય ત્યાહાજ
અર્પણાકોય મેળવ્યાં આતા 2 ઈ વોનાઈને ત્યાય
ત્યાહાલ ઉત્તર માય ઈ આખ્યા, "કાય તુમા
હોમજૂતહે કા ઈ ગલીલ એન બાદે ગલીલયો
કોઓતા વોદી પાપી આતે કા ત્યાહાવોય ઓહડી
વિપત્તિ પોડી ? 3 આય તુમ્હેલ આખહું કા
નાય;તેરી પેન તુમા મન નાય ફીરવાહા તો તુમા
બી યીજ રીતી કોય નાશ ઓહા 4 નાયતે,જ્યા
આઠરા જાંઆ જ્યાહાવોય શિલોહ માન્યો
કોરાગો પોડ્યેલ,એન ત્યા દાબાઈન મોય
ગોયા:યરૂશલેમાઆ એન બાદે રોનારે ગુનેગાર

આતે ? 5 આય તુમ્હેલ આખહું કા નાય;પેન
જર તુમા મન નાય ફીરવાહા તો તુમે નાશ થીજ
રીતી કોય ઓરી" 6 તોવે ત્યાય ઓ દાખલો બી
આખ્યો: "કાદા તેરી દારાખાહા વાડીમાય અંજીરા
જાડા આતાતો ત્યાંમ ફળ હોદા યેનો,પેન નાય
જોડ્યા 7 તોવે ત્યાય વાડી રાખવાલાલ આખ્યા,
'એરા,તીન વોરહા કોય આય યા અંજીરા જાડા
વોય ફળવા હોદા યાહું,પેન નાય મીળેયાલ કાપી
કાળ કા તીં દોરતીલ બી રોકી રાખે?' 8 ત્યાય
ત્યાલ ઉત્તર દેનો, 'ઓ માલિક,યાલ યા વોરહાં
બી રા દે કા યા જાડા ચારી ખૂણહામાય ખોત ટાકું
9 જર આગલા પાસે ફળવા દેય તોવે હારા,નાય
તે ત્યાલ ખાંડી કાડી" 10 વિશ્રામા દિહે તો યોક
સભામાય પ્રચાર કોઓતો આતો 11 તા યોક બાઈ
આતી જીલ દુષ્ટ આત્માય ઘેરી લેદી આતી,એન તી
કુબડી ઓઈ ગોયી આતી એન સીદી ઓઈ નાય
શેકતી આતી 12 ઈસુય તીલ એન આખ્યા, "ઓ
થેઈ, તું તો નબળી કોય છુટી ઓઈ જો" 13 તોવે
ત્યાય તીં વોય આથ થોવ્યો,એન તી તુંરુત સીદી
ઓઈ ગોયી એન પરમેહેર મહિમા કોરા લાગી
14 યા હાટી કા ઈસુય તીયેલ વિશ્રામા દીહીયેલ
હારી કોયી આતી,સભા જો સુબેદાર ખીજાઈન
લોકહાલ આખા લાગ્યો, સોવ દિહીં હેય જ્યાંમાય
કામ કોના હેય,તોવે પરત ત્યાંજ દિંહામાય ચંગા
ઓના, પેન વિશ્રામા દિંહેમાય નાય" 15 ઈ
વોનાયન પ્રભુય ઉત્તર દેનો, "ઓ લુંચ્યહા,કાય
શાબાતા દિહે તુમહે ડોઓબહાલ એન ફૂંરક્યાંહાલ
સોડીન પાઈ પાજા નાય લી જાઆ આતા? 16 તો
કાય ઉચિત નાય હેતાકા ઈ થેએઈ જી અબરાહામા
પોહી હેય જીલ શેતાનાય આઠરા વોરહા લુંદુ બાદી
રાખલી,વિશ્રામા દિંહી યા બંધનામાને છોડવામાય
યેહેં?" 17 જોવે ત્યાય યો ગોઠયો આખ્યો,ત્યા
બાદે વિરુધી લાજવાઈ ગોયે,એન બોદો ટોળો
તીં મહિમા કામા કોય આંનદીત ઓયે 18 પાસે
ત્યાય આખ્યા, "પરમેહેરા રાજ્ય કાઆ રોકાં
હેય?એન આય ત્યાં નાવ કહેકોય દાવ? 19 તીં
રાયે દાણા સારકા હેય,જ્યાલ કાદા માઆહાય
લીન પોતાની વાડીમાંય રોય્યા:એન તીં વાદીન
જાડ એય ગોયા;એન આકાશા ચીડહાય ત્યાંવોય
ગોરા કોય" 20 ત્યાય પાસે આખ્યા,આય પરમેહે
રાજ્યા કેહેકોય નાવ થોવું? 21 તીં ખમીર સારકા
હેય,જયાલ કાદીં થેએયીય લીન તીન માંપ કુટામાય
બેડી દેને,એન એતા એતા બોદો કુટ ખમીર ઓય
ગોયો" 22 તો શેહેર –શેહેર એન ગાવ –ગાવ જાઈને
હીકાડતો યરૂશલેમા એસેને જા લાગ્યો, 23 તોવે
કાદાય ત્યાંલ પુસ્યાં, "ઓ પ્રભુ,કાય ઉદ્ધાર
પામનારે વાહીયોકુંજ હેય?''ત્યાલ ત્યાહાલ
આખ્યા, 24 "ચિન્હા દારવાજા માજેને નીગના
પ્રયત્ન કોરાકહાકા આઈ તુમ્હેલ આખહું બોદેજ
પ્રવેશ કોરા માગી,પેન નાય કોય શેકે 25 જોવે
ગોઓ નો દરવાજો બોદ કોઈ દી,એન તુમા બારે
ઉબે રોઈન દારવાજો ખોકડાવિન આખહા, 'ઓ
પ્રભુ,આમે હાટી ખોલી દે,'એન તો ઉત્તર દેય,
'આય તુમ્હેલ નાય જાણતો આતો,તુમા કેસેને
હેતે?' 26 તોવે તુમા આખાં લાગહા, 'આમહેય
તુંમેં હુંબુર ખાદા-પીદા એન તુયે આમેં વાટેમાંય
ઉપદેશ કોયો' 27 પેન તો આખી,આય તુમ્હેલ
આખહું કા,આય તુમ્હેલ નાય જાવ તુમા કેસેને
હેયઓ અન્યાય કોઓનારહા,તુંમા બાદે માઆહીને
દુર ઓરા' 28 તા રોડના એન દાત કોકડાવના ઓરી
;જોવે તુમા અબ્રાહામા એન ઈસાક એન યાકુબા
એન બાદા ભવિષ્યવક્તાલ પરમેહે રાજ્યામાય
બોઠલો,એન પોતાનાલ બારે નિગલે દેખહા;
29 એન દિહી નિગતા એન દિહી બૂડતા ;ઉત્તર
એન દક્ષીણ માને લોક યીને પરમેહે બારે નીગલે
દેખલે; 30 એન દેખા, કાહી પાસલે હેય તે પોઈલા
ઓરી,એન કાહી પાઈલે હેય, તે પાસલા ઓરી"
31 ત્યેંજ વેડે કાહીં પોરુશાહાલ યીને ત્યાલ
આખ્યા,ઈહીને નીગીન જાતો રો,કહાકા હેરોદ
રાજા તુલ માય ટાકા માગહે" 32 ત્યાય ત્યાંહાલ
આખ્યા, "જાયને ત્યાં કોલાલ આખ કા દેખા,આય
આજે એને કાલે દુષ્ટઆત્માલ કાડીન બીમાર
માઆહાલ હારા કોઅના,એન તીસરે દિંહી મા
કાર્ય પુરા કોહી 33 તે બી તુલ આજે એન કાલે એન
પોરુન દિંહી જાયના જરૂરી હેતા,કહાકા ઈ ઓય
નાય શોકેકા કાદો ભવિષ્યવક્તા યરૂશલેમાં બારે
રોઈન મોય જાય 34 "ઓ યરૂશલેમ ! ઓ યરૂશલેમ
! તું જ્યાં ભવિષ્યવક્તા માય ટાકતો હો, એન જો
તોઓહી દોવાડલે ત્યાંહાવોય ડોગળા ફેકવામાય
યેહકોલહી દા માઆ ઈચ્છા હેય કા જેહેકોય કુંકડી
ત્યાં પોહાંલ ત્યાં પાંખડા નીચે દોબાડી એકઠે કોહે,
તેહેકોયજ આઈ બી પોહાલ યોકઠે કોહી, પેન
તુમે મોરજી નાય આતી 35 દેખા,તુંમેં ગાઆ તુંમેં
હાટી ઉજાંડ છોડવામાય યેહે, એન આય તુમ્હેલ
આખહું:જાવ લુગું તુમા નાય આખહા, 'ધન્ય હેય,
જે પ્રભુ નાવા કોય યેત હે,'તાવ હુંદુ તુંમા માન
પાસે કોદહીં જ નાય દેખહા"

14
1 પાસેં શાબાથા દિહિ ફરોશીઅ
આધિકાર્યા હી કોઇ એકા ગોમે બાખે
ખાંઅ ગીયો; એન ત્યેં ત્યાઅ ઘાત મે બોઠલા 2 તાં
એક માહું ત્યા હુબુંર આતો , જો પીસળ્યા રોગી
આતો 3 યા થી ઈસુય પંડિતહાંલ એન ફરોશી

લોકહાંલ આખ્યાં કા, " કાય વિશ્રામ વારા દિહી
સાજાં કોના હેય કા નાય ?" 4 બાકી ત્યા ગુપચુપ
રિયા એન ત્યાંલ ઓડકીન હારો કોયો એન જાંઅ
દેનો, 5 એન ત્યાંય આખ્યાં , " તુમ્હેં મારે કુંઅ
ઓહડાં હેય કા જ્યાં કુંરક્યો { ગોદડો } કા ડોબાં
કુવાં માય પોડિ જાંરી તોવે તુમ્હાં વિશ્રામ વારા
દિહી ત્યાલ તુમા તુરુત નાય કાડહાંકા ?" 6 ત્યે યેં
ગોઠહીં કાઈ જ જોવાબ નાય દી હોક્યા 7 જોવે
ત્યાંય એયાં કા હાદલા ગીલાં લોક કેહેંકે મુખ્ય-
મુખ્ય જાગા નિવડી લેતહા, તોવેં એક ઉદાહણ
દિન ત્યાંય આખ્યાં, 8 " જોવે તુલ કાદોઅ વોરાડા
માય હાદહે તોવેં મુખ્ય જાગા માય માંઅ બોહેં,
એહેંકે નાય એય કા ત્યાંય તોઅ થી બી મોઠા
માહાંલ આમંત્રણ દેના ઓરી, 9 એન જ્યાંય
તુલ એન ત્યાંલ બેનહ્યાલ આમંત્રણ ઓરી, યીન
તુલ આખરી, ' ત્યાલ જાગો દે,'એન તુલ તોવે
લાજવાયન બોદાહાં થી નીચી જાગા માય બોહરાં
પોડી 10 બાકી જોવે તુલ હાદવા માય યી તોવેં
બોદહાં થી નીચા જાગામાય બોહજે કા, જોવે તો ,
જ્યાંય તુલ આમંત્રણ દેનહાં યીંય,તો તુલ આખી, '
ઓ દોસ્તા , આગાળી જાયને બોહો,' તોવે તો આરે
બોહનારાહાં હુંબુર તુલ માન મીળી 11 કાહાકા
જીઈ કાદાઅ ત્યાં પોતાંલ તો મોઠો બોનાડી,ત્યાંલ
વાહનો કોઆમાય યીઅ; એન જો કાદોંઅ ત્યાં
પોતાલ વાહનો બોનાડી, ત્યાંલ મોઠો કોવામાય
યીઅ" 12 તોવે ત્યાંય ત્યાંલ હાદલા વ્યકિતલ બી
આખ્યાં, " જોવે તુઅ દિહ્યા કા રાત્રી ખાંનાં ખાહે,
તોવે તો દોસ્ત કા બાહહાંલ કા હોગવાડ્યાહાંલ
કા ધોનાડ્યા પોડોશ્યાહાંલ નાય હાદતો, એહેંકે
નાય એય કા ત્યેં બી તુલ હાદી, એન તોઅ બોદલો
એય જારી 13 બાકી તું મિજબાની દેહેં તોવે દરિદ્રી,
પાંગડ્યો, અપંગ , લેગ્ડ્યો એન આંદળલ હાદ
14 તોવે તું ધન્ય ઓહેં , કાહાકા ત્યાહાં પે તુલ
બોદલો દાંહાટી કાંઈ જ નાય હેય, બાકી તુલ
ધર્મિહ્યા જીવી ઉઠવાથી તુલ ત્યાંઅ બોદલો મીળી
15 ત્યાંઅ આરે ખાનાં ખાનારહાં મારે એકાય
યેં ગોઠ્યો વોનાયન આખ્યા, " ધન્ય હેય જીઅ
પોરમેહેરા રાજ્યા માય બાખે ખાઅરી" 16 ત્યાંય
ત્યાંલ આખ્યા, યોકદા માંહાંય મોઠી મેજવાની
દેનહિ એન ઘોણા બોદહાંલ હાદ્યા 17 જોવે ખાનાં
તિયારી જાયાં તોવે ત્યાંય ત્યાંઅ ચેલહા આરે
આમન્ત્રિત લોકહાંલ આખી દોવાડ્યાં, ' યાઅ,
આમી ખાંના તિયારી હેય' 18 બાકિ બોદે ન બોદે
માફી માગાં લગ્યેં પેલ્લાજ ત્યાંલ આખ્યાં,' માય
રાંન વેચાંતાં લેદહાં, એન જોરૂરી હેય કા આય
ત્યાલ એરાં જાઉં ; આય તુલ વિનંતી કોહું, માન
માફ કોઅ 19 એન એક બિજાય આખ્યાં, ' માય
પાંચ જોડી ડોબેં વેચાંતે લેદહેં,એન પારખાં જાહું ;
આય તુલ વિનંતી કોહું, માન માફ કોઅ 20 એકાંય
પાસી યીન આખ્યાં, ' માંય વોંરળ કોયહાં યાહાટી
આય યીઅ નાય શેકું 21 ત્યાઅ ચેલાંય યીન યોંઅ
બોદ્યા ગોઠ્યો ત્યાહાં માલિકાલ આખી હોબડાવ્યો
તોવે બોંગા માલિકાલ ગુસ્સો યેનો એન ત્યાંઅ
ચેલાંલ આખ્યાં, ' શેહેરા બાજાર એન ગોલ્યેહેમ
માહાંર જાયને દરિદ્રી , પાંગડ્યાં લેગડ્યાં,અપંગ
એન આંદળા લોકહાંલ લીઅ યેં 22 ચેલાંય પાસી
ફિરી આખ્યાં, ' માલિક, જેહેંકે તુયેં આખલાં ,
એહેંકેજ કોયાંહાં; એન પાસી બી જાગો હેય'
23 માલિકાય ચેલાલ આખ્યાં , સોડકાહાં એન
વાટહી પે જો એન ત્યાઅ લોકહાંલ વિનંતી કોઈન
લી યેઅ કા માઅ ગુઉ બોરાય જાય 24 કાહાકા આય
તુમ્હાલ આખહું કા જ્યે આમન્ત્રિત કોલેં આતે ત્યે
માઅ ખાંના મારે ચાખે બી નાય''' 25 જોવે મોઠો
ટોળો ત્યાં આરે જાય રિલો આતો, ત્યાંય પાહલા
ફિરિન ત્યાહાંલ આખ્યાં , 26 "બાકી કાદાંઅ માંઅ
પાહી યીઅ , એન ત્યાં આબહોં એન આયહો એન
થેઅઈ એન પોહેંઅ એન બાહા એન બોહ્યોં , એન
પોતા જીવાલ બી અપ્રિય નાય જાણે, તોવે તોઅ
માંઅ ચેલો નાય ઓય શેકે 27 એન જીઅ કાદાંઅ
પોતાઅ ક્રુસ નાય ઉસલી, એન માઅ પાહંલા નાય
ચાલી, તો બી માંઅ શિષ્ય નાય બોની શેકી 28 "
તુમ્હેં મારે કુઅ હેય જીએ બુરુજ બોનાડાં માંગહે
, એન પેલ્લા બોહીન ખોર્ચો નાય જોડે કા પુરાં
કોનાં સમર્થ્ય મા માય હેય કા? 29 એહેંકે નાય એય
કા પાયો ટાકિન પાસે ત્યાલ તિયારી નાય કોય શેકે,
એન એહેંકે આખીન મોજાક નાય ઉડાવા લાગે
30 'ઈઅ માહું બોનાડા તે લાગ્યા બાકી તિયારી
નાય કોઈ શેકોયો?' 31 કોંઅહો ઓહડો રાજા
ઓરી કા જો બિહરા રાજા આરે યુધ્દ્ કોરાં જાય,
એન પેલ્લા બોહીન નાય વિચાર કોઈ લેકા જોઅ
વીસ ઓજાર લીન માઅ આરે લોડાય કોરાં યેહે,
કા આંય દોસ ઓજાર લીન ત્યાં સામનો કોય
શેકહીં કા, નાય? 32 નાય તે દુર રોહે તાવજ
ત્યાંઅ દુતહાંલ મોકલીન ત્યાહાં આરે મિલાપ
કોરાડાં માગી, 33 તીજ રિતેં થી તુમ્હેં માને કાદાંઅ
પોતાના બોદાંઅ છોડી નાય દેય, તો માંઅ શિષ્ય
નાય ઉસબી શેકી 34 " મિઠાં તે હારાં હેય, બાકી
મીઠાં સ્વાદ બોગડિ જાય તે કોહી ચીજે કોય ખારાં
કોવા માય યીઅ 35 તીંઅ નાય તે દોત્યેં હાટી નાય
તે ખોતા વાખરી કામાં માય યેહેં: ત્યાલ તે લોક
બારે ફેકી દેહેત જ્યાંઅ વોનાનાં કાન હેય તીંઅ
હાંબડી લેંય

15 1 બોદા કોર લેનારાં એન પાપી ત્યાઅ
પાહી યાં આતાં કાહાકા ત્યાઅ હાંબડે
2 બાકી ફરોશી એન શાસ્ત્રી ટુટરયા કોઈન આખ્યાં,
“ ઓ તે પાપહ્યાંલ એ ત્યાંહ્યાં આરે ખાહેં” 3 તોવે
ત્યાંય ત્યાહાંલ ઓ દાખલો આખ્યો: 4 “ તુમ્હેં મારે
કુંઅ હેય જ્યાપ હોવ ઘેંટે હેતેં, એન એક ટાકાઈ
ગિયહાં, તોવે નવાણું ઘેંટહાંલ જોંગલામ છોડીન,
જીઅ ઘેંટાં ટાકાઈ ગીયહાં ત્યાંલ જાઉં હુદું નાય
સાપડી નાય તાવ હુદું ત્યાલ હોદતો રોહે 5 એન
જોવે સાપડી જાહેં તોવે તોઅ ખુબ ખુશીથી ત્યાંલ
ત્યાંઅ ખાદહ વોય ઉસલી લીઅ યેહેં 6 એન ગોંઅ
યીંન ત્યાંઅ દોસ્તાહાં એન બાજુવાહલ એકઠેં કોઈન
આખહેં, ‘ મા આરે ખુશી મોનાડા , કાહકા માઅ
ટાકાઈ ગીંલાં ઘેંટાં મીળી ગેયહાં’ 7 આય તુમ્હાંલ
આખહું કા ત્યેંજ રિતેં થી એક મોન બોદલુનારા
પાપી હાટી બી હોરગામાંય ઓલોજ આનંદ ઓરી,
જોંલાં કા નવ્વાણું ઓહડા ધર્મ્યાહાં વિષય બી
નાય એય, જ્યાહાંલ મોન બોદુલુના જરૂરત નાય
હેય, 8 “ કોંહી ઓહડી થેંઅ હેય જ્યેં પાંઇ દસ
સિક્કા હેય, એન ત્યાહાં મારે એક ટાકાઈ જાય,
તોવે તીંઅ દીવો બાડીન એન ગાંલ બાર-ઝુડ
કોઈઅ,જાવ હુદું સાપડી નાય જાય તાંવ હુદું તીંઅ
હોદતીજ રોહે? 9 એન જોવે સાપળી જાહે તોવે,
તીઅ ત્યેં બેનપોણીહિંલ એન પોડોશી બાઈહીલ
એકઠ્યો કોઈન આખહેં, ‘ મા આરે આનંદ કોરા,
કાહાકા ટાકાઈ ગીલો સિક્કો જોડી ગીયો 10 આય
તોમ્હાંલ આખહુ કા ઈજ રિતે એક મોન ફિરવુનારાં
પાપી વિશે પોરમેહેરા હોર્ગા દુતહાં હુબુર આનંદ
ઓહેં” 11 પાસી ત્યાય આખ્યાં, “ યોક્દા માહાં
બેન પોહા આતા 12 ત્યાહાં મારે વાહનાય ત્યા
આબહાલ આખ્યાં, ‘ ઓ આબા, આપે મિલકતી
માને જોઅ મા બાગ હેય તો માન દેય દેં ત્યાંય
પોતા મિલકત વાટી દેની 13 થોડા દિહ્યાં પાસે
વાહનો પોહો બોદાં એકઠાં કોઈન દુર દેશા માય રિયો
ખોરાબ કામે કોઈન ત્યાંઅ બોદી મિલકત ઉડાવી
દેની 14 જોવે બોદાં ખોર્ચી ટાક્યાં, તોવે ત્યાઅ
દેશામ મોઠો દુકાળ પોડ્યો એન ત્યારે બાંરી તંગી
પોડા લાગી 15 ત્યાહાટી તો ત્યાંઅ દેશા રેહેવાશ્યા
મારે એકા ગોઅ જાઈ લાગ્યો ત્યાંય ત્યાંલ પોતા
રાનહાંમાંય ડુકરેં ચારાં દોવાડ્યો 16 એન જ્યોઅ
હિંગ્યો ડુકરેં ખાતેં આતેં ત્યેં હિંગહેં કોઈન બુકો
બોરા મોન ચાલ્યાં; એન ત્યાંલ કાદાં કાઈ નાય દેતા
આતાં 17 તોવે તો સુધ્દ્ી માય યેનો તોવે આખાં
લાગ્યો “મા આબહા ગોમેં કોલા બોદા મોજર્યાહાલ
ખાનાં થી વોદારે બાખ્યો મિળત્યોં ઓરી એન
આંય ઈહિં બુખો મોહું 18 એન આંય ઉઠીન મા
આબહાં હીં જાહીં એન આખહી કા આબા માય
હોર્ગા વિરુધ એન તો આગાળી પાપ કોયોહો
19 આય તોઅ પોહો આખાં લાયક નાય રિયહો ,
માન એક મોજર્યા સારખો રાખી લે” 20 તોવે તો
ઉઠીન આબહાં હીં ગીયો એન તો આજુ દુરુજ
આતો તાવ ત્યાં આબહાલ દોયા યેની એન દાહુંદી
ગોયોં એન ગળે મિળ્યો એન ચૂમ્યો 21 પોહાંય
આબહાંલ આખ્યાંઆખ્યાં, ‘ આબા, માય હોર્ગા
વિરુધ એન તોઅ આગાડી પાપ કોયહો; એન આય
તો પોહો આખયાં લાયક નાય હેય 22 બાકી ત્યાઅ
આબહાંય પોતાના ચાકારાલ આખ્યા કા, માહાર-
માહાર હારાંમાંય હારાં ડોગ્લાં પોવાડા, એન આથા
માય વીંટી પોવાડા, 23 એન પાડલાં વાછડાં લી
યા એન મારા એન પાસે આપાં આનંદ મોનાવહું
24 કાહાકા મા પોહો મોય ગીલો, એન પાસો જીવી
ઉઠહ્યો : ખોવાય ગીલો, એન આમી મિળી ગિયહો
એન ત્યેં આનંદ ખુશી મોનાવા લાગ્યા 25 “ બાકી
ત્યાઅ મોઠો પોહો રાનામાય આતો જોવે તોઅ
ગોઆ પાહી યેનો, તોવે ત્યાલ ગીતેં આખનાં એન
વાજે વાજાડનાં એન નાચનાં ઓવાજ હોબળાયા
યેનો 26 છેલ્લે: ત્યાંય એક દાસાલ હાદીન પુછ્યાં “
ઈઅ કાય એય રિયહાં?’ 27 ત્યાંય ત્યાંલ આખ્યાં,
‘ તો બાહાં યેનહો , એન તો આબહાય પાડલાં
વાછડાં મારાંવ્યાહાં, ત્યાંહાટી કા ત્યાંલ હારો દેખીન
28 ઈઅ હાંબડીન ગુસ્સે માય બોરાય ગીયો,એન
માજે જાંઅ મોન નાય ચાલ્યાં બાકી ત્યા આબહો
બારે નિકીન માનાડાં લાગ્યો 29 ત્યાય આબહાંલ
જોવાબ દેનો, ‘ દેખ, આંય ઓલાં વોરહાંથી તોઅ
આય સેવા કોહું એન કોદહીં બી તો આજ્ઞા નાય
ટાડહીં, તેબી બી તુંય માન એક બી બોકડાં બોચ્ચાં
બી નાય દેના એન આય માંઅ દોસ્તાહાં આરે
મોજ્યાં કોતો 30 બાકિ જોવે તોઅ પોહો જ્યાંય
તોઅ મિલકત વૈશ્યામાંય ઉડાવી ટાકહીં, તોઅ
યેનો તે ત્યાંઅ હાટી તુયે પાડલાં વાછડાં મારાડ્યા
31 ત્યાંય ત્યાંલ આખ્યાં, ‘ પોહા તુંઅ હોમેંશા માઅ
આરે હેય; એન જીઅ કાય માઅ હેય ઈઅ બોદાં
તોઅ હેતાં 32 બાકી આમી આનંદ કોના એન મગન
ઓરા જોજે કાહાકા ઓ તો બાહા મોય ગીલો તો,
જીવી ઉઠહ્યો; ટકાય ગીલો, આમી મીળી ગિયહોં

16 1 પાસે ત્યાય ચેલહાલ આખ્યા, “યોક
માતલા માહું આતા,એન લોકહાલ ત્યાં
હુંબુંર ત્યાવોય દોષ લાવ્યો કા તો આખા પોયહા
વાપરી ટાકહે 2 તોવે ત્યાય ત્યાલ હાદીન આખ્યા,
‘ઈ આય કાય વોનાયહું તો બારામાય ? પોતાના
કારબારી નાય રોય શોકે 3 તોવે કારબારી વિચારા
લાગ્યો, ‘આમિ આય કાય કોઉ ?કહાકા માઆ

માલીક આમી કારબાર કામાવોને લી રોયહોકાંદુ
તે માઆકોય ખોદી નાય રોવાય;એન માંગીખા
હાટી માન શોરામ યેહે 4 આય હોમજી ગોયો
કા કાય કોઉ,જોવે આય કારબાર કામાવોને છુટો
ઓય જાવ તોવે લોક માન ત્યાંહા ગોઓ માય
લીલે’ 5 તોવે ત્યાય પોતાના માલીક દેણદારહાલ
યોક – યોક કોઈન હાદયા એન પોયલેનેજ પુંસ્યા,
‘તોઓવોય માઆ માલીક કોઓંલા કોર્જા હૈય ?’
6 ત્યાય આખ્યા, ‘હોઓવ મણ તેલ,’તોવે ત્યાય
ત્યાલ આખ્યા, ‘પોતાના હીસાબા ચોપડા લે
એન બોઓહીન તાબાળ પચાસ લિખીદે’ 7 પાસે
ત્યાય બીજાલ હોદયા, ‘તોઓવોય કોલા કોર્જા
હૈય ?’ત્યાય આખ્યા, ‘હોવ મણ ગોઓવ,’તોવે
ત્યાય ત્યાલ આખ્યા, ‘પોતાના હીસાબા ચોપડો
લીન એંશી લેખી દે’ 8 “માલિકાય ત્યાં અન્યાયી
કારબારાલ આખ્યા કા ત્યાય ખુબ આન્યાય કોઈ
કામ કોયહાકહાકા યા જગા લોક ત્યાંહા સમયા
લોકહા કોઓતા ખુબ ચતુર હેય 9 એન આય
તુમહાલ આખહું કા અન્યાયા ધના કોય તુંમે
દોસદાર બોનાવી લા,જોવે તો જાતો રોય તોવે
તુમહાલ કાયામી જાગામાય લીઈલે 10 જી વોસા
માય વોસા હેય તીં ખોરા હૈય,તીં વોદી માય બી
હારા હૈય :એન જી વાઆયોક માય વાઆયોક
અધર્મી હૈય 11 યાહાટી જોવે તુમા અધર્મા ધના
કોય ખોરે નાય ઠોરા,તોવે ખોરા ધન તુમ્હાલ કુંઉ
હોપી? 12 એન જોવે તુમા બીંજહા ધોન માય
ખોરે નાય ઠોરહા તો જો તુમ્હે હૈય, ત્યાંલ તુમહાલ
કુંઉ દી ? 13 કાઆદો સેવક બેન માલિકા સેવા
નાય કોય શેકે:કહાકા તો યોકા વોય પ્રેમ એન
બીજા વોય વિરુદ્ધ;નાયતે યોકા આરી મીળીન રોય
એન બીજા આરી વિરુદ્ધ કોયતુમા પરમેહે એન
ધોના બેએનિહા ચાકરી નાય કોઈ શેકા” 14 ફરોશી
જ્યા લોભી આતા,યો ગોઠયો વોનાયને મજાક
ઉડાવા લાગ્યે 15 ત્યાય ત્યાહાલ આખ્યા, “તુંમાતે
માઆહા હુંબુર પોતાનાલ ધર્મી ઠોરાવતેહે,પેન
પરમેહે તુમ્હે મોનાલ જાઆહે,કહાકા જી વસ્તુ
માઆહા નજરી કોય મહાન હેય,તીં પરમેહેરા
પાહી ખારાબ હેય 16 “નિયમશાસ્ત્ર એન પ્રભોધક
યોહાન હુંદુ રોયે;ત્યાં સમયાવોય પરમેહે રાજ્યા
શુભ સંદેશ વોનાળ વામાય રોયહો 17 આકાશ
એન જગા ટોલી જાયના નિયમશાસ્ત્ર યોક બી
માઆત્રા નીગી જાયના બરાબર હૈય 18 “જોર
કાઆદા પોતાની થેહેયીલ છોડીન બીજી આરી
વોરાડ કોહેં,તો વ્યભિચાર કોઓહેં,એન જો કાઆદો
ઓહડી ત્યાગી આરી વોરાડ કોઓહેં,તે તોઓ
બી વ્યભિચાર કોહેં 19 યોક દોનવાન માઆહું
આતો,તો જાંઆબળે રોંગા ડોગલે એન મલમલ
ડોગલે પોવતો આતો એન રોજ એશામાય એન
મોઓજા કોઈન રાઆ આતો 20 લાજરસ નાવા
યોક માગનારો વ્યક્તિ તીયા શરીરાવોય ફૂળકે
ત્યાલ દારવાજા વોય સોડી દેવામાય યેતો આતો
21 એન તો દોનવાના મેજ વોને એઠલા ખાયના
ખીઈન પોતાની દેડ બોઈ ;ઈ લુંગું કા કુતરે બી
યીન ત્યા શરીરાલ ચાટતે આતે 22 એહેકોય ઓયા
કા તો ગરીબ મોય ગોયો,એન હોરગાં દૂતહાય
ત્યાલ ઊઠાવીન ઈબ્રાહીમા માડીવોય પોચાડી
દેનોતો ધનવાન બી મોયો એન ત્યાલ ગાળી બી
દેનો 23 એન અધહલોક માય પીડા માય પોડલો
ત્યાં ડોળા ખોલીન દેખ્યા,એન દૂરને ઈબ્રાહીમા
માડીવોય લાજરસાલ દેખ્યો 24 તોવે ત્યાહાય
બોંબ્લીન આખ્યા, ‘ઓ આખહા ઈબ્રાહીમ,માઆ
વોય દોયા કોઈન લાજરસાલ દોવાડી દે,યા હાટી
કા તો પોતાની આગઠી પાઆયાં માય બુળવીન
માઆ જીબીલ હેળી કોય,કહાકા આય યા તોપામાય
તોડપી રોયહો 25 પેન આબરાહામાય આખ્યા, ‘ઓ
પોહાં,યાદ કોઓકા તું જગામાય રોઈન પોતાના
જીવના હાટી વસ્તું લી ચુકહો,તેહેકોયજ લાજરસ
ખારાબ વસ્તું:પેન તો આમી ઈહી શાંતિ પામી
રોયહો,એન તું તોતળી રોયહો 26 ઈ બાદી ગોઠહીલ
આમેં એન તુમ્હે વિસમાય યોક મોઠો ખાડો
ઠોરાવહો કા તો યી કાનીને ત્યે કાની જા માગે,
તી નાય જાય શેકે’ 27 ત્યાય આખ્યા, ‘તો હૈય
આબહો,આય તુલ વિંનતી કોહું કા તું ત્યાલ માઆ
આબહા ગોઓ દોવાડ, 28 કહાકા માઆ પાંચ
બાઆહા હૈય ;તો ત્યાહા હુંબુર યી ગોઠહી સાક્ષી
દેય,એહેકોઈ નાય ઓઈકા તો બી ઈ પીડા જાગા
માય યેય’ 29 ઈબ્રાહીમાય ત્યાલ આખ્યા, ‘ત્યાં વોય
મૂસા એન ભવિષ્યવક્તાહા ચોપડી હેય,તો ત્યાહા
વોનાય’ 30 ત્યાય આખ્યા, “નાય ,ઓ આબહા
ઈબ્રાહીમ:અગર જર કાદો મોલા માને ત્યાહા
પાહી જાય,તોવે ત્યાં મન ફિરવી’ 31 ત્યાય ત્યાલ
આખ્યા, ‘જોવે તો મૂસા એન ભવિષ્યવક્તા નાય
વોનાય,તોવે જર મોલહામાને કાદો જીવી બી ઉઠી
તેરું ત્યામાય માની’”

17 1 ઈસુવેં ત્યા ચેલાહાન આખ્યાં “બીજાહાન
બુરવે અહોડેં માંઅહેં રોનારેંજ તેરૂ જીં
માંઅહું બુરવે તો હારાપી 2 જો યા વાહાના માંઅને
તો યોકતાલ બુરવે ત્યા કોઅતાં એલા ગોગ્યેમાંય
ગોંઅટયે પુડ બાંદિન ત્યાલ દોરીયામાંય બુડવી દેય
તીંઈ હારાં 3 દીયાન રાખ; જોવે તોઓ બાહા બુલ
કોઅહે, તોવે ત્યાલ હોમજાડ, એન તો હોમજી જાય
તોવે ત્યાલ માફ કોઅઈ દે 4 એન જોવે દીનાંય

હાંત દાઆ તોઓ હુંઉમે બુલ કોઅહે, એન હાત
દાઆ યેઈન આખે, “માંઆ બુલ જાયહી, બાયા/
બાહા,” તોવે ત્યાલ માફ કોઓ 5 પ્રતીનીધીયાહાંય
પ્રભૂવાલ આખ્યાં, “આમેહે બોરહો ડીગ્ગો કોઅઈ
દેજે” 6 તોવે પ્રભુવેં આખ્યાં, “જોવે રાયે દાણા
ઓલહો બોરહો તુમાહાન રોતો, તોવે યા ઊબા
સેતુરા જાડાલ તુમા આખતા કા, ઊઠ, ઉપડાઈન
દોરીયામાંય રોપાઈ જો, એન તીં તુમાહાન માનીજ
જાતાં 7 તુમે યોકતો ચાકાર ઓરી એન તો ખેડાં
કા મેડેં ચારાં ગીયો ઓરી તોવે તો પાછો યેહે,
તોવે તુમા ત્યાલ આખતાહા કા, “યે, નીંગાલુજ
ખાઈ લે?” 8 તુમા એહેં આખતાહા કા નાંય, “ચાલ,
રાંદતો મુંડ એન આંય ખાઈ ઉઠું તાંઉ તું ઊબો
રોઈન માન ખાવાડ, એન તું પાછેંજ ખાજે” એહેંજ
આખતાહા નાંય કા? 9 એન ચાકાર ઊકુમ માને
તોવે ત્યા આભાર માનતેહેં કા? 10 તેહેંજ કોઅઈન
તુમા હોગા જોવે તુમાહાન જીં આખલાં આતાં
તીં બોદાં તુમાહાંય પૂરાં કોઅયાં, તોવે એહેંજ
આખજા “આમા નોકામ્યા ચાકાર હેજેઆમાહાંય
તે જીં કામ કોઅનાં આતાં તીંજ કોઅયાં, ઓલાંજ”
11 યેરુશાલેમા એછે જાતાં ઈસુ શમરુન એન
ગાલીલ દેશાહા વોચમાયને રોઈન નીંગ્યો 12 તો
યા ગાવામાંય યેનો, તોવે અહોડાં બોન્યાં કા, દોહો
કોડળેં માંઅહેં ત્યાલ હામે મીળ્યેં ત્યાહાંય દુઉ
ઊબેં રોઈન 13 બોમલીન આખ્યાં, “ઓ ઈસુ, ઓ
ગુરૂજી, આમાહા ઊપે દયા કોઓ” 14 ત્યાહાન
એઅઈન ઈસુવેં ત્યાહાન આખ્યાં, “જાયા, તુમેહે
આંગ યાજકાહાલ દેખાડા” ત્યા જાતાહા તોવે
વાટે ચાલતાંજ ત્યા હારા ઓઅઈ ગીયા 15 આંય
હારો ઓઅઈ ગીયહો,એહેં એઅઈન ત્યાહામાંઅનો
યોક જાંઆ મોઠેરે પોરમેહરા ગીતેં આખતો પાછો
ફિરી યેનો 16 એન ઈસુવાલ પાગે પોડીન, ત્યા
આભાર માન્યો તો યોક શમરૂની આતો 17 તોવે
ઈસુવેં આખ્યાં કા “દોહે દોહો જાંઆ હારા જારા
કા નાંય? એન નોવ જાંઆ કેછ હેતા? 18 પાછો
યેઈન પોરમેહરા આભાર માને અહોડો ઓ યોક
પારદેશીયા સિવાય કાદા નાંય મીળે કા?” 19 પાછેં
ત્યેં ત્યા માંઅહાંન આખ્યાં “ઊઠ એન તોઓ
વાટે પોડ તોઓ બોરહેં તુલ હારો કોઅયોહો”
20 પોરમેહરા રાજ કોદીહી યીઈ, ત્યા સવાલ
પોરુષીયા પુછેતઈસુવેં જાવાબ દેનો કા “આગાડીને
આખાય,તેહેં કોઈન પોરમેહરા રાજ નાંય યેય
21 “ઈહીં એઅે,ઈહીં યેનો” “તો તો યેનો” એહેં
આખાય નાંય કાહાકા પોરમેહરા રાજ યોકાહાટોજ
તુમેહે વોચ્ચમાંય યેનાંહાં” 22 ચેલાહાન ત્યેં આખ્યાં,
“અહોડા દિહી યીઈ જોવે તુમા માંઅહા પાહા
યોકુજ દિહી એરાં માગહા, પેન તુમાહાન એરાં
નાંય મિળી 23 એન માંઅહેં તુમાહાન આખરી કા
“એઅે, તો તો હેય,તીંઈ તાંઆ હેય” તોવે તુમા મા
જાતા,એન ત્યાહા પાહાલા મા દાંહું દેતા 24 કાહાકા
જેહેં કોઈન જોવે વીજળોહે તોવે જુગા યોક છેડાને
બીજા છેડા લોગું વીજ જીંગાહાય, તેહેં કોઅઈન
માંઅહા પાહા દિહી બી યી 25 પેન પોયલાત્યાલ
ડીગ્ગાં વેઠાં પોડી, એન ઈ પેડી ત્યાલ દોઆડી દાંઆ
જોજે 26 નુહા દીહામાંય જેહેં બોન્યાં, તેહેં માંઅહા
પાહા દીહામાંય બોની 27 નુહો ઉડયેમાંય ચોડીન
બોહી ગીયો તાંઆઉ લોગું ત્યા ખાઉં ખાતા આતા,
પીઉં આતા,વોરાડેં કોઉં આતા, એન કોળડૂબ/રેલ
યેની એન બોદાહાન લેઈ ગીયો 28 એન જેહેં લોતા
દીહામાંય ત્યા ખાઉં પીઉં આતા, વેચું આતા,
વેચાતા લાઉં આતા, જાડેં લાઉં આતા, ગોએં બાંદું
આતા 29 પેન જો દિહી લોત સોદોમા માંઅરે
નીંગી ગીયો તો દિહી જુગા એછરે આગ એન
ગોંદરાક પોડયો, એન બોદાં સાફ કોઅઈ દેનાં,
30 તેહેંજ માંઅહાં પોહો યીઈ, તો દિહી એહેંજ
બોની 31 તોદીહી યોકતો ગોઆ ઊપે ચોડી ગીયો
ઓરી, એન બીડારાં બોદાં ગોઅમાંય રોઈ ગીયાં,
તોવે તીં લાંઆ હાટી ગોઅમેં ઉતે નાંય તેહેંજ રાન
ગીયો ઓરી, તોવે તો ગોઓ પાછો નાંય વોળી
યેય 32 લોતા થેએ ફોમ કોઆ! 33 જીં કાદાં માંઅહું
પોતા જીવ બોચાવાં માગે, ત્યા પાંઅને ત્યા જીવ
ટાકાય જાય જીં ટાકી દીઈ તો ત્યાલ બોચાવી લીઈ
34 આંય તુમાહાન આખતાહું કા તી રાતી બેન
જાંઆ આપાહામાંય હુવતલા ઓરી યોક લેવાયી
એન યોક રોય જાય 35 બેન થેઅયો યોકુજ ગોંટીયે
દોળત્યો ઓરી, યોક લેવાઈ જાઈ, એન યોક રોઈ
જાય 36 બેન જાએં રાન ઓરી ત્યાહામાંઅરે યોક
લેવાઈ જાઈ એન યોક તાંઆ રોઈ જાઈ 37 ત્યાહાંય
ત્યાલ પૂછ્યાં, “ઓ પ્રભુ ઈ કેછે ઓરી?” ત્યેં
ત્યાહાન જાવાબ દેનો, “જાંઆ કુડી/ડીલ હેય તાંઆ
ગુવાડાં ટોળો વોળી!”

18 1 પોરમેહરા માગણી કાયમ કોરાં જોજે,
એન કોદરાઈ નાંય જાંઆ જોજે, ઈ ગોઠ
ત્યાહાન હિકાડાં હાટી ઈસુવેં અહોડો દાખલો
આખ્યો 2 “યોક શેઅરામાંય યો ન્યાય કોઅનારો
અમલદાર રોય તો પોરમેહરા દાક નાંય રાખે,
એન કાદા માંઅહાં શરામ બી નાંય રાખે 3 ત્યા
શેઅરામાંય યોક વિદ્વા થેએ રોયતી ત્યા પાંય
યેઈન આખે, માંઆ હુમેવાળાહા હુમે માંઆ ન્યાય
કોઅહે 4 કોલાહાક દિહી જાયા, તો હાંબળે નાંય
પાછેં વિચાર કોઅહે આંય પોરમેહરા દાક બી નાંય
રાખું એન કાદા માંઅહાં શરામ બી નાંય રાખું

5 તેરૂ યે વિદ્વા થેઅયે ન્યાય કોરાં પોડી, કાહાકા
તી માન રાંઆ નાંય દેહે પેન કાયામ ને કાયામ
માંયે પાંય યેઈન માન કોદરાવહે 6 પાછેં પ્રભુવેં
22 ત્યા પાછેં ઈસુ ત્યા ચેલાહા આરે યુદેયા દેશામાંય
ગીયો એન તાંઆ ત્યાહા આરે રોઈન આંગળાવેહે
23 આમી યોહાન હોગો સાલીમા પાંય એનોનમાંય
આંગળાવેહે કાહાકા તાંઆ ડિગાં પાંઆઈ આતાં
એન માંઅહેં ત્યા પાંય યેઈન ત્યા આથે આંગળાવેત
24 યોહાન આજુ જેલમાંય પુરાયો 25 તોવે એહેં
બોન્યાં કા યોહાન ચેલા એન યોક યહુદીયા વોચ્ચે
ચોખ્ખાં ઓઅનાં વિશે જાયી 26 તોવે યોહાના પાંય
જાયન ત્યાહાંય આખ્યાં, "ગુરૂજી, યોરદાન નોઈયે
ત્યે તેડી જો તોઓ પાંય યેનેલ એન તુંયે ત્યા
વિશે ત્યા સાક્ષી દેનેલ, તોજ આમી આંગળાવેહે
તીં નાંય,એન આખી દુનિયા ત્યાપાંય દાંહા દેહે"
27 યોહાને જાવાબ દેનો "હોરગામાંઅને ત્યાલ
દેનલા નાંય ઓરી, તીં કાદા માંઅહું પોતે નાંય લેઈ
શકે 28 તુમાજ સાક્ષીયા હેતા કા માંયે આખ્યેલ,
"આંય ખ્રિસ્ત નાંય હેતાઉં, પેન ત્યા આગલા
દોવાડલો માટડોજ હેતાઉં" 29 જ્યા વોવડી હેય
તોજ વોવડો એન વોવડા ઓઅલો જો ત્યા પાંય
રોઈન ત્યાલ બોલતી વોનાય, તી ત્યા આવાજ
વોનાઈન આનંદ કોઅહે, એન ઓ માંઆ આનંદ
આમી પૂરો ઓઅઈ ગીયો 30 એલો આમી ઊચે
ચોડાં જોજે, એન આંય નોમી જાઉં 31 જો ઉચરે
યેહે તો બાદાહા ઊપે હેય જો દોરત્યેમાંઅરે
યેહે તો દોરત્યેમાંઅને હેય એન દોરત્યેગોઠઆખે
જો હોરગામાંઅને યેહે 32 તો ત્યા દેખલા એન
વોનાલા સાક્ષી દેહે એન તેરૂ ત્યા સાક્ષી કાદો
નાંય માને 33 જીં માંઅહું ત્યા સાક્ષી માનેહે તો

કોબુલ કોઅહે કા, પોરમેહર સોટી હેય 34 કાહાકા,
જ્યાલ પોરમેહરે દોવાડ્યો તો પોરમેહરા ગોઠ
આખેહ, કાહાકા પોરમેહર સુમાર વોગાર જીવ
દેહે 35 આબોહો પાહાલ મોયા કોઅહે એન ત્યા
આથામાંય ત્યેં બાદા દેઈ દેનાંહાં 36 જીં માંઅહું
પાહાલ નાંય માનેહે, તો જીવન નાંય એઅરી, પેન
પોરમેહરા શિક્ષા ત્યા ઊપે રોહોય
4 1 આમી કોવે ફરોસિલ માલુમ પોડયા કા
યોહાના કોઅતા ઈસુ વધારી ચેલે બોનાડેહે
એન બાપ્તિસમા દેહે 2 ઈસુપોતેનાય પેન ત્યા ચેલા
બાપ્તિસમા દેતા આતા પ્રભુવેં ઈ લખાયા 3 તોવે
તો યુહુદીયા છોડીન, ગાલીલા એછે ચાલ પોડીયો
4 ત્યાલ સમરુન દેશામાંય રોઈન જાયના આતાં
5 સમરૂન દેશા યોક સાઈકાર નાંવ્યા ગાંવ યેનાં
ઈ ગાંવ યાકુબે ત્યા પાહા યોસેફાલ દેનલી બૂઈયે
પાંય આતો 6 તાંઆ યાકુબા વેઈયો આત્યો ચાલતાં
ચાલતાં ઈસુ થાકી ગીઈયેલ ત્યા હાટી તો વેઈયા
પાંય જાઈન બોઠો, યોખલોજ લગબોગ બોપાર
જાયો 7 તોવે યોક સમરૂની થેએ પાંઆઈ બોરાં
યેની ઈસુ ત્યેલ આખેહે "માન પાંઆઈ પાજ વા"
8 કાહાકા ત્યા ચેલા ગાંવામાંય ખાઅના વેચાતાં
લાંઆ ગીઈલા 9 તોવે સમરૂની થેએ ત્યાલ આખેહે,
"તું યહુદીઓ સોતાં માંયે સમરૂની થેએયે પાંઅને
કેહે કોઈન પાંઆઈ પીયાં માગતોહો?" કાહાકા
યહુદીયા સમરૂનીયાહા આરે વ્યવહાર નાંય રાખેત
10 ઈસુવે ત્યેલ જાવાબ દેનો, "તુલ પોરમેહરા બેટે
ખોબાર રોઅતી, એન માન પાંઆઈ પાજ એહેં
તુલ કૂઉં આખેહે, ત્યા ખોબાર રોઅતી, તોવે ત્યા
પાઅને તું માગતી એન તો તુલ જીવતાં પાંઆઈ
દેતો" 11 તી ત્યાલ આખેહે "સાઈબ, તોઓ પાંય
પાંઆઈ કાડના સાદાન નાંય મીળે, એન વેઅયો
ઊંડી હેય, તુયે પાંય જીવતાં પાંઆઈ કેછેને? 12 તું
આમેહે વોડીલ યાકુબા કોઅતો મોઠો નાંય ને!
ત્યેજ આમાહાન ઓ વેએયી દેનો, યાજમાંઅને
ત્યેં એન ત્યા પાહાંહાંય એન ડોબાહાંય પીદાં"
13 ઈસુવેં જાવાબ દેઈન આખ્યાં, "જીં માંઅહું યા
પાંઅયામાંઅને પીએ, તો યોકા યોક પાછો પીહો
ઓરી 14 પેન આંય જીં પાંઆય દિહીં તાંમાઅને
જીં માંઅહું પીયી, તો કાદે દીહે પીહો નાંય ઓરી
પેન જીં પાંઆઈ આંય દિહી તીં યોક જોઓ,
જોલામજુગીયા જીવનામાંય ફૂટતો ઉકાળો બોની"
15 થેએ ત્યાલ આખેહે "પ્રભુ તીંજ પાંઆઈ માન
દે એન આંય પીહી નાંય ઓઈ જાઉં એન ઈહીં
પાંઆઈ બોરાં હાટી માન નાંય યાંઆ પોડી" 16 તો
ત્યેલ આખે "જો, તોઓ માટડાલ હાદી લેઈ યે"
17 થેએયે જવાબ દેઈન આખ્યાં, "માંઆ માટડો
નાંય મીળે" ઈસુ ત્યેલ આખેહે, "માટડો નાંય
મીળે ઈ તુંયે ખોરાં આખ્યાં 18 કાહાકા તુંયે પાંચ
માટડાહાન રાખ્યા, એન આમી હેય,તો તોઓ
માટડો નાંય, ઈ તુયેં ખોરાંજ નાંય ,ઈ તુયે ખોરાંજ
આખ્યાહાં" 19 થેએ ત્યાલ આખે "સાઈબ, આંય
જાંઆઈ ગીઈ તું બોગાત હેતો 20 આમેહે વોડીલે
યાડોગાવો પુંજ પાડુ આતેં એન તુમા આખતાહા
કા, યેરૂસાલેમમાંય પુંજ પાડાં જોજે" 21 ઈસુ ત્યેલ
આખે "બાઈ તું માન માની લે આમી ગેડી યેહે,
ત્યે ગેડીયે આબાલ યા ડોગાવો પુંજ નાંય પાડી
એન યેરુસાલેમમાંય નાંય 22 તુમા જ્યાલ નાંય
વોળાખતાહા ત્યાલ પુંજ પાડતાહા ત્યાલ પાડુજેહે
કાહાકા છુટકો યહુદીયાહામાંઅને યેહે 23 બાકી ગેડી
યેહે, કાય યેઈ ગીઈ ત્યે ગેડીયે ખોરાં પુંજનારા
આબાલ જીવા કોઅઈન એન સોત્યા કોઅઈન પુંજ
પાડી એન આબો અહોડા જ પુંજનારા માગેહે
24 પોરમેહર જીવ હેય, એન ત્યા પુંજનારા ત્યાલ
જીવા કોઅઈન એન સોત્યા, કોઅઈન પુંજા જોજે
25 થેએ ત્યાલ આખેહે, "આંય જાંઆતીયાહું કા
મશીયા (મતલબ ખ્રિસ્ત) યેનારો હેય એલો યેહે
નોવે આપાહાન બાદી ગોઠીયે ખાબાર દી" 26 ઈસુ
ત્યેલ આખેહે, "એલો આંયજ હેતાઉં તોઓ આરે
બોલનારે" 27 ઓલામાંય ત્યા ચેલા યેઈ ગીયા,
એન તો થેએયે આરે બોલે ત્યા ત્યાહાન નોવાઈ
લાગી પેન કાદેં નાંય આખ્યાં, કા કાય જોજે
કા કાયલાં તું ત્યે આરે બોલતોહો? 28 તોવે ત્યે
થેએયેં તીં વેંડલાં તાંજ રાંઆ દેનાં ગાવામાંય ગીઈ
ત્યે લોકાહાન આખ્યાં, 29 "ઈહીં યેજ રે, યોક
માટડો હેય, માંયે જીં કાંય કોઅયાહાં, તીં બાદાં ત્યેં
માન આખી દેનાહાં કોદાચ એલો ખ્રિસ્ત ઓરી?"
30 તોવે ત્યેં ગાવાંમાઅને નીંગીન ત્યા પાંય યેતેં
લાગ્યેં 31 તાઆઉં તે ચેલા ત્યાલ આખેત "ગુરૂજી,
લે આમી ખો" 32 પેન ત્યેં ત્યાહાન આખ્યાં,
"તુમાહાન ખોબાર નાંય, માંયે પાંય ખાઆના
હેયેજ" 33 ચેલાત્યાત્યાહામાંય આખતા લાગ્યા કા,
"યોંકતે ત્યાલ ખાઅના ખાઈન દેના ઓરી કા?"
34 ઈસુવેં ત્યાહાન આખ્યાં, "જયેં માન દોવાડયો,
ત્યા મોરજી પૂરી કોઅના એન ત્યા કામ કોઅના,
ઈજ માંઆ ખાઆના હેય 35 ચોમહા પાછેં કાપણી
એહેં તુમા આખતાહા નાંય કા? એઅયાં તોવે,
તુમાહાન આંય આખતાહું કાપણીયેહાટી પાકહા
જાડ ઉખાઈ ગીયાં 36 વાડનારેં કાંબારા લેઈન
જોલામ જુગીયા જીવના પાક ડીગલા કોઅહે(એહેં
કોઅઈન) વોઅનારો એન વાડનારો મિળીન આરેજ
આનંદ/ખુશી કોઆં જોજે 37 કાહાકા ઈ ગોઠ
ઈહીં ખોરી પોડહે કા વોઅહે યોક એન વાડે

બીજો 38 જાંઆ તુમાહાંય મેએનાત નાંય કોઅયેલ
તાંઆ તુમાહાન માંયે વાડાં દોવાડીયા બીજાહાંય
મેએનાત કોઅયો ત્યાહા કામામાંય તુમા ઉરાઈ
ગીયા” 39 થેએયે સાક્ષી દેજી કા માંયે જીં કાંય કોઅયાં
તીં બાદાં ત્યે માન આખ્યાં દોવાડ્યાં ત્યેં ‘ગોઠીયે
લેદે એલા ગાવાંમાંઅને ડીગ્ગેં શમરૂની જાંએ ત્યાલ
માની ગીયેં 40 જોવે સમરૂનીયા ત્યા પાંય યેય ફૂગ્યા
તોવે ત્યાહાંય ત્યા માગણી કોઅયેલ કા, “આમેરે
ઈહીં રોજે”એન તો બેન દિહી તાંઆ રોયો 41 એન
આજું બો બોદેં જાંએ ત્યા ગોઠીયે લેદે ત્યાલ માનતે
જાયે 42 ત્યાહાંય થેએયેલ આખ્યાં, “આમા માની
ગીયા તું આખેહે ત્યાહાટી આમી નાંય, કાહાકા
આમા પોતે વોનાયા એન જાંઆઈ ગીયા કા ઓ
હાચુલ દુનિયાયે તારણહાર” 43 બેન દિહી રોયન
તી તાંઆને આગાડી ગાલીલા એછે ચાલ પોડયો
44 કાહાકા ઈસુવે પોતેજ સાક્ષી દેનેલ કા બોગાતાલ
ત્યા વોતની ગાંવામાંય કાદો માને નાંય 45 જોવે
તો ગાલીલમાંય યેયઈ ફૂગ્યો તોવે ગાલીલીયા
ત્યાલ હાદતા લાગ્યા,કાહાકા યેરુસાલેમમાંય શોણા
દિહામાંય ત્યેં કાંય કોઓયેલ તીં બાદા ચેલાહાંય
દેખ્યાં કાહાકા એલા હોગા શોણામાંય ગીઈલા
46 તો પાછે ગાલીલા કાના ગાંવામાંય યેનો જાંઆ
ત્યેં પાઆંઈ દારાખારોયેમાંય ફેરવ્યેલકાફારનાઉમ
ગાંવામાંય યોક સવકાર અમાલદાર આતો ત્યા
પોહો માંદો આતો 47 ત્યાલ ખોબાર પોડી ગીઈ
કા ઈસુ યુદેમાંરે ગાલીલમાંય યેઈ ગીયોહો તોવે
તો ત્યા પાંય ગીયો એન ત્યા માગણી કોઅયી કા,
“ઉતીન માઆ પાહાલ હારો કોઅ તો મોરાં ઓલા
તોલા કોઅહે 48 ઈસુવે ત્યાલ આખ્યાં “મોઠા કામ
એન નિશાણી એએયા વોગાર, તુમા નાંય જાંઆય”
49 સરકારા અમલદાર ત્યાલ આખે, “પ્રભુ, માંઆ
પોહો મોઓઈ જાય, ત્યા આગલા ઉતીન યે”
50 ઈસુ ત્યાલ આખેહે “જો તોવે તોઓ પોહો જીવી
ગીયો”તો માટડો ઈસુવા ગોઠ માની ગીયો એન ચાલ
પોડીયો 51 તો આજું વાટેમાંય આતો તાઆઉં ત્યા
ચાકારેં ત્યાલ મીળીયો ત્યાહાલ ત્યા ખોબાર દેની કા
પોહો જીવી ગીયો 52 ત્યે ત્યાહાન પૂછ્યાં કા “કોલા
વાગે ફેર પોડતો મોડયો?” ત્યાંહાલ ત્યાલ આખ્યાં,
“કોલે બોપરેહેં યોક વાગે જોરાં ઉતી ગયાં” 53 તોવે
આબોહો જાંઆઈ ગીયો કા ત્યેજ વેળાયે ઈસુવે
ત્યાલ આખલાં “તોઓ પોહો જીવી ગીયો” એન તો
એન ત્યા ગોરીયેં બાદેં માની ગીયેં 54 ઈસુવેં ઈ બીજી
નિશાણી કોઅયી જોવે તો યહુદેમાંરે ગાલીલમાંય
પાછો ફીર્યો

5
1 ત્યા પાછેં યહુદીયાહા શોણ આતા, એન ઈસુ
યેરુસાલેમ ચોડયો 2 આમી યેરુસાલેમમાંય
યોક મેંડા કુંડા હેયહિબ્રી ભાષામાંય બેથસેદા
આખતેહેં તીં પાંચ વોટલ્યો વાળાં કુંડા હેય
3 યેહે વોટલીહેમાંય દુખ્યાં ડીગ્ગા રોઓત આંદળાં,
લેંગડા,પાંગળીયા(એલા બાદા પાંઆઈ ઉમાળીયા
દેય, ત્યા વાટ એએત 4 કાહાકા પ્રભુવા દેવદુત
કુંડાવો યેઈન પાંઆયા ઉમાળીયા દેય એન પાંઆયાં
ઉમાળ્યા દેના પાછેં જીં માંઅહું પોયલાં પાંઅયાં
માંય ઉતે ત્યાલ ગોમે તીં દુખ લાગલા ઓઅય
તો હારો ઓય જાય) 5 તાંઆ યોક માંઅહું આતાં
તો આડતીહી વોરહાં લોગું પાથારીમાંય હુવી
રોયો 6 જોવે ઈસુવેં ત્યાલ હુવતલો દેખ્યો એન
ડીગ્ગા વોરહારે દુઃખ વેઠેહે એહેં જાંઅયાં તોવે
ત્યેં ત્યાલ આખ્યાં” તું હારો નાંય ઓઈ જાંઆ
કા?” 7 દુખી માટડાંય ત્યાલ જાવાબ દેનો “પ્રભુ
માંયે પાંય માંઅહું નાંય કા જોવે પાંઆય બુખળ્યા
દેહે તોવે માન કુંડામાંય થોવે આંય જાંહું તાઆઉં
બીજો માંઆ આગાડી કુદી જાય 8 ઈસુવેં ત્યાલ
આખ્યાં, ઊબો ઓઅઈ જો, તો પાથારી લેઈન
ચાલ” 9 તાબાડ તીં માંઅહું હારાં ઓઈ ગીયાં
એન પાથારી લેઈન ચાલ્યાં 10 એને યહુદીયામાંય
હારો જાયલા માંઅહાંલ આખ્યાં, “આજે શાબાત
હેય પાથારી લેઈન નાંય જાવાય” 11 પેન ત્યેં
ત્યાહાન જાવાબ દેનો “જયેં માન હારો કોઅયો
ત્યેં માન આખ્યાં “તોઓ પાથારી લેઈન ચાલ,”
12 ત્યાહાંય ત્યાલ પૂછ્યાં “કૂઉં હેય એલો તોઓ
પાથારી લેઈન ચાલ આખેહે?” 13 પેન હારો
જાયલો માટડો નાંય જાંઆય તો કૂઉં હેય કાહાકા
ઈસુ જાતો રોયેલ, એલા જાગામાંય માંઅહેં ડીગ્ગેં
આતેં ત્યાહાટી 14 ત્યા પાછેં ઈસુ ત્યાલ મંદિરામાંય
મીળીયો એન ત્યાલ ત્યેં આખ્યાં, “એએજે આમી
તું હારો ઓઈ ગીયો, તું પાછેં પાપ માં કોઅહે
નાંય તે તુલ આજું ડીગ્ગાં ખોટાં ઊસબી 15 ત્યેં
માટડેં જાયન યહુદીયાહાન આખી દેનાં કા, “ઈસુવેં
માન હારો કોઅયેલ” 16 ‘ત્યાહાટી યહુદીયા ઈસુવા
પાહાલા લાગ્યા કાહાકા તો શાબાતા દીહે અહોડાં
કોઅતેં’ 17 પેન ઈસુવેં ત્યાહાન આખ્યાં, “માંઆ
આબો આમી લોગું, કામ કોઅહે, એન આંય કામ
કોઅતાહું” 18 ત્યાહાટી ત્યાલ આજું માંઆઈ ટાંકા
કોઓત કાહાકા તો શાબાતા દિહી નાંય પાળે
ઓલાંજ નાય, પેન પોરમેહરાલ આબો આખે, એન
એહેં પોતાલ પોરમેહરા હારખાં કોઅતે 19 તોવે
ઈસુવેં ત્યાહાન જાવાબ દેનો એન આખ્યાં, “હાચુલ
તુમાહાન આંય આખતાહું પોહો પોતે કાંય નાંય
કોઅઈ હોંકહે આબાહાલ કોઅતો એએહે તીંજ
આબોહો જીં કોઓહે તીંજ પોહો હોગો કોઅહે
20 કાહાકા આબોહો પાહાલ મોયા કોઅહે એન

પોતે જીં કોઅત તીં બાદાં ત્યાલ દેખાડેહે એન
યા કોઅતાં આજું મોઠાં કામ ત્યાલ દેખાડી, એન
ત્યા હાટી તુમાહાન નોવાઈ લાગી 21 કાહાકા
જેહેં આબોહો મોઓલાહાન ઉઠાડેહે એન જીવતાં
કોઅહે તેહેં પોહો હોગો ત્યા મોરજી પૂરમાણે
જીવતા કોઅહે 22 એન આબોહો કાદા હુમે ચુકાદો
નાંય કોઅહે ચુકાદો કોઅના બાદાં ત્યેં પાહાલ
હોંપી દેનાહાં 23 યાહાટી કા જેહેં આબાહાલ
માનતેહેં તેહેંજ પાહાલ બી માનેજીં માંઅહું પાહાલ
નાંય માને તો પાહાલ દોવાડનારા આબાહાલ બી
નાંય માનેહે 24 હાચુલ તુમાહાન આંય આખતાહું
જીં માંઅહું માંઆ ગોઠ હાંબળે એન જયેં માન
દોવાડીયોહો ત્યાલ માને, ત્યાલ જોલામજુગીયાં
જીવન મીળી ગીયાં ત્યા હુમે ચુકાદો નાંય યેહે
પેન મોતામાંઅને જીવાનામાંય ચાલી ગીયોહો
25 હાચુલ આંય તુમાહાન આખતાહું કા, અહોડી
ગેડી યેહે, એહેં યેઈ ગીઈ, જોવે મોઅલેં માંઅહેં
પોરમેહરા પાંય અવાજ વોનાઈ, એન જયેં વોનાઈ
ત્યેં જીવતેં ઉઠી 26 કાહાક જેહેં આબોહો જીવાના
જોઓ હેય તેહે પાહાલ બી જીવના જોઓ ખોરાં
દેનારાં 27 એન ત્યાલ નિયા કોઅનાં અધિકાર ઓક
દેનોહોકાહાકા તો માંઅહા પોહો હેય 28 તુમાહાન
નોવાઈ નાંય લાગાં જોજે કાહાકા ઓહડી ગેડી
યેહે જોવે માહણામાંય જયેં હુવાડલેં હેય ત્યેં
ત્યા આવાજ વોનાઈન ઉઠી 29 જ્યાહાંય હારાં
કોઅયાં ઓરી ત્યેં જીવનામાંય પાછેં ઉઠી જ્યાહાંય
ખોટાં કોઅયાં ઓરી ત્યેં શિક્ષા બોગવાં પાછેં ઉઠી
30 આંય પોતે કાંય નાંય કોઅઈ હોકતાંહું આંય
વોનાતાહું તેહેંજ ચુકાદો હેતાઉં એન આંય માંઆ
મોરજી નાંય કોઅહું, પેન જયેં માન દોવાડયોહો
ત્યા મોરજી પૂરી કોરાં 31 જોવે આંય પોતે માંઆ
સાક્ષીયેમાંય આખું, તોવે માંઆ સાક્ષી બોરાબર
નાંય હેય 32 બાકી બીજો હેય તો માન સાક્ષી
દેહે, એન આંય જાંઅતાહું કા માંઆ વિશે તો જીં
સાક્ષી દેહે તી ખોરી હેય 33 તુમાહાંય યોહાના
પાંય માંઅહાલ દોવાડીયા, એન ત્યેં સોત્યા સાક્ષી
દેની 34 આંય માંઅહાં સાક્ષી હોદું, અહોડાં કાંય
નાંય તુમાહાન બોચાવા હાટીજ આંય આખતાહું
35 એલો દીવો આતો હારો બળે એન ઉજાળાં
કોઅહે અહોડો દીવો એન બેન ગેડીયે લોગું
ત્યા ઉજાળામાંય તુમાહાન હારાં ગોમ્યાં 36 પેન
યોહાના સાક્ષીયે કોઅતી મોઠી સાક્ષી માંયે પાંય
હેય કાહાકા જીં કામ આખેહે માન પૂરાં કોરાં હાટી
ત્યેંય દેના તીં કામ આંય કોઅતાંહું એન તીંજ
માન સાક્ષી દેહે કા આબેહેં માન દોવાડીયોહો
37 એન જયેં માન દોવાડીયોહો, તો આબોહો ત્યેં
માન સાક્ષી દેનીહી તુમા કાદે દિહી ત્યા આવાજ
વોનાયા નાંય એન ત્યા મુંઉ તુમાહાય દેખ્યાં નાંય
38 એન ત્યા ગોઠ તુમેહેમાંય વોહોતી કોરાં તુમા
નાય માગતાહા કાહાકા જ્યાલ ત્યેં દોવાડીયોહો
ત્યાલ તુમા નાંય માનેત 39 બાયબલામાંય તુમાહાંન
જોલામજુગીયાં જીવાન મીળી એહે જાંઆઈન
ત્યામાંય તુમા હોદતાહા, તીંજ બાયબલ માંઆ
સાક્ષી દેહે 40 તેરૂ જીવન લાંઆ હાટી તુમા માંયે
પાંય યાંઆ નાંય માગતાહા 41 માંઆ મોઠાઈ
માંઅહાં પાંઅને નાંય હેય 42 પેન તુમાહાન આંય
જાંઆઈ ગીયો કા તુમેહેમાંય પોરમેહરા મોયા નાંય
હેય 43 આંય માંઆ આબાહા નાંવે યેનોહોએન
તુમા માન નાંય હાદતાહા જોવે બીજે યોકતો ત્યા
પોતા નાંવે યે તોવે ત્યાલ તુમા હાદતા 44 તુમા કેહેં
કોઅઈન માનાયા? તુમા તે યોક બીજા પાંઅને માન
હોદતાહા, એન યોકુજ પોરમેહરા પાંઅને માન નાંય
હોદતાહા 45 તુમા એહેં મા માનતા કા આંય આબા
પાંય તુમેહે હુમે ફીરાદી કોઅહીં તુમેહે હુમે ફીરાદી
કોઅનારો હેયેજ, જ્યાવો તુમા બોરહો રાખતાહા
તોજ મુસા 46 કાહાકા જોવે તુમા મુસાલ માનતા
તોવે માન હોગા માનતા, કાહાકા ત્યેં માંઆ વિશે
લોખ્યાં 47 પેન જોવે ત્યેં લોખલાં તુમા નાંય માંનેત,
તોવે માંઆ ગોઠ કેહેં કોઈન માનાય?”

6 1 ત્યા પાછેં ઈસુ ગાલીલા દોરીયા (ઓજ
તીબેરીયાસ દોરિયો), ત્યે તેડી ગીયો 2 યોક
મોઠી કોપચાળ ત્યા પાહાલા ચાલીયો કાહાકા
દુખ્યાહ્યા વિષે ત્યેં જ્યો નિશાણીયો કોઅયો, ત્યો
ત્યાહાંય દેખ્યો 3 ઈસુ યોક ડોંગાવો ચોડીયો એન
ત્યા ચેલાહા આરે તાંઆ બોહી ગીયો 4 યહુદીયાહા
પાસ્કા શોણા થોડા દિહી આતા 5 ઈસુવેં નોજાર
ટાકી ત્યા પાંય મોઠી કોપચાળ યેતો દેખ્યો એન તી
ફિલીપાલ આખેહે “યે બાદેં ખાઈ હોંઅકે ત્યા હાટી
આપાં કેછે બાખે વેચાતીયો લેઈ યાહું?” 6 ત્યેં તે
ત્યા પરિક્ષા કોરાં હાટીજ એહેં આખ્યાં, તો કાય
કોઅહે, તીં ત્યાલ પૂરી ખોબાર આતી 7 ફિલીપે
જાવાબ દેનો “બોહેં રૂપિયા બાખી ત્યાહાન નાય
ફૂગી, યોક યોક વાહાય વાહાય ખાય તેરૂ” 8 ત્યા
ચેલાહા માયને આંદ્રિયાસ, સીમોન પેત્રુસા બાહા,
તો ત્યાલ આખેહે, 9 “ઈહીં યોક પોહો હેય,ત્યા
પાંય પાંચ જુવાઈયે બાખે એન બેન માછલીયો
હેતીયો બાકી ઓલા બાહાહામાંય ઈ કાય હેય?”
10 પેન ઈસુવેં આખ્યાં, “માંઅહાંન બોહોતા કોઆ”
એલા જાગામાંય ગાહીયાં ડીગ્ગા આતાં તે માંઅહેં
તાંઆ બોહી ગીયેં માટડાહા આસરે પાંય ઓજાર
આતેં 11 તોવે ઈસુવેં બાખ્યો લેદીયો, એન આભાર
માનીન તાંઆ બોઠલા લોકાહાન દેય દેનીયો તેહેં

કોઅઈન માછલિયો બી, જોલા માગેત તોલા
12 ત્યા દારાઈ ગીયા પાછેં, ત્યેં ત્યા ચેલાહાન
આખ્યાં, “વોદી ગીઈલા કુટકા ડીગલા કોઆ, કાંય
બોગડે નાય ત્યાહાટી” 13 ત્યાહાંય ડીગલા કોઅયાં
તોવે ત્યાહાય ખાદલી પાંચ બાખીયેમાંઅને વોદલા
કુટકાહા બાર ટોપલા બોઆઈ ગીયા 14 ત્યેં અહોડી
નિશાણી કોઅયી તી જોવે લોકાહાંય એઅયાં, તોવે
ત્યાહાંય આખ્યાં, “દુનિયામાય યેનારો ભવિષ્યવક્તા
હાચુલ ઓજ હેય” 15 ઈસુ જાંઆઈ ગીયો કા
ત્યાલ રાજા બોનાવા હાટી (ત્યેં માંઅહેં) ત્યાલ
દોઅઈન લેય જાંઆ કોઅત, તોવે તો પાછો
યોખલોજ ગીયો 16 મોડાં જાયા તોવે ત્યા ચેલા
દોરીયા કોરાડે ઉતીયા, 17 ઉડીયેમાંય ચોડીન દોરીયા
ત્યે તેડી કાપારનાઉમ એછે જાતા લાગ્યા આંદારાં
જાયા તેરૂ ઈસુ ત્યાહા પાંય નાય યેનેલ 18 દોરિયો
હોગો તોફાને ચોડ્યેલ, કાહાકા વાઆરો જોરમાય
યેય 19 ત્યા બેન તીન માઈલ ગીયા ઓરી, તોવે
ત્યાહાંય ઈસુવાલ દોરીયાવો ચાલતો એન ઉડીયે
એછે યેતો દેખ્યો ત્યા બીઈ ગીયા 20 પેન ત્યેં
ત્યાહાન આખ્યાં “આંય હેતાઉ, બીયહા માં”
21 ત્યા ત્યાલ ઉડીયેમાંય લાંઆ કોઓત ઓલામાંય
ઉડી યોકાટીહીજ કોરાડે યેઈ ગીઈ, તી બી ત્યા
જાંઆ કોઓત તાંઆજ 22 બીજે દીહે જયેં માંઅહેં
દોરીયા ત્યેં વોળા રોય ગીયેં ત્યાહાંય ખાતરી
કોઅયી કા બીજી ઉડી નાય યેનલી યોકુજ આતી
ત્યેમાંય ઈસુવા ચેલા યોખલાજ ગીઈલા, ઈસુ
ત્યાહા આરે નાય આતો 23 પાછેં જાંઆ ત્યાહાંય
બાખે ખાદી ત્યા જાગા પાંહાય તીબેરીયાસરે
બીજીયો ઉડીયો યેનયો 24 તોવે ઈસુ બી નાય
હેય, એન ત્યા ચેલા બી નાય, તીં જાંઆઈન;
ત્યેં માંઅહેં પોતે ઉડીયેહેમાંય બોહીન, ઈસુવાલ
હોદાં કાપરનાઉમ યેનેં 25 દોરીયા યે વોળા તો
મીળીયો તોવે ત્યાહાંય ત્યાલ આખ્યાં, “પ્રભુ, તું કોવે
યેનો?” 26 ઈસુવેં ત્યાહાન જવાબ દેનો કા, “આંય
તુમાહાન હાચુલ આખતાહું તુમાહાય નિશાનિયો
એએયો ત્યાહાટી તુમા માન નાય હોદતાહા પેન
બાખે ખાઈન તુમા દારાઈ ગીયેં ત્યાહાટી 27 જી
બાખે હોડીજાય ત્યે હાટી મેએનાત મા કોઅતા
બોદલે જોલામજુગીયાં જીવનામાંય જી બાખે
રોહોય, ત્યે હાટી મેઅનાત કોઆ, તી તુમાહાન
માંઆહા પોહો દેહે, કાહાકા પોરમેહરે યા ઊપે
ત્યા સિક્કો થોવયોહો” 28 ત્યાહાંય ત્યાલ આખ્યાં,
“પોરમેહરા કામ કોરાં હાટી કાય કોરાં જોજે?”
29 ઈસુવેં ત્યાહાન જાવાબ દેનો, “પોરમેહરા જ્યાલ
દોવાડ્યોહો, ત્યાલ માનના, ઈંજ પોરમેહરા
કામ હેય” 30 તોવે ત્યાહાંય ત્યાલ આખ્યાં,
“તું કાય નિશાણી કોઅતોહો, કા તી એઅઈન
તુલ માનજે? તું કાય કોઅતોહો? 31 આપેહે
વોડીલાહાંય ઉજાડ્યેમાંય માન્ના ખાહાંલોખલાં હેય
કા “હોરગામાંઅને બાખે તુંયે ત્યાહાન ખાંઆ
દેની” 32 તોવે ઈસુવે આખ્યાં, “હાચુલ આંય
તુમાહાન આખતાહાંવ કા તુમાહાન હોરગામાને
બાખે મુસાએ નાય દેની, પેન માંઆ આબાહી
તુમાહાન ખોરી હોરગામાંઅને બાખે દેહે 33 કાહાકા
જી બાખે હોરગામાંઅને યેહે એન દુનિયાલ જીવાન
દેહે, તીજ પોરમેહરા બાખે હેય” 34 ત્યાહાંય
આખ્યાં, “પ્રભુ આમાહાંન ઈ બાખે કાયામ દે”
35 ઈસુવેં ત્યાહન આખ્યાં, “જીવાના બાખે આંય
હેતાઉ જીં માંઅહું માંયે પાંય યેહે તો કાદે દિહી બુખો
નાય ઓઅય, એન એન જીં માંઅહું માન માનેહે
તીં કાદે દિહી પીહ્યો નાંય ઓઅય 36 પેન તુમાહાન
માયેં કોયાં આખ્યાં, “તુમાહાંય એઅયાં પાંછે બી
નાય માનિયા 37 આબો માન જીં કાંય દેહે, તીં બાહા
માયે પાંય યી, એન જીં માંઅહું માયે યી ત્યાલ આંય
નાય દોબાડું 38 કાહાકા માઆ મોરજી કોરાં હાટી
નાય, પેન જયે માન દોવાડીયોહો ત્યા મોરજી કોરાં
હાટી, આંય હોરગામાંઅને ઉતી યેનો 39 એન જયેં
માન દોવાડ્યોહો, ત્યા મોરજી ઓહડી હેય કા ત્યેં
માન જીં કાંય દેના, ત્યામાને કાયબી ટાકાય નાય,
પેન છેલ્લે દીહે ત્યાલ જીવતાં ઉઠાડું, 40 કાહાકા
ઈજ મા આબા મોરજી હેય, કા જીં માંઅહું
પાહલ એએ એન ત્યાલ માનેહે તો જોલામજુગ
જીવે, એન ત્યાલ આંય છેલ્લે દીહે જીવતો ઉઠાડું”
41 ઈસુવેં એહેં આખ્યેલ કા, “આંય હોરગામાંઅને
ઉતી યેનલી બાખે હેતાંઉ, “ત્યાહાટી યહુદીયા
ટુટારતા મુંડયા” 42 “એલો યોસેફા પોહો ઈસુ હેય
તીં નાંય? ત્યા આયેહે કા “આંય હોરગામાંઅને
જયેનો?” 43 ઈસુવેં જવાબમાંય આખ્યાં “તુમા
ટુટરિઆ કોઅહા માં 44 માયે પાંય કાદો નાય યેય
હોકે,માન જયેં દોવાડયો, તો માંઆ આબો ત્યાલ
હાદી લી યેય તોવેજ એન ત્યાલ આંય છેલ્લે
દીહે જીવતો ઉઠાડીહીં 45 બોગતાહામાંય લોખલાં
હેય કા, ત્યા ત્યા બાદા પોરમેહરા પાંય હિકી
જાય જીં માંઅહું આબાલ હાંબળીન હિકી જાય
તો માયેં યેહે 46 તેરૂ આબાહાલ યોક્તેં દેખ્યોહો,
અહોડાં નાંયફક્ત જીં માંઅહું પોરમેહરા પાંઅને
યેનોહો, ત્યેં આબાહાલ દેખ્યોહો 47 આંય તુમાહાન
હાચુલ આખતાહાંવ કા જીં માંઅહું માનેહે તો
જોલમજુગ જીવહે 48 જીવના બાખે આંય હેતાઉ
49 તુમેહે વોડીલાંહાંય રાનામાંય માન્ના ખાદાં
એન ત્યા મોઓઈ ગીયા 50 હોરગામાંઅને ઉતી
યેનલી બાખે ઈજ હેયકા માંઅહું તીં ખાય, એન

મોઓએજ નાંય 51 આંય જીવતી બાખે હેતાંવ જીં
હોરગામાંઅને ઉતી યેનલી હેય જોવે માંઅહું યે
બાખ્યેમાંઅને ખાય, તો જોલામજુગ જીવી, એન
જીં બાખે આંય દિહી તી દુનિયા જીવાના હાટી
માંઆ હેય 52 તોવે યહુદીયા ત્યાહા ત્યાહામાય
ખૂબ ચર્ચા કોઅતા મુંડયા એન ત્યાહાંય આખ્યાં
“એલો કેહેંકોઈન ત્યા માહા આમાહાન ખાંઆ
દી?” 53 તોવે ઈસુવેં ત્યાહાન આખ્યાં, “તુમાહાન
આંય હાચુલ આખતાહાંવ કા જોવે તુમા માંઅહાં
પાહા માહા નાંય ખાહા એન ત્યા લોય નાંય
પીયહા તોવે તુમેહેમાય જીવન નાંય રોયી 54 પેન
જીં માંઅહું માંઆ માંહા ખાય એન માઆ લોય
પીયહે ત્યાલ જોલામજુગીયાં જીવન મિળી ગીયહાં
એન ત્યાલ આંય છેલ્લે દીહે જોવતો ઉઠાદિહી
55 કાહાકા માંઆ માંહા ખોરાં ખાઅનાં હેય એન
માંઆ લોય ખોરાં પીઈના હેય 56 જીં માંઅહું
માંઆ માંહા ખાહાય એન માંઆ લોય પીયહે
તો માયેમાંય રોહેય એન આંય ત્યામાંય 57 જેહેં
કોઅઈન જીવતે આબેં માન દોવાડ્યોહો એન આબા
જીવન લેઈન આંય જીવતાહું તેહેંજ કોઓઈન જીં
માંઅહું માન ખાહાય તો માંઆ જીવન લેઈન જીવી
58 હોરગામાંઅને ઉતી યેનલી બાખે ઈજ હેય એન
તુમેહે વોડીલાહાંય જી ખાદી એન પાછેં મોઅઈ
ગીયેં ત્યેં જોલામજુગ જીવી 59 ઈસુ કાપરનાઉમ
ગાંવા પ્રાર્થના ગોઆમાંય હિકાડે તોવે ત્યેં એહેં
આખ્યાં 60 તોવે ત્યા ચેલાહામાંઅને ડીગ્ગા હાંય
ઈ વોનાયને આખ્યાં, “ઈ ગોઠ કોઠાણ હેય ઈ
કુંઉ માને?” 61 ઈસુ જાંઆઈ ગીયો કા ત્યા ચેલા
એહેં ટુટરીયા કોઅતાહા એન ત્યેં ત્યાહાન આખ્યાં,
“એલા હાટી તુમાહાન ખોટાં લાગ્યાં કા? 62 જોવે
માંઅહાં પોહો જાંઆ પોયલો આતો તાંઆ ત્યાલ
પાછો ચોડી જાતો તુમા એઅહા તોવે કાય?
63 જીવુજ જીવતો કોઅહે શરીરા કાંય કામનાંય માયેં
તુમાહાન જી ગોઠ આખીહી તી જીવ એન જીવન
હેય 64 પેન તુમેહેમાંઅને કોલાહાક હેતા જ્યા નાંય
માનાતાહા” કાહાકા, કુઉ નાંય માને એન ત્યાલ કુંઉ
દગો દેનારો હેય તી ઈસુ પોયલેરે જાંઆંય 65 એન
ત્યેં આખ્યાં, “ત્યાહાટીજ માંયે તુમાહાન આખ્યાં
કા કાદાં માંઅહું માયે પાંયે નાંય યી શકે, આબો
ત્યાલ નાંય દે તોવે” 66 તોદિહી ત્યા ચેલાહામાંઅને
ડીગ્ગેં જાંએ ત્યા પાંયને જાતા રોયા એન ત્યા આરે
નાય ચાલતા મુંડયા 67 તોવે ઈસુવેં બાર ચેલાહાન
આખ્યાં, “તુમા હોગા જાતા રાં કા?” 68 સિમોન
પેત્રુસ ત્યાલ જાવાબ દેનો “પ્રભુ આમા કા પાંય
જાજે? તોઓ પાંય જોલામજુગા જીવાના ગોઠ
હેય 69 એન આમા માનજેહે એન જાંઆ જેહે
કા, તું પોરમેહરા પવિત્ર માંઅહું હેતો” 70 ઈસુવેં
ત્યાહાન જાવાબ દેનો, “માંયે પોતે તુમાહન બાર
જાંઅહાન નીવડી લેદા નાંય કા? એન તુમેહેમાંઅને
યોક બુત હેય” 71 તો ઈસકારીયોતીયા સિમોના
પોહો યુદાસાલ આખેહે એલો ત્યાલ દોગો દેનારો
આતો, બાર્યાહામાઅને યોક

7 1 ત્યા પાછેં ઈસુ ગાલીલમાંય, ફિએ કાહાકા
યહુદી ત્યાલ માંઆઈ ટાંકા હોદેત ત્યા હાટી
ત્યાલ યુદેયામાંય નાંય ફિરાય 2 આમી યહુદીયાહા
યોક શોણા માંડવાલ શોણા, પાંહાય આતો, 3 તોવે
ત્યા બાહાહાય ત્યાલ આખ્યાં, “ઈહીંને ઉઠ, એન
યુદેયામાંય જો તું કહોડેં કામે કોઅતોહો, તીં તોઓ
ચેલા એઅઈ હોંઅકે, ત્યા હાટી 4 કાહાકા જીં
માંઅહું દુબીન કામ કોઅહે તો કેહેં કોઈન આખી શકે
માન વોળખા, “તું અહોડેં કામે કોઅતોહો ત્યા હાટી
દુનિયાલ દેખાડી દે” 5 ત્યા બાહા હોગા ત્યાલ નાંય
માનેત તા 6 ઈસુવેં ત્યાહાન આખ્યાં, “માંઆ ગેડી
આજું નાંય યેની તુમેહે તે કોયી યેઈ ગીઈલી 7 દુનિયા
તુમાહાન આડાઈ નાંય કોઅહે, કાયલાં કોઅહે?
માંઆ તે આડાઈ નાય કોઅહે, કાહાકા આંય સાક્ષી
હેતાંવ કા ત્યાહા કામે ખોટેં હેતેં 8 તુમા શોણામાંય
જાયા, આંય નાંય જાંઉ કાહાકા માંઆ વેળાય
નાંય યેનહી” 9 ત્યાહાન ત્યેં એહેં આખ્યાં એન
ગાલીલામાંય રોયો 10 પેન ત્યા બાહા શોણામાંય
ગીયા પાછેં તો હોગો ગીયો, ખુલ્લી રીતે નાંય, પેન
દુબીન ગીયો 11 શોણા દીહામાંય યહુદીયા ત્યાલ
હોદેત એન ત્યા આખેત, “એલો કેછે હેય?” 12 એન
લોકાહા ટોળામાંય ત્યા વિષે ખૂબ બોલાતા મોંડયા
કોલાહાક આખેત “એલો લોકાહાન છેતરેહે” 13 પેન
યહુદીયાહા દાકે કાદાં માંઅહું ખુલ્લી રીતે બોલે
નાંય 14 શોણા આરદા દિહી બીતી ગીયા પાછેં
ઈસુ મંદિરા માંય ચોડીન હિકાડતો લાગ્યો 15 તોવે
યહુદીયાહાન નોવાઈ લાગી એન ત્યા આખતા
મુંડયા, “એલો લોખલાં કેહેં'કોઅઈન જાંઆએ,
કાહાકા એલો બોણલો નાય હેય 16 તોવે ઈસુવેં
જાવાબ દેનો કા, “માંઆ શિક્ષણ માંયે પાંઆને નાંય
પેન માન જયેં દોવાડ્યો ત્યા પાંઆને યેહે 17 જોવે
માંઅહું ત્યા મોરજી પૂરી કોરાં માગેહે તોવે ત્યાલ
ખોબાર પોડી કા માંઆ શિક્ષણ પોરમેહરા પાંઆને
હેય કા પોતા કોઅઈન આખતાહું 18 જીં માંઅહું
પોતા કોઓઈન આખેહે, તો પોતા માન હોદેહે
પેન જીં માંઅહું ત્યાલ દોવાડનારા માન હોદેહે
તોજ ખોરો હેય એન ત્યામાંય કાંય લુચ્ચાઈ નાંય
હેય 19 મુસાએતુમાહાન કાયદા દેના, નાંય કા? તેરૂ
કાદો કાયદા પાળે તુમા માન કાહા માંઆઈ ટાંકા
હોદતાહા?” 20 લોકાહાંય ત્યાલ જાવાબ દેનો, “તુલ

બુત લાગલો હેય, તુલ કુંઉ માંઆઈ ટાંકા હોદેહે?"
21 ઈસુવેં ત્યાહાન જાવાબ દેનો, "યોકુજ કામ માંયે
કોઅયાં, તુમાહાન બાદાહાન ત્યા નોવાઈ લાગી
22 મુસાએ તુમાહાન સુન્નત વિદી દેની (તેરૂ ખોરી
રીતે તી મુસા પાંઆને નાંય પેન વોડીલાહા પાંઆને
હેય) એન તુમા તુમેહે પાહાહા સુન્નત શાબાત દીહે
બી કોઅતાહા 23 જોવે મુસા કાયદા નાય તોડાં
હાટી તુમા શાબાતા દીહે સુન્નત કોઅતાહા તોવે
શાબાતા દીહે માંયે આખા માંઅહાલ હારો કોઅયો,
ત્યા હાટી તુમા માંઆ આરે કાયલાં ખીજવાઈ
ગીયા? 24 ઊચે દેખાહાય ત્યા પૂરમાણે નીયા
મા કોઆ પેન ખોરી નીયા કોઆ" 25 કોલાહાક
યેરૂસાલેમવાળા આખેત, "એલાલુજ માંઆઈ ટાકાં
હોદેત તીં નાય? 26 લે તો જોરમાંયે આખેહે, એન
તેરૂ ત્યા હુમે કાંય નાંય કોઅતેહેં કાય, આગેવાન
લોકાહાન ખાતરી જાયી ઓરી કા એલોજ ખ્રિસ્ત
હેય? 27 પેન એલા વિષે આપાહાન ખોબાર હેય,
એલો કેછને હેય પેન ખ્રિસ્ત યેહે તોવે તો કેછલીયો
હેય તીં કાદાલ ખોબાય નાંય રોહોય" 28 તોવે
ઈસુવેં મંદિરામાંય હીકાડેતાં મોઠેરે આખ્યાં, હાંઆ
તુમા માન વોળાખતાહા એન જાંઆતાહા કા આંય
કેછલિયો હેતાઉં પેન આંય પોતા કોઓઈ નાંય
યેનહો, એન જયેં માન દોવાડ્યોહો, તો ખોરો
દોવાડનારો હેય ત્યાલ તુમા નાંય વોળાખતાહા
29 ત્યાલ આંય વોળખતાહું કાહાકા ત્યાપાંઅને
આંય યેનહો એન ત્યેં માન દોવાડીયો" 30 ત્યાહાટી
ત્યાલ દોઅરાં કોઓત, પેન કાદેં ત્યાલ આથ
નાંય લાવ્યો કાહાકા ત્યા સમાય નાંય યેની
31 લોકાહામાંઅને ડીગ્ગા જાંઆહાંય ત્યાલ માનિયો
ત્યેં આખેત કા "કોઅતી એલો ડીગ્ગી નિશાનિયો
કોરી કા? 32 ત્યાહાન એહેં આખતા પોરુષીયાહાંય
ત્યાલ દોઅરાં હાટી ચાકારાહાન દોવાડીયા 33 તોવે
ઈસુવે આખ્યાં, "આંય તુમેહે આરે આમી પોડા
દિહી હેતાઉં એન પાછો જયેં માન દોવાડીયો
ત્યા પાંય પાછો જાંઅતાહું 34 તુમા માન હોદાહા
પેન આંય તુમાહાન નાય મિળીહીં એન આંય
જાંઆ રોહું તાંઆ તુમાહાન નાંય યેવાયી" 35 તોવે
યહુદીયા યોક બીજાહાલ આખતા મુંડયા, "એલો
કાય પોરમેહરામાંય ગ્રીક લોકાહા પાંય જાહાય કા?
ગ્રીક લોકાહાન હિકાડાં કા? 36 એલો આખેહે
કા તુમા માન હોદહા એન આંય તુમાહાન નાય
મિળીહીં આંય જાંઆ રોહું તાંઆ તુમા નાય યીઈ
હોકહા યે ગોઠયે કાય મતલબ હેય?" 37 છેલ્લે
દીહે શોણા મોકા હાટી ઈસુ ઊબો રોયન મોઠેરે
બોમલ્યો "જીં કાદાં માંઅહું પીહાં જાયાહાં જી
માંયે પાંય યેય, એન જીં માંઅહું માન માનહે
તીં પીયેં 38 જેહેં લોખલાં હેય તેહેં કોઅઈન ત્યા
બુકામાંઅને જીવતા પાંઅયા જોઓ વોવી નીંગી"
39 ત્યાલ માનનારાહાન પવિત્ર જીવ મિળનારો
આતો, જી ગોઠ ત્યેં એહેં કોઅઈન આખી, કાહાકા
આજુ નાંય આતો ઈસુ આજુ ત્યા મોઠાઈમાંય
નાંય ગીયેલ તે 40 પેન લોકાહામાંઅને કોલાહાક
ઈ ગોઠ વોનાઈન આખતા મુંડયા, "ઓ હાચુલ
મોઠો બોગાત હેય" 41 બીજેં આખેત "એલો ખ્રિસ્ત
હેય" આજું બીજાહાંય આખ્યાં "તોવે! ખ્રિસ્ત
ગાલીલમાંને યેતો ઓરી? 42 તુમાહાંય નાંય વાંચ્યા
કા ખ્રિસ્ત દાઉદા કુળામાંઅને એન બેતલેહમ ગાંવ્યો
હેય?" 43 એહેં કોઅઈન ત્યા વિષે લોકાહામાંય ફાટ
પોડી ગીઈ?" 44 ત્યાહામાંઅના કોલાયક જાંઅહાંય
ત્યાલ દોઅરાં કોઅત તેરૂ કાદે ત્યાલ આથ લાવ્યો
નાંય 45 તોવે મુખી પુંજારાહાય એન પોરુષીયાહા
ચાકારેં પાછેં વોળી યેને એલાહાંય પાહાન પૂછ્યાં
"ત્યાલ તુમા કાહા નાંય લેઈ યેના?" 46 ચાકારાહાંય
જાવાબ દેનો "એલો બોલેહે તહોડો કાદો આજું
બોલ્યો નાંય" 47 તોવે પોરુષીયાહાંય જાવાબ દેનો,
તુમા હોગા છેતારતાહા કા? 48 વાહાય વિચાર
કોઆ આગેવાનાહામાંય કા પોરોષીયાહા માંય યોક
બી ત્યાલ માનેહે કા? 49 બાકી યે ખેડૂત માંઅહેં
ત્યાહાન નિયમશાસ્ત્ર નાંય આવડે ત્યા મોઆ!"
50 ત્યાહામાંઅને યોક જીં નીકોદેમુસ નાંવ્યો માટડો
જો પોયલો ત્યા પાંય યેનો, ત્યેં ત્યાહાન આખ્યાં
51 આપે કાયદો કાદાલ ગુનેગારી નાય આખે પોયલાં
ત્યાલ વોનાયા જોજે એન એલે, "કાય કોઅયાં
તીં નોક્કી જાંણા જોજે 52 ત્યાહાંય ત્યાલ જાવાબ
દેનો કા "કાય તું હોગો ગાલીલીયો હેતો કા?
ગાલીલમાંઅને બાહા ત્યા ત્યાહા ગોઓ ગીયા
53 ગાલીલમાંઅને બાહા ત્યા ત્યાહા ગોઓ ગીયા

8 1 એન ઈસુ જૈતુનડોગાવ ગીયો 2 બીજે દિહે
કોવાળ્યો પાછો મંદિરામાંય ગીયો એન બોદેં
માંઅહેં ત્યા પાંય યેને તોવે તો બોહી ગીયો એન
ત્યાહાન હિકાડતો લાગ્યો 3 તોવે ધર્મશિક્ષક એન
પોરીષીયાહાંય યોક થેએ સીનાળી કોઅતી સાપડાઈ
ગીઈલી ત્યેંય ત્યા પાંય લેઈ યેના, એન ત્યેલ
વોસમાંય ઉબી રાખીન, 4 ત્યાહાંય ત્યાલ આખ્યાં,
"ગુરૂજી ઈ થેએ વ્યભિચાર કોઅતીજ પોકડાઈ ગીઈ
5 કાયદાહામાંય મુસાએ અહોડી યેહેન દોગડાટીન
માંઆઈ ટાકના આખ્યાં, બાકી તું કાય આખતોહો?
6 ત્યાહાંય ત્યા માયનો કોરાં હાટી ત્યાલ એહેં પૂછ્યાં
ત્યા હુમે ફિરાદી કોરાં કાંય ગોઠ મીળે ત્યાહાટી પેન
ઈસુ ડોંગો વોળીને આંગળીયે કોઓઈન બૂયેવોય
લોખતો મુંડયો 7 પેન ત્યા ઈજરાઈન ઈજરાઈન
પુછતા લાગ્યા તોવે ઈસુવેં પાદરાં બોહીન ત્યાહાન

ત્યાહાન આખ્યાં, “તુમેહેમાંય જો પાપ વોગાર્યો
હેય તોજ પોયલો દોગાડ ઠોકે” 8 એન પાછો ડોંગો
વોળીન બૂંઈયેવો લોખતો મુંડયો 9 પેન ત્યા ઈ
વોનાઈન યોકા પાઠી યોક જાતા રોતા મુંડયા, એન
ડાઅયા પોયલા તોવે તો યોખલો રોયો એન થેએ
વોસમાંય ઉબી આતી 10 તોવે ઈસુ ઊબો રોયો
એન ત્યેં પૂછયાં, “બાઈ ત્યા કેછ હેતા? તુલ શિક્ષા
કાદેં નાય કોઅયી, કા?” 11 ત્યેં આખ્યાં, “કાદેં નાંય
પ્રભુ, “ઈસુવેં ત્યેલ આખ્યાં, “આંય હોગો નાંય
કોઅઉં જો એન આજરે પાપ મા કોઅહે” 12 તોવે
ઈસુપાછો ત્યાહાન આખતો મુંડયો, ત્યેં આખ્યાં,
“આંય દુનિયાયે ઉજવાડો હેતાંઉ જીં માંઅહું માંઆ
પાહાલા યેહે તો કાદે દિહી આંદારામાંય ચાલી
નાય, પેન જીવના ઊજાળાં ત્યાલ મિળી 13 તોવે
પોરુષીયાહાંય આખ્યાં, “તું પોતા વિષે સાક્ષી
દેતોહો તોઓ સાક્ષી ખોરી નાંય ગોણાય” 14 ઈસુવેં
જાવાબ દેઈન આખ્યાં, “આંય પોતા વિષે સાક્ષી
દાંવ તેરું બી માંઆ સાક્ષી ખોરી હેય કાહાકા આંય
કેછને યેનહો એન કેછ જાતાહું તીં તુમાહાન ખોબાર
નાય હેય 15 તુમા માંઅહાં નીયાયે પૂરમાણે નીયા
કોઅતાહા આંય કાદા નીયા નાંય કોઉં 16 એન
જોવે નીયા કોઅઉં, તોવે માંઆ નીયા બોરાબર
હેય કાહાકા આંય યોખલો નાંય હેતાઉં પેન આંય
માન જયેં દોવાડયો તો આરેજ હેજે 17 તુમેહે
નિયમશાસ્ત્રમાંય બી લોખલાં હેય કા, બેન જાંઅહાં
સાક્ષી ખોરી ઠરાય 18 આંય માંઆ વિષે સાક્ષી
દેતાહું એન માન જયેં દોવાડયો, તો આબો માંઆ
વિષે સાક્ષી દેહે” 19 ત્યાહાંય ત્યાલ આખ્યાં, “તો
આબોહો કેછ હેય?” ઈસુવેં જાવાબ દેનો “તુમા
માન બી વોળાખતાહા એન માંઆ આબાહાલ
બી બીનાંય જોવે તુમા માન વોળાખતાહા તોવે
માંઆ આબાહાલ બી વોળાખતાહા” 20 ઈ ગોઠ
ત્યેં મંદિરા પેટીયે પાંય જોવે તો મંદિરામાંય હિકાડે
તોવે આખી એન ત્યાલ કાદેએ દોઅયો નાંય,
કાહાકા ત્યા સમાય નાંય યેની 21 ઈસુવેં ત્યાહાન
પાછાં આખ્યાં, “આંય જાંઅતાહું, એન તુમા માન
હોદાહા પેન તુમા તુમેહે પાપાહામાંય તુમાહાન
નાંય યેવાઈ” 22 તોવે યહુદીયાહાંય આખ્યાં, “એલો
કાય પોતાલ માંઆઈ ટાકી ત્યાહાટી એહેં આખતો
ઓરી કા જાંઆ આંય જાતાહું તાંઆ તુમાહાન નાંય
યેવાઈ” 23 ત્યેં ત્યાહાન આખ્યાં, “તુમા નિચલીયા
હેતા આંય, ઉચલિયો તુમા દુનિયામાંઅને હેતા
આંય દુનિયામાંને નાંય હેતાઉં 24 ત્યાહાટી તુમાહાન
માયેં કોયાં આખ્યાં કા તુમા તુમેહે પાપહામાંય
મોઓઈ જાહા કાહાકા જોવે તુમા નાંય માના
કા આંયજ હેતાઉં, તોવે તુમેહે પાપાહા માંય
મોઓઈ જાહા” 25 ત્યાહાંય ત્યાલ આખ્યાં, “તું કુંઉ
હેતો?” ઈસુવેં ત્યાહાન આખ્યાં, “પોયલાં આંય
તુમાહાન જીં આખતાહું 26 તુમેહે વિષે માંઆ
ડીગ્ગા આખના હેય એન નીયા કોઅના હેય પેન
માન જયેં દોવાડિયો, તો હાંચા બોલા હેય ત્યા
પાંઅને આંય જીં વોનાયો તીંજ આંય દુનિયાલ
આખતાહું” 27 ત્યા નાય હોમજ્યા કા તો આબા
વિષે આખેહે 28 તોવે ઈસુવેં ત્યાહાન આખ્યાં,
“જોવે તુમાહાંય માંઅહા પાહાલ ઊચે ચોડાવ્યો
ઓરી તોવે તુમાહાન ખોબાર નાય પોડી કા આંય
હેતાઉં એન પોતા કોઅઈન આંય કોવેનાંય કોઅહું
પેન જેહેં આબો માન હીકાડીયાં તેહેંજ કોઅઈન
આખતાહું 29 એન જયેં માન દોવાડયોહો તો માંઆ
આરે હેય ત્યેં માન યોખલો નાંય છોડયો કાહાકા
કાયામ ત્યાલ જીં હારાં ગોમે તીંજ આંય કોઅતાહું”
30 યે ગોઠીયે ઊચે ડીગ્ગેં જાંએ ત્યાલ માનતેં લાગ્યેં
31 તોવે જ્યા યહુદીયા ત્યાલ માનતા જ્યા ત્યાહાન
ઈસુવેં આખ્યાં, “જોવે તુમા માંઆ ગોઠીયેમાંય રોહા
તોવે હાચુલ તુમા માંઆ ચેલા હેતા 32 એન તુમા
સત્યા જાંઅતા ઓઅઈ જાહા, એન સોત્ય તુમાહાન
છુટો કોઅરી” 33 ત્યાહાંય જાવાબ દેનો, “આમા
આબ્રાહામાં પાહા હેજે એન કાદે દિહી કાદાઆ
ચાકાર નાંય રોયા તું કેહેં અઆખતોહો કા “તુમા
છુટા ઓઅઈ જાહા?” 34 ઈસુવેં ત્યાહાન જાવાબ
દેનો, “તુમાહાન આંય ખોરી ગોઠ આખતાહાંવ જીં
માંઅહું પાપ કોઅહે તો ચાકાર રોયો, 35 ચાકાર
કાયામ ગોઅમાંય નાય રોનારો, પોહો કાયામ રોહે
36 જોવે પોહો તુમાહાન છુટો કોઅહે, તોવે તુમા
ખોરી રીતે છુટા ઓઅઈ જાહા 37 માન ખોબાર
હેય કા તુમા આબ્રાહામા પાહા હેતાપેન તુમા માન
માંઆઈ ટાંકા હોદતાહા, કાહાકા માંઆ ગોઠ તુમા
નાંય લેતાહા 38 આબા પાંય માંયે જીં એઅયાં,
તીંજ આંય આખતાહું તુમા તુમેહે આબાહા પાંય
જીં વોનાયા, તીં તુમા કોઅતાહા” 39 ત્યાહાંય
ત્યાલ જાવાબ દેઈન આખ્યાં, “આમેહે આબોહો
આબ્રાહામ હેય” ઈસુવેં ત્યાહાન આખ્યાં, “તુમા
આબ્રાહામા પાહા રોઅતા, તોવે તુમા આબ્રાહામા
કામ કોઅતા 40 પેન આંય પોરમેહરા પાંઅને જીં
વોનાયો તીંજ સોત્ય તુમાહાન માયે આખ્યાં,
ઓલાંજ, એન તુમા એન તુમા માન માંઆઈ
ટાંકા હોદતાહા ઓહડાં બાબ્રાહામે નાંય કોઅયાં
41 તુમા તુમેહે આબાહા કામ કોઅતાહા” ત્યાહાંય
ત્યાલ આખ્યાં, “આમા સીનાળ્યા પાહા નાય
હેજે 42 આમેહે યોકુજ આબહો હેય, પોરમેહર”
ઈસુવેં ત્યાહાન આખ્યાં, “પોરમેહર તુમેહે આબોહો
રોતો તોવે તુમા માયે વો માયા રાખતા કાહાકા

આંય પોરમેહરા પાંઅને નિગીન યેનહો મતલબ
આંય પોતાકોઈન નાય યેનહોપેન એલેં માન નાંય
દોવાડીયોહો 43 માંઆ આખના તુમાહાન કાહા
નાંય હોમાંજ પોડે? કાહાકા તુમા માંઆ ગોઠ
વોનાય હોંઅકતાહા તે 44 તુમા તુમેહે આબાહા
સેતાના પાહા હેતા એન તુમા તુમે આબાહા
ઓશ પૂરી કોરાં માંગતાહા એલો પોયલારેજ
ખૂની રોયહો, એન સોત્યમાંય નાંય રોહોય કાહાકા
ત્યામાંય સોત્ય નાય હેય જોવે તો લોબાડી ગોઠ
આખે, તોવે તો પોતા કોઅઈન આખે, કાહાકા તો
લોબાડીયો હેય, એન લોબાડા આબોહો 45 પેન
જોવે આંય તુમાહાન સોત્ય ગોઠ આખતાહું તોવે
તુમા નાંય માનેત 46 તુમેહેમાંઅને કુંઉ માન પાપા
સાબીતી દેય ઓહડો હેય? જોવે આંય તુમાહાન
ખોરી ગોઠ આખતાહાંવ તોવે તુમા કાહા નાય
માનેત 47 જીં માંઅહું પોરમેહરા એછલીયાં હેય,
તો પોરમેહરા ગોઠ હાંબળેહે ત્યા હાટી તુમા
નાંય માનેત કાહાકા તુમા પોરમેહરા એછલીયા
નાંય હેતા" 48 યહુદીયાહાંય ત્યાલ જાવાબ દેનો કા
"આમા ખોરાં આખજે તીં નાંય કા તું સમરૂની
હેતો એન તુલ દુષ્ટઆત્મા લાગલો હેય?" 49 ઈસુવેં
જાવાબ દેનો, "માન બુત લાગલો નાંય હેય
પેન આંય માંઆ આબાઆ માન રાખતાહું એન
તુમા માંઆ માન નાય રાખતાહા 50 તેરૂ માંઆ
માન આંય નાંય હોદું હેય હોદનારો એન નિયા
કોઅનારો 51 હાચુલ તુમાહાન આંય આખતાહું
જોવે માંઅહું માંઆ ગોઠ રાખે તોવે ત્યા મરણ કાદે
દીહે નાંયયેય" 52 યહુદીયાહાંય આખ્યાં, "આમી
આમાહાન ખાતરી ઓઈ ગીઈ કા તુલ બુત લાગલો
હેય આબ્રાહામ મોઓઈ ગીયો એન બોગાત હોગો
મોઓઈ ગીયો તેરૂ તું આખતોહો કા "જીં માંઅહું
માંઆ ગોઠ રાખે ત્યા મોત કાદે દીહે નાંય યી
53 તોવે તું આપે વોડીલ આબ્રાહામા કોઅતો મોઠો
હેતો કા? એલો મોઅઈ ગીયો, એન બોગાત
હોગા મોઅઈ ગીયા તું પોતાલ કુંઉ હોમાજતોહો?"
54 ઈસુવેં જાવાબ દેનો "જોવે આંય પોતાકોઈન
માન હોદું તોવે માંઆ માન કાંય નાય હોય માન
માન દેનારો માંઆ આબો હેય, જ્યાલ તુમા
આખતાહા કા, "તો આમેહે દેવ હેય," 55 તેરૂ
ત્યાલ તુમા નાંય વોળાખતાહા પેન ત્યાલ આંય
વોળાખતાહાંવ જોવે આંય આખુંકા ત્યાલ આંય
નાંય વોળખૂ, તોવે આંય તુમેહે રોકો લોબાડિયો
બોનું નાંય, આંય ત્યાલ વોળાખતાહું એન ત્યા
ગોઠ આંય રાખુંહું 56 તુમેહે વોડીલ આબ્રાહામ
માંઆ દિહી એરાં મિળી એહેં જાંઆઈન રાજી
ઓઈ ગીયો એન માંઆ દિહી એઅઈન તો ખુશી
ઓઈ ગીયો" 57 તોવે યહુદીયાહાંય ત્યાલ આખ્યાં,
"તું આજું પોચાહા વોરહા જાયહો, એન તુયેં
આબ્રાહામાલ દેખ્યો?" 58 ઈસુવેં ત્યાહાન આખ્યાં,
"હાચુલ તુમાહાન આખતાહાંવ આબ્રાહામ જાયો
ત્યા આગાડિયો આંય હેતાંઉ" 59 તોવે ત્યા દોગડેં
ઈસતા લાગ્યા ત્યાલ ઠોકાં હાટી પેન ઈસુ દુબી
ગીયોએન મંદિરામાંઅને બાઆ નીંગી ગીયો

9 1 યોક દિહી તો વાટે જાય તોવે ત્યેં જોનામરે
આંદળો ઓહોડા માંઅહાંલ દેખ્યો 2 એન ત્યા
ચેલાહાંય ત્યાલ પૂછ્યાં કા, "પ્રભુ એલો ઓહોડો
આંદળો જોનમીયો તીં કાઆ પાપ હેય, એલો
કા એલા વોડીલાહા?" 3 ઈસુવેં જાવાબ દેનો,
"ત્યા પાપ બી નાય હેય એન ત્યા વોડીલાહા
બી નાંય, પેન પોરમેહરા કામ ત્યામાંય દેખાહાય
ત્યાહાટી 4 જયેં માન દોવાડીયો ત્યા કામ માંઆ
કોરાં પોડે દિહી હેય તાંઆઉ પેન રાત યેહે, ત્યેમાંય
કાદો કામ નાંય કોઅઈ શકે 5 જાંઆ લોગું આંય
દુનિયામાંય હેતાંઉ, તાંઆઉ લોગું આંય દુનિયાયે
ઉજાળા હેતાંઉં" 6 ઓલાં આખીને તો બૂઈયેવો
થુપ્યો એન થુપ લેઈન કાદુ કોઅઈન ત્યા ડોળાહાવો
ચોપડિયો 7 એન આખ્યાં, "જો, સીલોઆ (મતલબ
દોવાડલા) કુંડામાંય દોવી લે" તો ગીયો એન
દોવિયા એન પાછો દેખતો યેનો 8 તોવે આજુબાજુ/
આળી વાળાહાંય એન એન જ્યા પોયલાં તો માગે
તોવે ત્યાલ દેખું આતા, ત્યાહાંય આખ્યાં, "એલો
પોયલો એપે બોહીન માગે, એલોજ હેય,નાંય કા?"
9 કોલાહાક આખેત, "એલોજ," બીજા આખેત
"નાંય, એલા રોકો દેખાય" પેન ત્યેં આખ્યાં "એલોજ
આંય હેતાંઉ" 10 તોવે ત્યાહાંય ત્યાલ આખ્યાં "તોવે
તું કેહેં, કોઈન દેખતો ઓઅઈ ગીયો?" 11 એલેં
આખ્યાં, "જ્યાલ ઈસુ આખેત ત્યેં કાદુ કોઈન માંઆ
ડોળાહા વો ચોપડિયો, એન એન ત્યેં માન આખ્યાં,
"સીલોઆ જો એન દોવી લે" તોવે આંય ગીયો
એન દોવિયો એન દેખતો જાયો" 12 ત્યાહાંય ત્યાલ
આખ્યાં, "એલો કેછ હેય?" ત્યેં આખ્યાં, "માન
ખોબાર નાય?" 13 જો પોયલો આંદળો આતો
ત્યાલ ત્યા પોરુષીયા પાંય લેઈ ગીયા 14 આમી
ઈસુવેં કાદુવેં કોઅઈન ત્યાલ દેખતો કોઅયો તો
દિહી શાબાતા દિહી આતો 15 તોવે તો કેહેં
કોઈન દેખતો જાયો તી ગોઠ પોરુષીયાહાંય હોગો
ત્યાલ પૂછ્યાં, ત્યેં ત્યાહાન આખ્યાં "કાદુ માંઆ
ડોળાહાવ લાવ્યો, એન આંય દોવીયેનો એન એઅઈ
હોંકતાહું" 16 તોવે પોરુષીયાહામાંઅને કોલાહેંક
આખ્યાં, "એલો માટડો પોરમેહરા એછલિયો નાંય
હેય કાહાકા શાબાત નાંય પાળે" પેન બીજાહાંય
આખ્યાં, "પાપી માંઅહું અહોડાં કામ કેહેં કોઓઈન

કોઅહે?" એન ત્યાહામાંય ફાક પોડી ગીયી 17 તોવે
તો આંદળાલ પાછો પૂછતો લાગ્યો, "ત્યેં તુલ
દેખતો કોઅયો, ત્યા વિષે તું કાય આખતોહો"
પેન ત્યેં જવાબ દેનો કા "એલો બોગાત હેય"
18 પાછેં યહુદીયા ત્યાલ નાંય માનતા લાગ્યા, કા
તો આંદળો આતો એન દેખતો ઓઅઈ ગીયો
જો દેખતો જાયો ત્યા આયેહે આબાહાલ ત્યાહાંય
હાદીન 19 પૂછ્યાં કા, "ઓ તુમેહે પોહો હેય?
એલા વિષે તુમા આખતેહેં કા આંદળો જનમીયો?
તોવે આમી કેહેં કોઅઈન એઅઈહોંકહે?" 20 ત્યા
આયહે આબહેં જવાબ દેનો કા, "આમા ઓલાં
જાંઅજે કા ઓ આમેહે પોહો હેય, એન આંદળો
જનોમીયો 21 બાકી આમી કેહેં કોઅઈન દેખતો
જાયો, તીં આમા નાંય જાંઅજે ત્યા ઉમર હેય તો
પોતે આખી હોંકેહે" 22 ત્યા આયહે આબાહાંય એહેં
આખ્યાં કાહાકા ત્યાહાન યહુદીયાહા દાક લાગ્યેલ
કાહાકા યહુદીયાહાંય કોયા નોક્કી કોઅયેલ કા જીં
માંઅહું ત્યાલ ખ્રિસ્ત કબુલ કોઅહે, ત્યાલ પ્રાર્થના
ગોઆમાંઅને દોવાડી દેઅના હેય 23 ત્યાહાટી
આયહે આબાહાંય આખ્યાં કા "એલા ઉમર હેય,
ત્યાલ પૂછા" 24 તોવે જો આંદળો આતો ત્યાલ
ત્યાહાંય આજું હાદિયો, એન ત્યાહાંય ત્યાલ
આખ્યાં, "પોરમહેરાલ માન દે, આમાહાન ખોબાર
જાયી ઓ માટડો પાપી હેય" 25 ત્યેં જવાબ દેનો,
"ઓ પાપી હેય કા નાંય, તીં આંય નાંય જાંઆઉં
ઓલાંજ જાંઆહું કા, આંય આંદળો આતો, આમી
આંય દેખતો જાયહો?" 26 તોવે ત્યાહાંય ત્યાલ
આખ્યાં, "તુલ ત્યેં કાય કોઅયાં? તુલ કેહેં કોઅઈન
દેખતો કોઅયો? 27 ત્યેં જવાબ દેનો એન તુમા
નાંય માન્યા આજું કાય કોરાં વોનાયાં માગતાહા?
તુમા બી ત્યા ચેલા બોનાં કા?" 28 ત્યા ત્યાલ
ગાળી દેતા મોંડયા ત્યાહાંય આખ્યાં, "તું ત્યા
ચેલો બોનજે 29 આમા મુસા ચેલા હેજે આમા
જાંઆજેહે કા પોરમેહરે મુસાલ ગોઠ આખીહી
બાકી ઓ કેછલિયો હેય તીં આમાહાન ખોબારા
નાંય" 30 ત્યેં માંઅહેં ત્યાહાન આખ્યાં, "એરે ઈં
તે, નોવીજ ગોઠ એલેં માન દેખતો કોઅયો તેરૂ
બી તુમા નાંય જાંઅતાહા કા એલો કેછલિયો હેય
31 આપાં જાંઅજેહે કા, પોરમેહર આપાહાન નાંય
હાંબળે ,પેન જીં માંઅહું ત્યા દાક રાખહે એન
ત્યા મોરજી કોઅહે, ત્યાલ હાંબળે 32 પોયલારે
આજ લોગું આપાં નાય વોનાયા કા જોનામરે
આંદળાલ યોક્તેં દેખતો કોઅયો ઓરી 33 એલો
પોરમેહરા એછલિયો નાય રોઅતો, તોવે તો કાંય
બી નાંય કોઅઈ હોકતો" 34 ત્યાહાંય ત્યાલ જવાબ
દેનો, "તું પોયલારે હતરંગ પાપામાંય જોનમીયો
એન આમાહાન હિકાડાં?" એન ત્યાહાંય ત્યાલ
બાઆ કાડી ટાક્યો 35 ઈસુ વોનાયો કા ત્યાલ બાઆ
કાડી દેનોહો,એન જોવે તો મિળીયો, તોવે ત્યેં
આખ્યાં "તું માંઅહાં પાહાલ માને હે કા?" 36 એલેં
જવાબ દેનો, "પ્રભુ તો કુંઉ હેય, એન આંય ત્યાલ
આંય માનું?" 37 ઈસુવેં ત્યાલ આખ્યાં, "ત્યાલ તુયેં
એઅયો, તોઓ આરે બોલેહે તોજ હેય" 38 ત્યેં
આખ્યાં "આંય માનતાહું પ્રભુ," એન ત્યાલ પાગે
પોડ્યો 39 એન ઈસુવેં આખ્યાં, "આંય નીયા કોરાં
હાટી યેનો,યાહાટી કા જયેં એઅઈ નાંય હોક્તેં ત્યેં
એઅહે, એન જ્યા એઅતાહા ત્યા આંદળા બોની
જાય" 40 પોરુષીયાહા માંઅને કોલહાક તાં આતા
ત્યા ઈં વોનાયા, એન ત્યાહાંય ત્યાલ આખ્યાં "તોવે
આમા હોગા આંદળા હેજે કા?" 41 ઈસુવેં ત્યાહાન
આખ્યાં, "જોવે તુમા આંદળા રોતા તોવે તુમેહે
પાપ નાંય ઓઅતા, પેન આમી તુમા આખતાહા
કા "આમા એઅજે," ત્યાહાટી તુમેહે પાપ રોહોય"

10 1 "હાચુલ તુમાહાન આંય આખતાહું, જીં
માંઅહું બાઆવામાંય રોઈન નાંય,પેન
અમથેરે ગોઠામાંય ઉરાઈ જાય તો બાંડ લુટારો હેય
2 પેન જો બાંઆવામાંય રોઈન જાય તો ગેટાહા
ગોવાળ હેય 3 પોયલો ત્યાલ બાંઉં ઉગાડેહે, એન
ગેટેં ત્યા આવાજ હાંબાળતેહેં તો ત્યા ગેટાહાન
નાંવે કોઅઈન હાત કોઅહે એન ત્યાહાન બાઆ
લેય જાય 4 જોવે બાદેં બાઆ યેઈ ગીયેં તોવે તો
ત્યાહા આગાડી ચાલેહે એન ગેટેં ત્યા પાહાલા
ચાલતેહેં કાહાકા તત્યેં ત્યા આવાજ વોળાખતેહેં
5 ત્યેં વોજાણીયા પાહાલા નાંય ચાલેત ઉલટાં ત્યા
પાંઅન નાંહાતેહેં, કાહાકા વોજાણીયા આવાજ ત્યેં
નાંય વોળખેત" 6 ઈસુવેં ત્યાહાન ઈં જાઅણીયાં
આખ્યાં પેન તો કાય આખેહે, ત્યા મતલબ ત્યા નાંય
હોમજ્યા 7 તોવે ઈસુવેં ત્યાહાન પાછાં આખ્યાં,
"હાચૂલ તુમાહાન આંય આખતાંહું આંય ગેટાહા
બાંઆઉં હેતાઉં 8 માંઆ આગાડી જોલેં યેને ત્યેં
બાદેં લુટારે આતેં પેન ગેટાહાંય ત્યાહાન નાંય
હાંબળ્યા 9 આંય બાઆઉં હેતાઉં જીં માયેમાંય
રોઈન માજે યેહે તો બાંચી જાય તો માજે યે એન
બાઆ જાયએન ત્યાલ ચારો મિળી 10 બાંડ ચોરી
કોરાં, માંઆઈ ટાકાં એન નાશ કોરાં હાટીજ હેય
આંય તે ત્યાહાન જીવન મીળે એન સુમાર વોગાર્યો
મિળે ત્યા હાટી યેનોહો 11 આંય હારો ગવાળ હેતાઉં
હારો ગોવાળ ત્યા મેંડાહા હાટી જીવ ટાકેહે 12 પેન
બાડે રાખલાં માંઅહું ગોવાળ નાંય હેય મેંડેં ત્યા નાય
હેતેં તો જોવે વાગલાલ યેતો એએ,તોવે મેંડાહાન
છોડીન નાહી પોડે, એન વાગલાં લેઈન નાહે એન
વેરે 13 કાહાકા તો રાખલોજ ગોણાય મેંડેં ત્યાલ

કાંય લાગે? 14 આંય હારો ગોવાળ હેતાઉંએન આંય
માંઆ ગેટાહાન વોળાખતાહું, એન માંઆ મેંડે
માન વોળાખતેહેં 15 જેહેં આબો માન વોળખેહે
એન આંય આબાલ વોળાખતાહું 16 એન માંઆ
મેંડાહા હાટી આંય માંઆ જીવ ટાકતાહું એન
માંઆ બીજે મેંડે બી હેતેં ત્યેં યા ગોઠમાંય નાંય
હેતેંત્યાહાન બી માંઆ લેઈ યેઅનો હેયત્યેં માંઆ
આવાજ હાંબળી એન યોકુજ ટોળો રોહોય, એન
યોકુજ ગોવાળ 17 ત્યાહાટી આબો માન મોયા
કોઅહે, કાહાકા આંય માંઆ જીવ ટાકતાહું એન
તીં આંય પાછાં લેતાહું 18 તી માંયે પાંઅને કાદો
પેચકી નાંય લેયઆંય માંઆ મોરજીયે કોઅઈન તી
ટાકતાહું તી ટાકના બી માંઆ મોરજીયેમાંય હેય
ઓલાં કામ માંઆ આબેં માન હોંપી દેનાંહાં" 19 યે
ગોઠીયે લેદે યહુદીયાહામાંય પાછી ફાક પોડી ગીઈ
20 ત્યાહામાંઅને ડીગ્ગેં જાંએ આખેત કા, "એલાલ
અશુદ્ધઆત્મા લાગલો હેય એન તો ગાંડવાઈ ગીયો
કાયાલાં ત્યાલ તુમા વોનાતાહા?" 21 બીજેં આખેત
કા "બુત લાગલો અહોડાં નાંય આખે મેલોઆત્મા
કાય આંદળાલ દેખતો કોઓહે ખોરો?" "આંય
એન આબો યોકુજ હેજે" 22 ત્યા પાછેં મંદિરા
શોણા આતોહિયાળો આતો 23 ઈસુ મંદિરામાંય
સલમોના વોટલીયેમાંય આટો મારેહે 24 તોવે
યહુદીયા ત્યા ચોમખી ફિરી વોળીયા એન ત્યાહાંય
ત્યાલ આખ્યાં, "કોલા લોગું તોઓ વાટ એએજેહે?
જોવે તું ખ્રિસ્ત હેતો, તોવે ખુલ્લી રીતે આંખને"
25 ઈસુવેં ત્યાહાન જાવાબ દેનો, "તુમાહાન માયેં
આખ્યાં, તેરૂ તુમા નાંય માનેત માંઆ આબા
નાંવે જીં કામ આંય કોઅતાહું તીં માંઆ વિષે
સાક્ષી દેતેહેં 26 પેન તુમા નાય માનેતકાહાકા
તુમા માંઆ મેંડાહામાંઅને નાંય હેતા 27 માંઆ
મેંડેં માંઆ આવાજ હાંબાળતેહેં, ત્યાહાન આંય
વોળાખતાહું એન ત્યેં માંઆ પાહાલા ચાલતેંહેં
28 ત્યાહાન આંય જોલામજુગીયા જીવન દેતાહું
એન ત્યેં નાંય મોઅરી એન માંઆ આથામાંઅને
ત્યાહાન કાદો નાંય પેચકી લેય 29 માંઆ આબો
ત્યેં માન દેનેહેં એન બાહાહા કોઅતો તો મોઠો
હેય ત્યા આથામાંઅને કાદો કાંય નાંય પેચકી લેહે
30 આંય એન આબો યોકુજ હેજે" 31 તોવે યહુદીયા
ત્યાલ ઠોકાં હાટી આજું દોગાડ ઈસાતા લાગ્યા
32 ઈસુવેં ત્યાહાન જાવાબ દેનો, "માંઆ આબેં
માન હોંપી દેનલા કામાહામાંઅને માંયે તુમાહાન
ડીગ્ગેં હારેં કામેં દેખાડયેં, ત્યાહામાંઅના કોઅહા
કામા હાટી તુમા માન દોગડાટા કોઅતાહા?"
33 યહુદીયાહાંય ત્યાલ જાવાબ દેનો, "કાય હારાં
કામા હાટી તુલ નાંય દોગડાટી દેજે પેન પોરમેહરા
નિંદાયે હાટી કાહાકા તું માંઅહું છોતાં, પોરમેહરા
હેતાઉં એહેં આખતોહો" 34 ઈસુવેં ત્યાહાન જાવાબ
દેનો, "તુમેહે બાયબલામાંય એહેં લોખલાં હેય,
તીં નાંય, "માંયે આખ્યાં તુમા દેવ હેતા" 35 જોવે
જ્યાહાન પોરમેહરા ગોઠ આખેહે ત્યાહાન દેવેં
આખ્યાં, એન જીં લોખલાં હેય તીં અર્થ વોગાર
નાંય બોને 36 તોવે માન પોરમેહરે દિક્ષા દેઈન
દુનિયાયેમાંય દોવાડીયો, માંયે તુમાહાન આખ્યાં કા
"આંય પોરમેહરા પોહો હેતાઉં" ત્યાહાટી તુમા માન
કેહેં કોઓઈન આખતાહા કા, તું પોરમેહરા નિંદા
કોઅતોહો" 37 જોવે માંઆ આબા કામે આંય નાંય
કોઅહું તોવે માન તુમા નાંય માના 38 પેન જોવે
આંય તીં કોઅતાહું તોવે માન તુમા નાંય માના, તેરૂ
કામેં માના એન ચોકસ જાંઆઈ લીયા કા આબો
માયેંમાંય રોહોય એન આંય આબાહામાંય" 39 તોવે
ત્યા પાછા ત્યાલ દોઅરાં કોઓત, પેન તો ત્યાહા
આથાહામાંઅને છટકી ગીયો 40 એન તો યોરદન
નોઈયે ત્યેં તેડી જાંઆ ચાલ પોડયો, જાંઆ પોયલાં
યોહાન આંગળાવે, એન તાંઆ રોયો 41 ત્યા પાંય
ડીગ્ગલેં માંઅહેં યેત, એન ત્યેં આખેત, યોહાને કાય
મોઠા કામ તે નાંય આખ્યાં, પેન યા માંઅહાં વિષે
યોહાને જીં કાય આખ્યાં તીં બાદાં ખોરાં પોડયા
42 એન તાંઆને ડીગ્ગેં માંઅહેં ત્યાલ માનતેં જાયેં

11 1 લાજરસ નાંવ્યો યોક દુખ્યો આતો તો
મારિયા એન ત્યે બોંઅહીં મારથાયે ગાંવ
બેતાનિયામાંઅનો આતો 2 જયેં ઈસુવાલ કિમતી
સુગંધી ચોપડીન ત્યા પાગ પોતે કીંહાંહા કોઅઈન
નુસ્યા, તીંજ મારિયા, ત્યે બાહા લાજરસ દુખ્યો
આતો 3 ત્યા બોંઅયેહેં ઈસુવાલ આખ્યાં, "એએ
પ્રભુ, જ્યાલ તું મોયા કોઅતોહો તો દુખ્યો હેય"
4 ઈ વોનાયન ઈસુવેં આખ્યાં, "ઈ માનગી મોતા
માનગી નાંય હેય, પેન પેન પોરમેહરા મોઠાઈ
માનવાં હાટી પોરમેહરા પોહો ત્યે કોઅઈન મોઠો
મોનાય, ત્યાહાટી હેય" 5 આમી ઈસુ મારથા એન
ત્યે બોઅહી એન લાજરસાલ મોયા કોઅહે 6 એલો
દુખ્યો હેય,ઈ વોનાયો એન જાંઆ આતો તાંઆજ
બેન દિહી રોયો 7 ત્યા પાછેંજ તો ચેલાહાન આખે,
"આપાં પાછા યુદેયા એછે જાતા" 8 ચેલાહાંય ત્યાલ
આખ્યાં, "પ્રભુ આમીજ યહુડીયા તુલ દોગડાટીન
માંઆઈ ટાકાં કોઓત એન તું તાંઆ પાછો જાં
કા?" 9 ઈસુવેં જાવાબ દેનો, "દિહા બાર કોલાક
હેતા તીં નાંય? જીં માંઅહું દિહાર્યા કામ કોઅહે,
તો ઠોકાતો નાંય જાય કાહાકા દુનિયાયે ઉજાળાં
ત્યાલ દેખાય 10 પેન જીં માંઅહું રાતીયા ફેએ
તો ઠોકાતો જાય, કાહાકા ત્યામાંય ઉજાળાં નાંય
હેય" 11 ઓલાં આખ્યાં પાછેં તો ત્યાહાન આખે

“આપેહે દોસ્તાર લાજરસ હુવી ગીયહો પેન આંય
ત્યાલ નિંદેમાંઅને ઉઠાડાં હાટી જાતહું” 12 તોવે
ચેલાહાંય આખ્યાં, “પ્રભુ તો હુવી ગીયો ઓરી,
તોવે પાછો હારો ઓઅઈ જાય” 13 પેન ઈસુવેં એલા
મોત આખ્યેલ, ત્યા તે નિંદયે આરામ હોમજ્યા
14 તોવે ઈસુવેં ચોખ્ખાં આખ્યાં, “લાજરસ મોઓઈ
ગીયો 15 એન આંય તાંઆ નાંય આતો, ત્યાહાટી
તુમેહે લેદે આંય રાજી હેતાંઉ તુમા માનતા હીકી
જાહા ત્યાહાટી ચાલા, આપાં ત્યા પાંય જાતા”
16 તોવે થોમાસ જ્યાલ જડેકા આખેત ત્યેં જાતા,
ત્યા આરે મોઓરાં” 17 જોવે ઈસુ યેય લાગ્યો
તોવે ત્યેં ત્યાલ ચાર દીહે માહાણા માંય દાટાલો
જાંઅયો 18 બેતાનીયા ગાંવ યેરુસાલેમા પાંહાય યેનાં
આશરે બેન માઈલ દુઉ 19 યહુદીયાહા માંઅને ડીગ્ગેં
માંઅહેં મારથા એન મારિયાયે પાંય ત્યેંહે બાહા
લાજરાસા હાટી મોન હેળાવાં યેને 20 જોવે મારથા
વોનાઈ કા ઈસુ યેહે તોવે તી ત્યાલ મિળાં ગીઈ
મારિયા ગોઅજ રોયી 21 તોવે મારથા ઈસુવાલ
આખેહે “પ્રભુ જોવે તું ઈહીં રોઅતો તોવે માંઆ
બાહા નાંય મોઓતો 22 એન આમી બી આંય
જાંઅતીયાહું કા તું પોરમેહરાલ જીં કાય માગે તીં
પોરમેહર તુલ દેનારોજ 23 ઈસુ ત્યેલ આખેહે તોઓ
બાહા પાછો જીવી ઉઠી” 24 મારથા ત્યાલ આખેહે
“હાંઆ માન ખોબાર હેય છેલ્લે દીહે બાદા જીવતા
ઉઠી તોવે તો જીવતો ઉઠી 25 ઈસુવેં ત્યેલ આખ્યાં,
“પાછા જીવી ઊઠના તીં આંય હેતાઉં જીં માંઅહું
માન માનેહે તો મોઓઈ જાય તેરૂ બી જીવી 26 ઈ જીં
કાદા માંઅહું જીવેહે એન માન માનેહે તો ચોખ્ખસ
મોઓએજ નાંય તું ઈં માનતીહી કા?” 27 ત્યેં
આખ્યાં, “હાં પ્રભુ આંય માનતીયાહું કા તું ખ્રિસ્ત
હેતો, પોરમેહરા પોહો જો દુનિયામાંય યેનારો હેય”
28 ઓલી ગોઠ આખીને તી ચાલ પોડી એન ત્યે
બોઓએયહેલ હાદીન ખાનગીયેમાંય આખ્યાં “પ્રભુ
યેનહો તુલ હાદેહે” 29 ઈ વોનાયન તી ઉઠી એન
ત્યાલ મીળાં ગીઈ 30 ઈસુઆજું ગાંવામાંય નાંય
યેનો આજું જ્યા મારથા ત્યાલ મિળી તાંઆજ
આતો 31 જોવેયહુદીયાહાંય મારિયાલ હોડદેં હોડદેં
ઊઠીન બાઆ જાતી દેખી તોવે ત્યા ત્યે પાકી
ચાલીયા કાહાકા ત્યા એહેં હોમજ્યા કા તી
માહાણામાંય રોડાં હાટી જાહાય 32 જોવે મારિયા
જાંઆ ઈસુ આતો તાંઆ જાય ફૂગી તોવે તી ત્યાલ
પાગે પોડી એન ત્યેં આખ્યાં “પ્રભુ તું ઈહીં રોઅતો
તોવે માંઆ બાહા નાંય મોઓતો” 33 જોવે ઈસુવેં
ત્યેલ એહેં કોઅઈન રોડતી દેખી એન ત્યે આરે
યેનલા યહુદીયાહાલ બી રોડતા દેખ્યા તોવે ત્યે
મોનામાંય હુંઅકા ટાક્યા દિલ બાઆઈ યેના 34 ત્યેં
આખ્યાં, “યાલ કેછ કાડીયોહો? ત્યાહાંય આખ્યાં
“પ્રભુ એરાં યે” 35 ઈસુ રોડયો 36 તોવે યહુદીયાહાંય
આખ્યાં, “એલેં આંદળાલ દેખતો કોઅયો, તોવે
ઓ નાંય મોઓય ત્યા હાટી એલો કાય નાંય
કોઅઈ હોંકતો કા?” 37 પેન ત્યાહા માંઅને કોલહેંક
જાએં આખાં લાગ્યેં, કા જયેં આંદળાલ દેખતો
કોઅયેલ તો મોત કેહેંકોન નાંય રોકી હોક્યો 38 ઈસુ
આજું મોનામાંય હુંઅકા ટાકીન માહાણા પાંય યેઈ
ફૂગ્યો તાં યોક દોર આતો એન મોઠો દોગાડ ત્યા
મુંઈયાં આલુડ કોઅલો 39 ઈસુ આખે “દોગાડ ફેડી
લીયા” મોઓલા માટડા બોંઅહી મારથા ત્યાલ
આકેહે, “પ્રભુ, આમી ગાંદાતા ઓરી! યાર દીહી
ડાટાલો હેય” 40 ઈસુ ત્યેલ આખે, “માંયે તુલ નાંય
આખ્યેલ કા, જોવે તું માને, તોવે તું પોરમેહરા
મોઠાઈ એએહે?” તોવે ત્યાહાંય દોગાડાલ ફેડી લેદો
41 ઈસુવેં નોજાર ઉચી કોઅઈન આખ્યાં “આબા
આંય તોઓ આભાર માનતાહું કાહાકા તુંયે માન
હાંબળ્યો 42 માન ખોબાર હેય કા તું કાયામ માન
હાંબાળતોહો પેન યા બાદા ચોમખીં ઉબા રોયલા
હેતા ત્યા તુંયે માન દોવાડયો, ઈ ગોઠ માની જાય,
ત્યા હાટી માંય આખ્યેલ” 43 એહેં આખીન તો
મોઠેરે બોમલીયો, “લાજરાસ બાઆ નીંગી યે”
44 મોઓલાં માંઅહું બાઆ નીંગી યેનો, ત્યા પાગ
એન આથ ફાડકા કોઅઈન બાંદલા આતા,એન
ત્યા મુઈયાવો યોક રુંબાલ વેટાળી દેનેલ ઈસુવેં
આખ્યાં, “ત્યાલ છોડીન જાંઆ દિયા” 45 જ્યા
યહુદીયા મારિયાયે પાંય યેનલા એન ઈસુવેં કાય
કોઅયાં, તી દેખ્યાં, ત્યાહામાંઅને ડીગ્ગેં માંઅહેં
આમી બોરહો રાખતેં ગીયેં 46 પેન ત્યાહામાંઅને
કોલાહાક જાંઆ પોરુષીયાહા પાંય ગીયા એન
એન ઈસુવેં જીં કોઅયાં તીં આખી દેના 47 તોવે
મુખી પુંજારા એન પોરુષીયાહાંય મોઠી સોબા
હાદીન પૂછયાં, “આપાં કાય કોઅજેહે? ઈં માંઅહું
ડીગ્ગીયો નીશાનીયો કોઅહે 48 જોવે ત્યાલ અહોડો
રું દેજેહે, તોવે બાદેં માંઅહેં ત્યાલ માની એન
રોમાનીયા યેઈન આપે પવિત્ર જાગાલ એન આપે
લોકાહા નાશ કોઅરી” 49 પેન ત્યાહામાંઅને કાયદા
નાંવ્યો યોક ત્યેં વોરહેં મોઠો પુંજારો આતો ત્યેં
ત્યાહાન આખ્યાં, “તુમા કાંય નાંય હોમાજતાહા,
50 એન વિચાર નાંય કોઅતાહા કા બાદા લોકાહા
બોદલે યોક માંઅહું મોએહે, એન આખા લોક નાશ
નાંય ઓઅહે તીં હારાં” 51 ત્યેં પોતા કોઅઈન એહેં
નાંય આખ્યાં પેન ત્યે વોરહે મોઠો પુંજારો રોઈન
